# ચમત્કારોની દિલધડક દાસ્તાન




સત્યઘટના-આલેખન : દેવેશ મહેતા
સંયોજન : પ્રિયમ્

તમારા સ્વર્ણિમ ભવિષ્યના પથ પર પ્રકાશ રેલાવતું પુસ્તક.

*Don't miss this.*

# ચમત્કારોની દિલધડક દાસ્તાન

સત્યઘટના-આલેખન

**દેવેશ મહેતા**

સંયોજન

**પ્રિયમ્**

પ્રકાશક


**નવભારત સાહિત્ય મંદિર**

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧.

ફોન : (079) 22139253 / 22132921

૨૦૨, પૅલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯.

ફોન : (079) 26583787 / 26580365

E-mail : info@navbharatonline.com

Web : www.navbharatonline.com

fb.com/NavbharatSahityaMandir

TOYCRA
play to grow

બીજા માળે, ઈન્દ્રપ્રસ્થ કૉર્પોરેટ હાઉસ,

રિલાયન્સ પેટ્રોલ પંપ સામે, વિનસ એટલાન્ટિસ સામે,

૧૦૦ ફૂટ પ્રહ્લાદનગર ગાર્ડન રોડ, અમદાવાદ.

ફોન : (૦૭૯) ૬૬૧૭૦૨૬૫, મો. ૯૮૭૯૧ ૧૦૬૫૦

**Chamatkaroni Dildhadak Dastan**
*By Devesh Maheta & Priyam*
*Navbharat Sahitya Mandir, Ahmedabad-1*

પ્રથમ આવૃત્તિ, એપ્રિલ ૨૦૧૬

© સત્ય ઘટનાના : **દેવેશ મહેતા**
© સંકલનના : **શ્રી નવભારત સાહિત્ય મંદિર**

મૂલ્ય : ૩૦૦/-

**ISBN : 978-81-5198-139-8**

પ્રકાશક :

**મહેન્દ્ર પી. શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
**જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧.**
**ફોન : (079) 22139253 / 22132921**

ટાઈપસેટિંગ : **પારસ પ્રિન્ટ્સ**

ડિઝાઈન અને મુદ્રણ : **મલ્ટી ગ્રાફિક્સ**
Ph.: 022-23873222 / 23884222
Email : support@multygraphics.com
Web : www.multygraphics.com | www.shrutgyan.com

**જ્ઞાનપ્રસારાર્થે આ પુસ્તકની ૧૦૦ કે તેથી વધુ નકલના ગ્રાહકને સ્પેશિયલ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે તથા સૌજન્ય નામ-ફોટા ધરાવતું એક પાનું વિના મૂલ્યે છાપીને લગાડી આપવામાં આવશે.**

# Miracle

જાદુ શું હોય છે?

જેને લોકો સમજી નથી શકતા
એને તેઓ જાદુ કહે છે.

ચમત્કારમાં પણ આવું જ છે.
આંખો પર બિલ્કુલ વિશ્વાસ ન થાય,
હૃદય એક ધબકારો ચૂકી જાય અને
બુદ્ધિ બહેર મારી જાય તો ય
એ ચમત્કાર નથી.

એ છે એક વૈજ્ઞાનિક પ્રક્રિયા.
જેને આજનું વિજ્ઞાન પૂરી રીતે સમજી શક્યું નથી.

દુનિયાના ખૂણે ને ખાંચરે
વારે, તહેવારે ને છાશવારે
બનતાં જ રહેતા આ બનાવો પર
વિજ્ઞાન હજી માથુ ખંજવાળી રહ્યું છે,
ત્યારે અહીં પ્રસ્તુત છે
તે તમામ બનાવોના સ્પષ્ટીકરણો
ભારતીય પ્રાચ્યવિદ્યાના પુરાવાઓ સાથે.

# Please Open Your Mind

## ખરું સાયન્સ એ છે

જે પોતાની સિત્યોતેર પેઢીને પણ
સત્યની કસોટીએ ચડાવી શકે છે.

## સાચું લોજિક એ છે

જે પોતાની મનગમતી માન્યતાની સામે પણ
આર્ગ્યુમેન્ટ કરી શકે છે.

અને

## સાચી રેશનાલિટી એ છે

જે કોઈ પણ પક્કડ રાખ્યા વિના
સત્યની શોધ કરી શકે છે.

## Come on.

એક વાર તમે આ લેવલ પર આવી જાવ.
પછી આ પુસ્તક તમારા માટે જ છે.

# The Beauty of The Truth
# સત્યનું સૌન્દર્ય

વિશ્વના દરેક પ્રામાણિક ઈતિહાસકારોએ જૈનીઝમની મૌલિકતાને અને અત્યંત પ્રાચીનતાને એક મતે સ્વીકારી છે. વેદોમાં તથા પુરાણોમાં પ્રાપ્ત થતાં જૈનીઝમને લગતા ઉલ્લેખો અને કંકાલી ટીલા વગેરેના પુરાતત્ત્વીય પ્રમાણો પણ આ વાતનું સમર્થન કરે છે. પણ પ્રાચીન હોવું એ સત્યતાનું પ્રમાણપત્ર નથી. સત્યતા તો ત્યારે સિદ્ધ થાય જ્યારે એના સિદ્ધાન્તો પરીક્ષામાંથી પાર ઉતરે.

થોડા સમય પહેલા વિજ્ઞાનીઓની એક કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં એક તારણ એ કાઢવામાં આવ્યું હતું, કે જૈનીઝમના સિદ્ધાન્તોને આધુનિક વિજ્ઞાન પણ ચેલેન્જ કરી શકતું નથી. એક ધર્મશ્રદ્ધાળુ ગળથૂથીમાં મળેલા ધર્મને દઢપણે વળગી રહે, એ અલગ વાત છે, અને નાસ્તિક જેવી વ્યક્તિઓ, જે ધર્મ સાથે પોતાનો કોઈ સંબંધ નથી, એના માટે દીર્ઘ સંશોધનો પછી તટસ્થ અભિપ્રાય આપે, એ અલગ વાત છે.

અફવાઓ ને ગેરસમજો અનાદિ કાળથી દુનિયામાં ઉડતા રહ્યા છે, ને કોઈ સત્તા એમને પ્રતિબંધિત કરી શકતી નથી. એમાંથી એક ગેરસમજે ધર્મનો સીધો સંબંધ અંધશ્રદ્ધા, ભ્રાન્તિ અને લાગણી સાથે જોડી દીધો છે. આ પુસ્તક આ ગેરસમજને ખાતરી સાથે દૂર કરે છે. આજની દુનિયામાં બની રહેલી સંખ્યાબંધ ઘટનાઓ સાક્ષી પૂરી રહી છે, કે જૈનીઝમ એ પૂર્ણ વિજ્ઞાન છે. વિશ્વવ્યવસ્થા-જીવવિજ્ઞાનના અને અજીવવિજ્ઞાનના એના સૂક્ષ્મ નિરૂપણનો આજે પણ કોઈ અસ્વીકાર કરી શકે તેમ નથી.

વિશ્વની અનેક યુનિવર્સિટીઓમાં આજે જૈનીઝમ પર ગહન અધ્યયનો થઈ રહ્યા છે. ભારતમાં રહેલા પ્રાચીનતમ જૈન જ્ઞાનભંડારોમાં વિદેશી વિદ્વાનો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. દીર્ઘ અધ્યયન બાદ જૈન ધર્મમાં શ્રદ્ધા ધરાવનાર વિદેશીઓની સંખ્યા પણ અલ્પ નથી.

આ પુસ્તકમાં સચોટ અને તટસ્થ રૂપે એક પછી એક જૈન સિદ્ધાન્તોનો ઉપન્યાસ કર્યો છે. અર્ધમાગધી ભાષા, સંસ્કૃત ભાષા અને પ્રાકૃત ભાષાના પ્રાચીન સંદર્ભોનું અવતરણ કર્યું છે. એ સંદર્ભોને સમજવા માટે સુગમ અર્થઘટન કર્યું છે. અને એની સાથે સાથે જ વર્તમાન વિશ્વની તે સત્ય ઘટના રજુ કરી છે. જેનો સીધો સંબંધ એ સિદ્ધાન્તની સત્યતા સાથે છે.

મનીષીમૂર્ધન્ય શ્રીદેવેશભાઈ મહેતાએ આ ઘટનાઓને દેશ-વિદેશના સંખ્યાબંધ પુસ્તકો અને ઈન્ટરનેટના આધારે રજુ કરી છે. જે ઘટનાઓ વર્તમાનપત્રો અને પુસ્તકોમાં મુદ્રિત થઈ ચૂકી છે. આ પુસ્તકમાં એ ઘટનાઓને પ્રસ્તુત કરવાની એમણે સહૃદય અનુમતિ આપી છે. એ બદલ એમનો આભાર માનું છું.

આજની પેઢી અંધશ્રદ્ધાળુ નથી, તો સાવ નાસ્તિક પણ નથી. એ ઉચ્ચ બૌદ્ધિક સ્તર ધરાવે છે. How & Why કરે છે. વડીલો વિચારતા થઈ જાય, એવા પ્રશ્નો આજના બાળકો કરે છે. આંખ મીંચીને કોઈ વાત માની લેવી, એ એના માટે લગભગ શક્ય નથી... આ બધાં તથ્યોની સાથે સાથે એક તથ્ય એ પણ છે કે જો કોઈ વાત એના મનમાં લોજીકલી બરાબર બેસી ગઈ, તો પછી એ વિષયમાં એની દૃઢતા આશ્ચર્યજનક બની જાય છે. આ સમગ્ર પેઢી માટે  આ એક સુખદ નજરાણું છે. જે સુખદ આશ્ચર્યમાં પરિણમશે જ, એવા વિશ્વાસ સાથે...

– *પ્રિયમ્*

શ્રી દેવેશ મહેતાના જે પુસ્તકોમાંથી સત્ય ઘટનાઓને સાભાર લેવામાં આવી છે.

૧) દુનિયાની પેલે પાર
૨) અગમ્ય સૃષ્ટિ-અગમ્ય દૃષ્ટિ
૩) અજ્ઞાત દુનિયા-અપાર અચરજ
૪) વિસ્મયના વિશ્વમાં
૫) અગોચર વિશ્વ-હેરતભર્યા માનવી
૬) જ્ઞાતથી અજ્ઞાત તરફ
૭) અજબ ગજબ આ દુનિયા
૮) અજ્ઞાત દર્શન
૯) વિશ્વના ગૂઢ રહસ્યોની ભીતર
૧૦) અજ્ઞાત જગતમાં એક ડોકિયું

# અનુક્રમણિકા


| ક્રમ | સિદ્ધાન્ત | સત્યઘટના | પૃષ્ઠ |
|---|---|---|---|
| **અવધિજ્ઞાન** | | | |
| ૧ | ओहिनाणं | સુપર સાઈકિક ડૉ. ડેવિડ હોય | ૧ |
| ૨ | ओहिनाणपच्चक्खं | બર્ટ રીસની ચૈતસિક શક્તિના આશ્ચર્યજનક પ્રયોગો | ૭ |
| ૩ | दव्वं | દૂરની ઘટનાને પ્રત્યક્ષ નિહાળવાની શક્તિ | ૧૭ |
| ૪ | तिरिक्खजोणियाणं | પશુ-પક્ષીઓને થતું અવધિજ્ઞાન | ૨૩ |
| ૫ | पंचिंदिय० | જીમ નામના એક શ્વાનની દાસ્તાન | ૨૯ |
| ૬ | ताहे जाणिज्जासि | ભવિષ્યમાં બનનારી ઘટનાઓનું સચોટ પૂર્વદર્શન | ૩૩ |
| ૭ | काले चउण्ह वुड्ढी | અવધિજ્ઞાનની અદ્ભુત વાતો | ૩૬ |
| ૮ | ओहिनाणं | કાલે એનું મૃત્યુ થવાનું છે... | ૪૮ |
| **મન:પર્યવજ્ઞાન** | | | |
| ૯ | मणपज्जवनाणं | વિચારચિત્ર | ૫૪ |
| ૧૦ | अणुमाणेण | અનુમાનથી વિચારજ્ઞાન | ૫૮ |
| **શ્રુતજ્ઞાન** | | | |
| ૧૧ | सुयं | મનુષ્ય-મગજ અગાધ શક્તિ ધરાવે છે | ૬૨ |
| ૧૨ | उप्पाए पयकोडी | મગજ કે કોમ્પ્યુટર? | ૬૪ |
| **સંભિન્નશ્રોતલબ્ધિ** | | | |
| ૧૩ | सम्भिन्नश्रोता | ત્વચા-ચક્ષુ માનવીઓ | ૬૮ |
| ૧૪ | इन्द्रियाणि सम्भिन्नानि | મેં કાનથી જોયું!!! | ૭૨ |
| **સ્વાપ્નસંકેત** | | | |
| ૧૫ | सुमिणं | થોમસનો થરથરાટ | ૭૬ |
| **વૈક્રિય શરીર** | | | |
| ૧૬ | विक्रियायां भवं | 'રોક'ની અદ્ભુત ઘટના | ૮૦ |
| ૧૭ | एकं भूत्वाऽनेकं | ચાર્લ્સનો ચમત્કાર | ૮૪ |
| **વનસ્પતિની સજીવતા** | | | |
| ૧૮ | वणस्सई चित्तमंतं | વનસ્પતિનું જીવન | ૮૮ |

| ક્રમ | સિદ્ધાન્ત | સત્યઘટના | પૃષ્ઠ |
|---|---|---|---|
| | | **આત્મા** | |
| ૧૯ | समुग्घाता | એક અલૌકિક સફર | ૯૫ |
| | | **પરલોક** | |
| ૨૦ | परं भवं | હિપ્નોટિઝમની તારવણીઓ | ૧૦૦ |
| | | **જાતિસ્મરણ** | |
| ૨૧ | सरइ पोराणियं जाइं | દિલ્લીરામની દાસ્તાન | ૧૦૬ |
| ૨૨ | जाइं सरइ न | પુનર્જન્મ... તથ્ય અને સત્ય | ૧૧૧ |
| ૨૩ | जातिस्मरणाद्य० | સંમોહનમાં સંસ્મરણ | ૧૧૭ |
| ૨૪ | सेवंति भवंतरे | જ્યોર્જનો પુનર્જન્મ | ૧૨૧ |
| ૨૫ | मोहं गयस्स | ડેવિડ કે યહુદી સમ્રાટ? | ૧૨૪ |
| ૨૬ | जाइसरणं | દિલ્લીની શાંતિદેવીનો કિસ્સો | ૧૨૮ |
| ૨૭ | जाइं सरइ | બ્રાહ્મણકન્યા મધુ, જે એના પૂર્વજન્મમાં હરિજન મહિલા હતી! | ૧૩૨ |
| ૨૮ | पुनर्भवः | વીતી ગયેલા દસેક પૂર્વજન્મોની સ્મૃતિ | ૧૩૮ |
| ૨૯ | पुनर्जन्म | પુનરપિ જનનમ્ | ૧૪૪ |
| | | **તિર્યગ્ગતિ** | |
| ૩૦ | तिरिक्खजोणियत्ताए | પશુગતિમાં ગયેલા મનુષ્યો | ૧૪૮ |
| | | **દેવગતિ** | |
| ૩૧ | देवा चउव्विहा | ભટકતા વાણવ્યંતર | ૧૫૩ |
| ૩૨ | वाणमंतरा | પ્રાચીન મમીઓનું રહસ્ય | ૧૫૬ |
| ૩૩ | णियमा जीवे | પસ્તાવો કરતી મહિલારૂપે દેખાતી દેવી | ૧૬૦ |
| ૩૪ | देवित्थीओ | પરી સંબંધી ઘટના | ૧૬૪ |
| ૩૫ | देवीओ | જેકવેલિનનો ગજબ અનુભવ | ૧૬૬ |
| ૩૬ | सत्थं | દિવ્ય વ્યક્તિત્વ | ૧૭૦ |
| ૩૭ | विग्घहरणा | સહાયકારી દેવ | ૧૭૫ |
| ૩૮ | देवाण य | ફરજરસિક દેવાત્મા | ૧૭૯ |

| ક્રમ | સિદ્ધાન્ત | સત્યઘટના | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૩૯ | देवगई | મૃત્યુ પામેલા મહાન સંગીતકારો | ૧૮૩ |
| ૪૦ | धारणा | નેત્રરોગ વિશેષજ્ઞ દેવ | ૧૮૯ |
| ૪૧ | पुव्वाणुरागओ | દિવ્ય શક્તિથી સતત બચતી રહેલી કેથેલીન | ૧૯૩ |
| ૪૨ | सव्वदेवाणं | મુસાફરોને સહાય કરતાં વિમાનકર્મચારી દેવાત્મા | ૧૯૬ |
| ૪૩ | पुत्राद्यनुग्रहार्थम् | દેવરૂપે આવીને મદદ કરતી મૃત માતા | ૨૦૦ |
| ૪૪ | पूर्वसुहृत् | જ્યારે દેવાત્મા પૂર્વજન્મના મિત્રપ્રેમને નિભાવે છે | ૨૦૫ |
| ૪૫ | स्निग्धबन्धु० | દિવ્ય સાન્નિધ્યથી અબજપતિ બનેલ માણસ | ૨૧૦ |
| ૪૬ | उज्जोएमाणा | આશ્ચર્યકારક દૈવી તેજ અને શક્તિ | ૨૧૬ |
| ૪૭ | देवताकथनेन | એમનું મૃત્યુ થવાનું છે... | ૨૨૨ |
| ૪૮ | जलपवेसिका | જ્યારે વિમાને લીધી જળસમાધિ... | ૨૨૮ |
| ૪૯ | वेहाणसिया | બસબીની બિહામણી ઘટના | ૨૩૨ |
| ૫૦ | मुखच्छिन्नका | એણે મારું ખૂન કર્યું હતું | ૨૩૬ |
| ૫૧ | मज्झच्छिन्नका | દેવાત્મા ચંદ્રપ્પા | ૨૪૦ |
| ૫૨ | हत्थच्छिन्नका | મૃત્યુની આરપાર | ૨૪૬ |
| ૫૩ | सीसच्छिन्नका | દેવાત્માનો ખોફનાક પરચો! | ૨૫૦ |
| ૫૪ | हुंति वंतरिया | લોર્ડ કલાઈવની કરુણ કથની | ૨૫૪ |
| ૫૫ | मदमोहविषाद० | ચીસો પાડતી ખોપરીઓનું રહસ્ય | ૨૫૮ |
| ૫૬ | समहिओ लोहो | લોભના ખપ્પરમાં | ૨૬૨ |
| ૫૭ | मुच्छभयसन्ना | મુસોલિનીનો દેવાત્મા | ૨૬૭ |
| ૫૮ | परिग्गहरुई | એક ભૂતિયું મકાન | ૨૭૧ |
| ૫૯ | माया लोभेहिं | દેવાત્માનું દંગલ | ૨૭૫ |
| | | **નરકગતિ** | |
| ૬૦ | नेरइया | નરક-તર્ક અને સત્ય | ૨૭૮ |
| | | **SHORT AND SWEET JAINISM** | |
| | | **THE WORLD OF KNOWLEDGE** | |

# અવધિજ્ઞાન

*से किं तं ओहिनाणपच्चक्खं?*
*ओहिनाणपच्चक्खं दुविहं पण्णत्तं,*
*तं जहा-भवपच्चइयं च खओवसमियं च ।*
*खओवसमियं तयावरणिज्जाणं कम्माणं,*
*उदीण्णाणं खएणं अणुदिण्णाणं*
*उवसमेणं, ओहिनाणं समुप्पज्जइ ।*

*- नंदीसूत्र*

અવધિજ્ઞાન પ્રત્યક્ષ શું છે? અવધિજ્ઞાન પ્રત્યક્ષ બે પ્રકારનું છે. (૧) ભવપ્રત્યયિક (૨) ક્ષાયોપશમિક. તેમાં ક્ષાયોપશમિક અવધિજ્ઞાન ઉદય પામેલા અવધિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયથી અને ઉદય નહીં પામેલા કર્મોના ઉપશમથી ઉત્પન્ન થાય છે.

વિશેષાર્થ : આત્મામાં અનંત જ્ઞાનશક્તિ છે. પણ સૂર્યને જેમ વાદળાઓ ઢાંકી દે, તેમ કર્મોએ આ શક્તિને ઢાંકી દીધી છે. વાદળું ખસે તો સૂર્યના તેજનો અનુભવ થાય, તેમ કર્મો ખસે તો આત્માની ચમત્કારિક જ્ઞાનશક્તિનો અનુભવ થાય. કર્મોનું ખસવું એટલે જ કર્મોનો ક્ષય અને ઉપશમ.

આ ક્ષયોપશમો અનેક પ્રકારના હોય છે. જેમાંથી એક પ્રકાર છે અવધિજ્ઞાન. જેનાથી આત્મા ભૂત-ભવિષ્ય-વર્તમાનની વસ્તુઓને જોઈ - જાણી શકે છે. પીઠ પાછળ શું છે, તેનાથી માંડીને અન્ય દેશોમાં રહેલ વસ્તુઓ - બનતા બનાવો આદિને પ્રત્યક્ષ જોઈ શકે છે. અહીં પ્રસ્તુત છે અમેરિકાના એક ડોક્ટરની સત્યઘટના, જે ઉપરોક્ત સિદ્ધાન્તનું સચોટ ઉદાહરણ છે...

# ભૂતકાળ અને ભવિષ્યકાળની ઘટનાઓને આંખના પલકારામાં જાણી લેતો અમેરિકાનો ડો. ડેવિડ હોય.




# ૧

ઓસ્ટ્રેલિયન લેખક જ્હોન ગોડવિન ક્રાઈમ રિપોર્ટર અને ફોરેન કોરસ્પોન્ડન્ટ હતા. તેમણે ૧૯૬૨માં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની મુલાકાત લીધી હતી. તે વખતે તેઓ અમેરિકાના 'સુપર સાઈકિક' ડો. ડેવિડ હોયને મળ્યા હતા. પહેલા તો તેમને એમ લાગ્યું કે ડેવિડની ચૈતસિક કે ઈન્દ્રિયાતીત શક્તિ કોઈ ચાલાકી કે પાખંડ હશે અને પોતાના લાંબા-બહોળા અનુભવોને આધારે તેમની ધૂર્તતાનો અંચળો હટાવી નાંખશે. પણ તેમાં તે નિષ્ફળ રહ્યા. ઊલટું તેમની અતીન્દ્રિય શક્તિઓથી અભિભૂત થઈને ઘણા લાંબા સમય સુધી તેમની સાથે રહીને તેમની કાર્યવાહી નિહાળી હતી. પોતાના સુદીર્ઘ અનુભવો પરથી તેમણે એક પુસ્તક પણ લખ્યું – 'Super-psychic: The Incredible Dr. Hoy.' તેમાં તે લખે છે – 'ડેવિડ આપણે જોયેલા ચૈતસિક શક્તિ ધરાવતા લોકોના ચોકઠામાં બેસતો નથી. તે ગૂઢ વિદ્યામાં શ્રદ્ધા ધરાવતો નથી, તે ક્રિસ્ટલ બોલમાં જોતો નથી, તે ટ્રાન્સમાં જતો નથી, તે ભૂતપ્રેતના અવાજો સાંભળતો નથી કે કોઈ દૈવી શક્તિની સહાય મેળવતો નથી. છતાં તે ગજબનાક, માન્યામાં ન આવે એવી ચૈતસિક શક્તિ ધરાવે છે. તે ગમે તેવાં ગૂઢ રહસ્યોને, ખોવાયેલી વસ્તુઓને કે વ્યક્તિઓને, રીઢા ગુનેગારો અને હત્યારાઓને શોધી આપે છે. ભૂતકાળમાં કે ભવિષ્યકાળની કોઈ પણ બાબત હોય તે ઘડીના છઠ્ઠા ભાગમાં જાણી લે છે. તેની આ શક્તિનો ઉપયોગ દુનિયાભરના લાખો માણસોએ કર્યો છે.'

ડેવિડ હોય અસામાન્ય ચૈતસિક શક્તિઓ ધરાવતી વ્યક્તિ હતી. તેમણે તેમની શક્તિઓ પ્રજાના દરેક માણસ માટે સુલભ રાખી હતી. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે તેનો સંપર્ક કરી શકતી. એમની આગળ સમસ્યા રજૂ થાય, તે તત્ક્ષણ તેનો જવાબ આપી દેતા. જેમાં તે ભાગ્યે જ ખોટા પડતા. અમેરિકાના તત્કાલીન પ્રેસિડેન્ટનું ભાષણ સાંભળનાર શ્રોતાઓ કરતાં વધુ શ્રોતાવર્ગ તે ધરાવતા. પ્રશ્નોની ગમે તેટલી વણઝાર હોય તે થાક્યા વિના અવિરતપણે તેના જવાબ આપતા. તેમને એ માટે સહેજ પણ વિચારવું પડતું પણ નહોતું. જેટલી ઝડપથી પ્રશ્ન પૂછાય એટલી જ ઝડપથી તેનું નિરાકરણ આપી દેતા. કેટલીક વાર તો પ્રશ્ન પૂછનાર એના પ્રશ્નનું વાક્ય પૂરું કરે તે પહેલાં જ તેને અટકાવી તેની મુસીબતનું નિરાકરણ આપી દેતા. જહોન ગોડવિન કહે છે કે દુનિયામાં આટલી બધી ચૈતસિક શક્તિ ધરાવતો અને એકસામટા આટલા પ્રશ્નોના ઉત્તર આટલી ઝડપથી આપતો કોઈ માનવી જોયો નથી.






ગોડવિન કહે છે કે જ્યારે મેં એમના વિષે સાંભળ્યું ત્યારે મને એમને મળવાનું મન થયું. મેં એમને કેન્ટુકી (kentucky) ના પાડુકાહ (Paducah) ખાતે આવેલા એમના ઘરે આ વિષે પત્ર લખ્યો ત્યારે તરત જ તેમનો જવાબ આવ્યો – 'તમે ગમે ત્યારે, ગમે તે સમયે મને મળવા આવી શકો છો.' હું એમને મળવા ગયો ત્યારે મેં જોયું કે એ એટલા બધા જાણીતા હતા કે કેવળ એમના નામ પરથી પણ શહેરની કોઈ પણ વ્યક્તિ એમનું ઘર બતાવી દે તેમ હતું. મને આવેલો જોઈ એમણે આવકારદાયક સ્મિત આપ્યું અને કહ્યું – તમે આવી શક્યા એ સારું થયું. તમે ઓસ્ટ્રેલિયા પાછા જવાનો વિચાર માંડી વાળ્યો એ યોગ્ય જ હતું. 'તમારી માતાને હવે સારું છે અને તેમને મેલબોર્નની હોસ્પિટલમાંથી ઘેર જવાની રજા પણ આપી દીધી છે ને!' હું તો આ સાંભળીને અવાક થઈ ગયો. મારી અમેરિકાની આ મુલાકાત દરમિયાન મેં કોઈને પણ મારી માતાની બીમારી અંગે જાણ કરી નહોતી. હજુ ગઈકાલે જ તેને દવાખાનામાંથી ઘેર જવાની રજા આપવામાં આવી હતી. તેને હૃદયરોગનો હુમલો થવાથી દવાખાનામાં દાખલ કરી હતી! મેં તેમને તેમની આ શક્તિ વિષે અહોભાવથી અભિનંદન આપ્યાં તો તેમણે ખાસ પ્રતિભાવ ન દર્શાવ્યો. કોઈ વ્યક્તિ મહાન



ગણિતશાસ્ત્રની બે વત્તા બે ચાર થાય એવા જવાબ માટે અભિનંદન આપે એવું એમને લાગ્યું! તેમણે કહ્યું – 'હું તો શું, મારા ઘરના લોકો પણ આ સરળતાથી કહી શક્યા હોત! મારા ઘરના લોકોમાં પણ આવી શક્તિ છે. અરે! તમારા ઘરમાં અને દુનિયાના દરેક માણસમાં આવી શક્તિ છે પણ તેણે તે વિકસાવી હોતી નથી!' મેં આ શક્તિની જાણકારી માટે ઘણો બધો સમય એની સાથે વીતાવવાનું નક્કી કર્યું. આ દરમિયાન મને અનેક પરચાઓ મળ્યા.

તેમના પર આવેલા પત્રોના જવાબ લખતી વખતે હું એમની સાથે બેસતો. આવા એક પત્રમાં એક માતાએ તેમની દીકરી ગુમ થયા વિષે ચિંતા વ્યક્ત કરી હતી. તે ક્યાં છે અને ક્યારે આવશે એવો પ્રશ્ન પૂછ્યો હતો. તેને જવાબ આપતાં ડેવિડે લખ્યું, 'શ્રીમતીજી, તમારી દીકરી મજામાં છે. તે એના મિત્ર સાથે ન્યુયોર્કમાં ભાગી ગઈ છે. મે મહિનાની શરૂઆતમાં તમને તેના તરફથી સમાચાર મળશે. તે ઘેર પણ આવી જશે.' મે મહિનાના પહેલા જ અઠવાડિયે એ મહિલા તરફથી પત્ર આવ્યો. તેણે જણાવ્યું કે ડેવિડની ભવિષ્યવાણી સાચી પડી હતી અને તેની દીકરી ન્યુયોર્કથી ઘેર આવી ગઈ હતી. ગોડવિન કહે છે કે હું એક દિવસ તેમના સ્ટુડિયો પર બેઠો હતો ત્યારે એક વૃદ્ધ અને ચિંતાતુર અવાજ ફોન પર સંભળાયો – શ્રીમાન હોય! મારા ૨૦ ડોલર ખોવાઈ ગયા છે. આમ તો બહુ મોટી રકમ નથી પણ મારા માટે એ મોટી રકમ છે. અત્યારે મારે આ ડોલરની ખૂબ જરૂર છે. મને તે ઘરમાં ક્યાંય મળતા નથી. તમે મને જણાવી શકશો કે તે...? તે વાક્ય પૂરું કરે એ પહેલાં હોય બોલી ઊઠ્યા– એ ૨૦ ડોલરનું કવર તમારા ઘરમાં નથી. તમે તેને એક સ્ટોરમાં ભૂલી ગયા હતા. એક મિનિટ થોભો. એ સ્ટોર કેવો છે તેનું હું તમને વર્ણન કરું. થોડીક સેકન્ડ પછી તેણે કહેવા માંડ્યું... એ સ્ટોર સૂકી વસ્તુઓનું વેચાણ કરે છે. તે સાથે તે સામયિકો અને સ્ટેશનરીનું વેચાણ કરે છે. તે સ્ટોરની બહાર બે ગેસ પમ્પ છે. લીલા રંગના ગેસ પમ્પ. એ સ્ટોરના માલિક પાસે તમારું ૨૦ ડોલરવાળું કવર છે. તેણે તે ચોરી લીધું નથી. તમે ભૂલી ગયા હતા તેથી તેણે તે રાખી મૂક્યું છે. તે એના માલિકની રાહ જુએ છે. તમે ત્યાં જશો તો તે તમને તરત આપી દેશે.'' સામેથી પેલો ઘરડો અવાજ આવ્યો – ''મિસ્ટર હોય, તમારી વાત સાચી લાગે છે. આજે સવારે છેલ્લે હું જે સ્ટોરમાં ગયો



હતો તે તમે વર્ણન કર્યું તેવો જ સ્ટોર હતો.'' થોડા કલાક પછી તેનો ફરીથી ફોન આવ્યો અને તેણે જણાવ્યું કે તેને તેના ૨૦ ડોલરનું કવર તે સ્ટોર પરથી જ મળી ગયું છે!

૧૯૬૭ના ડિસેમ્બર મહિનાની એક બપોરે લુઈસવિલેના કુરિયર-જર્નલની સ્ટાફ રિપોર્ટર બ્રેન્ડા ટાઈરે (Brenda Tirey) એ ઈવાન્સવિલે ખાતે આવેલા ડેવિડ હોયના ઘરની મુલાકાત લીધી. તેણે ડેવિડને પૂછ્યું- 'આવતા વર્ષે કેન્ટુકી ડર્બીનું પરિણામ શું આવશે?' તેણે કહ્યું- 'ચોથા નંબરનો ઘોડો જીતશે.' તેણે તે નોંધી લીધું. વર્ષ પછી યોજાયેલી કેન્ટુકી ડર્બી માં ચોથા નંબરનો ઘોડો જ જીત્યો! બ્રેન્ડાએ ડેવિડને એમ પણ પૂછ્યું હતું- WROZ સ્ટેશન પર તમે અઠવાડિયા પહેલા પ્રેસિડેન્ટ જ્હોન્સન વિષે જે ભવિષ્યવાણી કરી હતી તે અંગે કંઈ ફેરફાર કરવા માંગો છો? તમે કહ્યું હતું કે આવતા વર્ષે પ્રેસિડેન્ટ જ્હોન્સન હારી જશે. જો કે અત્યારે તો એમની લોકપ્રિયતા ઓક્ટોબર કરતાં દસ પોઈન્ટ ઉપર ગઈ છે અને હજી ઉપર ને ઉપર જઈ રહી છે.



'અત્યારે લોકમત શું કહે છે એનું કશું મહત્ત્વ નથી. હું મારી વાતને વળગી જ રહું છું. આવતા વર્ષે જ્હોન્સન પ્રેસિડન્ટ પદે નહીં ચૂંટાય.' ઈતિહાસ સાક્ષી છે કે ખરેખર તેમ જ બન્યું!

પ્રેસિડેન્ટને લગતી એક અન્ય ભવિષ્યવાણી પણ નોંધપાત્ર છે. તે ટેનેસીના નાશવિલેથી મોટરકારમાં પાછો ફરી રહ્યો હતો. એ કાર તેનો મિત્ર રોનાલ્ડ ઈ ડેકોર્ડ ચલાવી રહ્યો હતો. રાત્રીના સમયે ઊંઘ ન આવી જાય એ માટે તેણે કારનો રેડિયો ચાલુ રાખ્યો હતો. ડેવિડ એની બેઠક પર નસકોરાં બોલાવી રહ્યો હતો. તેની ઊંઘ એકાએક તૂટી ગઈ. તેણે ઊંઘરેટા અવાજે પૂછ્યું,




'કેટલા વાગ્યા છે?' રોનાલ્ડે ડેશબોર્ડના ઘડિયાળમાં જોઈને કહ્યું – 'રાતના બે વાગ્યા છે.' ડેવિડે રોનાલ્ડને કહ્યું – 'આ સમય બરાબર યાદ રાખજે. મેં હમણાં જ જોયું કે પ્રેસિડેન્ટ જહોન્સનના વિમાનને આગ લાગી છે. જોકે પ્રેસિડેન્ટને કશું થયું નથી.' એકાદ કલાક પછી તેમણે રેડિયો પરથી સમાચાર સાંભળ્યા કે પ્રેસિડેન્ટનું જેટવિમાન સીડનીના એરપોર્ટ પર ઊતરતું હતું ત્યારે રનવે પર દોડતી વખતે તેની પાંખ ગેસોલિન ટ્રક સાથે અથડાઈ ગઈ હતી અને આગ લાગી હતી પણ એને તરત જ કાબૂમાં લઈ લેવામાં આવી હતી અને કોઈ જાનહાનિ થઈ નહોતી. ૧૯૭૧ની ૧૬મી જાન્યુઆરીએ મિશિગનની મેટ્રોપોલિટન ડિનર કલબ ઓફ માર્કેટ કાઉન્ટીની મિટિંગમાં ડેવિડે એક વિમાન દુર્ઘટનાની જાહેરાત કરી. 'OMINING JOURNAL' ના રિપોર્ટર બરોગા ડેએ એને શબ્દશઃ રજૂ કરી – 'The next major airline crash in the world will occur within eighteen days in either switzerland or spain. There will be no more than two survivors-one of them a young boy.' ૧૮મી જાન્યુઆરીએ ચાર એન્જિનવાળું બલ્ગેરિયન એરલાઈનર સ્વિટ્ઝરલેન્ડના ઝુરિચ ખાતે ઉતરાણ વખતે એક ટેકરી સાથે અથડાયું હતું. તેમાં મુસાફરી કરી રહેલ ૩૭ લોકોમાંથી ૩૫ જણા મરણ પામ્યા હતા. તેમાંથી બચી જનારા માત્ર બે જણા હતા – એક પાયલોટ અને બાર વર્ષનો છોકરો. ડેવિડ હોય દ્વારા આવી હજારો ભવિષ્યવાણીઓ કરાઈ હતી, જેમાં તે ભાગ્યે જ ખોટો સાબિત થયો છે.

⌘

**લોકો આને ચમત્કાર કહે, કોઈ એને સુપર સાઈકિક કહે, વિજ્ઞાન એને ક્લેરવોયન્સ કહે, નામ ચાહે ગમે તે આપો, આ વાસ્તવિકતાનો ચિતાર તો ભગવાન મહાવીરે ૨૬૦૦ વર્ષ પહેલા જ 'અવધિજ્ઞાન' રૂપે રજૂ કર્યો હતો. આવો બીજો કિસ્સો જોઈએ.**

# બર્ટ રીસની ચૈતસિક શક્તિના આશ્ચર્યજનક પ્રયોગો

## ૨



ઈ.સ. ૧૮૪૧માં પ્રુશિયામાં જન્મ્યો ત્યાંથી માંડી જર્મનીમાં ૧૯૨૬માં મરણ પામ્યો ત્યાં સુધીમાં બર્ટ રીસે જે કર્યું અને જ્યાં કર્યું એ વિગતો સ્પષ્ટ રેકોર્ડ થયેલી છે પણ તેણે શું કર્યું અને કેવી રીતે કર્યું તે તેના જીવનના સમયગાળામાં અજ્ઞાત, ગૂઢ અને રહસ્યમય બની રહ્યું. પણ આજે આપણે આ શકિતને જાણીએ છીએ. એનું નામ છે, 'ક્લેરવોયન્સ' એટલે કે 'ઈન્દ્રિયાતીત જ્ઞાન' બર્ટ રીસ (Bert Reese) નું મૂળ નામ હતું બર્થોડ રાઈસ (Berthod Riess). તેને પોતાના નામનો ઉચ્ચાર 'રાઈસ' થતો હતો તે ગમતું નહોતું, તેથી તેણે તે બાળપણથી જ બદલીને 'રીસ' કરી નાખ્યું હતું. ગોળ ચહેરો, મોટું પેટ અને ઠીંગણા કદવાળો બર્ટ રીસ આંખો મીંચીને બેસતો ત્યારે તેને દૂરની વસ્તુઓ દશ્યમાન થતી. ધીરે ધીરે તેની ચૈતસિક શક્તિઓ વિકસવા



રીસ કેવી રીતે કરતો તે હુડિની બતાવી શક્યો નહોતો કે તેનું અનુસરણ પણ કરી શક્યો નહોતો. જો કે અઘરામાં અઘરી વૈજ્ઞાનિક રીતે નિયંત્રિત કરાયેલી સ્થિતિમાં તે પ્રયોગ કરતો એટલે તેની શક્તિઓને તે સમયના વિજ્ઞાનીઓએ પણ સ્વીકારી હતી. પહેલા વિશ્વયુદ્ધ પછી તે અમેરિકા આવ્યો તે પહેલાં યુરોપના નામાંકિત વિજ્ઞાનીઓ આગળ તેણે તેની શક્તિના પ્રયોગો રજૂ કર્યા હતા, જેમાં તે નિરપવાદ સફળ રહ્યો હતો.

અમેરિકા આવ્યા બાદ તેણે તેની ચૈતસિક શક્તિનું નિદર્શન કરવાના પ્રયોગો ચાલુ જ રાખ્યા. અહીં તેણે વૂડરો વિલ્સન, ચાર્લ્સ એમ સ્કાવબ (Schwab) અને વોરન હાર્ડિંગ જેવા અગ્રગણ્ય મહાનુભાવોને એની શક્તિથી અભિભૂત કર્યા, વીજળીના ગોળાની શોધ કરનાર વિખ્યાત વિજ્ઞાની થોમસ આલ્વા એડિસને એની શક્તિઓને પુરવાર કરવા નિમંત્રણ આપ્યું. રીસે તે સહર્ષ સ્વીકારી લીધું. એડિસન 'માઈન્ડ રીડિંગ' જેવી શક્તિમાં

લાગી. તેની દૂરદર્શન અને અતીન્દ્રિય વિચારસંક્રમણની શક્તિ એટલી સજ્જડ હતી કે તે જોનારને તેમાં વિશ્વાસ બેસી જ જતો હતો. તે હુડિનીનો સમકાલીન હતો. હુડિની તેની શક્તિને સ્વીકારતો નહોતો અને સદાય તેનો વિરોધ કરતો રહ્યો. પણ એ એનો દ્વેષ અને અસમજણ હતી એમ માનવું પડે એટલી હદે રીસની શક્તિની વૈજ્ઞાનિક ચકાસણી કરવામાં આવી હતી. જો હુડિની કહેતો તેમ તે હાથચાલાકી કે છેતરપિંડી હોય તો તે

વિશ્વાસ ધરાવતા નહોતા! તેમણે આવું સાંભળ્યું હતું ખરું, પણ આવી કોઈ વ્યક્તિને જોઈ નહોતી. એડિસનની પ્રયોગશાળામાં પ્રયોગો ગોઠવાયા, જે ન્યુજર્સી ખાતે આવેલી હતી. એક પ્રયોગ દરમિયાન બર્ટ રીસે એડિસનને એના અનેક સહાયકોને એકત્રિત થવા જણાવ્યું પછી રીસે એડિસનને કહ્યું કે એ સમુદાયમાંથી કોઈ પણ એકને તે પસંદ કરે. એડિસને એકની પસંદગી કરી. પછી તે વ્યક્તિને બાજુના રૂમમાં જવાનું કહેવામાં આવ્યું. તેને સૂચના આપવામાં આવી કે ત્યાં તેણે એક કોરા કાગળ પર તેની માતાનું લગ્ન પહેલાનું નામ લખવું, તેનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો તે લખવું, એ સિવાય તેના જીવનની બીજી કેટલીક વ્યક્તિગત બાબતો જે બીજું કોઈ જાણતું ન હોય તે લખવા જણાવ્યું. એ લખ્યા પછી તેણે એ કાગળ એના કપાળ પર અડકાવી રાખવાનો હતો.

બાજુના ઓરડામાં જઈને એડિસનના સહાયકે આ કામ પૂરું કર્યું એટલે બર્ટ રીસે એડિસન અને એના અન્ય સહાયકોની હાજરીમાં આંખો મીંચી થોડીવાર ધ્યાન કર્યું. પછી આંખો ખોલી તેણે ત્યાં ઉપસ્થિત લોકોને પેલા માણસે કોરા કાગળ પર તેના જીવનની જે અંગત બાબતો લખી હતી તે બોલી બતાવી. જાણે તે આટલે દૂરથી પેલા કાગળને નરી આંખે વાંચતો હોય તેમ કડકડાટ બોલી ગયો. પેલા સહાયક વિજ્ઞાનીએ એમના રૂમમાં આવીને તેણે કાગળ પર જે લખ્યું હતું તે સૌને બતાવ્યું. રીસ જે બોલી ગયો હતો તે અક્ષરશઃ સાચું હતું. જે બાબત પ્રયોગમાં સામેલ નહોતી તે પણ તેણે કહી દીધી. રીસે પેલા સહાયક વિજ્ઞાનીને કહ્યું-





તારા કોટના જમણા ખિસ્સામાં એક કાગળનું પડીકું છે, જેમાં એક સિક્કો છે. એ કોઈ નાણાંનો સિક્કો નથી પણ સારા ભાગ્ય માટે રાખવામાં આવે છે એવો એ 'ગુડ લક કોઈન' છે. એના ઉપર શેનું ચિત્ર અંકિત થયેલું છે તે પણ કહી દીધું. પેલો વિજ્ઞાની આશ્ચર્યચકિત થઈ ગયો. કેમ કે આ વાતની કોઈને ખબર નહોતી. તેણે આ સિક્કો કેટલાય મહિનાઓથી પેલા જાડા કાગળના પડીકામાંથી બહાર કાઢ્યો નહોતો. તેણે તે ખિસ્સામાંથી બહાર કાઢી સૌને બતાવ્યો. બર્ટ રીસની વાત બિલકુલ સાચી નીકળી.

બીજા એક પ્રયોગ દરમિયાન એડિસને પોતે પ્રયોગપાત્ર બનવાનું નક્કી કર્યું. આ વખતે માત્ર ઓરડાઓનું નહીં, મકાનોનું છેટું રાખવામાં આવ્યું. એડિસન એમની પ્રયોગશાળા જે મકાનમાં હતી એનાથી થોડે દૂર એક બીજા મકાનમાં ગયા. ત્યાં એક ઓરડામાં બેસી તેમણે કાગળ પર શું લખવું તે વિચારવા માંડ્યું.


એ દિવસોમાં એડિસન 'માસ ટ્રાન્સપોર્ટેશન' માટે ઈલેક્ટ્રિક ઓટોમોબાઈલ્સમાં વજનમાં હળવી છતાં શક્તિશાળી બેટરી કેવી રીતે બનાવવી તેની સમસ્યામાં વ્યસ્ત હતા. તેમણે એક કાગળ પર લખ્યું 'Is there anything better than nickle hydroxide for an alkaline storage battery?' ('આલ્કલાઈન સ્ટોરેજ બેટરી માટે નિકલ હાઈડ્રોક્સાઈડથી વધારે સારું બીજું કંઈ છે?' પછી તેમણે કાગળની ગડી વાળી અને પછી તે કાગળ ઘડિયાળની પાછળ મૂકી દીધો જેથી તે સચવાઈ રહે. પછી તે લેબોરેટરીવાળા મકાનમાં પાછા ફર્યા જ્યાં તેમના સહાયક વિજ્ઞાનીઓ અને બર્ટ રીસ તેમની રાહ જોતા હતા. એડિસને જેવો લેબોરેટરીમાં પગ મૂક્યો તે સાથે બર્ટ રીસે કહ્યું, No, Mr. Edison, there is nothing better than nickle hydroxide for an

alkaline storage battery. (ના, શ્રીમાન એડિસન! આલ્કલાઈન સ્ટોરેજ બેટરી માટે નિકલ હાઈડ્રોક્સાઈડથી વધારે સારું બીજું કંઈ નથી.)

થોડા સમય બાદ એડિસન એમની ઓફિસમાં બેઠા હતા ત્યારે પટાવાળાએ આવીને કહ્યું એક મુલાકાતી આવ્યા છે. તે બહાર ઊભા છે. એમનું નામ બર્ટ રીસ છે. તે તમને મળવા માંગે છે. શું તેમને અંદર મોકલું? એડિસને હા પાડી. પટાવાળો બહાર ગયો એ દરમિયાન એડિસને ફરી રીસની પરીક્ષા લઈ લેવાનું વિચાર્યું. તેમણે ટેબલ પર પડેલ એક કાગળમાંથી નાની ચબરખી ફાડી લીધી, અને તેના પર ઝડપથી એક શબ્દ લખી કાઢ્યો – Keno (કેનો). પછી તે ચબરખી કોટના ખિસ્સાની અંદર સરકાવી દીધી. લગભગ અડધી મિનિટ બાદ રીસ એડિસનની ઓફિસમાં આવ્યો. એડિસને એને ઉમળકાથી આવકાર્યો. તેને બેઠક ગ્રહણ કરવાનું કહે એ પહેલાં જ તેમણે પૂછી લીધું– 'રીસ, મારા ખિસ્સામાં મેં હમણાં જ એક ચબરખી મૂકી છે. શું તું કહી શકશે કે તેમાં મેં શુ લખ્યું છે?' રીસે તેમના કોટ પર નજર પણ નાખ્યા સિવાય પળવાર આંખો મીંચી દીધી. માત્ર બે-ત્રણ સેકન્ડ બાદ આંખો ખોલી તે બોલી ઊઠ્યો – ''Keno (કેનો).'' એડિસને કબૂલ કર્યું, 'તારી વાત સાચી છે, મેં એ જ શબ્દ લખ્યો છે.'

આવા અનેક પ્રયોગોમાં બર્ટ રીસે તેની શક્તિ સાચી પુરવાર કરી બતાવી હતી. એડિસને તેની શક્તિનો સ્વીકાર કર્યો અને તેની પ્રશંસા કરી. રીસ વિષે હૂડિની જે વિરોધ કરતો હતો તે ખોટો છે એવું જાહેર પણ કર્યું. 'ન્યૂયોર્ક ઈવનિંગ ગ્રાફિક'ના તંત્રીને પણ એડિસને જણાવ્યું કે પોતે અનેક વિજ્ઞાનીઓની ઉપસ્થિતિમાં કરેલા કડક વૈજ્ઞાનિક નિયંત્રણોવાળા પ્રયોગમાં બર્ટ રીસ સંપૂર્ણપણે ઉત્તીર્ણ થયો હતો. તે કોઈ પણ બાબતમાં ક્યારેય ખોટો નહોતો પડ્યો. તે કોઈપણ પ્રકારની છેતરપિંડી કે ચાલાકી કરી ન શકે એની અમે પૂરતી કાળજી લીધી હતી. અમારા ઉપરાંત બીજા સેંકડો લોકોએ પણ એના પર આવા પ્રયોગો કર્યા હતા એમાં પણ એની શક્તિ સાચી પુરવાર થઈ હતી.

અવવિજ્ઞાનની આવી શક્તિનો એક અન્ય પુરાવો – હોલેન્ડની એક સંસ્થા યુનિવર્સિટી ઓફ યુટ્રેક્ટના ડૉ. ડબલ્યૂ. એચ.સી. ટેનહાફે ક્રોઈસેટ પર અનેક પ્રયોગો કર્યા. તે ક્રોઈસેટને એક સ્થળ પર લઈ ગયા જ્યાં એક બોર્ડની મિટિંગ થવાની હતી. કઈ ખુરશી પર કોણ બેસશે એ વિષે પહેલેથી જ માહિતી આપવાનું ક્રોઈસેટને જણાવાયું. ટેનહાફે એક



ખુરશીનો નિર્દેશ કરી કહ્યું – 'આ ખુરશી પર કોણ બેસશે તે તમે કહી શકો છો?' ક્રોઈસેટે જવાબ આપ્યો – ''મને કોઈ દેખાતું નથી. અહીં કોઈ નહીં બેસે.'' તે પછી ટેનહાફે બીજી એક ખુરશી તરફ આંગળી ચીંધી અને પૂછ્યું – 'આ ખુરશી પર કોણ બેસશે તે તમે કહી શકો છો?' ક્રોઈસેટનો ચહેરો ચમકી ઊઠ્યો. તેણે જવાબ આપ્યો – 'મને આ ખુરશી પર એક સ્ત્રી બેઠેલી દેખાય છે. તાજેતરમાં થયેલા વાહન અકસ્માતને લીધે તેના ચહેરા પર ઘા પડેલા છે.' તેમણે દરેક ખુરશી પર બેસનારની જુદી જુદી વ્યક્તિઓની માહિતી આપી જેમાં તેનો ચહેરો, દેખાવ અને પોશાક વગેરેનો સમાવેશ થતો હતો. ટેનહાફે એ બધી વિગતો નોંધી લીધી, જેથી દસ દિવસ બાદ બોર્ડની મિટિંગ ભરાય ત્યારે એ વિગતોની સચ્ચાઈની ચકાસણી કરી શકાય. દસ દિવસ બાદ બોર્ડની મિટિંગ ભરાઈ ત્યારે ડૉ. ટેનહાફ ક્રોઈસેટને લઈને ફરીથી ત્યાં ઉપસ્થિત થયા. તેમણે પોતાની ડાયરીમાં લખેલી વિગતોને વાસ્તવિક સ્થિતિ સાથે સરખાવી. દરેક ખુરશી પર બેઠેલ વ્યક્તિ એવાં જ લક્ષણો ધરાવતી હતી, જે ક્રોઈસેટે જણાવ્યું હતું! ડૉ. ટેનહાફે એ ખુરશી તરફ જોયું જે તેમને ક્રાઈસેટે કહ્યું હતું તે પ્રમાણે તે ખરેખર ખાલી જ હતી! તેના પર કોઈ જ બેઠેલું નહોતું. બોર્ડના ૩૦ સભ્યોમાંથી ૨૯ જ હાજર હતા અને એક ગેરહાજર હોવાથી એક ખુરશી ખાલી પડી હતી. પછી તેમણે એ ખુરશી તરફ નજર કરી જેનો બીજો નિર્દેશ કર્યો હતો – ખરેખર, ક્રોઈસેટે જણાવ્યું હતું તેમ ખુરશી પર એક સ્ત્રી બેઠી હતી. મિટિંગ પૂરી થયા બાદ ટેનહાફે તેના વિષે પૃચ્છા કરી તો તેણે જણાવ્યું કે થોડા સમય પહેલાં જ તે ઈટાલી ગઈ હતી ત્યારે એક વાહન અકસ્માતમાં ઘવાવાને લીધે તેને ચહેરા પર એ ડાઘ પડ્યો હતો.

ક્રોઈસેટ ખોવાયેલ વ્યક્તિઓની ભાળ કાઢવાના કિસ્સાઓમાં ઘણો પાવરધો હતો. એકવાર એક ચાર વર્ષના બાળકની ભાળ માટે તેના પર ટેલિફોન આવ્યો. તે હોલેન્ડથી પચાસ માઈલ દૂર રહેતો હતો અને ૨૪ કલાક પહેલાં ખોવાઈ ગયો હતો. ક્રોઈસેટે જણાવ્યું કે તે બાળક તેના હોમ ટાઉન ઈન્ડહોવન (Eindhoven) માં આવેલા એક બ્રીજ પાસેની કેનાલમાંથી ત્રણ દિવસ બાદ મળી આવશે. ત્રણ દિવસ બાદ ખરેખર તે બાળકનો મૃતદેહ ત્યાંથી મળી આવ્યો. ક્રોઈસેટ સાઈકોમિટરિસ્ટ (psychometrist) હતો જે વસ્તુને અડકીને એ વસ્તુ સાથે સંપર્કમાં આવેલ વ્યક્તિના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની આવી ઘટનાઓને પણ જોઈ શકતો. એકવાર તેની પાસે એક વિચિત્ર કિસ્સો આવ્યો. તેને એક હથોડી આપવામાં આવી. એક સુંદર છોકરી પર કોઈએ એનાથી હુમલો કરી એને ઈજા પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે

સ્વબચાવનો પ્રયાસ કર્યો એને લીધે તેની હથોડી પડી ગઈ. તે નાસી ગયો. અંધારું હોવાના કારણે તે છોકરી હુમલાખોરોને જોઈ શકી નહોતી. ક્રોઈસેટે તે હથોડી હાથમાં લઈ તેની 'ઈમ્પ્રેશન્સ' લેવાનો પ્રયાસ કર્યો. તેની આંખો આગળ એક ચહેરો તરવરવા લાગ્યો. તેણે તેનું વર્ણન કરતાં કહ્યું– 'તે માણસ ઊંચો અને કાળો છે અને તેનો ડાબો કાન અનિયમિત આકારનો-વિચિત્ર આકારનો છે.' પોલીસે જ્યારે કોઈ અન્ય ગુનાસર આવા વર્ણનવાળા માણસને પકડ્યો ત્યારે તેણે પેલી છોકરી પર કરેલા હથોડીના હુમલાની વાત કબૂલ કરી.

ક્રોઈસેટ ભવિષ્યવાણી કરતો તેમાં સમય અને સ્થળના અંતર ખાસ કોઈ અંતરાય ઊભા કરી શકતા નથી. ગમે તે સમયે ઘટના બની હોય અને ગમે તેટલા દૂરના સ્થળે બની હોય, ક્રોઈસેટનું મન તેને તત્કાળ જાણી લેતું હતું. 'કેન્સસ' (kansas) યુનિવર્સિટીના પોલિટિકલ સાયન્સના પ્રાધ્યાપક ડૉ. વોલ્ટર સેન્ડેલિયસની ચોવીસ વર્ષની યુવાન દીકરી કેરોલ ખોવાઈ ગઈ હતી એ બાબતે ક્રોઈસેટની મદદ માંગવામાં આવી. તે ખોવાઈ ગઈ એને દોઢ મહિનો થઈ ગયો હતો, છતાં એની કોઈ ખબર મેળવી શકાઈ નહોતી. પોલીસ ડિપાર્ટમેન્ટ બધા જ પ્રયત્નો કરતું હતું પણ તેનો કોઈ અણસાર મળતો નહોતો. સેન્ડેલિયસ ટેનહાફના મિત્ર હતા. એટલે ટેનહાફે આ વિષે જાણ્યું ત્યારે ક્રોઈસેટની મદદ લેવાનું સૂચવ્યું હતું. પ્રો. સેન્ડેલિયસે ક્રોઈસેટનો સંપર્ક સાધ્યો. તેણે પૂછ્યું – 'તમારી દીકરી ક્યાંથી ગુમ થઈ હતી?' સેન્ડેલિયસે કહ્યું – 'તે ટોપાકાની કેન્સસ હૉસ્પિટલમાંથી ગુમ થઈ હતી. તે દિવસ હતો ૧૮ ઓક્ટોબર ૧૯૫૯.' ક્રોઈસેટે પૂછ્યું– 'હૉસ્પિટલની બાજુમાં નદી છે?' તેમણે કહ્યું, 'હા, બાજુમાં કેન્સસ નદી છે.' ક્રોઈસેટે આંખો મીંચી દીધી અને તે છોકરી હૉસ્પિટલ છોડીને ક્યાં ગઈ એની 'ઈમ્પ્રેશન્સ' લેવા લાગ્યા. પછી તેમણે કહ્યું ''મને તમારી દીકરી હૉસ્પિટલની લોનમાં દોડતી દેખાય છે. તે માર્ગસેતુઓ (viaducts) ને ઓળંગી સામેની બાજુએ જઈ રહી છે. પછી મને તે ટ્રકમાં બેઠેલી દેખાય છે... હવે તે મોટી કારમાં બેઠેલી દેખાય છે... છેવટે તે એવા શહેર પાસે આવે છે જ્યાં જળ પર પુષ્કળ નાની નાની હોડીઓ તરી રહેલી દેખાય છે... તે જીવતી છે અને બિલકુલ સ્વસ્થ છે અને છ દિવસમાં તમને તેના ચોક્કસ સમાચાર મળશે.'' પછી તેમણે સેન્ડેલિયસની દીકરીને ચોક્કસ જગ્યાએ શોધવા ફોટાઓ અને નકશાઓ મંગાવ્યા.

બરાબર છ દિવસ પછી પ્રો. સેન્ડેલિયસ હોલેન્ડમાં પ્રો. ટેનહાફને બીજો ફોન કરવા પોતાના કેન્સસ સ્થિત ઘરના ઉપલા માળેથી દાદરો ઊતરી નીચે

આવ્યા ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. લિવિંગ રૂમના સોફા પર તેમની દીકરી કેરોલ આંખમાં આંસુ સાથે બેઠી હતી. પિતાની આંખમાં પણ પોતાની દીકરીના પાછા ફરવાની ખુશીમાં હરખનાં આંસુ આવી ગયાં. પછી કેરોલે હોસ્પિટલમાંથી ભાગીને પોતે શું કર્યું તેની વિગતપૂર્ણ દાસ્તાન રજૂ કરી... તે હોસ્પિટલની બહાર નીકળી લોન પર દોડીને સામેની બાજુએ ગઈ હતી. ત્યાં પહેલાં એક ટ્રકમાં લિફ્ટ લીધી હતી... પછી તેને છોડીને એક મોટી સ્પોર્ટ્સ કારનો આશરો લીધો હતો... પ્રો. સેન્ડેલિયસ જ્યારે ટેનહાફ અને ક્રોઈસેટ સાથે ફોન પર વાતચીત કરી રહ્યા હતા અને ક્રોઈસેટ કેરોલ ક્યાં ગઈ હતી તેનું વર્ણન કરતા હતા ત્યારે ખરેખર તે વિશાળ જળસંકુલ પર જ્યાં અનેક નાની હોડીઓ તરતી હતી તેની પાસે આવેલા ટેક્સાસના કોર્પસ ક્રિસ્ટી ખાતે હતી.



બરાબર આ સમયે સેન્ડેલિયસને ટેનહાફનો પત્ર મળ્યો. જેમાં લખેલું હતું – 'There would be news in six days, a litttle plus or minus - છ દિવસમાં સમાચાર આવશે, થોડું આગળ-પાછળ થઈ શકે.' સેન્ડેલિયસે જણાવ્યું કે તેની દીકરી છ દિવસ પૂરા થવામાં દોઢ કલાક બાકી હતો ત્યારે પોતાના ઘેર પાછી આવી ગઈ હતી. આમ ક્રોઈસેટની વાત અક્ષરશઃ સાચી પડી હતી.

⌘



પ્રો. સેન્ડેલિયસે ક્રોઈસેટનો સંપર્ક સાધ્યો. તેણે પૂછ્યું - 'તમારી દીકરી ક્યાંથી ગુમ થઈ હતી?' સેન્ડેલિયસે કહ્યું - 'તે ટોપાકાની કેન્સસ હોસ્પિટલમાંથી ગુમ થઈ હતી. તે દિવસ હતો ૧૮ ઓક્ટોબર ૧૯૫૯.' ક્રોઈસેટે પૂછ્યું - 'હોસ્પિટલની બાજુમા નદી છે?' તેમણે કહ્યું, 'હા, બાજુમાં કેન્સસ નદી છે.' ક્રોઈસેટે આંખો મીંચી દીધી અને તે છોકરી હોસ્પિટલ છોડીને ક્યાં ગઈ એની 'ઈમ્પ્રેશન્સ' લેવા લાગ્યા. પછી તેમણે કહ્યું ''મને તમારી દીકરી હોસ્પિટલની લોનમાં દોડતી દેખાય છે. તે માર્ગસેતુઓ (viaducts) ને ઓળંગી સામેની બાજુએ જઈ રહી છે. પછી મને તે ટ્રકમાં બેઠેલી દેખાય છે...

અહીં વસ્તુને અડકીને અતીન્દ્રિય જ્ઞાન પ્રાપ્ત કરવાનું વર્ણન કર્યું છે. એ વાત પણ જિનાગમમાં કહેલી છે.

*उदयखयखओवसमोवसमा वि य जं च कम्मुणो भणिया।*
*दव्वं खित्तं कालं भवं च भावं च संपप्प ॥*

– વિશેષાવશ્યકભાષ્ય ॥૮૦૧॥

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવને પામીને કર્મોના ઉદય, ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ થાય છે, એમ તીર્થંકરોએ કહ્યું છે.

વિશેષાર્થ – શરદીનો રોગ એ અશાતા વેદનીય (પીડાજનક કર્મ)નો ઉદય છે. આ ઉદય અનેક રીતે થઈ શકે. બહુ આઈસક્રીમ ખાવાથી શરદી થાય, એ દ્રવ્યને કારણે કર્મનો ઉદય થયો. હિમાલયમાં જવાથી શરદી થાય એ ક્ષેત્રને કારણે કર્મનો ઉદય થયો. શિયાળામાં શરદી થાય, એ કાળને કારણે કર્મનો ઉદય થયો. બહુ રડ્યા પછી શરદી થઈ જાય, એ ભાવને કારણે કર્મનો ઉદય થયો.

આ જ રીતે જ્ઞાનને ઢાંકતા કર્મની બાબતમાં પણ સમજવાનું છે. જેમ ઉદયની બાબતમાં કહ્યું, તેમ ક્ષયોપશમની બાબતમાં પણ સમજવાનું છે. માટે જ ક્રોઈસેટ તે તે વસ્તુના સ્પર્શથી તેવા તેવા પ્રકારના ક્ષયોપશમો થવાથી તે તે બાબતો જાણી લેતો હતો. ક્રિસ્ટલ બોલમાં અતીન્દ્રિય દશ્યો જોવા એ પણ તે 'બોલ' સ્વરૂપ દ્રવ્ય દ્વારા કર્મોના ક્ષયોપશમ થવાથી મેળવેલું જ્ઞાન છે.

# ક્રિસ્ટલ બોલ જેવા સાધનથી દૂરની ઘટનાને પ્રત્યક્ષ નિહાળવાની શક્તિ

૩



એનસાઈક્લોપીડિયા ઓફ બ્રિટાનિકામાં જેમનું નામ એક મહાન પત્રકાર તરીકે નોંધાયેલું છે એવા એન્ડ્રુ લેન્ગે ચૈતસિક શક્તિના પરચાના અનેક અનુભવોનું બયાન કર્યું છે. એમણે એમના પુસ્તક 'કોક લેન એન્ડ કોમન સેન્સ' ('Cock land and common sense') માં આવા અનેક કિસ્સા રજૂ કર્યા છે. આવા એક કિસ્સા વિષે તેમણે લખ્યું – બેલફોર નામની વ્યક્તિના હાથમાં એક ક્રિસ્ટલ આવ્યો. તેમાં તેણે નિહાળ્યું તો પહેલા ધૂંધળા વાદળ જેવું દેખાયું. પછી એક દૃશ્ય સ્પષ્ટ થયું. તેમાં તેને પોતાના સંબંધીની દીકરી કુમારી ગ્રાન્ટનું દૃશ્ય દેખાયું. તે ગ્રાન્ટને મળ્યો અને તેને કહ્યું – 'ગયા રવિવારે સાંજે પાંચ વાગે તું સ્ટાન્ડર્ડ લેમ્પ નીચે ઊભી

રહીને ચા બનાવી રહી હતી ને? વાદળી રંગના ઊનનું વસ્ત્ર પહેરેલો એક પુરુષ તારી બાજુમાં ઊભો હતો. તેની પીઠ મારી તરફ હતી એટલે હું તેનો ચહેરો જોઈ શક્યો નહોતો. પણ તેની લાંબી મૂછનો છેડો મને દેખાતો હતો. તેની મૂછો ખૂબ લાંબી હતી, બરાબર ને? તે પણ સાવ જુદો જ પોશાક પહેર્યો હતો. મેં તને ક્યારેય એવો પોશાક પહેરેલી જોઈ નથી.'


ગ્રાન્ટે તેને પૂછ્યું – 'તમને આ બધી ખબર કેવી રીતે પડી? શું બારી-બારણાના પડદા પાડેલા નહોતા?' તમે અહીં આવ્યા હતા?' બેલફોરે તેને જવાબ આપતાં કહ્યું- ના, હું તો તે વખતે અનેક લોકોની વચ્ચે સેન્ટ એન્ડ્રુઝ ખાતે હતો?' કુમારી ગ્રાન્ટ બોલી ઊઠી- 'તો પછી તમને આ વાતની ખબર કેવી રીતે પડી? તમે કહી તે વાત બિલકુલ બરાબર છે એ મારે કબૂલ કરવું જ રહ્યું!' બેલફોરે કહ્યું, 'તે વખતે મારા એક મિત્રએ મને ક્રિસ્ટલ બોલ બતાવ્યો હતો અને એમાં જોવાનું કહ્યું હતું. મેં એમાં નજર કરી ત્યારે મને મેં ઉપર જણાવ્યું તે દૃશ્ય જોવા મળ્યું હતું. મેં જે જોયું તે સાચું છે કે નહિ તે જાણવા જ હું તારી પાસે આવ્યો છું.'

એન્ડ્રુ લેન્ગે મિસ એન્ગસ (Miss Angus) નામની એક યુવતી પર કરેલા પ્રયોગોની વિગતો રજૂ કરી છે. એકવાર એમણે એન્ગસને કહ્યું – 'તને જે દેખાય છે તે નહિ પણ હું જે જોવા માંગું છું તે વિષે તું કહી શકે ખરી?' એન્ગસે એમણે કહ્યું તે પ્રમાણે કરવાની હા પાડી. એન્ડ્રુએ તેને પ્રયોગની વિગતો દર્શાવતાં કહ્યું – હું મારું મન એક કાર્ડ પર કેન્દ્રિત કરીશ. એમાં દોરેલી આકૃતિનો વિચાર કરીશ. ચૈતસિક શક્તિ ધરાવતો એક યુવક જહોનસ્ટોન એ આકૃતિ વિષે અટકળ કરશે. તારે દૂરથી ક્રિસ્ટલ બોલમાં જોઈને હું કાર્ડમાં શું જોઉં છું તે અને અન્ય સ્થળે બેઠેલો જહોનસ્ટોન તે વિષે શું અટકળ કરે છે તે કહેવાનું છે. જેને મારા સહાયક નોંધી લેશે. પછી તારા વર્ણનને મૂળ ચિત્ર સાથે અને જહોનસ્ટોનના કથન સાથે સરખાવાશે. પ્રયોગ શરૂ થયો. એન્ડ્રુએ કાર્ડ પર દોરાયેલી આકૃતિ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. થોડે દૂર બીજા સ્થળે બેઠેલ જહોનસ્ટોને તે વિષે પોતાની ચૈતસિક શક્તિથી અટકળ કરી. એણે જે અટકળ કરી તે નોંધી લેવામાં આવી. બરાબર એ જ સમયે એનાથી વધારે દૂર બેઠેલ એન્ગસે ક્રિસ્ટલમાં જોઈને એ બન્નેની વિગતો દર્શાવવા માંડી. એને નોંધી લેવામાં આવી. પાછળથી સરખાવવામાં આવતાં એ બિલકુલ બંધબેસતી આવી. અરે! કેટલીક બાબતો તો એવી હતી જે એન્ડ્રુ પોતે પણ એટલા ધ્યાનથી જોઈ શક્યા નહોતા. એન્ગસના વર્ણન પછી તેમણે તે આકૃતિ ફરી જોઈ ત્યારે તે જોઈ શક્યા હતા! એન્ગસની આવી અદ્‌ભુત શક્તિથી એમનાં રૂંવાટાં ખડાં થઈ ગયાં

હતાં અને કરોડરજ્જુમાંથી ઠંડીનું લખલખું પસાર થઈ ગયું હતું!

એક દિવસ એક સ્ત્રીએ મિસ એન્ગસને એક જગ્યાનું નામ આપી ત્યાં એક મકાનમાં રહેતા એના મિત્ર વિષે ક્રિસ્ટલ બોલ થકી જાણકારી મેળવવાનું કહ્યું. એન્ગસે ક્રિસ્ટલ બોલમાં જોઈને કહેવા માંડ્યું – ''મને એ મકાનના એક રૂમમાં અત્યારે એક ઘરડી સ્ત્રી દેખાય છે. તેના ચહેરા પર ખૂબ કરચલીઓ પડેલી છે. તેને થોડીથોડી વારે હસવાની આદત છે. અત્યારે તે હસી રહી છે. તેનું નાક ખૂબ લાંબુ છે. તેની હડપચી પણ લાંબી છે. તેણે કાળી કિનારીવાળી સફેદ શાલ ઓઢેલી છે. તેના વાળનો રંગ બ્રાઉન છે! પણ આ કેવી રીતે બની શકે? એની ૮૨ વર્ષની ઉમરે વાળ તો સફેદ હોય! મને આ બાબતે સમજાતું નથી.'' પેલી સ્ત્રીએ એન્ગસને કહ્યું – 'તેં જે વર્ણન કર્યું તે પેલા મકાનમાં રહેતા મારા મિત્રની માતાને બિલકુલ મળતું આવે છે. તે ૮૨ વર્ષની જ છે અને આવો જ ચહેરો ધરાવે છે. તેના વાળ પણ બ્રાઉન જ છે. તેમના કુટુંબમાં રિવાજ હોવાને કારણે ઘડપણમાં પણ તે વાળ રંગાવે છે. બીજે દિવસે તેણે જુદી જુદી ઘરડી સ્ત્રીઓના ફોટામાં તેના મિત્રની માતાનો ફોટો મૂકી સરળતાથી પોતે ક્રિસ્ટલ બોલમાં જોઈ હતી તે ઘરડી સ્ત્રીને ઓળખી બતાવી હતી.'

ગુડરીચ ફ્રીઅર પણ એવી વ્યક્તિ હતી જેનામાં ક્રિસ્ટલ ગેઝિંગની અદ્‌ભુત શક્તિ જોવામાં આવી હતી. તેણે એના પુસ્તક Essays in Psychical Research માં આને લગતી બાબતો રજૂ કરી છે. તેમાં તે લખે છે – એક દિવસ હું મારા મિત્ર સાથે ઊભી હતી. અમારા બન્નેના હાથમાં ક્રિસ્ટલ બોલ હતા. અમે એક ઘર વિષે





વાત કરી રહ્યા હતા, જે તેણે કદી જોયું નહોતું. હું મારા ક્રિસ્ટલ બોલમાં જોઈને જેના પ્રવેશદ્વાર વિષે વર્ણન કરવા જતી હતી ત્યાં જ તેણે કહ્યું – 'થોભ જરા! મને મારા ક્રિસ્ટલ બોલમાં એ દેખાવા લાગ્યું છે. હવે મને જ એનું વર્ણન કરવા દે. એના મુખ્ય દરવાજાની સામે curtained archway છે ને? સીડી પાસે અંદરના અંધારિયા ભાગમાં (recess) માં મોગરીથી વગાડવાની ઝાલર (gong) છે ને?' એની આ વિગતો બિલકુલ સાચી હતી. મારી સખીમાં ચૈતસિક શક્તિઓ હતી તે હું જાણતી હતી એટલે મને વિચાર આવ્યો કે આ કેટલે અંશે ક્લેરવોયન્સ હોઈ શકે? બીજી તરફ મારી 'વિઝયુલાઈઝેશન'ની શક્તિ એટલી તીવ્ર છે કે એ દૃશ્યનું ચિત્ર મારા મનમાં સંગ્રહિત રહ્યું છે. કદાચ એ મારા મનમાં પડેલી સ્મૃતિને ચૈતસિક રીતે જાણી લેતી હોય તો? મને એની એક નાની કસોટી કરવાની ઈચ્છા થઈ. મેં એને કહ્યું – 'હવે તું ડાઈનિંગ રૂમમાં જા. ત્યાંનું દૃશ્ય નિહાળીને વર્ણન કર.' એણે ક્રિસ્ટલ બોલમાં જોઈને કહેવા માંડ્યું – ત્યાં મને ચણેલી સગડી પર સુશોભન માટેની ઓકના લાકડામાંથી કોતરણી કરીને બનાવેલી અભરાઈ દેખાય છે. પીઠનો ભાગ ઘણો ઊંચો હોય તેવી લાલ રંગની ખુરશીઓ છે – ટેબલ લન્ચ માટે સજાવવામાં આવેલું છે. અરે! હવે મને તે ટેબલ પર મીણબત્તીઓ પ્રજ્વલિત કરેલી દેખાય છે – આ એક આશ્ચર્યની વાત છે. દિવસના આટલા પૂરતા અજવાળામાં આટલી બધી મીણબત્તીઓ કેમ પ્રજ્વલિત કરાઈ હશે તે મને સમજાતું નથી. વાસ્તવિકતા એ હતી કે જ્યારે મેં જોયું કે તેનું ધ્યાન ટેબલ પર કેન્દ્રિત થયું છે ત્યારે મેં મારા ક્રિસ્ટલ બોલમાં દેખાતા ચિત્રમાં મારા મનથી મીણબત્તીની કલ્પના કરીને એ પ્રજ્વલિત કરી હતી. તેણે તેની ટેલિપથીની શક્તિથી મારા મનમાં કલ્પનાથી પ્રક્ષેપિત કરાયેલ મીણબત્તીઓને પણ જોઈ લીધી હતી.

ફ્રેડરિક માયર્સ જેમને વિખ્યાત સંગીતકાર કહે છે અને એન્સાઈક્લોપીડિયા ઓફ બ્રિટાનિકા પણ એની સાક્ષી પૂરે છે એ સર જોસેફ બોર્નબી પણ ગુડરીચ

ફ્રીચરના ક્રિસ્ટલ ગેઝિંગનો એક સુંદર પ્રસંગ વર્ણવે છે. સર જોસેફ કહે છે- લોન્ગફોર્ડ ખાતે હું થોડા દિવસો રોકાયો હતો ત્યારની આ વાત છે. એક દિવસ ગુડરીચ ફ્રીઅરે તેના ક્રિસ્ટલ બોલમાં જોઈને એ મકાનનું વર્ણન કર્યું જે મારા મકાનને મળતું આવતું હતું. પછી તેણે એક સ્ત્રીનું વર્ણન કરવા માંડ્યું. There is a lady in the room drying her hands on a towel. She is tall, dark and slightly foreign in appearance and with rather an air about her. (ઓરડામાં એક સ્ત્રી છે જે ટુવાલથી એના હાથ લૂછી રહી છે. તે ઊંચી ગાઢા રંગની અને દેખાવમાં થોડી વિદેશી લાગે છે. તેની પોતાની આગવી વિલક્ષણતા પણ દેખાઈ આવે છે. તેણે કેવો પોશાક પહેર્યો છે તેનું પણ તેણે અત્યંત બારીકાઈથી વર્ણન કર્યું. આ પોશાકના વર્ણન સિવાય બાકીની બધી બાબતો મારી પત્નીના વર્ણનને લાગુ પડતી હતી. મારી પત્ની પાસે ગુડરીચે વર્ણવ્યો તેવો પોશાક નહોતો. પછી હું જ્યારે મારા ઘેર ઈસ્ટબોર્ન પાછો ફર્યો અને મારી પત્નીને નવા પોશાકમાં જોઈ, જે તેણે મારા બહારગામ ગયા બાદ ખરીદ્યો હતો. તે ગુડરીચના વર્ણનને બિલકુલ મળતો આવતો હતો. હું ગુડરીચની શક્તિથી પ્રભાવિત થઈ ગયો. ૧૬ મહિના બાદ જ્યારે હું મારી પત્ની સાથે પિકાડેલી ખાતે પ્રિન્સેસ હોલમાં 'મેગ્પી મિન્સ્ટ્રલ્સ'નો કાર્યક્રમ જોવા ગયો ત્યારે ગુડરીચનો ભેટો થઈ ગયો. તેણે આટલા વખત બાદ પણ મારી પત્નીને પેલા ઓરડામાં જોયેલી સ્ત્રી તરીકે ઓળખી કાઢી.

⌘



અવધિજ્ઞાન પશુઓને પણ થઈ શકે છે. જિનવચન સાક્ષી છે -

*से किं तं खओवसमियं? खओवसमियं दुविहं पण्णत्तं, तं जहा - मणूसाण य पंचिंदियतिरिक्खजोणियाण य ।*

- नंदीसूत्र

ક્ષાયોપશમિક અવધિજ્ઞાન શું છે? ક્ષાયોપશમિક અવધિજ્ઞાન બે પ્રકારનું છે, તે આ પ્રમાણે - મનુષ્યોનું અને પંચેન્દ્રિય તિર્યંચોનું.

વિશેષાર્થ - કર્મોનો ક્ષયોપશમ થાય, તો પંચેન્દ્રિય તિર્યંચો (પશુ-પંખીઓ) પણ અવધિજ્ઞાનથી ભૂત-ભવિષ્ય-વર્તમાનનું અતીન્દ્રિય જ્ઞાન કરી શકે છે.

મન એ પણ એક પ્રકારનું દ્રવ્ય છે, વિશિષ્ટ અવધિજ્ઞાનથી અન્ય વ્યક્તિના વિચારોને પણ જાણી શકાય છે. જેને આજની દુનિયા ટેલીપથી કહે છે. આ જ્ઞાન પણ પંચેન્દ્રિય તિર્યંચો (પશુ-પંખીઓ) મેળવી શકે છે.

# પશુ–પક્ષીઓને થતું અવધિજ્ઞાન

# ૪



The Psychic Power of Animals નામના પુસ્તકમાં એના લેખક બિલ શૂલે (Bill Schull) એવી અદ્‌ભુત ઘટનાઓ રજૂ કરી છે જે પશુ–પક્ષીઓમાં રહેલ ચૈતસિક શક્તિનો ખ્યાલ આપે છે. તે પોતાનો જ એક અનુભવ રજૂ કરતાં કહે છે – 'એક દિવસ હું મારા ઘોડાને લઈને ફરવા નીકળ્યો હતો. એ દિવસે આકાશ ગાઢ વાદળોથી ભરેલું હતું અને ચોક્કસ ભારે વરસાદ પડશે એમ લાગતું હતું. એકાએક વાદળાં ગરજવા લાગ્યાં અને વીજળીઓના ચમકારા થવા લાગ્યા. મેં ઘોડાને ઝડપથી દોડાવવા માંડ્યો. મારો ઘોડો બહુ જ સમજુ હતો. તે મારો અણસાર પામી ગયો. તેણે ઝડપથી દોડવા માંડ્યું. વરસાદ પડે તે પહેલાં હું ઘેર પહોંચી જવા માંગતો હતો

પણ થોડું દોડ્યા પછી ઘોડો રસ્તાની વચ્ચે એકાએક ઊભો રહી ગયો. મેં એને આગળ વધવા કેટલીયે એડીઓ મારી પણ તે એક ડગલુંય આગળ ન વધ્યો તે ન જ વધ્યો! આ પહેલાં મારા ઘોડાએ ક્યારેય આવો અસહકાર કર્યો નહોતો. અત્યારે એ વિચિત્ર રીતે વર્તી રહ્યો છે એવું મને લાગ્યું. ઘોડાને ઊભો રહી ગયે લગભગ એકાદ મિનિટ વીતી હશે ત્યાં જ હું જે રસ્તે જઈ રહ્યો હતો ત્યાં રસ્તા પર જ જોરદાર કડાકા સાથે વીજળી પડી! હું ચમકી ગયો. વીજળી મારાથી થોડેક જ આગળ પડી હતી. જો ઘોડો આગળ વધતો અટકી ન ગયો હોત તો ચોક્કસ અમે તે જગ્યાએ જ હોત જ્યાં વીજળી પડી હતી. મેં ગણતરી કરી અંદાજ બાંધ્યો કે જે ઝડપે ઘોડો દોડાવતો હતો તે પ્રમાણે એક મિનિટમાં અમે ત્યાં જ પહોંચ્યા હોત. હવે મને ખબર પડી કે ઘોડો કેમ આગળ વધતો ન હતો. તેને ખબર પડી ગઈ હતી કે થોડી વાર પછી અહીં વીજળી પડવાની છે! એ વાત વિચારીને આપણને ખરેખર આશ્ચર્ય થાય કે ઘોડાને વીજળી પડવાના સમય અને સ્થાનની સાચી જાણકારી પહેલેથી જ કેવી રીતે થઈ ગઈ? એ ઘોડો જરૂર ચૈતસિક શક્તિ ધરાવતો હશે. એના મનને અહીં આ સમયે કોઈ સંકટ આવવાનું છે એનો પૂર્વાભાસ થઈ ગયો હતો.'

બિલ શૂલે દર્શાવેલી એક બીજી ઘટના પણ નોંધપાત્ર છે. એક રખડતુ કૂતરું સિંગસિંગની જેલમાં રહેવા માંડ્યું હતું. એક રાતે તે એક કેદીને કોટડી પાસે જોરશોરથી ભસવા માંડ્યું. પહેરેગીરો દોડી આવ્યા. તેમણે જોયું તો ત્યાં રાખવામાં આવેલો કેદી પોતાનું નિર્દોષપણું સાબિત ન થવાથી હતાશ થઈ પથારીની ચાદર ગળા સાથે બાંધી આત્મહત્યાની તૈયારી કરી રહ્યો હતો. તે આત્મહત્યા કરે તે પહેલાં તો પહેરેગીરો તેની પાસે પહોંચી ગયા હતા અને તેને છેલી ઘડીએ બચાવી લીધો હતો. અહીં પણ એ સવાલ ઊભો થાય છે કે તે કૂતરાને કેવી રીતે ખબર પડી ગઈ હશે કે એ કેદી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવાનો છે? શું તેણે એ કેદીના વિચારોને વાંચી લીધા હશે કે પછી તે ચાદર કાઢી ગળે બાંધી રહ્યો હશે તેના પરથી તેના ઈરાદાની ખબર પડી ગઈ હશે? પશુઓમાં પણ માનવીના મનના વિચારોને વાંચી લેવાની ચૈતસિક શક્તિ હોય છે.

સર્કસની દુનિયાના જાણીતા રશિયન ટ્રેઈનર ડ્યુરાવે એક સુંદર પુસ્તક લખ્યું છે – 'મારાં ચોપગાં અને પાંખોવાળાં મિત્રો.' આમાં પશુ-પક્ષીઓને પ્રશિક્ષિત કરવાના પોતાના અનુભવોના રોચક પ્રસંગોનું એમણે વિસ્તારથી આલેખન કર્યું છે. આ બધામાં ફોક્સ ટેરિયર જાતિની પિક્કી નામની કૂતરીની એક વાત ખૂબ ધ્યાન ખેંચે એવી છે. પિક્કી પણ સર્કસમાં જાતજાતના ખેલ બતાવતી



હતી. ડ્યુરોવનું કહેવું છે કે, પિક્કીમાં અસાધારણ અતીન્દ્રિય શક્તિઓ હતી. તે પિક્કીને માનસિક સંદેશો આપી એની પાસે ધારે તે કામ કરાવવા સમર્થ હતા. ને બન્ને વચ્ચે ટેલિપથિક રીતે સંદેશાની આપ-લે થઈ જતી હતી! ડ્યુરોવ કહે છે – 'હું પિક્કીને બોલાવતો અને તે મારી સામે આવીને ઊભી રહી જતી. હું નીચે નમતો અને મારા બન્ને હાથ વચ્ચે તેનું માથું રાખી એની સાથે નજર મિલાવતો. માણસની જેમ હું એને સંમોહિત (હિપનોટાઈઝ્ડ) કરવાનો પ્રયાસ કરતો હું એને આદેશ આપતો, તું મને આધીન બની ગઈ છે. હું જેમ કહીશ તેમ જ તારે કરવાનું છે. હું મનોમન જ ટેબલ અને પુસ્તકનું ચિત્ર દોરતો અને તેના મનમાં અંકિત કરતો તે તે જ ટેબલ પાસે જતી અને બીજા અનેક પુસ્તકોમાંથી તે જ પુસ્તક મોઢામાં દબાવીને લઈ આવતી.'

ડ્યુરોવ અને પિક્કી વચ્ચેના આ પ્રયોગોએ સારી એવી ખ્યાતિ પ્રાપ્ત કરી. વિજ્ઞાનની એરણ પર એની ચકાસણી પણ કરવામાં આવી, જેમાં આ વાત બિલકુલ સાચી સાબિત થઈ. રશિયાના વિખ્યાત મસ્તિષ્ક વિજ્ઞાની પ્રો. બેત્ખેરેવે પોતે ડ્યુરોવની જેમ જ પિક્કી સાથે માનસિક અનુબંધ જોડીને પ્રયોગો કર્યા એમાં એ સંપૂર્ણપણે સફળ થયા. એમણે જાહેરમાં આ પ્રયોગનું નિદર્શન કર્યું. તે પિક્કીની આંખો સાથે આંખો મિલાવી

તેની સાથે માનસિક જોડાણ સાધ્યા પછી તેને મૂક આદેશ આપતા. પિક્કી તેને અક્ષરશઃ અનુસરતી. એકવાર તેમણે તેને સામે બેઠેલા પ્રેક્ષકોમાંથી એક ચોક્કસ વ્યક્તિના હાથનો રૂમાલ ખેંચી લાવવાનો મૂક આદેશ આપ્યો. પિક્કી તે પ્રેક્ષક પાસે ગઈ અને તેના હાથનો રૂમાલ ખેંચીને લઈ આવી. તેમણે તેને બીજા એક પ્રેક્ષકના ઘૂંટણ પર રાખેલા મોજાં લઈ આવવાનો મૂક આદેશ આપ્યો તો તેની પાસે જઈને મોજાં લઈ આવી હતી. તેમણે તેને એક પરિચિત વ્યક્તિના ચહેરાનું માનસિક રીતે મૂક વર્ણન કરી તેના પર પંજો ફેરવવાનો આદેશ આપ્યો ત્યારે તેણે અનેક વ્યક્તિઓના ફોટામાંથી તે જ વ્યક્તિનો ફોટો શોધી કાઢી તેના ચહેરા પર પોતાનો પંજો ફેરવ્યો હતો. સ્ટેજ પર એક વરૂના દેખાવવાળું અને એટલા જ કદનું રમકડું મૂકવામાં આવ્યું અને બેખ્તેરેવે તેના પર હિંસક રીતે તૂટી પડવાનો આદેશ આપ્યો ત્યારે તેણે તેમ જ કર્યું અને તેના લીરેલીરા ઉડાડી દીધા. એથી ઊલટું તે તેને ઉશ્કેરણીજનક સંજોગોમાં પણ શાંત અને ચૂપ થઈ જવાનો આદેશ આપતો ત્યારે તે દયામણી મીંદડી જેવી બનીને બેસી જતી.

નજીકના ભવિષ્યમાં આવનાર સંકટની જાણકારી પશુ-પક્ષીઓને સંકટ આવે તેના થોડા સમય પૂર્વે થઈ જતી હોય છે. આનું એક અન્ય ઉદાહરણ જર્મનીના ફ્રીબર્ગ પાર્કના એક બતકનું પણ છે. આ બતકે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સેંકડો લોકોના પ્રાણ બચાવી લીધા હતા. બીજા વિશ્વયુદ્ધના છેલ્લા દિવસો દરમ્યાન જ્યારે જર્મની પર ભારે બોમ્બવર્ષા થઈ ત્યારે ફ્રીબર્ગ પાર્કમાં રહેતા આ બતકે અકારણ અત્યંત



ચીસાચીસ કરી મૂકી હતી. આના દ્વારા તે ચેતવણી આપવા માંગતું હતું. તે ઊડી ઊડીને સુરક્ષિત સ્થાન પર જઈને ત્યાં જ રોકાવાનું સૂચન કરતું હતું. મોટા ભાગના લોકો એનો સંદેશો સમજી શક્યા નહીં. પણ થોડાઘણા લોકો એનો સંદેશો સમજી ગયા. તેમણે તે સ્થાન છોડી દીધું અને સલામત જગ્યાએ પહોંચી ગયા. એના પરિણામે એમના પ્રાણ બચી ગયા! થોડા સમય પછી જ શહેર પર ભારે બોમ્બવર્ષા થઈ અને શહેરના ઘણાબધા વિસ્તારને ખલાસ કરી નાંખ્યા. આશ્ચર્યની વાત તો એ હતી કે બતક એ જ વિસ્તારના લોકોને એ જગ્યા છોડીને બીજા સલામત વિસ્તારોમાં જવાનું કહેતું હતું. યુદ્ધની સમાપ્તિ બાદ બતકનું મરણ થયું ત્યારે ફ્રીબર્ગના નાગરિકોએ એમની કૃતજ્ઞતા બતાવવા એ પાર્કમાં એ બતકનું એક સ્મારક પણ બનાવ્યું છે. જે આજે પણ ત્યાં વિદ્યમાન છે!

કોઈ વૈજ્ઞાનિક સાધન સંકટની જાણકારી આપે તેના કરતાં વધારે સચોટ જાણકારી પશુ-પક્ષીઓના વર્તનથી મેળવી શકાય છે. આનો પુરાવો તાજેતરમાં બનેલી સુનામી મોજાંએ સર્જેલી વિનાશની ઘટનાઓ પરથી પણ મળી જાય છે! કુદરતના સંકેતોને ન સમજી શકનાર લાખો માણસો સુનામી મોજાંનો ભોગ બની મરણ પામ્યા પણ હજારો પશુઓએ એ સંકેતોને સમજી લઈ પોતાનો જીવ બચાવી લીધો. એ પશુ-પક્ષીઓના વ્યવહાર સમજવાની શક્તિ ધરાવતા આંદામાન-નિકોબારના આદિવાસીઓએ પોતાના પ્રાણ બચાવી લીધા. એ જ રીતે સમુદ્રના પેટાળમાં જબરદસ્ત ધરતીકંપ થયો અને સુનામી મોજાં ઊછળ્યાં એ દિવસે એટલે કે ૨૬ ડિસેમ્બર ૨૦૦૪ના રોજ આ તબાહી સર્જાઈ એના થોડા સમય પૂર્વે થાઈલેન્ડના ફુકેટના ક્વીન સેન્ટરનાં પ્રાણીઓએ પણ ચીસાચીસ કરી મૂકી હતી અને તે સ્થાન પર એક કદમ પણ આગળ વધતાં નહોતાં જ્યાં સુનામીનાં મોજાં તારાજી સર્જવાનાં હતાં. એમના માલિક ગમે તેટલા પ્રયત્ન કરે તો પણ તે બહાર નીકળતાં નહોતાં કે તે તરફ જતાં જ નહોતાં. ઊલટું ઘણા હાથી ઘોડા વગેરે પશુઓ એમના માલિકોને લઈને એવાં ઊંચા સ્થાને જતાં રહ્યાં હતાં જ્યાં સુનામીનાં મોજાં પહોંચવાનાં નહોતાં. એમની અતીન્દ્રિય શક્તિએ એમના માલિકોના પ્રાણ બચાવી લીધા!

⌘

ભગવાન મહાવીરના સમયે કોણિક અને ચેડા રાજા વચ્ચે ભયાનક યુદ્ધ થયું હતું. આ યુદ્ધમાં સેચનક નામના હાથીએ પોતાના અવધિજ્ઞાનથી અંગારા ભરેલી ખાઈ જોઈ લીધી. ઉપર પાથરેલા ઘાસથી તે છેતરાયો નહીં. અને પોતાના પર બેઠેલા હલ્લ-વિહલ્લ નામના રાજકુમારોના પ્રાણ બચાવી લીધા. આગમમાં આ વર્ણન પ્રાપ્ત થાય છે. અવધિજ્ઞાન અને હવે કહેવાશે એ અનેક સિદ્ધાંતોના દૃષ્ટાંતો આગમ-શાસ્ત્રોમાં ભરપૂર માત્રામાં પ્રાપ્ત થાય છે. પણ બુદ્ધિજીવીઓ તેને સમજી ન શકે, તે માટે આધુનિક દૃષ્ટાંતો આપ્યા છે.

તેમાં ય ભારતને અંધશ્રદ્ધાળુ દેશ માનવામાં આવે છે, માટે મોટે ભાગે અમેરિકા, યુરોપ વગેરેનાં પ્રસંગો રજૂ કર્યા છે કે જે આધુનિક વિજ્ઞાનની પરીક્ષામાંથી પણ પસાર થઈ ચૂક્યા છે. તો હવે આપણે જોઈએ તિર્યંચોના અવધિજ્ઞાનનો વધુ એક પુરાવો...

૫

# જીમ નામના એક શ્વાનની દાસ્તાન



સૂરીના સેડાલિયા (Sedalia)નો જીમ ૧૨ વર્ષની વયે મરણ પામ્યો ત્યારે ભારે ખ્યાતનામ બની ગયો હતો. એની સિદ્ધિઓને બહોળા જનસમુદાય અને વિજ્ઞાનીઓએ પણ બિરદાવી છે. એના કારનામાની યશગાથા હજુ પણ ગવાય છે. ગણિત અને ભાષાનું જ્ઞાન ધરાવતો જીમ ભવિષ્યમાં શું બનવાનું છે તે પણ કહી દેતો! તેણે કરેલી ભવિષ્યવાણી સાચી જ પડતી! અનેક લોકો એની મુલાકાત લેતા અને એની શક્તિથી પ્રભાવિત થતા. મને ખાતરી છે કે આ જીમ કોણ હતો એ તમે જાણશો તો તમે પણ પહેલાં આશ્ચર્ય પામશો અને પછી તેનાં કાર્યોથી પ્રભાવિત થશો. આ જીમ સેમ વાન આર્સડેલ (Sam van Arsdale) નામના એક હોટલ માલિકનો કૂતરો હતો!

જીમ ચાર વર્ષની ઉંમરનો થયો ત્યારે તેના માલિકને તેની શક્તિનો પરિચય થયો.

એકવાર સેમ આસડિલ હોટલના ગાર્ડનમાં બેઠો હતો અને તેણે જીમને એક ઝાડ નીચે જઈને બેસવાનું કહ્યું. જીમ તરત ત્યાં દોડી ગયો અને બેસી ગયો. થોડીવાર પછી સેમે તેને બીજા એક વૃક્ષ નીચે જઈને ઊભા રહેવાનું કહ્યું તો તે એ જ વૃક્ષ નીચે જઈને ઊભો રહ્યો. સેમને આશ્ચર્ય થયું. તેણે જેટલાં વૃક્ષો કે છોડવાઓનાં નામ દીધાં તે બધાંને જીમે ઓળખી બતાવ્યાં. પછી સેમને ખબર પડી કે જીમ જુદાં જુદાં વાહનોને ઓળખતો હતો. તેણે જુદાં જુદાં દસ વાહનોનાં નામ ઉચ્ચાર્યાં તો જીમ તેની પાસે જઈ તેના પર પોતાના પગનો પંજો મૂકી તેને ઓળખી બતાવતો. તે લાઈસન્સ નંબરોને પણ જાણીને એના પરથી ઓળખાણ આપી દેતો! પછી સેમને ખબર પડી કે જીમમાં ભવિષ્યમાં શું થવાનું છે તે જાણવાની શક્તિ પણ છે. એકવાર સેમ આસડિલે તેના કૂતરાને પૂછ્યું 'થોડા સમય પછી શરૂ થનારી રેસમાં કયો ઘોડો જીતશે?' જીમ તરત એક ઘોડા પાસે દોડી ગયો અને પોતાના પગના પંજાથી તેને અડકીને તેનો નિર્દેશ કર્યો. થોડી મિનિટો બાદ રેસ શરૂ થઈ અને તેમાં એ જ ઘોડો જીત્યો જે જીમે બતાવ્યો હતો.

એ પછી સેમ વાન આસડિલે એક બીજો પ્રયોગ કર્યો. તેણે બીજી રેસમાં ભાગ લેનાર ઘોડાઓનાં નામ એકઠાં કર્યાં અને જુદા જુદા કાગળ પર તેમનાં અલગ અલગ નામ લખ્યાં. પછી જીમને પ્રશ્ન પૂછ્યો કે આગામી રેસમાં એ જુદા જુદા કાગળ પર લખેલા નામવાળા ઘોડામાંથી કયો ઘોડો જીતશે? જીમ કાગળ પર લખેલા જે નામ પર પોતાનો પગનો પંજો મૂકી નિર્દેશ કરતો તેની જ ભવિષ્યમાં જીત થતી! આસડિલે અનેક લોકોની હાજરીમાં આ પ્રયોગ કર્યા હતા. આસડિલ પોતે જુગારી નહોતો એટલે તેણે ક્યારે તેના કૂતરાની મદદથી ઘોડાની રેસમાં ઈનામ જીતવાનો પ્રયત્ન કર્યો નહોતો. એટલું જ નહીં, એના કૂતરાની શક્તિથી કોઈ જુગારી ઈનામનો લાભ ખાટી ન જાય તેનું પણ તે ધ્યાન રાખતો. તેને પોતાના વહાલા કૂતરાથી પૈસા બનાવવાનો કોઈ મોહ નહોતો એનું પ્રમાણ એક બીજી વાત પરથી મળે છે. ફિલ્મ ઉતારનાર એક જાણીતી કંપનીએ તેને જીમની શક્તિનું પ્રદર્શન કરી ફિલ્મ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો અને લાખો ડોલરનું વળતર આપવાની તૈયારી બતાવી ત્યારે તેણે તે પ્રસ્તાવને પણ નકારી કાઢ્યો. જોકે આસડિલે ચૈતસિક શક્તિ ધરાવતા તેના કૂતરા પર સંશોધન કરવા માંગતા વિજ્ઞાનીઓને એ માટે જરૂરી સંમતિ આપી. ઈ.સ. ૧૯૨૯ થી ૧૯૩૩ સુધી જુદા જુદા વિજ્ઞાનીઓની ટુકડીઓએ તે કૂતરાની શક્તિનું પરીક્ષણ કર્યું – એમાં યુનિવર્સિટી ઓફ મિસૂરીના પ્રો. ડ્યૂરાન્ટ અને ડિકિન્સનનો પણ સમાવેશ થાય છે. આ વિજ્ઞાનીઓના સમુદાયે કોલંબિયા ખાતે એક જાહેર પ્રયોગ ગોઠવ્યો, જેમાં ૯૦૦ જેટલી વ્યક્તિઓની ઉપસ્થિતિ હતી. વિજ્ઞાનીઓએ જીમને સ્પેનિશ ઈટાલિયન અને જર્મન જેવી જુદી જુદી

ભાષાઓમાં સૂચના આપી. કૂતરાએ સહેજ પણ ભૂલ કર્યા વિના એનું પાલન કર્યું. સ્વાભાવિક રીતે કૂતરો આ બધી ભાષાઓથી પરિચિત નહોતો જ. તો પછી એ સૂચના આપનાર શું કહેવા માંગે છે તે કૂતરો કેવી રીતે જાણી લેતો હતો એ પ્રશ્ન ઊભો થયો. શું તે સૂચના આપનારના વિચારો વાંચી લેતો હશે? ૯૦૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં કરાયેલા જાહેર પ્રયોગમાં એક વિજ્ઞાનીએ તેને સ્પેનિશ ભાષામાં સૂચના આપી – 'જેણે વાદળી રંગનો પોશાક પહેર્યો હોય અને માથે સફેદ રંગની હેટ પહેરેલી હોય એવી સ્ત્રીને શોધી કાઢ. જીમે ત્યાં બેઠેલ વ્યક્તિઓ પર એક નજર કરી અને તરત જ તે સ્ત્રી તરફ દોડી તેના પગ પર પોતાના પગનો પંજો મૂકી દીધો, જેણે વાદળી પોશાક અને માથે સફેદ રંગની હેટ પહેરી હતી.'

બીજા એક વિજ્ઞાનીએ જીમને ઈટાલીયન ભાષામાં સૂચના આપી – 'કાળા રંગની લાંબી મૂછો ધરાવતા પુરુષને શોધી બતાવ.' જીમ તરત જ તે પુરુષ તરફ દોડી ગયો અને તેનો નિર્દેશ કર્યો, જેને લાંબી, કાળી મૂછો હતી. એક અન્ય વિજ્ઞાનીએ જર્મન ભાષામાં સૂચના આપી 'લાંબા અને હળવા વાળ ધરાવતા બાળકને શોધી બતાવ.' જીમે તરત જ તેને શોધી બતાવ્યો. આ રીતે પ્રશ્ન ગમે તે ભાષામાં પૂછાયો હોય તો પણ કૂતરો તેને સમજી જતો અને તેનો પોતાની રીતે જવાબ આપતો. એ પછી મિસૂરી સ્ટેટ લેજિસ્લેચર આગળ હાજર થવાનું એના માલિકને ફરમાન કરાયું ત્યાં પણ તેને જુદી જુદી રીતે અપાયેલ સૂચનાઓને સમજીને તેના તદ્દન સાચા જવાબ આપ્યા. આ વખતે ટેલિગ્રાફરે સૂચનાઓને 'ડેશ અને ડોટ'નો ઉપયોગ કરી કોડ દ્વારા રજૂ કરી. લેજિસ્લેચરની જે વ્યક્તિઓના નામ કોડ રૂપે લખાયેલાં હતાં તેમની પાસે ક્રમશઃ દોડી જઈને કૂતરાએ કમાલ કરી બતાવી.

ઈ. સ. ૧૯૩૬માં જીમની આંખો નબળી પડી. તેણે ચૈતસિક રીતે ભવિષ્યકથન કરવાની બાબતમાં રસ ઘટાડી દીધો. તેના માલિક સેમ વાન આરડિલે પણ તેને લોકસંપર્કથી દૂર રાખવાનો નિશ્ચય કર્યો. પણ તે વર્ષ ચૂંટણીનું વર્ષ હતું. ચૂંટણીમાં કોની જીત થશે તે જાણવાની બધાને ઈચ્છા હતી. આરડિલ પણ તેનાથી પર ન રહી શક્યો. તેમણે સૌએ જીમને આ પ્રશ્ન પૂછવાનો નિર્ધાર કરી લીધો. આરડિલે જ આ અંગે પ્રશ્ન કર્યો. જીમે પોતાની રીતે જવાબ દર્શાવ્યો–રૂઝવેલ્ટ. એ વખતે કોઈને રૂઝવેલ્ટ જીતે એવી સહજ પણ ધારણા નહોતી. તેમને લાગ્યું કે આ કૂતરો ઘરડો થઈ જવાની અને આંખની દૃષ્ટિ ગુમાવવાની તૈયારીમાં હોવાથી ખોટો જ જવાબ આપી રહ્યો છે. પણ જ્યારે ૧૯૩૭માં તે મરણ પામ્યો ત્યારે તેણે દર્શાવ્યું હતું તે પ્રમાણે ફ્રેન્કલીને ડી. રૂઝવેલ્ટ જ ફરીથી પ્રમુખ બન્યા.

⌘

અવધિજ્ઞાનનો એક પુરાવો છે ભવિષ્યવાણી. એક જૈનાચાર્ય હતા આર્ય વજસ્વામી. તેમણે પોતાના શિષ્ય વજસેન પાસે ભવિષ્યવાણી કરી હતી.

*जाहे तुमं सतसहस्सनिप्फणं भिक्खं*
*लहिहिसि, ताहे जाणिज्जासि-जहा नट्ठं दुब्भिक्खं ।*

– આવશ્યકવૃત્તિ

જ્યારે તું એક લાખ નાણાથી બનેલ રસોઈ ભિક્ષામાં મેળવે, ત્યારે સમજજે કે હવે દુકાળ પૂરો થઈ ગયો.

એ ભવિષ્યવાણી અક્ષરશઃ સાચી પડી હતી. આવી અનેક ભવિષ્યવાણીઓ અને તે પ્રમાણે બનેલી ઘટનાઓ જૈન શાસ્ત્રોમાં લખેલી છે. આ સિદ્ધાંતનું સમર્થન કરે છે આધુનિક ભવિષ્યવેત્તાઓ.

# ભવિષ્યમાં બનનારી ઘટનાઓનું સચોટ પૂર્વદર્શન

૬



અમેરિકામાં ભવિષ્ય જ્ઞાનની શક્તિ અંગે જીન ડિક્સનનું નામ જાણીતું છે, તો સામ્યવાદી દેશોમાં વંગા દિમિત્રોવાનું નામ જાણીતું છે. સોવિયેત રશિયાની બાજુમાં આવેલા બલ્ગેરિયાની રાજધાની સોફિયાથી થોડે દૂર પેટ્રિક નામના ગામમાં વંગા દિમિત્રોવાનો જન્મ થયો હતો. તેની ઉંમર તેર વર્ષની હતી ત્યારે જ તેને આંખોની તકલીફ શરૂ થઈ ગઈ. આંખોનું તેજ ખૂબ ઘટી ગયું. મેસિડોનિયામાં મજૂરી કરતાં તેના પિતાએ જેમ તેમ કરી પૈસા એકઠા કરી બે વાર તેની આંખોનું ઓપરેશન કરાવ્યું પણ તો ય કોઈ સફળતા મળતી નહિ. તેની ઓગણીસ વર્ષની ઉંમરે તેણે આંખોનું તેજ સાવ ગુમાવી દીધું અને અંધ બની ગઈ. તેને ધીમે ધીમે અહેસાસ થવા લાગ્યો કે તેનામાં ભવિષ્યમાં શું

થવાનું છે તે જાણવાની શક્તિ આવી ગઈ છે. અનેક ઘટનાઓનું મૂલ્યાંકન કર્યા બાદ તેને પૂર્ણ પ્રતીતિ થઈ ગઈ કે તેનામાં આને લગતી સચોટ શક્તિ છે.

વંગાએ તેની બહેનોને કહ્યું – 'મને બહુ દુઃખ થાય છે કે આપણા પિતાજીનો આપણને વિયોગ થવાનો છે. તે થોડા જ દિવસોના મહેમાન છે.' તેણે તેના પિતાજીના મરણની તારીખ પણ કહી. તેની બહેનોને થયું કે ચોક્કસ આની આંખો જતી રહી છે તેના આઘાતથી તેનું મગજ પણ થોડું ઘણું ચસકી ગયું લાગે છે. કોઈએ તેની વાત ગંભીરતાથી લીધી નહીં. સાચેસાચ તેણે જે દિવસ કહ્યો હતો તે દિવસે જ તેમના પિતાનું મૃત્યુ થયું. બહેનોને તેની વાતમાં તથ્ય લાગ્યું. તેની બીજી ભવિષ્યવાણીઓ પણ સાચી પડવા માંડી. એક દિવસ તેણે તેની બહેનને કહ્યું: 'બીજા દેશનો એક યુવાન અને સુંદર સૈનિક આપણે ત્યાં આવશે અને થોડા વખત પછી મારા લગ્ન તેની સાથે જ થશે!' વાસ્તવમાં તેવું જ બન્યું. જ્યોર્જેવ નામનો એક સૈનિક તેના ભાઈનું ખૂન કોણે કર્યું છે તે જાણવા વંગા પાસે આવી પહોંચ્યો. તેણે ખૂનીઓનો દેખાવ અને ખાસિયતોનું વર્ણન કર્યું પણ તેમના નામ જાણતી હોવા છતાં આપ્યા નહીં. પોતાનો ભાવિ પતિ વેરની વસુલાત કરવામાં ક્યાંક મુસીબતમાં ન મૂકાય તેવો વિચાર કરી તેણે આમ કર્યું. જ્યોર્જેવના ભાઈનું ખૂન કરનારા બે માણસોમાંથી એક હિંસક અથડામણમાં માર્યો ગયો. બીજાએ તેના મરણની કબૂલાત વખતે પ્રાયશ્ચિત કરતી વખતે તે ખૂન પોતે કર્યું હોવાની જાહેરાત કરી. વંગાએ વર્ણન કરેલ બંને વ્યક્તિ હૂબહૂ મળતી આવતી હતી. જ્યોર્જેવ વંગાની શક્તિથી પ્રભાવિત થયો. વંગા અંધ હતી છતાં તેની સાથે લગ્ન કરવાની તેને ઈચ્છા થઈ. તે વંગા પાસે પાછો આવ્યો અને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. તેમના લગ્ન થયા અને બન્નેએ થોડાઘણાં સુખમય દિવસો પસાર કર્યા. વંગાને પોતાના પતિનું આયુષ્ય ઓછું છે તેનો પણ ખ્યાલ આવી ગયો હતો. વંગાએ એક જગ્યાએ લખ્યું હતું, ''મને જેમ જેમ લોકોના ભવિષ્ય સ્પષ્ટ દેખાતા ગયા તેમ તેમ તેમના મરણની તારીખો પણ સ્પષ્ટ દેખાવા લાગી. મને દુઃખ થતું હતું કે મારા પતિ યુવાન વયના છે તો પણ ૭ એપ્રિલ ૧૯૫૬ના રોજ મરણ પામશે''.ખરેખર તેમ જ થયું, તે પછી વંગાએ તેના મૃત પતિની યાદમાં જ આખી જિંદગી વિતાવી. ફરીથી તેણે લગ્ન કર્યા નહિ.

ભવિષ્યવેત્તા તરીકે તેની ખ્યાતિ ચોમેર પ્રસરી ગઈ. લોકોની અવરજવર ખૂબ વધી ગઈ. તેના ઘરની બહાર અસંખ્ય લોકોની ભવિષ્ય જોવડાવવા લાંબી કતારો લાગતી. બલ્ગેરિયન લોકો પાસેથી તે માત્ર પાંચ ડોલર જેટલી ફી લેતી અને પરદેશથી આવેલા પાસેથી આશરે ૩૦ ડોલર જેટલી ફી લેતી. તે બધાં પૈસા તે દેશના વિકાસ અને કલ્યાણકારી આયોજનો માટે સરકારને આપી દેતી.

⌘

ભવિષ્ય દર્શન એ અવધિજ્ઞાનના કાળ વિષય પર આધારિત છે. અવધિજ્ઞાનનો કાળવિષય જેટલો લાંબો હોય તેટલું દૂરનું ભવિષ્યદર્શન થઈ શકે છે. જૈન શાસ્ત્રોમાં આના વિષે અત્યંત સૂક્ષ્મ માહિતી આપવામાં આવી છે.

*काले चउण्ह वुड्ढी ।*

– નંદીસૂત્ર ।।૭૧।।

જેમ જેમ અવધિજ્ઞાનનો કાળવિષય વધતો જાય, તેમ તેમ દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવની પણ વૃદ્ધિ થાય છે. જેમ કે પહેલા એક વર્ષ સુધીનું ભવિષ્યદર્શન કરી શકનાર વ્યક્તિ મુંબઈ જેટલું ક્ષેત્ર જોઈ શકતો હોય, પછી તે પાંચ વર્ષ સુધીનું ભવિષ્યદર્શન કરી શકે એવી શક્તિ પામે, તો પછી ભારત જેટલું ક્ષેત્ર જોઈ શકે. આ વાત સ્થૂળથી જણાવી છે. બાકી અવધિજ્ઞાનની શક્તિ કલ્પનાતીત છે. જેને સમજવા માટે શાસ્ત્રીય ભૂગોળ વગેરે અનેક વિષયોને સમજવા પડે. અત્યંત દૂર-સુદૂરના ભવિષ્યદર્શનના અન્ય પ્રસંગો જોઈએ.

# અવધિજ્ઞાનની અદ્ભુત વાતો

## ૭



લગભગ ૫૦૦ વર્ષ પહેલાં, આગામી ૩૭૯૭ની સાલ સુધીની આશરે ૩૦૦૦ જેટલી ભવિષ્યવાણીઓ કરનાર માઈકલ દ નોસ્ટ્રાડેમસ (Michel de Nastradame) નું નામ મહાન ભવિષ્યવેત્તાઓની ગણતરીમાં મોખરાના સ્થાન પર આવે છે. તેમણે કરેલી ૩૦૦૦ ભવિષ્યવાણીઓમાંથી ૨૫૦૦ જેટલી ભવિષ્યવાણીઓ સાચી પડી ચૂકી છે! નોસ્ટ્રાડેમસના સમયથી માંડી વિશ્વના વિનાશ સુધીની તમામ મહત્ત્વપૂર્ણ ભાવિ ઘટનાઓ તેમના Centuries નામના ગ્રંથમાં આલેખાયેલી છે. આ ગ્રંથ ભવિષ્યવાણીઓનો મહામોંઘો ખજાનો છે. એક જર્મન સંશોધકે નોસ્ટ્રાડેમસની ભવિષ્યવાણીઓ વિષે લખ્યું હતું કે તેમની

એક ભવિષ્યવાણીનો સંયોગોથી સાચા પડવાની સંભાવનાનો અનુપાત ૩૦,૦૦૦,૦૦૦–૧. જેટલો કહેવાય. પણ તેણે આ વાત કહી ત્યારે નોસ્ટ્રાડેમસની ૨૧૩ ભવિષ્યવાણીઓ સાચી પડી ચૂકી હતી. જ્યારે આજના સંદર્ભમાં જોઈએ તો તેમાંની ૨૫૦૦ જેટલી સાચી પડી ચૂકી છે!

નોસ્ટ્રાડેમસનો જન્મ ફ્રાંસના એક ગામમાં ૧૪ ડિસેમ્બર ૧૫૦૩ માં થયો હતો. તેમના પૂર્વજો યહૂદી હતા પરંતુ તેમના જન્મ પૂર્વે તેઓ કેથોલિક ઈસાઈ બની ગયા હતા. ધર્મ અને જ્યોતિષના વિષયમાં તેમના કુટુંબને ખૂબ રસ હતો અને તેમના નાના જીન દ સેન્ટ રેમી પ્રસિદ્ધ ચિકિત્સક અને જ્યોતિષી હતા. નોસ્ટ્રાડેમસના નાના તેમને જ્યોતિષની ઘણી જાણકારી આપતા. પણ તેમના નાનાનું મરણ થઈ ગયું એટલે તેમના પિતાએ તેમને ડોક્ટર બનાવવા માટે મોન્ટપેલિયર વિશ્વવિદ્યાલયમાં મોકલી દીધા. થોડા સમય પછી ત્યાં પ્લેગની મહામારી ફાટી નીકળી. તેમણે આ સમય દરમિયાન રોગગ્રસ્તોની ખૂબ સારવાર કરી. થોડા સમય પછી તેમણે ઈ.સ. ૧૫૩૩માં લગ્ન કર્યાં. ત્યારબાદ ફરી પાછો પ્લેગ ફાટી નીકળ્યો અને તેમાં તેમની પત્ની અને બે બાળકો ભરખાઈ ગયા. ત્યાર પછી નોસ્ટ્રાડેમસ આઠેક વર્ષ ફ્રાંસ, ઈટાલી અને સિસિલીના નગરોમાં ભટકતાં રહ્યાં. નોસ્ટ્રાડેમસ લગભગ સવા પાંચ ફૂટની લંબાઈ ધરાવતા હતા. મોટે ભાગે વિચાર મગ્ન રહેતા અને ઓછું બોલતાં હતાં. તેમણે ક્યારેય ચાર કલાકથી વધુ ઊંઘ લીધી નહોતી. તેઓ અઠવાડિયામાં બે વાર વ્રત રાખતા હતા. સ્વભાવે ખૂબ પરોપકારી હતા અને પોતાની મોટાભાગની આવક ગરીબોમાં




વહેંચી દેતા હતા. નોસ્ટ્રાડેમસના પ્રિય પટ્ટશિષ્યનું નામ જીન એ દ શાવિગ્ની હતું. તેમના જણાવ્યા પ્રમાણે નોસ્ટ્રાડેમસમાં ભવિષ્યવેત્તા તરીકેની શક્તિઓનો વિકાસ જ્યારે તેમણે મિસરની તંત્રવિદ્યાનું પુસ્તક 'Mysteri Egyptorum' ને વાંચ્યું ત્યારથી થવા પામ્યો હતો. તે સમયથી તેમણે એક ભવિષ્વવાણીઓ કરવા માંડી હતી. નોસ્ટ્રાડેમસે તેમની ભવિષ્યવાણીઓ Centuries નામના તેમના ગ્રંથમાં પદ્ય સ્વરૂપે ગૂઢ અને દુર્બોધ ભાષામાં રજૂ કરી છે. કેટલાક વિદ્વાનોએ તેમનું સરળ ભાષામાં રૂપાંતરણ કર્યું છે. ૪ મે ૧૫૫૫માં જ્યારે આ ગ્રંથ મેસ બોન્હોમ નામના છાપખાનામાં છપાઈને તૈયાર થઈ ગયો ત્યારે તે ખરીદવા સેંકડો લોકોની બહાર કતાર લાગી હતી! પ્રથમ આવૃત્તિ તેને તે જ દિવસે વેચાઈ ગઈ હતી!

ફ્રાંસની મહારાણી કેથરીને ડી મેડિસીએ નોસ્ટ્રાડેમસને પોતાના ત્રણેય પુત્રોના ભવિષ્ય વિષે પૂછ્યું ત્યારે તેમણે દર્પણ જેવું એક સાધન કાઢીને તેમાં થોડીવાર જોયા કર્યું અને પછી ભવિષ્યવાણી કરી કે તેમના ત્રણેય પુત્રો રાજા બનશે. મહારાણીના પતિ હેનરી-બીજાના આકસ્મિક અને ક્રૂર મૃત્યુની ભવિષ્યવાણી પણ તેમણે ગૂઢ શબ્દોમાં કરી હતી. 'સિંહનું એક બચ્ચું લડાઈમાં ઘરડા સિંહને હરાવી દેશે. સોનાના પિંજરામાં રાખેલી એક આંખને ભેદી નાખવામાં આવશે અને એક ક્રૂર હત્યાનું દૃશ્ય બધાને જોવા મળશે.' થોડા સમય પછી એવું જ બન્યું. હેનરીએ મોન્ટગોમરીના કાઉન્ટને ઘોડા પર સવાર થઈને ભાલાથી યુદ્ધ કરવા માટે આમંત્રિત કર્યો. હેનરીના માથે સોનાનો મુગટ હતો. શસ્ત્રઅસ્ત્રના ચિહ્નરૂપ બે સિંહ જેવા બખ્તર તે બન્નેએ પહેરેલા હતા. યુદ્ધની ઝપાઝપીમાં કાઉન્ટનો ભાલો તૂટી ગયો અને તેનો એક અણીદાર ટૂકડો ઊડીને હેનરીની આંખમાં પેસી ગયો. દસ દિવસ સુધી હેનરી અસહ્ય પીડા અનુભવતો રહ્યો અને મરણ પામ્યો. ઈંગ્લેન્ડની મહારાણી એલિઝાબેથ પ્રથમ વિષે તેમણે કરેલી ભવિષ્યવાણી હૂબહૂ સાચી પડી. તે ૭૦ વર્ષ શાસન કરી ૧૬૦૩માં મરણ પામશે, એમ જે ભવિષ્યકથન કરાયું હતું તેમ જ થયું.

નોસ્ટ્રાડેમસે ઈંગ્લેન્ડ માટે બ્રિટન શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. આશ્ચર્યની વાત એ છે કે આ શબ્દ નોસ્ટ્રાડેમસના જન્મ પછી કેટલાય વર્ષો બાદ અસ્તિત્વમાં આવ્યો! નોસ્ટ્રાડેમસે ભવિષ્યવાણી કરી હતી કે એડવર્ડ-આઠમો એક સાધારણ દેખાવવાળી સ્ત્રી ખાતર પોતાનું રાજ સિંહાસન છોડી દેશે! આ ભવિષ્યવાણી મહાન ભવિષ્યવેત્તા કીરોએ પણ કરી હતી. વાસ્તવમાં તેમ બન્યું પણ ખરું.

નોસ્ટ્રાડેમસનું કહેવું છે કે નજીકના ભવિષ્યમાં આરબ દેશનો એક જુલમી શાસક દુનિયાને એક ભયંકર



મહાયુદ્ધની આગમાં ધકેલી દેશે. ૧૯૯૯ના સાતમા મહિનામાં એનો પ્રારંભ થશે અને ૨૭ વર્ષ સુધી તેની તાંડવ લીલા ચાલતી રહેશે. આતંક ફેલાવનાર આ દુષ્ટ શાસક નીલા રંગની ટોપી અને તેના પર વાંસની પોલી નળી ધારણ કરતો હશે.

નોસ્ટ્રાડેમસે ભારતના ભાવિ વિષે જે ભવિષ્યકથન કર્યું છે તેનો સાર આ પ્રમાણે છે : 'એશિયાની ભૂમિ પર મંગોલો વડે મોતના કિરણો પ્રસરાવનારા હથિયારોના પ્રયોગોથી મોટા યુદ્ધનો પ્રારંભ થશે, દુનિયાના સૌથી શક્તિશાળી એવા બે દેશો સાથે ભારતની મિત્રતાથી એ ભીષણ યુદ્ધમાં નવો વળાંક આવશે, નવી શતાબ્દીના પાંચમા વર્ષે મહાયુદ્ધનો અંત આવશે, યુરોપ પોતાના પુરાતન ધર્મનો ત્યાગ કરીને દુનિયાના સૌથી પ્રાચીન ધર્મનો સ્વીકાર કરશે, માનવતાનો ૭૫ ટકા જેટલો ભાગ યુદ્ધમાં ખલાસ થઈ જશે અને દક્ષિણ ભારતના એક આધ્યાત્મિક નેતા દુનિયાને માર્ગદર્શન આપશે...' નોસ્ટ્રાડેમસે નૂરજહાં, શિવાજી, ગુરુ ગોવિંદસિંહ, ઝાંસીની રાણી, મહાત્મા ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, વ. ભારતીયો વિષે સચોટ ભવિષ્યવાણી કરી હતી. ૧૮૫૭નો બળવો, સ્વાતંત્ર્ય સંગ્રામ, ભારત-પાક યુદ્ધ, ધરતીકંપ વ. ભારતમાં બનનારી મોટી ઘટનાઓની પણ ભવિષ્યવાણી કરી હતી. 'સેન્ચ્યુરીઝ'ના છઠ્ઠા ખંડની ૭૪મી ચોપાઈમાં ઈન્દિરા ગાંધીની ભવિષ્યવાણી કરવામાં આવી હતી એવું સ્પષ્ટ સમજાય છે. 'ત્રણ બાજુ સમુદ્રથી ઘેરાયેલા દેશની સૌથી શક્તિશાળી મહિલા તેના વિરોધીઓના વિભાજનથી ફરીથી તાકાત મેળવશે, પોતાના પુનર્શાસનના ત્રણ વર્ષ પછી અને પોતાને સિત્તેર વર્ષ થવામાં ત્રણ વર્ષ બાકી હશે ત્યારે એટલે કે ૬૭માં વર્ષે પોતાના જ સ્થાનમાં પોતાના અંગરક્ષકો દ્વારા મારી નંખાશે.' તેના પછીની



૭૫મી ચોપાઈમાં રાજીવ ગાંધી વિષે ભવિષ્યવાણી કરવામાં આવી હતી. 'રાજકીય સત્તાધિકારીઓ કુશળ વિમાનચાલકને સત્તા સૂત્રો સોંપશે. તે પોતાનો કાફલો છોડી દેશે અને ઉચ્ચતમ રાજપદવીને પસંદ કરશે. શાસનકાળના સાત વર્ષ પછી એક આંતકવાદી ટુકડી તેની હત્યા કરશે અને કુટુંબીજનો તથા દેશવાસીઓમાં ભારે દુ:ખ અને ભય વ્યાપી જશે.' ઈ.સ. ૧૯૮૪માં રાજીવ ગાંધી કેવી રીતે સત્તા પર આવ્યા અને ૧૯૯૧માં LTTE દ્વારા પ્રેરિત 'માનવ બોમ્બ' વડે કેવી ભયંકર રીતે માર્યા ગયા તેના આપણે સૌ સાક્ષી છીએ જ.

નોસ્ટ્રાડેમસે પોતાનો અંત કેવી રીતે આવશે તેની પણ ભવિષ્યવાણી કરી હતી -- 'એક દૂતાવાસથી પાછા ફર્યા પછી રાજાએ આપેલી ભેટ સોગાદોને સુરક્ષિત જગ્યાએ મૂકી દઈશ પછી મારે વધારે પરિશ્રમ નહિ કરવો પડે કેમ કે હું ઈશ્વરને ત્યાં પહોંચી ગયો હોઈશ! મારી સમીપમાં રહેનારા લોકો, મિત્રો અને ભાઈઓને મારી પથારી અને ટિપોઈ વચ્ચે પડેલું મારું મૃત શરીર જ હાથમાં આવશે!' ખરેખર તે દિવસ પણ આવી પહોંચ્યો. તે દિવસ હતો ૧ જુલાઈ ૧૫૬૬. તેમને તો પહેલેથી ખબર જ હતી કે તેમનો છેલ્લો દિવસ છે. તે દિવસે તેમણે ભેટ-સોગાદો સુરક્ષિત મૂકી પણ ખરી. બીજે દિવસે સવારે તેમના શિષ્યો અને સાથીદારો તેમને મળવા ગયા ત્યારે તેમને મરણ પામેલી હાલતમાં જોયા. તેમનો મૃતદેહ પથારી અને ટિપોઈ વચ્ચે તે જ રીતે પડ્યો હતો જે રીતે તેમણે ભવિષ્યવાણીમાં જણાવ્યું હતું.

નોસ્ટ્રાડેમસની આગાહી ભાગ્યે જ ખોટી પડી છે. આગાહી ખોટી પડી એમ કહેવા કરતાં આપણે તેનો ગૂઢાર્થ બરાબર ઉકેલી ન શક્યા એમ કહેવું વધુ યોગ્ય ગણાશે!

મહાન ભવિષ્યવેત્તા કીરોનો જન્મ ૧ નવેમ્બર ૧૮૬૬માં ઈંગ્લેન્ડમાં વિકલો કાઉન્ટીમાં 'બ્રે' નામના સ્થળે થયો હતો. તેમનું જન્મનું નામ જ્હોન વોર્નર હતું. પરંતુ પાછળથી તેમણે તે બદલીને લૂઈ લે વોર્નર હેમોન રાખ્યું હતું. કીરો નામ તો જ્યારે ભવિષ્યવેત્તા તરીકે બહાર પડવાનો નિશ્ચય કર્યો ત્યારે રાખ્યું. તેમણે અનેક સચોટ ભવિષ્યવાણીઓ કરી છે. જે બિલકુલ સાચી પડી છે. સત્તર વર્ષની ઉંમરના હતા ત્યારે તેમના પિતાએ તેમને લંડન જવા મોકલ્યા હતા. પરંતુ તેઓ લંડન જવાને બદલે ભારત દોડી આવ્યા. મુંબઈમાં તેમની મુલાકાત વેદનારાયણ જોશી સાથે થઈ. તેમના માર્ગદર્શન પ્રમાણે તેઓ હિમાલય, વારાણસી, કાશ્મીર અને લડાખના ભવિષ્યવેત્તાઓને મળ્યા. ત્રણેક વર્ષ સુધી તેમની સાથે રહીને તેમણે જ્યોતિષ અને ભવિષ્ય દર્શનની વિદ્યા પ્રાપ્ત કરી.


ઈ.સ. ૧૮૯૩માં કીરો અમેરિકા ગયા ત્યારે તેમણે અનેક સચોટ ભવિષ્યવાણીઓ કરી જબરદસ્ત પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી. તે દિવસોમાં ડોક્ટર મેયર નામની એક વ્યક્તિ પર ખૂન કેસનો ખટલો ચાલી રહ્યો હતો. કોર્ટે ડોક્ટર મેયરને ગુનેગાર જાહેર કરી ૧૮૯૪ના જાન્યુઆરી મહિનામાં 'ઈલેક્ટ્રિક ચેર'માં બેસાડી ફાંસી આપાવાનો હુકમ કર્યો. ત્યાં સુધી તેને જેલમાં રાખવામાં આવ્યો. યોગાનુયોગ કીરો તે જેલમાં ગુનેગારોની હસ્તરેખાઓનો અભ્યાસ કરવા આવી પહોંચ્યા. તેમણે ડો. મેયરની હસ્તરેખાઓ જોઈ ભવિષ્યવાણી કરી -- 'તમે ૪૪ વર્ષના ડોક્ટર છો અને તમારું મૃત્યુ હજી પંદર વર્ષ દૂર છે. તમે હોસ્પિટલની પથારી પર બિમારીને કારણે મૃત્યુ પામશો. હાઈકોર્ટનો ફાંસીનો આદેશ હોવા છતાં તમે જીવતા રહેશો. તમારી બધી દલીલો નકામી ગઈ છે છતાં તમે બચી જશો. એક ચમત્કાર થશે અને તમારી ફાંસી મોકુફ રહેશે. શિકાગોમાં શ્રીમંત દર્દીઓના વીમાની રકમ પચાવી પાડવા તેમને ઝેર આપીને મારી નાંખવાનો જે આરોપ તમારા પર લગાવવામાં આવ્યો છે તે કેટલો સાચો છે તે હાલ હું કહી શકતો નથી. પણ એટલું તો ચોક્કસ કહી શકું છું કે તમે જીવતા રહેવાનો છો.' સાચે જ, તેમ જ થયું. જે દિવસે મેયરને ફાંસી થવાની હતી તેની પૂર્વે જ સર્વોચ્ચ ન્યાયાલયે મૃત્યુ દંડના આદેશમાં કાયદાકીય ઊણપ જોઈ અને વિશેષ વટહુકમ દ્વારા મેયરની ફાંસીના ચૂકાદાને સ્થગિત કરી દીધો. આ ઘટનાનો ઉલ્લેખ કરી અમેરિકાના વર્તમાનપત્રોએ કીરોના ભરપેટ વખાણ કર્યા.

કીરો ન્યૂયોર્ક આવ્યા ત્યારે તેમણે સારી એવી પ્રસિદ્ધિ મળી ચૂકી હતી. તે થોડા સમય માટે ન્યૂયોર્કની ફિફથ એવન્યુમાં રોકાયા હતા. આ દરમિયાન



ન્યૂયોર્કમાં અગ્રગણ્ય વર્તમાનપત્ર New York World ની પત્રકાર ફિશરની કીરો સાથે મુલાકાત થઈ. ફિશરે જણાવ્યું કે તેને જ્યોતિષ કે ભવિષ્યવાણીમાં જરાય વિશ્વાસ નથી. કોઈક વાર યોગાનુયોગ કોઈ વાત સાચી પડી જાય તેથી કંઈ તેનો મોટો હોબાળો મચાવવો ન જોઈએ. તેણે કીરોને પડકાર ફેંક્યો – શું તેઓ તેમને આપવામાં આવેલી અજાણ્યા લોકોની હસ્તછાપો પરથી તેમના માલિકો વિષે સચોટ ભવિષ્યવાણી કરી શકશે? જો તેમ કરી શકે તો તેમની બીજા દિવસના વર્તમાનપત્રમાં પુષ્કળ પ્રશંસા કરવામાં આવશે. જો ભવિષ્યવાણીઓ ખોટી નીકળશે તો તેમને તરકટી વિદ્યાવાળા લેભાગુ ભવિષ્યવેત્તા તરીકે જાહેર કરી પુષ્કળ નિંદા પણ કરાશે! કીરોએ તેનો પડકાર સહર્ષ સ્વીકારી લીધો. તે દિવસ હતો ૨૫ નવેમ્બર ૧૮૯૩. થોડી જ વારમાં કીરોની સામે રજૂ કરવામાં આવી સાત હસ્તછાપ આકૃતિઓ (Palm prints). કીરોએ વારાફરતી તેમનો અભ્યાસ કર્યો અને પછી કહેવા માંડ્યું – 'આમાં પહેલા નંબરની જે પ્રિન્ટ છે તે કોઈ મહાન નેતાની છે. તે પ્રભાવશાળી શાસક હશે અને મહત્ત્વપૂર્ણ પદ પર નિયુક્ત થયેલા હોવા જોઈએ. બીજા નંબરની પ્રિન્ટ જે વ્યક્તિની છે તે એક તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનારા વકીલ હોવા


જોઈએ. તે પણ મોટો હોદ્દો ભોગવી ચૂકેલા હશે. ત્રીજી પ્રિન્ટ એક મહિલાની છે અને તે મૌલિક સર્જન કરવા માટે ખૂબ ખ્યાતિ પામેલ હશે. ચોથા અને પાંચમાં ક્રમની પ્રિન્ટો પણ કલાકારોની છે. એ બન્ને ગાયકો હોવા જોઈએ. એ બન્નેને ભવિષ્યમાં અત્યાર કરતાં પણ વધુ પ્રસિદ્ધિ મળશે. છઠ્ઠો હાથ એક પુરુષનો છે અને તે સંગીતનો



શ્રેષ્ઠ નિષ્ણાત છે. સાતમા નંબરની પ્રિન્ટ એક ગુનેગારની છે. તે મૃત્યુદંડ પામ્યો હોવા છતાં છેવટે બચી જશે અને બિમારીથી મૃત્યુ પામશે.' કીરોએ દર્શાવેલી બધી જ વિગતો બિલકુલ સાચી હતી. ફિશરને કીરો આગળ હાર કબૂલ કરવી પડી. બીજે દિવસે તા. ૨૬ નવેમ્બર ૧૮૯૩ના રોજ New York World "u Sunday Editon ના મુખપૃષ્ઠ પર એકલા કીરોના જ સમાચાર હતા. તેમને એક મહાન ભવિષ્યવેત્તા જાહેર કરી તેમના પર પ્રશંસાના પુષ્પો વેરવામાં આવ્યા હતા.

એક વાર વિશ્વ વિખ્યાત સાહિત્યકાર માર્ક ટ્વેઈન પોતાનો વેશ બદલીને તેમને ભવિષ્ય બતાવવા આવ્યા. કીરોએ થોડીવાર સુધી તેમના હાથનું પરીક્ષણ કર્યું અને કહેવા માંડ્યું – 'તમે દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામેલી વ્યક્તિ છો. તમે અત્યારે તમારી જાતને છુપાવીને અહીં આવ્યા છો. તમારું નામ અંગ્રેજી એસ અક્ષરથી શરૂ થતું હશે. તમે પહેલાં પત્રકાર તરીકે કામ કર્યું હશે. તમે ખૂબ ભાષણો આપ્યા હશે. સારું એવું પરિભ્રમણ પણ કર્યું હશે. તમે તમારી પ્રિય રચનાઓને પૂરી નહિ કરી હોય. તમે સાહિત્યકાર તરીકે ખૂબ નામના મેળવશો. તમારી પત્નીએ તમારા લેખનનું સંપાદન કર્યું હશે. તે બરફમાં પડી જવાને કારણે અપંગ જેવી બની ગઈ હશે. તમારી સચિવ તમને તેની મોહજાળમાં ફસાવવાનો પ્રયત્ન કરશે. તમારી પત્ની વીવીનું મૃત્યુ ઈ.સ. ૧૯૦૪માં થશે.'

માર્ક ટ્વેઈન આટલી બધી ભવિષ્યવાણીઓ અક્ષરશઃ સાચી હોવાથી આભા જ બની ગયા. તેમનું અસલ નામ સેમ્યુઅલ એલ. કલીમેંસ હતું. માર્ક ટ્વેઈન તો પાછળથી રાખવામાં આવ્યું હતું. માર્ક ટ્વેઈને કહ્યું તેમની બધી વાત સાચી છે. મુલાકાત બાદ કીરોની Visitor's Book માં તેઓ લખતા ગયા. – ''કીરોએ મારા જીવનને એવી રીતે ખુલ્લું કરી દીધું છે કે હું એક



પ્રકારથી શરમાઈ રહ્યો છું. હું એવા નિશ્ચય કરીને આવ્યો હતો કે મારે તેમની ભવિષ્યવેત્તા તરીકેની આવડત અંગે કશું જ બોલવું નહિ. પણ મારે તેમની પ્રતિભાને કબુલ કરવી જ પડી!''

ઈ.સ. ૧૯૦૪માં રશિયાનો ઝાર નિકોલસ પણ વેશ પરિવર્તન કરી કીરોને મળવા ગયો હતો. કીરોએ તેને પણ સ્પષ્ટ ભવિષ્યવાણીથી આશ્ચર્યચકિત કરી દીધો. તેણે એકાદ વર્ષ પછી કીરોને રશિયા બોલાવ્યા. ત્યાં સેન્ટ પીટ્સબર્ગના મહેલમાં તેમની સાથે મુલાકાત ગોઠવી. તેણે ફરીથી

પોતાનો હાથ બતાવી પોતાના ભાવિ વિષે જણાવવા કહ્યું. કીરોએ થોડા દુઃખ સાથે જે સાચેસાચ બનવાનું હતું તે કહી દીધું – ''ઈ.સ. ૧૯૧૭નું વર્ષ તમારા માટે સૌથી ભયંકર ઘાતક અને જીવલેણ નીકળશે.'' ઈતિહાસ સાક્ષી છે કે વાસ્તવમાં તેવું જ થયું. રશિયામાં ક્રાંતિ થવાને લીધે ઝાર અને તેના કુટુંબની કેવી અવનતિ થઈ તે બધાને ખબર જ છે.

રશિયાની યાત્રા દરમિયાન કીરોની મુલાકાત ગઢવાદી તાંત્રિક ગ્રેગરી રાસ્પુટિન સાથે પણ થઈ ગઈ. અનેક ખુશામતિયાઓથી ઘેરાયેલા રાસ્પુટિને કીરોને કહ્યું – ''આમ તો મને ભવિષ્ય જાણવાની ખાસ કોઈ ઉત્સુકતા નથી. પણ હું જોવા માગું છું કે તમે શું જાણો છો? કહો, મારું ભાવિ કેવું છે?'' કીરોએ જરાય ખચકાયા વગર કહી દીધું – ''મને એવું દેખાઈ રહ્યું છે કે તમારું મૃત્યુ એક મહેલની અંદર થશે. તમે એક કાવતરાનો ભોગ બનશો. પહેલાં તમને ખોરાકમાં ઝેર આપવામાં આવશે. પછી એક માણસ ખંજર ભોંકી દેશે. એક બીજો માણસ ગોળી મારશે. આટલા પછી પણ તમારા શરીરને બરફ થઈ ગયેલી નદીના થીજેલા પાણીમાં ખાડો કરી દાટી દેવામાં આવશે. તમારા મૃતદેહ પરથી બર્ફિલું પાણી વહી રહ્યું છે એવું પણ મને સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.'' નિકોલસ ઝાર અને ઝરિયાના દિલો-દિમાગમાં કબજો જમાવી ચૂકેલ જબરદસ્ત રાજકીય વર્ગ ધરાવનારા રાસ્પુટિને કીરોની ભવિષ્યવાણી ધુત્કારી કાઢી. ગુસ્સાથી તમતમતા અવાજે તે બોલી ઉઠ્યો – ''બકવાસ. તમને ખબર નથી, અહીં વગર સત્તાએ મારી કેટલી સત્તા ચાલે છે! લશ્કરી અધિકારીઓ પણ મને સલામ ભરે છે. જો તમે અહીં મહેમાન તરીકે ન આવ્યા હોત તો આવું કહેવા બદલ હું જ તમને નદીના બર્ફિલા પાણીમાં ડુબાડી દેવાની વ્યવસ્થા કરી દેત!'' પણ જે થવાનું હોય છે તે થયા વિના થોડું રહે છે? ઈ.સ. ૧૯૧૬માં રાસ્ટપુટિનની બરાબર એ જ રીતે હત્યા થઈ જે રીતે કીરોએ ભવિષ્યવાણી કરી હતી!

લંડનની 'બોન્ડ સ્ટ્રીટ'માં કીરોએ પોતાની ઓફિસ શરૂ કરી તે જે દિવસે London Psychical Societyના અધ્યક્ષ આર્થર જેમ્સ બોલ્ફોર ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. તેઓ અચાનક ત્યાં આવી ચડ્યા અને કીરોને પોતાનું ભાવિ જણાવવા અનુરોધ કર્યો. કીરોએ કહ્યું – ''તમે એક દિવસ દેશના સર્વોચ્ચ રાજપુરુષ બનશો.'' સાચે જ એમ બન્યું પણ ખરું. ઈ.સ. ૧૯૦૨માં બોલ્ફોર દેશના પ્રધાનમંત્રી બન્યા અને ૧૯૦૫ સુધી તે પદ પર રહ્યા. એ પછી કીરોની ઓફિસ બોલ્ફોરના અનેક મિત્રો અને ઓળખીતાઓથી ઊભરાવા લાગી. કીરોએ અનેક ભવિષ્યવાણીઓ કરી હતી. ઈ.સ. ૧૯૩૧માં તેમણે કહ્યું હતું – ''આ દશકાના અંતમાં એક



વિશ્વયુદ્ધ થશે. ઈંગ્લેન્ડ ભારતને સ્વતંત્રતા આપી દેશે પણ ત્યાં મુસ્લિમો અને હિંદુઓ વચ્ચે ભયંકર સંઘર્ષ થશે. આ દરમિયાન ફ્રાંસ સાથે ઈટાલી અને જર્મનીની લડાઈ નિશ્ચિત છે. અમેરિકા જાપાન સાથે યુદ્ધમાં ઉતરશે જેનું પરિણામ ભયાનક આવશે. આયર્લેન્ડમાં એક ગૃહયુદ્ધ થશે.'' આ બધી જ ભવિષ્યવાણીઓ સાવ સાચી સાબિત થઈ. ૮ ઓક્ટોબર ૧૯૩૬ના દિવસે કીરો આ દુનિયા છોડી ગયા. એક મહાન અંકશાસ્ત્રી, હસ્તરેખાશાસ્ત્રી અને ભવિષ્યવેત્તા તરીકે દુનિયા આજે પણ તેમને યાદ કરે છે. આ વિષય પર તેમણે લખેલા પુસ્તકો આજે પણ 'પ્રમાણભૂત ગ્રંથો' - તરીકે વંચાય છે.

ઈ.સ. ૧૯૧૮માં અમેરિકાના વિસ્કોન્સિન શહેરમાં જન્મેલ જિન પિંકર્ટ કે જે પાછળથી જીન ડિકસન તરીકે ઓળખાય છે, તેઓ અર્વાચીન ભવિષ્યવેત્તાઓમાં અગ્રગણ્ય ગણાય છે. તેઓ ભવિષ્યવાણી કરવા ક્રિસ્ટલ બોલનો ઉપયોગ કરે છે. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ફ્રેન્ક્લીન રૂઝવેલ્ટને તેમના મૃત્યુના છ માસ પૂર્વે જ તેમના મૃત્યુને લગતી ભવિષ્યવાણી કરી દીધી હતી. પત્રકાર એન્ડરસન સમક્ષ જે. એફ. કેનેડીના મૃત્યુને લગતી અમોઘ ભવિષ્યવાણી કરી દીધી હતી. તે પણ સત્ય પુરવાર થઈ. બ્રિટિશ વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલને પણ તેમણે કહ્યું હતું કે

યુદ્ધ પછી તેઓ વડા પ્રધાન નહીં રહે. ચર્ચિલે તેમની વાતને હસી કાઢી હતી. પણ પાછળથી ખરેખર તેમ જ થયું. ઈ.સ. ૧૯૪૫માં ડિકસને ભારતના મિલિટરી એટેચી શેરઅલીને કહી દીધું હતું કે ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૭ સુધીમાં ભારતના ભાગલા પડી જશે! એ જ રીતે મહાત્મા ગાંધીજીની હત્યાના એક વર્ષ પૂર્વે જ તેમણે ભવિષ્યવાણી કરી હતી કે એક કટ્ટરવાદી હિંદુ તેમની હત્યા કરી દેશે! ૧૯૫૬માં પંડિત જવાહરલાલ નહેરુએ ડિકસનને પૂછ્યું હતું કે તેમના પછી ભારતના વડા પ્રધાન કોણ બનશે? તેમણે જણાવ્યું હતું કે એક ઠિંગણા કદવાળી વ્યક્તિ, જેની અટક અંગ્રેજી 'એસ' અક્ષર પરથી શરૂ થતી હશે. ખરેખર, લાલબહાદુર શાસ્ત્રીના વડા પ્રધાન બન્યા પછી જીન ડિકસનની ખ્યાતિ જબરદસ્ત વધી ગઈ. જીન ડિકસનની મોટા ભાગની આગાહીઓ સાચી પડી છે.

⌘



# કાલે એનું મૃત્યુ થવાનું છે.

## ૮



ઈંગ્લેન્ડમાં સેમ બેજોન નામની વ્યક્તિ છે જે બાળપણથી જ અવધિજ્ઞાન શક્તિ ધરાવે છે. તેની ઉંમર સાત વર્ષની હતી ત્યારની આ ઘટના છે. એક દિવસ તે ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યો હતો. તેની માતાએ તેને તેનું કારણ પૂછ્યું. તેણે જવાબ આપ્યો, ‘‘એક ટ્રામ દુર્ઘટના થવાની છે. તેમાં પિતાજીને ગંભીર ઈજા થવાની છે. એ જોઈને હું રડું છું.’’ તેની માતાએ તેને ધમકાવીને ચૂપ કરી દીધો. પણ બીજે જ દિવસે તેના પિતા ટ્રામ અકસ્માતમાં અત્યંત ગંભીર રીતે ઘવાયા. તેની માતાને તેની વાતમાં તથ્ય જણાયું. તે પછી કેટલીયે વાર પૂર્વાભાસ થયા જે સાચા પડ્યા હતા. એકવાર તેમના પડોશીને ત્યાં એક માણસ મકાનને રંગવાનું કામ કરી રહ્યો હતો. સેમ બેજોને તેને જોયો. સેમને તેના વિષે પૂર્વાભાસ થયો. તે સાથે જ તેણે કહ્યું, ‘‘આ બિચારો




આજનો દિવસ જ આ ધરતી પર છે. આવતી કાલે તેનું મૃત્યુ થઈ જશે.'' બીજે દિવસે ખરેખર તેમ જ થયું. તે માણસ રંગ કરતાં ઊંચી સીડી પરથી નીચે પટકાયો અને તેને માથામાં ગંભીર ઈજાઓ થઈ. થોડીવાર પછી તરફડીને તે મરણ પામ્યો. ત્યારબાદ બધા જ સેમ બેજોનની વાત પર વિશ્વાસ મૂકતા થઈ ગયા. તેના પૂર્વાભાસની વાત માનીને જે સાવચેત બન્યા તેમનું જીવન બચી ગયું.

ન્યુયોર્કની ડોરોથી એલિસન નામની મહિલા પણ અંતર્દ્રષ્ટિ ધરાવતી સ્ત્રી તરીકે સારી એવી ખ્યાતિ પામી ચૂકી છે. તેણે અવધિજ્ઞાનની શક્તિથી ઘણા લોકોને સંકટના સમયે સહાય કરી છે. એકવાર ચાર્લ્સ ઈગલ નામનો એક માણસ એલિસન પાસે આવ્યો. તેને જોઈને જ એલિસનને ઘણીબધી વસ્તુઓ દેખાવા લાગી. થોડીવાર પછી તેણે ચાર્લ્સ ઈગલને કહ્યું, ''તમે તમારી દીકરીની ભાળ મેળવવા માગો છે ને? તે અઢાર વર્ષની સુંદર યુવતી છે. તે એકાએક ગુમ થઈ ગઈ છે અને ઘણીબધી જગ્યાએ તપાસ કરવા છતાં મળી નથી.'' ચાર્લ્સ ઈગલ આશ્ચર્ય પામી તેની સામે જ જોઈ રહ્યો. તેણે કહ્યું કે તેની વાત સાવ સાચી છે. એલિસન ફરીથી ધ્યાનમગ્ન બની ગઈ. ધ્યાનમાંથી બહાર આવ્યા બાદ તેણે કહ્યું, ''તમારી દીકરી વિષે ચિંતા કરવા જેવું નથી. તે હયાત અને સહીસલામત છે. તે લાલ રંગના એક મકાનમાં એક યુવાન સાથે પોતાની મરજીથી રહે છે. તે મકાનનો નંબર ૧૦૬, ૧૮૬, ૧૬૫ હશે એવું લાગે છે. મને હાલ તો આટલું જ દેખાય છે. તે મકાન ક્યાં આવેલું છે તેની જાણકારી હવે પછી આપીશ.'' થોડા દિવસો પછી ચાર્લ્સ ફરીથી ડોરોથી પાસે ગયો. ડોરોથીએ ફરીથી ધ્યાન લગાવ્યું. તેના મુખ પર સંતોષની રેખાઓ તરવરવા



લાગી. ધ્યાનમાંથી બહાર આવ્યા બાદ તેણે કહ્યું, ''તમારી દીકરી અત્યારે ક્યાં છે તે સ્થાનની મને ખબર પડી ગઈ છે. આપણે મેનહટ્ટન જવું પડશે. ત્યાં ગયા બાદ હું તે સ્થાન શોધી કાઢીશ.'' તેઓ મેનહટ્ટન પહોંચ્યા પછી ડોરોથીએ તેમને એક વિસ્તારમાં કાર લઈ જવા જણાવ્યું. ત્યાં પહોંચીને ડોરોથીએ તેમની કારને એક ગલીમાં વાળવા જણાવ્યું. ગાડીને વાળ્યા બાદ તેઓ સહેજ આગળ વધ્યા ત્યાં એક લાલ દરવાજાવાળું મકાન હતું. તે મકાનનો નંબર હતો ૧૮૯. મકાનની અંદર શોધખોળ કરવામાં આવી. તેમાં એક ભોંયરું હતું. તે ભોંયરાના એક ઓરડામાં ચાર્લ્સ ઈગલની પુત્રી મળી આવી. તેણે જણાવ્યું કે તે સ્વેચ્છાથી ત્યાં રહેવા આવી છે અને તે જે યુવાન સાથે રહે છે તેની સાથે તે લગ્ન પણ કરવાની છે. આ રીતે એલિસનની પુત્રી મળી ગઈ અને મામલો થાળે પડી ગયો.

ઈંગ્લેન્ડના શેફીલ્ડમાં રહેતા શ્રી ડેનિસ હોમ્સની પુત્રી કેસીમાં પણ બાળપણથી અવધિજ્ઞાન શક્તિ હતી. એકવાર તે તેનાં માતા-પિતા સાથે રજાઓ ગાળવા યારમૂથ નામના સ્થાને જઈ રહી હતી. તેઓ તે સ્થાને પહેલી જ વાર જઈ રહ્યાં હતાં છતાં તે આગળના રસ્તાઓ, વિસ્તારો અને મકાનોનું એ રીતે વર્ણન કરતી હતી કે જાણે તે બધાંને તેણે પહેલાં અનેકવાર જોયાં ન હોય! એકવાર કેસી શેફીલ્ડના મુખ્ય રસ્તા પર આવેલા કબ્રસ્તાનમાં તેનાં માતા-પિતા સાથે તેના દાદાની કબર પર ફૂલ ચડાવવા ગઈ. તે સમયે તે અચાનક બોલી ઊઠી, ''અહીં બાજુમાં જ મારા મિત્ર ડેવિડની પણ કબર છે.'' તેનાં માતા-પિતાએ તપાસ કરી તો તેની વાત સાચી પડી. બાજુમાં જ ડેવિડ નામના એક છોકરાની કબર હતી. જો કે તેનું મરણ ત્રણ વર્ષ પહેલાં થયું હતું. અત્યંત નાની વયની કેસીને ડેવિડના મરણની અને તેના મૃતદેહ કઈ કબરમાં છે તેની જાણકારી કેવી રીતે થઈ હશે તે બધાંને મૂંઝવતો પ્રશ્ન બની રહ્યો.

કેસીની પૂર્વજ્ઞાનની શક્તિનો એક કિસ્સો તો અત્યંત નોંધપાત્ર છે. એપ્રિલ ૧૯૭૫ના વિયેટનામ યુદ્ધ દરમિયાન અનાથ બનેલાં બાળકોને એક સ્ટીમર દ્વારા અમેરિકા લાવવામાં આવી રહ્યાં હતાં. કેસી ટેલિવિઝન પર આને લગતા સમાચાર સાંભળી રહી હતી. તેને એકાએક પૂર્વાભાસ

થયો અને તે બોલી ઊઠી, ''ઓહ! અફસોસ! આ બાળકો અમેરિકા આવી નહિ શકે. તે જે જહાજમાં આવી રહ્યાં છે તેને અકસ્માત થવાનો છે અને તે બધાં જ માર્યાં જવાનાં છે!'' બે દિવસ પછી ખરેખર સમાચાર આવ્યા કે પેલા જહાજને દુર્ઘટના નડવાથી તે નાશ પામ્યું હતું અને તેમાં આવી રહેલાં વિયેટનામનાં બધાં બાળકો મરણ પામ્યાં હતાં. કેસીની ભવિષ્યજ્ઞાનની અદ્‌ભુત શક્તિનું અનેકવાર વિજ્ઞાનીઓ દ્વારા પરીક્ષણ પણ થયું છે, જેમાં તેની શક્તિ સાચી પુરવાર થઈ છે.

આપણા ભૂતપૂર્વ વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના આકસ્મિક મરણની ઘટનાનો પૂર્વાભાસ પણ એક સોવિયેત કન્યાને થઈ ગયો હતો. ઈ.સ. ૧૯૬૫માં લાલબહાદુર શાસ્ત્રી ભારત-પાક. સમજૂતી સંદર્ભમાં તાશકંદ મંત્રણા કરવા રશિયા ગયા હતા. પાકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ અયૂબખાં અને રશિયાના વડા પ્રધાન કોસિજિન સાથે તેમની મુલાકાત અને મંત્રણા યોજાઈ હતી. ભારતનો એક વિદ્યાર્થી ઉદયકુમાર વર્મા તે દિવસો દરમિયાન તાશકંદમાં અભ્યાસ કરી રહ્યો હતો. એક રશિયન વિદ્યાર્થિની જે તેની પડોશમાં રહેતી હતી તેણે તેની પાસે આવીને કહ્યું – ''મારે તમારા વડા પ્રધાન શાસ્ત્રીજીને જોવા છે. તેમને મારે આજે જ મળવું છે. જો આજે નહિ મળી શકાય તો પછી હવે ક્યારેય તેમને મળી નહિ શકાય!'' ઉદયકુમારે કહ્યું, ''કેમ, તું આ પ્રમાણે બોલી રહી છે? તેમને આપણે શાંતિથી મળીશું. અત્યારે તે ખૂબ વ્યસ્ત છે અને મારે પણ આજે બહુ કામ છે.'' પણ પેલી સોવિયેત વિદ્યાર્થિનીએ તેની હઠ





પકડી જ રાખી. તેણે કહ્યું, ''મને એવો પૂર્વાભાસ થયો છે કે લાલબહાદુર શાસ્ત્રીનું તાજેતરમાં જ આકસ્મિક રીતે મરણ થઈ જવાનું છે. જો આજે હું એમને નહિ મળી શકું તો પછી ક્યારેય નહિ મળી શકાય!'' ઉદયકુમારે તેની વાતને હસી કાઢી અને તે તરફ કોઈ ધ્યાન ન આપ્યું. પણ તેની ઈચ્છા પૂરી કરવા તે તેને શાસ્ત્રીજીના એક જાહેર કાર્યક્રમમાં લઈ ગયો. તે જ રાત્રે ૯ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ લાલબહાદુર શાસ્ત્રીનું આકસ્મિક રીતે જ મરણ થઈ ગયું. ઉદયકુમાર વર્માને બીજે દિવસે આ સમાચાર સાંભળવા મળ્યા ત્યારે આશ્ચર્ય, આઘાત અને દુઃખની લાગણીઓમાં તે ડૂબી ગયો. તેને પારાવાર પસ્તાવો પણ થયો. તે વિચારવા લાગ્યો - પેલી પડોસમાં રહેતી સોવિયેત કન્યાની વાત માનીને શાસ્ત્રીજીને તે પૂર્વાભાસની જાણ કરી હોત તો? શું શાસ્ત્રીજી સાવધ અને જાગ્રત રહ્યા હોત? કદાચ મોતને ટાળી શક્યા હોત! જો કે આ જગતમાં કોઈ મોતને ટાળી શકે છે ખરું? છતાં કમ-સે-કમ તેને ટાળવાનો પ્રયાસ તો કરી શકત! અને કેટલાક માને છે તેમ તે નૈસર્ગિક મોત ન હોત અને પૂર્વઆયોજિત હત્યા હોત તો કદાચ તેને ટાળી પણ શકાઈ હોત!

⌘

# મન:પર્યવજ્ઞાન

ભગવાન મહાવીરે કહ્યું છે કે મન એ પુદ્‌ગલમય છે – એક પ્રકારની ભૌતિક વસ્તુ છે. જે આ વસ્તુને જોઈ શકે, તે તેના આધારે અન્ય વ્યક્તિના વિચારોને જાણી શકે છે.

*મણપજ્જવનાણં પુણ જણમણપરિચિંતિયત્થપાગડણં,*
*માણુસખિત્તનિબદ્ધં ગુણપચ્ચઇયં ચરિત્તવઓ ॥*

– નંદીસૂત્ર ॥૮૩॥

લોકોએ મનમાં વિચારેલ અર્થને પ્રગટ કરવો, એ મનઃપર્યાયજ્ઞાન છે. આ જ્ઞાન મનુષ્યક્ષેત્રમાં થાય છે. આ જ્ઞાન ગુણને કારણે ચારિત્રવાન આત્માને થાય છે.

વર્તમાનકાળમાં એ જ્ઞાનનો વિચ્છેદ થયો છે. પણ વિશિષ્ટ અવધિજ્ઞાનથી મનઃપર્યવજ્ઞાનનું કાર્ય પણ થઈ શકે છે. તેથી આજે પણ આ શક્તિ જોવા મળે છે. વ્યક્તિ જેના વિષે વિચાર કરતી હોય, તેના જેવો તેના મનનો આકાર થઈ જાય છે. જેના પરથી તેના મનના વિચારને જાણી શકાય છે. ભગવાન મહાવીરની આ વાણી આજે વિજ્ઞાનીઓને પણ માનવી પડે એમ છે, જેનું કારણ છે એક અદ્‌ભુત પ્રયોગ.

મનની સાકારતાનો પુરાવો.

# વિચારચિત્ર

૮




ઈ.સ. ૧૯૧૦થી ૧૯૧૩ના ગાળામાં જાપાનમાં ટોમોકીચી ફુકુરાઈ નામના એક માનવીએ ફોટોગ્રાફિક પ્લેટ પર વિચારોની આકૃતિ ઉપસાવવાનો વૈજ્ઞાનિક રીતરસમથી પ્રયોગ કર્યો હતો. પરંતુ તે તરફ કોઈએ ખાસ લક્ષ આપ્યું ન હતું. તે પછી ૧૯૬૩ની સાલમાં ટેડ સીરીઓસ નામની એક સાધારણ વ્યક્તિએ આવી શક્તિનું અદ્‌ભુત પ્રદર્શન કરી વિજ્ઞાન જગતમાં જબરી ઊથલપાથલ મચાવી દીધી હતી. વિચારોને ફોટોગ્રાફિક પ્લેટ પર પ્રક્ષિપ્ત કરી આકૃતિ રૂપે ઉપસાવવાની શક્તિ સીરીઓસના મન પર પ્રયોગો ચાલી રહ્યા હતા ત્યારે અનાયાસે વિકસી હતી. સીરીઓસના મોં સામે કોઈ પણ કેમેરા ધરીને ફોટોગ્રાફ લેવામાં આવે તો તેના મોંનો

ફોટો આવવાને બદલે તે જેનો વિચાર કરતો હોય તેનો ફોટો આવી જાય છે!

આ આકૃતિ થોડીઘણી ધૂંધળી હોય છે. છતાં તે શેનું ચિત્ર છે તે સ્પષ્ટ વરતી શકાય છે. પોલેરોઈડ કેમેરાની ઈન્સ્ટન્ટ ફોટોગ્રાફીથી પણ અનેક ફોટાઓ લેવામાં આવ્યા છે, એટલે હાથચાલાકી કે ફોટાની અદલાબદલી થઈ જવા જેવા તરકટને કોઈ સ્થાન રહેતું નથી. આવા પ્રકારના ફોટા માટે ટેડને ઘણીવાર કેમેરાની પણ જરૂર પડી નથી. ફિલ્મ સામે તાકી રહીને પણ તે ધાર્યા મુજબની છબી ઉપસાવી શકે છે.

અને વિજ્ઞાનીઓ અને લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થાઓના બૌદ્ધિકોએ તેની શક્તિને કડક પ્રાયોગિક અખતરા કરીને ચકાસી જોઈ છે. 'ફેકલ્ટી ઓફ ધ યુનિવર્સિટી ઓફ કોલોરાડો મેડિકલ સ્કૂલ' ના સભ્ય અને મનોવિશ્લેષક'

ડો. જુલે ઈસેનબડે સીરીઓસ પર સૌથી વધુ પ્રયોગો કરીને તેની શક્તિને બિલકુલ સાચી જાહેર કરી છે. ઈસેનબડે The World Of Ted Serios નામના પુસ્તકમાં વિગતપૂર્ણ અહેવાલો અને ફોટોગ્રાફસ સાથે તેનાં પ્રાયોગિક સંશોધનો રજૂ કર્યાં છે.





સીરીઓસ અને જહોનેસ એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે એમના રોલમાં એવા ફોટાઓ પડ્યા હતા જેનાથી તેઓ જરાય પરિચિત ન હતા!


સંમોહનશાસ્ત્રીઓના આંત-રરાષ્ટ્રીય સંઘ સાથે જોડાયેલા સ્ટેનલે મિચેલના રસ અને પ્રોત્સાહનથી સીરીઓસની શક્તિ સુવિકસિત થઈ. ૧૯૬૧ના સપ્ટેમ્બર માસમાં શિકાગો અને વોટરટાવરનો વિચાર-ગ્રાફ લેવામાં આવ્યો. જાન્યુઆરી ૧૯૭૨માં સીરીઓસને ભારતનો નકશો જોવાનો અવસર ઊભો થયો. આ ઘટનાને કારણે ભારત સંબંધી ફોટાઓની એક શૃંખલા શરૂ થવા માંડી. એમાં સર્વપ્રથમ 'વિચાર-ચિત્ર' તાજમહેલનું પ્રકટ થયું. એ જ દિવસ તેણે બીજું એક વિચારચિત્ર ફોટોપ્લેટ પર પ્રક્ષિપ્ત કર્યું. તેમાં દશ્યમાન થતો કિલ્લો તાજમહેલમાં નથી. એ પછી બીજા ત્રણ ભારત સંબંધી ફોટાઓ ૧૭ જાન્યુઆરી, ૩ માર્ચ અને ૧૯ માર્ચના રોજ પાડવામાં આવ્યા. તાજમહેલ સિવાયના અન્ય ફોટાઓ ત્યાં સુધી ઓળખી ન શકાયા જ્યાં સુધી યોગ્ય તપાસ કરી એમનાં જેવાં ચિત્રો ભારતનાં ઐતિહાસિક સ્થળો દર્શાવતાં પુસ્તકોમાંથી શોધી કાઢવામાં આવ્યા. એ ત્રણે ફોટાઓ ફતેહપુર સિક્રીની મસ્જિદનું પ્રવેશદ્વાર, બુલંદ દરવાજો અને દિલ્હીના લાલ કિલ્લાના નદીવાને આમથના હતા! તેણે વેસ્ટમીન્સ્ટર એબી અને ડેનવર હીલ્ટન હોટેલનાં ચિત્રો પણ માનસિક શક્તિથી ફોટોપ્લેટ પર ઉપસાવ્યાં હતાં. આ ચિત્રોનો અભ્યાસ કરતાં રસપ્રદ બાબત તો એ જાણવા મળી હતી કે તેમાં દશ્યમાન થતી વિગતો એટલી બધી ઝીણવટભરી હતી કે કોઈ મકાનને ખાલી બહારથી, અમુક ખૂણેથી જોઈ લેવાથી કદી જાણવા ન મળે! સારી એવી ઊંચાઈએથી ફોટા લેવામાં આવ્યા હોય તો જ તેમાં દેખાતી માહિતી, પડછાયા વગેરે સમાઈ શકે! સંશોધકોએ દર્શાવ્યું કે તે ફોટાઓ – Vantage Point (કોઈ સ્થળ કે દશ્યને સરસ સગવડતાભરી રીતે નિહાળવાની જગ્યા) પરથી લેવામાં આવ્યા હોય તેવું જરાય જણાતું નહોતું !

⌘

મનઃપર્યવજ્ઞાનની વિશેષતા એ છે કે તેમાં વિચાર સાક્ષાત્ દેખાતા નથી, પણ મનદ્રવ્યના આકાર દેખાય છે. માટે જ કહ્યું છે - *जाणइ बज्झेऽणुमाणेण* - તેના મનદ્રવ્યનો આકાર એવો છે, તેથી તે વ્યક્તિનો વિચાર આવો હોવો જોઈએ, એમ અનુમાન દ્વારા સામી વ્યક્તિના વિચારોને જાણવામાં આવે છે. જુઓ, આ પ્રસંગમાં શાસ્ત્રવચનનું કેવું પ્રતિબિંબ પડે છે!

# અનુમાનથી વિચારજ્ઞાન

# ૧૦



જાણીતા લેખક કોલિન વિલ્સનને The Supernatural : Mysterious Powers નામના પુસ્તકમાં બહુચર્ચિત ચૈતસિક શક્તિ ધરાવતા ઈઝરાયલી યુરી ગેલર સાથે પોતાની મુલાકાતનું રસપ્રદ બયાન રજૂ કર્યું છે. યુરી ગેલરે પોતાની શક્તિઓનું નિદર્શન પણ કરી બતાવ્યું હતું. પ્રથમ તો તેણે ટેલિપથીની શક્તિ પ્રદર્શિત કરી. તેણે વિલ્સનને એક કોરું કાર્ડ આપ્યું અને કહ્યું કે થોડે દૂર બેસી, તેના પર કોઈ પણ ચિત્ર દોરી હાથ ઢાંકી રાખજો. પછી થોડે દૂર બેસી, તે દેખી ન શકે તેવી રીતે લેખકે વર્ષો પૂર્વે પોતાનાં બાળકોને ખુશ કરવા દોરેલું એક વિચિત્ર પ્રકારનું અમીબાના આકાર જેવું પ્રાણીનું ચિત્ર દોર્યું. યુરીએ લેખકને જે ચિત્ર દોર્યું હોય તેના

વિચારો સંપ્રેષિત કરવા કહ્યું. એકાદ મિનિટ પસાર થઈ ગઈ, પણ કંઈ બન્યું નહિ. તે કંઈક વિમાસણમાં બેસી રહ્યો. પછી તેણે પૂછ્યું – ''શું તે અમીબા જેવું કંઈ છે?'' પછી તેણે બીજું કાર્ડ ઉઠાવ્યું અને કંઈક ખચકાતાં ખચકાતાં તેણે એક ચિત્ર દોરવા માંડ્યું કેમ કે આવું પ્રાણી તેણે પહેલાં કદી જોયું કે વિચાર્યું ન હતું! એમ છતાં એણે ચિત્ર દોર્યું અને લેખકની સામે ધર્યું. લેખકે પોતાનું ચિત્ર અને યુરીએ દોરેલું ચિત્ર સાથે સાથે રાખી સરખાવ્યું તો બન્ને મહદંશે મળતાં આવતાં હતાં. પછી યુરી ગેલરે લેખક શ્રી કોલિન વિલ્સનને ટેલિપથી દ્વારા દૂરથી સંપ્રેષિત ચિત્રને ગ્રહણ કરવા સૂચન કર્યું. લેખક પોતાના મનને વધુ ગ્રહણશીલ બનાવ્યું. લેખક કહે છે કે પહેલાં તો મને કશું સૂઝ્યું નહિ, પણ મારા મનમાં જે કંઈ પહેલાં આવ્યું તેનું મેં ચિત્ર દોર્યું. યુરી ગેલરે પોતાના હાથમાં પકડેલો કાગળનો ટુકડો લેખક સામે ધર્યો. લેખકે જોયું તો ખરેખર તેમણે દોરેલ પ્રતીકની અવળી આકૃતિ હતી! આ સંદર્ભમાં એ બાબત બહુ મહત્ત્વપૂર્ણ છે, કેમ કે યુરી ગેલર ડાબોડી છે, વિચાર સંપ્રેષણના આવા અનેક પ્રયોગો થયા છે. એક પ્રયોગકર્તા જુદા ઓરડામાં બેસી ખુરશીનું ચિત્ર દોરે છે. અને તેના વિચારો યુરી તરફ પ્રેષિત કરે છે. ગેલર તેના વિચારોને ઝીલી ખુરશીનું ચિત્ર દોરે છે. બન્ને ચિત્રોને સરખાવવામાં આવે છે તો ખુરશીનું ચિત્ર લગભગ એકસરખું આવે છે.



**કદાચ કોઈને શંકા થાય કે અનુમાનથી વળી વિચારોને શી રીતે જાણી શકાય? આગમસૂત્ર એનો સરળ શૈલીમાં જવાબ આપે છે -**

*जाणइ पिहुजणो वि हु फुडमागारेहि माणसं भावं ।*
*एमेव य तस्सुवमा मणदव्वपगासिए अत्थे ॥*

– બૃહત્કલ્પસૂત્ર

**જેમ સામાન્ય માણસ ચહેરાના આકારથી માનસિક વિચારોને સ્પષ્ટપણે જાણી શકે છે, તેમ મનઃપર્યવજ્ઞાની મનદ્રવ્યના આકાર પરથી માનસિક ભાવને જાણી લે છે. આમાં અનુમાન એ બંનેમાં તુલ્ય છે. ફરક એટલો કે એકમાં અનુમાનનો આધાર ચહેરાના હાવ-ભાવ છે, બીજામાં અનુમાનનો આધાર ભૌતિક વસ્તુરૂપ મન છે.**

# અગાધ શ્રુતજ્ઞાની ચૌદ પૂર્વધરો

પાંચ પ્રકારના જ્ઞાનમાં એક જ્ઞાન છે, શ્રુતજ્ઞાન. ઉત્કૃષ્ટ શ્રુતજ્ઞાનમાં ચૌદ પૂર્વોનો સમાવેશ થાય છે. આ ચૌદ પૂર્વો વિરાટકાય શાસ્ત્રો હોય છે. આ શાસ્ત્રોનું પ્રમાણ આ પ્રમાણે છે –

*उप्पाये पयकोडी अग्गेणीयंमि छन्नउइलक्खा*
*विरियंमि सयरिलक्खा सट्ठिलक्खा उ अत्थिनत्थिम्मि ॥*

*एगयऊणा कोडी नाणपवायंमि होइ पुव्वंमि ।*
*एगा पयाण कोडी छच्च सया सच्चवायंमि ॥*

*छव्वीसं कोडीओ आयपवायंमि होइ पयसंखा ।*
*कम्मपवाए कोडी असीतीलक्खेहिं अब्भहिया ॥*

*चुलसीइ सयसहस्सा पच्चक्खाणंमि वन्निया पुव्वे ।*
*एक्का पयाण कोडी दससहसहिया य अनुवाए ॥*

*छव्वीसं कोडीओ पयाण पुव्वे अवंझनामंमि ।*
*पाणाउम्मि य कोडी छप्पणलक्खेहिं अब्भहिया ॥*

*नवकोडीओ संखा किरियविसालम्मि वन्निया गुरुणा ।*
*द्धतेरस लक्खा पयसंखा बिंदुसारम्मि ॥*

– સ્થાનાંગસૂત્ર ॥૨૭૬॥ વૃત્તિ

ઉત્પાદ પૂર્વમાં – ૧ કરોડ પદ
અગ્રાયણી પૂર્વમાં – ૯૬ લાખ પદ
વીર્યપ્રવાદ પૂર્વમાં – ૭૦ લાખ પદ
અસ્તિપ્રવાદ પૂર્વમાં – ૬૦ લાખ પદ
જ્ઞાનપ્રવાદ પૂર્વમાં – ૯૯ લાખ પદ
સત્યપ્રવાદ પૂર્વમાં – ૧ કરોડ છ–સો પદ
આત્મપ્રવાદ પૂર્વમાં – ૨૬ કરોડ પદ

કર્મપ્રવાદ પૂર્વમાં – ૧ કરોડ ૮૦ લાખ પદ
પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વમાં – ૮૪ લાખ પદ
વિદ્યાનુપ્રવાદ પૂર્વમાં – ૧ કરોડ ૧૦ હજાર પદ
અવન્ધ્ય પૂર્વમાં – ૨૬ કરોડ પદ
પ્રાણાયુ પૂર્વમાં – ૧ કરોડ ૫૬ લાખ પદ
ક્રિયાવિશાલ પૂર્વમાં – ૯ કરોડ પદ
લોકબિંદુસાર પૂર્વમાં – ૧૨ લાખ ૫૦ હજાર પદ

આ વિરાટ પ્રમાણના શાસ્ત્રો ક્યાંય લખવામાં કે મુદ્રિત કરવામાં આવતા ન હતા. ગુરુ–શિષ્ય પરંપરા દ્વારા આ જ્ઞાન આગળની પેઢીઓને મળતું રહ્યું. જ્યારે એવી વિશિષ્ટ મેધા–ધારણાશક્તિ ન રહી ત્યારે એ શ્રુત ઓછું થતું ગયું. અને અંતે એનો વિચ્છેદ થઈ ગયો. પણ એક સમયે આવું વિરાટ શ્રુતજ્ઞાન વિદ્યમાન હતું અને તેના ધારક મહાજ્ઞાની મહાત્માઓ હતાં, એમ જૈન શાસ્ત્રો કહે છે. આ શાસ્ત્રો પર કોઈ શંકા કરી શકે તેમ નથી. કારણ કે...


⌘

# મનુષ્ય-મગજ અગાધ શક્તિ ધરાવે છે

# ૧૧



મનુષ્યમગજ પર સંશોધન કરનારા શરીરવિજ્ઞાનીઓ કહે છે કે મગજના 'સેરિબ્રલ કોર્ટેક્સ' માં આવેલા યાદશક્તિનું કાર્ય કરતા કોષો એટલા વિપુલ પ્રમાણમાં છે કે તે ૧ સેકંડમાં ૧૪,૦૦૦, ૦૦૦૦૦૦૦ X ૫૦૦૦૦૦૦ જેટલા છાપેલાં પાનાં યાદ રાખવાની ક્ષમતા ધરાવે છે. જો મનુષ્ય જાગૃતપણે જ્ઞાનવર્ધનમાં સાવધતા રાખે અને અત્યંત રુચિપૂર્વક તેને ગ્રહણ કરવાનો રસ રાખે તો ૭૫ વર્ષની ઉંમર સુધીમાં તેના સ્મૃતિપટ પર આશરે ૫૦ કરોડ ખર્વ સૂચનાઓ, જાણકારીઓ, ચિત્રો વગેરે અંકિત થઈ જાય છે. એમાંની મોટાભાગની મગજના કોઈ અજ્ઞાત ક્ષેત્રમાં તિરોહિત થઈ જાય છે પણ નાશ પામતી નથી. સ્મૃતિ-પટલ



પર અંકિત થયેલી અને ભુલાઈ ગયેલી આ માહિતીઓને અમુક સ્થિતિમાં ફરીથી આવિર્ભૂત કરી પુનઃ સ્મૃત કરાવી શકે છે.

⌘

**આવી શક્તિના કેટલાક ઉદાહરણો જોઈએ.**

# મગજ કે કોમ્પ્યુટર?

# ૧૨



લિથુયાનિયાનો રેવી એલિજા અદ્‌ભુત યાદશક્તિ ધરાવતો હતો. તેને આશરે ૨૦૦૦ પુસ્તકો પૂરેપૂરાં કંઠસ્થ હતાં અને ગમે ત્યારે તેને તેમનામાંથી કંઈ પણ પૂછવામાં આવે ત્યારે તેને તે બોલી બતાવતો હતો. કેટલીક વાર તો આખું પુસ્તક પણ તે તેના યોગ્ય ક્રમમાં કડકડાટ બોલી બતાવતો. ફ્રાંસના એક રાજપુરુષ લિયાન ગેમ્વાય પણ અદ્‌ભુત સ્મરણશક્તિ ધરાવતો હતો. વિક્ટર હ્યુગોની રચનાઓ તેને બેહદ પસંદ હતી. તેના કોઈ પણ પુસ્તકમાંથી કંઈ પણ પૂછવામાં આવે તો તે કડકડાટ બોલી બતાવતો હતો. તેને તે પૃષ્ઠ નંબર સાથે યાદ રહેતું.

જર્મનીનો મેથુરિન બેરિસે નામનો લાઈબ્રેરિયન બીજાએ ઉચ્ચારેલાં વાક્યોનું હૂબહૂ પુનરાવર્તન કરી શકતો હતો. જે ભાષાઓ તેને આવડતી ન હોય તેનાં વાક્યો

પણ તે યાદ રાખી શકતો અને તેમને બોલી બતાવતો. એકાદબે વાક્યોની વાત હોય તો તો સમજાય પણ તે તો સેંકડો વાક્યો કડકડાટ બોલી બતાવતો. એક વાર જુદી જુદી ૧૨ ભાષાઓ બોલતા લોકોને એકઠા કરી તેમની વચ્ચે વાર્તાલાપ કરાવ્યો. મેથુરિનને તે વખતે હાજર રાખવામાં આવ્યો. વાર્તાલાપ પૂરો થયા બાદ મેથુરિને તે બારેબાર લોકોના તેમની ભાષાઓમાં બોલાયેલાં તમામ વાક્યોને વારાફરતી બોલી બતાવ્યાં હતાં. આમ તે અનેક અવધાન પણ રાખી શકે છે અને સાંભળેલું સ્મરણમાં પણ રાખી શકે છે. ચેસ ચેમ્પિયન તરીકે જાણીતો અમેરિકાનો ચેસ ખેલાડી હેરી નેલ્સન પિલ્સબરી એકસાથે વીસ ખેલાડીઓની ચાલને યાદ રાખી તેમને માર્ગદર્શન આપી શકતો હતો. આ બધું





તે અત્યંત ઝડપથી અને સ્ફૂર્તિથી કરતો. આમાં તેને કોઈ તકલીફ પડતી નહોતી. તેના માર્ગદર્શન પ્રમાણે ચાલનારા ખેલાડીઓ હંમેશ વિજેતા બનતા.

જાપાનના મુસાશી પ્રાંતમાં રહેનારો માણસ સાત વર્ષની ઉંમરે અંધ થઈ ગયો હતો, પરંતુ તેણે વિદ્વાન લોકોને બોલાવીને ભણવાનું ચાલું રાખ્યું. તે અત્યંત મેધાવી હતો અને અસાધારણ સ્મરણશક્તિ ધરાવતો હતો. તે ૪૦૦૦૦૦ હસ્તલિપિની વિષયસૂચી તૈયાર કરી શકતો હતો. તેણે એક એવું બૃહદ્ પુસ્તક તૈયાર કર્યું જેના ૨૮૨૦ વિભાગો હતા. આટલું મોટું પુસ્તક દુનિયામાં હજુ સુધી કોઈએ લખ્યું નથી. આમાંની મોટા ભાગની વિગતો તેને યાદ હતી.

આપણા પૂર્વજો આપણા કરતાં વધુ સ્મરણશક્તિ ધરાવતા હતા. તેમની પાસે છાપવાની સગવડ નહોતી તેથી મહત્ત્વનું જ્ઞાન કંઠસ્થ કરી પેઢી-દર-પેઢી તેને આગળ ધપાવતા હતા. તેમને ગ્રંથોના ગ્રંથો મોઢે રહેતા. તેમની પાસે જરૂર એવી પદ્ધતિ હશે જેનાથી તે આટલું બધું યાદ રાખી શકતા હતા.

⌘


Crafted
IN 1846

# સંભિન્નશ્રોતલબ્ધિ

**આંખથી જોઈ શકાય છે, કાનથી સાંભળી શકાય છે. પણ શું કાનથી જોઈ શકાય ખરું? જિનાગમ જવાબ આપે છે હા. જો સંભિન્નશ્રોતલબ્ધિ પ્રાપ્ત થાય, તો આ શક્ય બની શકે.**

*श्रोतांसि - इन्द्रियाणि सम्भिन्नानि*
*एकैकशः सर्वविषयैर्यस्य सः ।*
*एकतरेणापीन्द्रियेण समस्तापरेन्द्रिय-*
*गम्यान् विषयान् यो मुणत्यवगच्छति*
*स सम्भिन्नश्रोता इत्यर्थः ।*

- આવશ્યકચૂર્ણિ

**જેની એક એક ઈન્દ્રિયો સર્વ વિષયોથી સંભિન્ન છે તે. અર્થાત્ જે બધી ઈન્દ્રિયોથી જાણી શકાય તેવા વિષયોને એક ઈન્દ્રિયથી પણ જાણે છે તે સંભિન્નશ્રોત લબ્ધિનો ધારક છે.**

**વિશ્વાસ થતો નથી ને? જોઈ લો આ આધુનિક ઉદાહરણો...**

# આંગળીનાં ટેરવાંથી રંગો પારખતા અને વર્તમાનપત્રો વાંચતા માનવીઓ

# ૧૩



આંગળીનાં ટેરવાં જોઈ શકે, વાંચી શકે અને રંગો પણ ઓળખી શકે છે. જો કે આ વાત પ્રથમ તબક્કે ટાઢા પહોરનાં ગપ્પાં જેવી જ લાગે! પણ હકીકતમાં ઊંડાણમાં ઊતરીએ અને તેની પાછળ રહેલી વૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિના કાર્યફલકને તપાસીએ એટલે એમાં શંકા કરવાને કોઈ સ્થાન રહેતું નથી. જીવનનું આ પણ એક અદ્‌ભુત આશ્ચર્ય છે! આવી શક્તિ ધરાવનાર એક રશિયન છોકરીનું નામ છે રોઝા કુલેશોવા. સોવિયેત અખબારોમાં, વિજ્ઞાન સામયિકોમાં અને પુસ્તકોમાં તેની આ શક્તિ વિષે સારી એવી ચકચાર જામી હતી. તેના પર અનેક પરીક્ષણો અને પ્રયોગો પણ થયાં છે.

રોઝા કુલેશોવાની આંખો પર પાટા બાંધીને તેની આવી શક્તિની વિજ્ઞાનીઓએ કડક પરીક્ષા કરી હતી. તેણે એક વર્તમાનપત્ર પર આંગળીનાં ટેરવાં ફેરવી તે વાંચી

બતાવ્યું હતું. પછી સંશોધન કરનાર વિજ્ઞાનીઓએ તેને એક ફોટોગ્રાફ આપ્યો હતો. રોઝાએ બંધ આંખોએ અને આંખે પાટા બાંધેલ સ્થિતિમાં માત્ર તેના પર આંગળીનાં ટેરવાં ફેરવીને તે ફોટો કોનો હતો તે કહી બતાવ્યું હતું અને તે વ્યક્તિનો પોઝ અને દેખાવ પણ કહી બતાવ્યા હતા. કેટલાંક રંગીન ચિત્રોને કાચ, સેલોફેન કે પાતળા કાગળથી ઢાંકીને તેને આપવામાં આવ્યાં ત્યારે પણ તેણે તેમના પર આંગળીના ટેરવાં ફેરવીને તે રંગીન ચિત્રો કયા રંગથી દોરાયેલાં છે તે જણાવી દીધું હતું!

ઉરલ્સ (Urals) નગરમાંથી મોસ્કો આવેલી એ છોકરી પર ઘણાબધા પ્રયોગો થયા. આવા જ એક પ્રયોગ દરમિયાન એક બંધ પેટીમાં હાથ નાંખી તેમાંથી રંગીન દોરાઓ સહેજ પણ ભૂલ કર્યા વિના, માત્ર ટેરવાંના સ્પર્શથી રંગ ઓળખી બહાર કાઢી બતાવ્યા. તે જ રીતે તેમાં રાખવામાં આવેલાં પત્તાં તેનાં રંગ પરથી ઓળખી બહાર કાઢી બતાવ્યાં હતાં. ટપાલની એક ટિકિટ પર દોરાયેલું ચિત્ર કોનું છે તે પણ તેણે કહી આપ્યું હતું. તેણે એક ચિત્રની સ્ત્રીને તેના કાનના એરિંગ (ear-ring) પરથી ઓળખી બતાવી હતી!

વિજ્ઞાનીઓના પ્રયોગોએ એ સાબિત કર્યું કે રોઝાની આ શક્તિ પાછળ પ્રવૃદ્ધ સ્પર્શ સંવેદનક્ષમતા (increased tactility), પ્રવૃદ્ધ ઉષ્માસંવેદન ક્ષમતા (increased heat sensitivity) કે મનોસૂચનો (mental suggestion) જેવી બાબતો કામ કરતી નથી. તેના ટેરવાં, ખરેખર, આંખોની જેમ જ, પ્રકાશ સંવેદનશીલ છે અને તે જોઈ-વાંચી શકે છે! રશિયન વર્તમાનપત્ર ઈઝવેસ્તીયાએ U.S.S.R. ની વિજ્ઞાન અકાદમીએ કરેલા પ્રયોગની ઘણીબધી વિગતો રજૂ કરી હતી. પ્રકાશ સંવેદનશીલતાને લગતી ઘણી બાબતો Biophysics Institute દ્વારા પણ ચકાસવામાં આવી હતી. રશિયન વિજ્ઞાનીઓને પહેલાં તો એવું લાગ્યું કે રોઝાની આંગળીનાં ટેરવાં પ્રકાશ સંવેદનશીલતા અનુભવતાં નહિ હોય, પણ ઉષ્મા સંવેદનશીલતા અનુભવતા હશે.

આ અનુમાનની યથાર્થતા સિદ્ધ કરવા તેમણે પ્રયોગ પણ કરી જોયો. કાચના પડદા ઉપર એક ફોટો પાડવામાં આવ્યો અને બીજી કેટલીક બાબતો પણ પડદા પર પ્રકાશિત કરવામાં આવી. રોઝાએ આંગળીના ટેરવાંથી જ સાચી માહિતી જણાવી દીધી. પડદા પર જે કંઈ ગ્રહણ કરાય છે તેની પ્રકાશ-છાયામાં ફેરફાર રહેતો હોય છે. કેટલીક બાબતો પ્રકાશિત હોય છે તો કેટલીક અંધકારમય. જે સપાટી પ્રકાશિત હોય તેના પર પ્રકાશનાં કિરણો વધુ પ્રમાણમાં પડેલાં હોય તે તો સ્વાભાવિક છે. આ ઉપરથી એવું તારણ કાઢી શકાય કે જે ઓછી પ્રકાશિત સપાટી છે તેના કરતાં વધારે પ્રકાશવાળી જે સપાટી હોય તેનું ઉષ્ણાતામાન પણ વધુ જ હોય. કદાચ, એવું બનતું હશે કે રોઝાની





આંગળીનાં ટેરવાં ઓછા ઉષ્ણાતામાન પ્રત્યે સંવેદનશીલ હોવાથી સપાટી પરના જુદા જુદા ઉષ્ણાતામાનના ભેદને પારખી વાંચી શકાતા હશે! આવું બને છે કે કેમ તે જાણવા વિજ્ઞાનીઓએ પ્રયોગ પણ કર્યા. તેમણે એવા યંત્રો બનાવ્યાં જે ઈન્ફ્રારેડ કિરણોને રોકી લે અને તેને પડદા પર પડવા જ ન દે! આથી પડદા પર આવતી ઉષ્ણતા ગળાઈ જાય. આવી રીતે પડદા પર ફોટાઓ પાડવામાં આવ્યા તો પણ રોઝાએ આંગળીના ટેરવાંથી તેમની બધી વિગતો બરાબર જણાવી દીધી. એટલે વિજ્ઞાનીઓનું ઉષ્મા સંવેદનશીલતાવાળું અનુમાન પણ ખોટું પડ્યું.

રોઝા આંગળીના ટેરવાંથી કેવી રીતે વાંચી શકે છે કે રંગો પારખી શકે છે તે એક અકળ રહસ્ય બની રહ્યું. શરીરવિજ્ઞાન કહે છે કે આપણે જુદા જુદા રંગો જોઈ શકીએ છીએ તેનું કારણ આંખ સાથે જોડાયેલા શંકુઓ છે. આ શંકુઓ ન હોય તો આપણે રંગોને ઓળખી ન શકીએ. દરેક શંકુઓને ત્રણ ગ્રાહકો (receptors) હોય છે. એવું જોવામાં આવ્યું છે કે લાલ, લીલો અને વાદળી એ ત્રણ રંગો શંકુઓના ગ્રાહકો પર વિશેષ અસર પેદા કરે છે. શંકુના અમુક ગ્રાહકો અમુક રંગ માટે વધારે અસર દર્શાવે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને પણ રોઝા પર પ્રયોગો કરવામાં આવ્યા. તેની રંગસંવેદના સાથે સંકળાયેલી પ્રતિક્રિયાના ગ્રાફ પણ તૈયાર કરાયા. એના ઉપરથી એવું સાબિત થયું કે જેમ સાધારણ વ્યક્તિની આંખ પાસે રંગસંવેદના ઝીલતા શંકુઓ છે તેમ રોઝાની આંગળીઓ પાસે રંગસંવેદના ગ્રહણ કરતાં શંકુના ગ્રાહકો છે! એટલે એમ કહેવું જરા પણ ખોટું નથી કે રોઝાની આંગળીઓનાં ટેરવાં જોઈ શકે છે! બીજા શબ્દોમાં કહીએ તો તેની આંગળીઓની ટેરવાં 'આંખો' જ બની ગઈ છે! ધ્યાનમાં રહે, આંધળા માણસો 'બ્રેઈલ લિપિ' વાળું લખાણ ટેરવાંના સ્પર્શથી વાંચે છે એવી કોઈ વાત અહીં અલંકારિક રીતે કહી નથી! શરીરવિજ્ઞાનની ભાષામાં રોઝા વિશે કહેવાયું છે – "She has a cutaneooptic sense."

શેઝાના કિસ્સા પછી એ પ્રકારના બીજા અનેક કિસ્સા પ્રકાશિત થયા. શેઝા પર પ્રયોગો કરનાર અબ્રામ સેમ્યોનોવિચ નોવોમિસ્કી (Abram Semoyonovich Novomeisky) નામના વિજ્ઞાનીએ 'નીઝની તાગિલ સેકન્ડરી આર્ટ સ્કૂલ'ના વિદ્યાર્થીઓ પર થોડા પ્રશિક્ષણ કાર્યક્રમો અને પ્રયોગો કર્યા. પ્રયોગોને અંતે તેમણે જોયું કે આંખોને ઈજા થવાને કારણે જે લોકો અંધ બન્યા હોય તેઓ ટેરવાંથી રંગો પારખી શકે છે પણ મગજના દૃષ્ટિ કેન્દ્રમાં ઈજા થવાને કારણે અંધ બન્યા હોય તેવા લોકો આંગળીનાં ટેરવાંથી રંગો પારખવાનું કામ કરી શકતા નથી. નોવોમિસ્કીએ એક પ્રયોગ દરમિયાન સાત વર્ષ પૂર્વે આંખોને ઈજા થવાથી અંધપણું આવ્યું હતું તેવા એક પ્રયોગપાત્રને રૂપેરી રંગનો કાગળ આપી તેનો કયો રંગ છે તે જણાવવા કહ્યું. તે પ્રયોગપાત્રે કાગળની સપાટી પર પોતાના ટેરવાં ફેરવી કહ્યું – "It is something whitish, like grey. No, It is the colour of metal: It is steel blue" ''રી-રેડ'' રંગનો કાગળનો ટુકડો આપવામાં આવ્યો અને તેને સ્પર્શીને તેનો રંગ કયો છે તે જણાવવા કહેવામાં આવ્યું. તેણે આંગળીના ટેરવાંથી તેનો સહેજ સ્પર્શ કરીને કહ્યું – "This is something close to red, It is cherry coloured, it is the colour of unripe cherries." પણ સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે તેણે કાગળના રંગ આંગળીનાં ટેરવાં અડકાડીને જ નહિ, પણ તેનાથી એક મીટર દૂર હાથ રાખીને પણ ઓળખી બતાવ્યો હતો!

⌘

**સ્પર્શનેન્દ્રિય (ચામડી) ચક્ષુઈન્દ્રિયનું કાર્ય કરી શકે, એનું આ ઉદાહરણ હતું. આ રીતે શ્રોત્રેન્દ્રિય (કાન) પણ આંખનું કાર્ય કરી શકે, એવું ઉદાહરણ જોઈએ.**



# મેં કાનથી જોયું!!!

## ૧૪



૧૨ વર્ષનો ચીની છોકરો ટેન્ગ યુ એના મિત્રો સાથે રમતો હતો. રમતાં રમતાં તે બેધ્યાનપણે એક રાહદારીને અથડાઈ ગયો. તેના કાન એ રાહદારીના કોટને અડક્યા જ હતા ત્યાં તેને કોટની અંદરના ખિસ્સામાં રાખેલું એક સિગારેટનું પેકેટ અને તેના પરનું નામ દેખાયા. તેણે પેલા રાહદારીને કહ્યું – 'તમારા ખિસ્સામાં ફ્લાઈંગ વાઈલ્ડ ગુઝ સિગારેટનું પેકેટ છે?' પેલો માણસ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો અને કહેવા લાગ્યો – 'તને કેવી રીતે ખબર પડી?' તેણે કહ્યું – 'મારા કાનથી મને દેખાયું!' તેની બાજુમાં ઊભો રહેલો માણસ ખડખડાટ હસવા લાગ્યો. તેણે કહ્યું – 'છોકરા, તું મજાક સારી કરી શકે છે!' ટેન્ગ યુએ કહ્યું – 'આ કોઈ

મજાક નથી. હું મારા કાનથી જોઈ શકું છું. પહેલાં પણ આવું ઘણીવાર બન્યું છે. મને ખાતરી થઈ ગઈ છે. તમારે ખાતરી કરવી હોય તો હું તૈયાર છું.' પેલા માણસે થોડે દૂર જઈ એની પીઠ ફેરવી એક કાગળ પર કંઈક લખ્યું. પછી કાગળને ગડીઓ વાળી ખિસ્સામાં મૂકી દીધો. ટેન્ગ યુ પાસે પાછા આવી તેણે કહ્યું – 'ચાલ, તારી શક્તિનો પરચો મેળવીએ.' તેણે પોતાના ખિસ્સામાંથી જાડો રૂમાલ કાઢ્યો અને તેની આંખ પર બાંધી દીધો. પછી ખિસ્સામાંથી પેલો કાગળ કાઢ્યો અને તેની ગડીઓ ખોલી ટેન્ગ યુના કાન પાસે ધર્યો. ટેન્ગ યુએ તેણે જે લખ્યું હતું તે કડકડાટ વાંચી કાઢ્યું. પેલો માણસ હજુ માનવા તૈયાર નહોતો. તેણે પોતાના ખિસ્સામાંથી પોતાની અંગત ટેલિફોન નંબરની ડાયરી કાઢી. તેનું જે પાનું તે ટેન્ગના કાન પાસે ધરતો તેનાં બધાં નામ અને ટેલિફોન નંબરો તે આંખેથી વાંચતો હોય તેમ બોલી જતો. એ નામ અને નંબરો કઈ સહીથી લખાયેલા છે તે અને તેમની આગળ તેણે કેવી નિશાનીઓ કરી છે તે પણ તેણે કહી દીધું. હવે પેલા માણસને એ સ્વીકાર કરવો જ પડે તેમ હતો કે ટેન્ગ યુ કાનથી જોઈ શકે છે. તે માણસ સ્થાનિક વર્તમાનપત્ર sichuan Daily નો પત્રકાર હતો. તેણે આ બાબત તેના વર્તમાનપત્રમાં છાપી.

ટેન્ગ યુની શક્તિ વિષે પ્રકટ થયેલા એ અહેવાલે રૂઢિચુસ્ત વિજ્ઞાનીઓને અકળાવ્યા. તથાકથિત રેશનાલિસ્ટોને બૂમબરાડા પડાવ્યા. વર્તમાનપત્રમાં તંત્રીના માથે માછલાં ધોવાયાં. છતાં પત્રકાર અને તંત્રી પોતાની વાતને વળગી રહ્યા અને ટેન્ગ યુની શક્તિની જેને ખાતરી કરવી હોય તે પોતાની જેમ કરી શકે છે તેવું આહ્વાન આપ્યું. ઘણા ખાતરી કરવા દોડી આવ્યા અને આને લગતો જાહેર કાર્યક્રમ પણ ગોઠવાયો, જેમાં ટેન્ગ યુની શક્તિ સાચી સાબિત થઈ. સ્પર્શનેન્દ્રિય તો સમગ્ર ત્વચા પર વ્યાપ્ત છે. તેથી આંગળીના ટેરવા સિવાય, અન્ય ભાગોથી પણ દર્શન થવું જોઈએ ને? આ પ્રશ્નનો જવાબ હવે આવે છે. માર્ચ ૧૯૭૯માં પ્રકાશિત થયેલા એ અહેવાલ બાદ સમગ્ર ચીનમાંથી એવા અનેક બાળકો બહાર આવ્યા જેમનામાં આવી શક્તિઓ હતી. એમાં એવા અનેક બાળકો હતા જે કાનથી જ નહીં પણ શરીરના બીજા ભાગો જેવાં કે કપાળ, ગાલ, હાથના બાવડા, પગ અને નિતંબથી પણ જોઈ શકતા હતા. ૨૫ વર્ષની એક યુવતી તો તેના શરીરના ૫ જુદા જુદા ભાગોથી એક જ સમયે જરા પણ ભૂલ કે ગોટાળો કર્યા સિવાય ૫ પ્રકારનું જુદું જુદું લખાણ એકસાથે વાંચી શકતી હતી. ૯ વર્ષની એક છોકરી તો તેના શરીરના ૧૦ ભાગોમાંથી જોવાની શક્તિ ધરાવતી હતી.

આ દાવાઓની સચ્ચાઈને પરખવા દેશના અગ્રગણ્ય વિજ્ઞાનીઓ અને ડૉક્ટરો મેદાને પડ્યા. શાંઘાઈના વિજ્ઞાન સામયિક Natureના ઉપક્રમે ૪/૨/૧૯૮૦ થી ૧૦/૨/૧૯૮૦ સુધીમાં શાંઘાઈ ખાતે આવી શક્તિ ધરાવતા બાળકો અને યુવાનો પર સેંકડો પ્રયોગો કરવામાં આવ્યા. આમ તો આવી શક્તિ ધરાવનારા સેંકડો ઉમેદવારો હતા પણ તેમાંથી સર્વાધિક શ્રેષ્ઠ જણાયા તેવા ૧૪ ઉમેદવારો પસંદ કરાયા. નામાંકિત વિજ્ઞાનીઓ, ડૉક્ટરો, ન્યાયાધીશો, વકીલો, પોલીસ કમિશનરો અને અધિકારીઓ, રાજકીય હકૂમત ધરાવતા ઉચ્ચ સત્તાધીશો વગેરેથી બનેલા ૨૦૦૦ લોકોના ઓડિયન્સ સામે કડક વૈજ્ઞાનિક નિયંત્રણ હેઠળના પ્રયોગોની હારમાળા યોજાઈ. 'શાંઘાઈ સાયન્સ એન્ડ એજ્યુકેશન સ્ટુડિયો' દ્વારા આ પ્રયોગોના ૧૦ સેશન્સની ફિલ્મ પણ ઉતારવામાં આવી. પ્રયોગ પાત્રોને હૉલની મધ્યમાં બેસાડવામાં આવતા અને તેમની પાછળ પણ એક મોનિટર રાખવામાં આવ્યું હતું, જેથી કાંઈ હાથચાલાકી કે યુક્તિ કરવામાં આવતી હોય તો પકડાઈ જાય. તેમની શક્તિને પરખવાના નિયત પ્રયોગો ઉપરાંત ઓડિયન્સમાંથી કોઈ પણ વ્યક્તિ હૉલની બહાર જઈ કાગળમાં કંઈક લખીને અથવા દોરીને તેને જાડા કવરમાં કે અપારદર્શક બેગમાં મૂકીને તે બાળકોને આપી શકતા. તે બાળકો આંખે પાટા બાંધેલ સ્થિતિમાં પોતાના શરીરના જે તે જોવાની ક્ષમતા ધરાવતા ભાગથી તેને જોઈ કે વાંચી બતાવતા. છઠ્ઠી ફેબ્રુઆરીએ લેવાયેલા એક પ્રયોગ દરમિયાન નાનકડી જીઆન્ગ યાને આંખો પર અનેક પાટા અને આવરણો લગાવ્યાં પછી તેને આપવામાં આવેલા કાગળ પર આંગળીનાં ટેરવાં ધરીને કહી દીધું હતું – 'આ લીલા રંગનો કાગળ છે. તેમાં પીળાં રંગના કેળાની લૂમ દોરવામાં આવી છે.' તેમાં કેટલી સંખ્યા ધરાવતાં કેળાં છે તે પણ તેણે જણાવી દીધું હતું. નામાંકિત વિજ્ઞાનીએ કબૂલ કર્યું કે તેણે થોડી ક્ષણો પહેલાં જ હૉલની બહાર જઈને આ વિષય વિચાર્યો હતો અને તેનું ચિત્ર દોરીને કવરમાં મૂકીને તે લાવ્યો હતો. આ વખતે તેની બાજુમાં કોઈ જ ઊભું નહોતું તેની પણ તેણે ખાતરી કરી લીધી હતી. તે દિવસે છ બાળકો પર પ્રયોગો કરાયા હતા જેમને ૩ જુદા જુદા કાગળો વાંચવા માટે આપ્યા હતા. દરેકે પોતાની પદ્ધતિ પ્રમાણે તે વાંચી બતાવ્યા હતા. કોઈકે કપાળથી કોઈકે ગાલથી, કોઈકે પગથી તો કોઈકે બાવડાથી તે વાંચી કાઢ્યા હતા. આ પ્રયોગો દરમિયાન ૧૮માંથી ૧૭ નિદર્શનો સાચાં પડ્યાં હતાં.

⌘

# સ્વપ્નસંકેત

**પરલોકમાં સદ્ગતિ મળે, એ માટે મરણ સમયે વિશિષ્ટ ધર્મનું આચરણ કરવું જોઈએ, એવું જિનાગમમાં કહ્યું છે. પણ મરણ - સમયને જાણવો શી રીતે? આના ઉત્તરમાં કહ્યું છે -**

*णाणं चागम - देवय - पइहा - सुमिणंधराऽविद्धिओ ।*
*णासऽच्छि - तारगादंसणाओ कण्णग्गऽसवणाओ ॥*

- યોગશતક ॥૯૭॥

**મરણના સમયનું જ્ઞાન કરવા માટે અહીં આગમ આદિ અનેક માધ્યમ જણાવ્યા છે. જેમાંથી એક માધ્યમ છે સ્વપ્ન.**

# થોમસનો થરથરાટ





પીટર એલ્ડિન નામના લેખકે તેના ‘Mystries and Phenomena’ નામના પુસ્તકમાં એક અદ્‌ભુત ઘટનાનું વર્ણન કર્યું છે. આ ઘટના અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ હતી. ઈ.સ. ૧૭૭૯માં લોર્ડ થોમસ લાઈટ લેટને એક ડરામણું સ્વપ્ન જોયું. તેમણે સ્વપ્નમાં જોયું કે ત્રણ દિવસ પછી રાત્રે ૧૨ વાગે તેમનું મરણ થઈ જશે. આ સ્વપ્નથી તે ખૂબ વ્યાકુળ થઈ ગયા. તેમણે પોતાના સંબંધીઓ અને મિત્રોને પણ આના વિષે વાત કરી. તેમણે સમજાવ્યું કે આનાથી કંઈ ડરવાની જરૂર નથી. આવાં સ્વપ્નો તો અવારનવાર આવ્યાં કરતાં હોય છે. આનાથી આટલા બધા પરેશાન થવાનું ન હોય. તમને કંઈ જ થવાનું નથી. છતાં લોર્ડ થોમસના મગજમાંથી એ સ્વપ્નની વાત નીકળી

શકી નહીં. તેમને લાગ્યું કે સ્વપ્ન એટલું ગાઢ, અસરકારક અને સચોટ હતું કે એ બનીને જ રહેશે. એ જેટલું એને ભૂલવાનો પ્રયત્ન કરતા એટલું વધુ ને વધુ યાદ આવતું. સ્વપ્ન પછીના બે દિવસ તો નિરાશાજનક જ વીત્યા. તેમને એવો અહેસાસ થતો કે તે મૃત્યુની વધારે ને વધારે નજીક જઈ રહ્યા છે.

ત્રીજે દિવસે મોડી સાંજે તેમણે પોતાના નિકટના મિત્રોને પોતાના ઘરે જમવા માટે બોલાવ્યા. તેનો ઉદ્દેશ એ હતો કે મિત્રો સાથે ભોજન કરવામાં અને નવરાશની પળોમાં ગપસપ અને હસીમજાક કરવામાં મગજમાં ઘૂસી ગયેલો પેલો મરણનો ભય નીકળી જાય, પણ જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ એક અકથ્ય બેચેની અને ગમગીનીએ એમના અસ્તિત્વને ઘેરી લીધું. મિત્રોના રમૂજી ટુચકા અને ગમ્મત તેમને સ્વપ્નનો ઓથાર ભુલાવી શક્યાં નહિ. મિત્રો માટેની એ રંગીન રાત તેમને માટે ગમગીન રાત હતી. રાતના લગભગ અગિયાર – સાડા અગિયાર વાગ્યા હશે. લૉર્ડ થોમસ લેટન મિત્રોને મનોરંજનની મસ્તીમાં ડૂબેલા છોડી પોતાના શયનખંડમાં આવ્યા. પોતાના માનસિક તણાવને હળવો કરવા પોતાના પલંગ પર સૂઈ ગયા. તેમનું શરીર ભલે વિશ્રાંતિમાં હતું પણ મન મૂંઝારો અનુભવતું હતું. તેમની આંખો ઘડિયાળના કાંટા પર ચોંટેલી હતી. તે ધીમે ધીમે આગળ વધી રહેલા ઘડિયાળના કાંટાને અનિમેષ નજરે જોઈ રહ્યા હતા. ઘડિયાળના મથાળે બન્ને કાંટા એકબીજામાં ભળી ગયા. કદાચ, મારું જીવન પણ મોતમાં આ જ રીતે ભળી જશે? બારના ટકોરા મારા જીવનના બાર વગાડી દેશે કે શું? સામાન્ય રીતે કર્ણપ્રિય લાગતા એ ટકોરા એ સમયે યમદૂતના પડઘમ જેવા લાગી રહ્યા હતા. પણ ઘડિયાળના કાંટા તો આગળ વધવા લાગ્યા. લૉર્ડ થોમસ પલંગ પર બેઠા થઈ ગયા. તેમની ગમગીની દૂર થઈ ગઈ. ચંદ્ર આગળ આવેલાં વાદળ હટી જાય તેમ તેમના પર છવાયેલાં ગમગીનીનાં વાદળ હટી જતાં તેમનું મુખ ચંદ્રની જેમ ખીલી ઊઠ્યું. તે એકલા એકલા હસવા લાગ્યા –



હું પણ કેવો મૂરખ કે સ્વપ્નની વાત સાચી માની લઈ આટલો બધો ડરી ગયો! ત્યાં જ એમના એક મિત્ર એમને પાર્ટીમાં બોલાવવા તેમના શયનકક્ષમાં આવ્યા. તેમણે લોર્ડ થોમસને હસતા જોયા. મિત્રએ પૂછ્યું – 'તમે કેમ હસી રહ્યા છો?' લોર્ડ થોમસે કહ્યું – 'કેમ, પેલી સ્વપ્નવાળી વાત ભૂલી ગયા? આજે રાતે બાર વાગ્યે મારું મોત આવવાનું હતું તે? પણ બાર તો ક્યારના વાગી ગયા. મેં મોતને હરાવી દીધું!' તેમના મિત્રએ તેમની વાતનો પ્રતિસાદ આપતાં કહ્યું – ''અમે તો તમને પહેલેથી કહેતા હતા કે એમ કંઈ સ્વપ્નની વાતો સાચી ન પડે! તમે ખોટા ડરો છો. કંઈ જ થવાનું નથી. ચાલો, હવે અમારી સાથે પાર્ટીની રંગત નિશ્ચિંત થઈને માણો. તમારા ઘરમાં તમારા વિના પાર્ટી થોડી અધૂરી લાગે છે.'' લોર્ડ થોમસે કહ્યું– ''તમે જાઓ. હવે મને કોઈ ચિંતા કે ભય નથી. હું તમારી પાછળ આવું જ છું.'' લોર્ડ થોમસના મિત્ર પાર્ટીમાં જોડાવા અને આ સમાચાર આપવા પાછા ગયા.

થોડીવાર પછી જ્યારે રસોઈયો લોર્ડ થોમસના ઓરડામાં તેમને કંઈ આપવા ગયો તો તેણે જોયું કે લોર્ડ પલંગ પર ફસડાઈ પડ્યા છે અને ખૂબ મુશ્કેલીથી શ્વાસ લઈ રહ્યા છે. રસોઈયો ઝડપથી દાદરો ઊતરીને તેમના મિત્રોને આ સમાચાર આપવા દોડ્યો. તેણે આ સમાચાર આપ્યા અને પરિસ્થિતિની ગંભીરતાની સમજ પાડી. પાર્ટીના રંગમાં ભંગ પડ્યો છતાં બધા મિત્રો તરત ઉપર દોડી આવ્યા. તેમણે જોયું તો લોર્ડ થોમસ પલંગ પર ફસડાઈ પડ્યા છે. તેમની પાસે જઈને તાત્કાલિક સારવાર આપવાનો પ્રયાસ કરવા જાય છે ત્યારે ખબર પડે છે કે તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું છે!

લોર્ડ થોમસના મિત્રો ફાટી આંખે માની ન શકાય તે રીતે તેમના મૃતદેહને જોઈ રહ્યા. એક-બે મિત્રો બોલી ઊઠ્યા– ''લોર્ડ થોમસનું સ્વપ્ન બિલકુલ સાચું ઠર્યું. પણ તેમાં જણાવ્યો હતો તે સમય ખોટો પડ્યો. અત્યારે સાડા બાર વાગ્યા છે.'' આ સાંભળીને પેલો રસોઈઓ બોલી ઊઠ્યો – ''સાહેબ, એ વાત બરાબર નથી. મેં મારા માલિકને સ્વપ્નને લીધે હેરાન-પરેશાન થતા જોયા, એટલે આજે સવારે ઘરની બધી જ ઘડિયાળો અડધો કલાક આગળ મૂકી દીધી હતી. જેથી રાતના બાર વાગ્યે ભયને લીધે ક્યાંક એમની તબિયત વધારે બગડી ન જાય! પણ એથી કંઈ ફરક પડ્યો નહિ. એમનું સ્વપ્ન સાચું જ હતું. બરાબર બાર વાગ્યે જ એમનું મરણ થયું છે! અત્યારે સાડા બાર નહિ, ખરેખર બાર જ વાગ્યા છે! લોર્ડ થોમસના એક મિત્રએ પોતાના કોટના ખિસ્સામાં રાખેલું ઘડિયાળ બહાર કાઢીને જોયું તો રસોઈયાની વાત બિલકુલ સાચી હતી. તેમની ઘડિયાળમાં બાર જ વાગ્યાં હતા!!''

⌘

# વૈક્રિય શરીર

જિનાગમમાં પાંચ પ્રકારના શરીર કહ્યા છે. આપણે આપણું જે શરીર જોઈ રહ્યા છીએ, તે ઔદારિક શરીર છે. જેને તથાવિધ કર્મોના ક્ષયોપશમથી વૈક્રિય લબ્ધિ મળે, તે આત્મા ઔદારિક શરીરથી જુદું વૈક્રિય શરીર બનાવી શકે છે.

*विविधा विशिष्टा वा क्रिया विक्रिया, तस्यां भवं वैक्रियम् ।*
*तथाहि - तदेकं भूत्वाऽनेकं भवति, अनेकं भूत्वा एकम्,*
*अणु भूत्वा महद् भवति, महद् भूत्वा अणु, तथा*
*खचरं भूत्वा भूमिचरं भवति, भूचरं भूत्वा खचरम्,*
*अदृश्यं भूत्वा दृश्यं भवति, दृश्यं भूत्वाऽदृश्यमित्यादि ।*

– કર્મવિપાકવૃત્તિ

વિવિધ કે વિશિષ્ટ ક્રિયા-વિક્રિયા. જે વિક્રિયાઓમાં થાય છે, તે વૈક્રિય નામનું શરીર છે. વિક્રિયાઓ આ મુજબ છે- તે એક થઈને અનેક થાય છે, અનેક થઈને એક થાય છે, નાનું થઈને મોટું થાય છે, મોટું થઈને નાનું થાય છે. તથા આકાશગામી થઈને ભૂગામી થાય છે, ભૂગામી થઈને આકાશગામી થાય છે. અદશ્ય થઈને દશ્ય થાય છે, દશ્ય થઈને અદશ્ય થાય છે... ઈત્યાદિ

આપણે જેમને ભૂત, સ્પીરિટ, ઘોસ્ટ, પ્રેત વગેરે નામોથી ઓળખીએ છીએ તે દેવોને આ વૈક્રિય શરીર હોય છે. તેનાથી તે અદશ્ય થવું વગેરે ક્રિયા કરી શકે છે. આ બાબત આપણે દેવગતિના મુદ્દામાં વિસ્તારથી જોઈશું.

જો કર્મોનો ક્ષયોપશમ થાય તો મનુષ્ય અને પશુ પણ વૈક્રિય શરીર બનાવી શકે છે. જૈન શાસ્ત્રમાં વજસ્વામી, વિષ્ણુકુમાર મુનિ વગેરે અનેક દષ્ટાંતો છે. તેમણે વૈક્રિય શરીર દ્વારા ચમત્કારિક કાર્યો કર્યા હતાં. એક આધુનિક દષ્ટાંત જોઈએ.

# ‘રોઠ’ની અદ્ભુત ઘટના

# ૧૬



રોબર્ટ ડેલ ઓવન નામના સંશોધક અને લેખકે તેમના પુસ્તક ‘Footfalls on the Bound- ary of Another World’ માં આ ઘટના બતાવી છે.

‘રોક’ નામના બ્રિટિશ જહાજ સાથે સંબંધિત ઘટના છે. તે લિવરપુરથી નીકળી પશ્ચિમ તરફ આવેલા નોવા સ્કોટિયા તરફ એટલાંટિક મહાસાગરમાં આગળ વધી રહ્યું હતું. મુસાફરીમાં અનેક દિવસો પસાર થઈ ગયા. એક દિવસ જહાજનો એક કર્મચારી કેપ્ટનની કેબિનમાં ગયો ત્યારે તેણે એક અજાણ્યા માણસને ત્યાં ઉપસ્થિત જોયો. તે બ્લેક બોર્ડ પર કશુંક લખી રહ્યો હતો.

રોબર્ટ બ્રુશ નામનો તે કર્મચારી સાવ અજાણ્યા માણસને જોઈને ચોંકી ઊઠ્યો

અને તે કોણ છે અને શું કહે છે તેની વાત સાંભળી કેપ્ટનને ખુદને નવાઈ લાગી. તેણે જણાવ્યું કે તે હમણાં જ કેબિનમાંથી બહાર નીકળ્યો છે અને તેની કેબિનમાં કોઈ જ નથી. તેને લાગ્યું કે રોબર્ટને કંઈ દષ્ટિભ્રમ થઈ ગયો છે અથવા તે ગપ્પું મારી રહ્યો છે. સાચી પરિસ્થિતિ શું છે તેની તપાસ કરવા તે પોતાની કેબિનમાં પાછો આવ્યો પણ ત્યાં કોઈ કહેતાં કોઈ હાજર નહોતું. અચાનક તેની નજર બ્લેક બોર્ડ પર પડી. ત્યાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતુંઃ Move towards North-West (વાયવ્ય ખૂણા તરફ આગળ વધો). તેણે કેબિનમાં તેની આસપાસ તથા આખા જહાજમાં તપાસ કરાવી પણ કોઈ અજાણ્યો માણસ મળ્યો નહિ. એટલું જ નહિ પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે કોઈ કર્મચારી કે મુસાફર કેપ્ટનની કેબિનમાં ગયો જ નહોતો છતાં કોઈ ત્યાં આવ્યું હતું અને તે લખાણ લખી ગયું હતું તે નિશ્ચિત હતું.

દરેકના હેન્ડ રાઈટિંગ ચકાસવામાં આવ્યા પણ તે લખાણ કોઈનાય હેન્ડ રાઈટિંગ સાથે મળતું આવતું નહોતું. ઘટના રહસ્યમય લાગતી હતી.

કોણ જાણે કેમ કેપ્ટનને આ વિચિત્ર બાબત અવગણવા જેવી ન લાગી. તેણે જહાજની દિશા બદલાવી અને જહાજ ઝડપથી વાયવ્ય ખૂણા તરફ આગળ વધવા લાગ્યું. સારું એવું અંતર કાપ્યા બાદ તેમણે જોયું કે સામે બરફમાં એક અન્ય જહાજ ફસાયેલું પડ્યું છે. તરત જ બચાવ કામગીરી શરૂ થઈ ગઈ. બધા જ મુસાફરોને તેમાંથી બહાર કાઢવામાં આવ્યા. જ્યારે તે બીજા જહાજ પર સવાર થઈ રહ્યા હતા ત્યારે એકદમ રોબર્ટ બ્રુશની નજર એક મુસાફર પર પડી. તે એકદમ ચોંકી ઊઠ્યો. તે માણસ તે જ હતો જેને પોતે પોતાના જહાજના કેપ્ટનની કેબિનમાં જોયો હતો. તેણે કેપ્ટનને બોલાવીને તે અંગે માહિતી આપી.

કેપ્ટને તે માણસને બોલાવ્યો. તેની સઘન પૂછપરછ કરવામાં આવી. તેની પાસેથી તેવું જ લખાણ લખાવડાવ્યું જેવું કેબિનમાં બ્લેક બોર્ડ પર લખાયેલું હતું.

બન્નેના હેન્ડ રાઈટિંગ એકસરખા હતા. તે લખાણ તે માણસના હાથે જ લખાયું હતું. તેનો વિરોધ કોઈ પણ કરી શકે તેમ ન હતું. પણ તેનું જહાજ તો બરફમાં ફસાયેલું હતું અને બહાર નીકળી શકાય અને આટલે દૂર આવી માત્ર આટલું વાકય લખી જહાજમાં પહોંચી જવાય એવી કોઈ શકયતા જ હતી નહિ. તેને આ વિષે પૂછવામાં આવ્યો તો તે વિશેષ કાંઈ જણાવી શક્યો નહિ પણ તેણે જે જણાવ્યું તે બહુ સૂચક હતું! તેણે જણાવ્યું કે તેને સખત ઊંઘ આવી રહી હતી ત્યારે તે જહાજને ગમે તેમ કરીને બચાવી લેવું જોઈએ તેવી ચિંતા કરી રહ્યો હતો. તે જાગ્યો ત્યારે તેને કોઈ ગાઢ સ્વપ્નું આવ્યું હતું તેમ લાગતું હતું. તેને એવી આછી આછી



સ્મૃતિ હતી કે સ્વપ્નામાં તે ક્યાંક કોઈ બીજા જહાજ પર જઈ આવ્યો હતો. જાગ્યા પછી તે વિશ્વાસપૂર્વક બધાને કહેતો હતોઃ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આપણે બચી જઈશું. આપણે સંકટમાં છીએ તેની જાણ કરી દેવાઈ છે. આપણને જલ્દી કોઈની સહાય મળશે. આપણને બચાવી લેવામાં આવશે.

⌘

## REMEMBER

**જૈનીઝમ ચમત્કારમાં માનતું નથી. હકીકતમાં જાદુ કે ચમત્કાર શું હોય છે? જેને આપણે સમજી નથી શકતા, એને જાદુ કહીએ છીએ. જો કહેવાતા ચમત્કારની પણ પ્રક્રિયા આપણે સમજી જઈએ, તો આપણે એને ચમત્કાર નહીં કહીએ. આપણા માટે એ એક સામાન્ય-નોર્મલ ઘટના બની રહેશે. અહીં જે ઘટના કહેવાઈ અને આગળ જે કહેવાશે, તેને જૈનીઝમ ચમત્કાર માનતું નથી. આગમો અને શાસ્ત્રોમાં તે તે ઘટનાઓમાં જે જે પ્રક્રિયાઓ થાય છે, તેના સ્પષ્ટીકરણો આપેલા છે.**

એક જ વ્યક્તિ એક જ સમયે અલગ અલગ બે સ્થળે હાજર રહી શકે, તેમાં પણ વૈક્રિય શરીરનો સિદ્ધાંત જ કામ કરે છે. એક જૈનાચાર્યે એક જ મુહૂર્તે રાજસ્થાનમાં ઓસિયા અને કોરટા બે સ્થળોએ પ્રતિષ્ઠા કરી હતી. એ વાત જૈન શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

બુદ્ધિજીવીઓ આવી વાતોને દંતકથા કહી હસી કાઢે, પણ જ્યારે તેમના જેવી જ વ્યક્તિ સાથે આવી ઘટના બને અને તેને તેમના કરતા વધુ બુદ્ધિશાળી વ્યક્તિ સમર્થન આપે, ત્યારે...??? જોઈ લો એવી એક ઘટના...

# ચાર્લ્સનો ચમત્કાર

૧૭



આ ઘટના બની હતી કેનેડાના વિક્ટોરિયા શહેરમાં. તે દિવસ હતો ૧૩ જાન્યુઆરી ૧૮૯૫નો અને પ્રસંગ હતો કેનેડાની બ્રિટિશ કોલંબિયા વિધાનસભાના અધિવેશનનો. વિધાનસભાના એક સભ્ય ચાર્લ્સ વુડ ગંભીર રીતે બીમાર હતા. તે ઘરની બહાર તો શું, પથારી પરથી ઊઠી શકે તેમ નહોતા. ડોક્ટરોએ તો તેમના જીવતા રહેવાની પણ આશા છોડી દીધી હતી. વિધાનસભામાં તેમની હાજરી ખૂબ જરૂરી હતી. પણ થઈ શું શકે? ચાર્લ્સ વુડ પોતે ત્યાં જવા અત્યંત ઉત્સુક હતા પણ શરીર સાથ આપતું નહોતું.

પણ એક મહાન આશ્ચર્ય સર્જાયું. અધિવેશનમાં ચાર્લ્સ વુડ સશરીર હાજર હતા. ઘણાએ તેમને બોલાવ્યા, તેમણે ઘણાને બોલાવ્યા. હસ્તધૂનન થયાં. વાતચીત થઈ, ચર્ચાવિચારણા થઈ, સભ્યોના ફોટા લેવાયા. આ ફોટાઓમાં ચાર્લ્સ વુડ એમની

ખુરશી પર બેઠેલા છે અને અન્ય સભ્યો સાથે ચર્ચા કરી રહ્યા છે એવું સ્પષ્ટ દેખાય છે. એ ફોટો આજે પણ ત્યાંની વિધાનસભાના હોલમાં ટિંગાયેલો જોવા મળે છે. આ ફોટો વિશિષ્ટ છે એટલે હજુ સુધી જાળવી રખાયો છે. એમાં વિશિષ્ટ શું છે? એમાં વિશિષ્ટ છે ચાર્લ્સ વુડનો ફોટો. એ અધિવેશનમાં જોવા મળેલી એમની હાજરી. ચાર્લ્સ વુડ ત્યાં કેવી રીતે હોઈ શકે? તે તો હતા ડોક્ટરો, નર્સો અને સગાસંબંધીઓની નજર સામે માંદગીના બિછાના પર. જે સમયે તે અધિવેશનમાં હાજર હતા એ જ સમયે તે હોસ્પિટલમાં ડોક્ટરોની નિગરાની હેઠળ હતા. તે સમયે હોસ્પિટલમાં પણ ઘણાબધા લોકોએ તેમની સાથે વાત કરેલી અને તેમણે પણ ઘણા બધા લોકો સાથે વાત કરી હતી. એ હોસ્પિટલમાંથી ક્યાંય ગયા નહોતા એ હકીકત હતી. એ રીતે એ અધિવેશનમાં હાજર હતા એ પણ એક હકીકત હતી.

એસ.એચ.બ્રેયર્ડ નામના એક અંગ્રેજમાં પણ આવી astral projectionની શક્તિ હતી. તેણે પોતાના જીવનની એક ઘટના વિષે લખ્યું હતું. ઈ.સ. ૧૮૮૧ના નવેમ્બર મહિનામાં બનેલી આ ઘટના છે. એક રાત્રે કોઈનેય જણાવ્યા સિવાય મેં મારી વાગ્દત્તા (મંગેતર)ના ઓરડામાં જવાનો પાકો નિર્ધાર કરી લીધો. માનવીની ઈચ્છાશક્તિ વિષે મેં ઘણું વાંચ્યું હતું. એના આધારે મેં એને આ બાબતમાં અજમાવવાનો મનસૂબો કર્યો. મારા જેની સાથે વિવાહ થયા હતા તે મારી વાગ્દત્તા કેનસિંગટનમાં હોગાર્થ રોડના મકાન નં. ૨૨ના બીજા મજલે આગળની તરફ રહેતી હતી. મેં મારી સમગ્ર ચેતનાને એકાગ્ર રહી સંકલ્પ કર્યો કે હું મારા સૂક્ષ્મ શરીરથી એના ઓરડામાં પ્રવેશ કરીશ. મારી વાગ્દત્તા કું. એલ. વેરિટી એની અગિયાર વર્ષની નાની બહેન સાથે એ ઓરડામાં રહેતી હતી. મારું મકાન એના મકાનથી ત્રણ માઈલ દૂર હતું. એ બન્ને બહેનોમાંથી કોઈને ખબર નહોતી કે હું આવો કોઈ પ્રયોગ કરવાનો છું. રવિવારે રાત્રે સૂઈ જવાના થોડા સમય પહેલાં જ મેં આવો પ્રયોગ કરવાનો નિર્ધાર કર્યો હતો. મારી મંગેતરના બેડરૂમમાં પહોંચીને હું એને જોવા માગતો હતો અને તેને સ્પર્શ કરીને મારી હાજરીનો અહેસાસ પણ કરાવવા માંગતો હતો. મેં એવો પ્રયોગ શરૂ કર્યો.

મેં મારી જાતને મારા સ્થૂળ શરીરથી અલગ કરી સૂક્ષ્મરૂપે બહાર નીકળતી જોઈ. હું હવામાં ઊડતો હોઉં એવો અનુભવ કરવા લાગ્યો. પછી મેં મારી મંગેતરના હોગાર્થ રોડ પરના મકાન નં. ૨૨ના બીજા માળે આવેલા એપાર્ટમેન્ટમાં મારી જાતને પ્રવેશતાં જોઈ. ઘરનાં બારણાં બંધ હતાં છતાં મને અંદર પ્રવેશવામાં કોઈ અડચણ ન પડી કેમ કે મારું શરીર વાયુ જેવું ઊર્જા રૂપ હતું. પછી હું મારી મંગેતરના બેડરૂમમાં પ્રવેશ્યો. એક બેડ પર મારી મંગેતર સૂતી હતી. એનાથી થોડે દૂર બીજી બેડ પર એની નાની બહેન સૂતી હતી. મારી મંગેતર લગભગ જાગતી જ હતી. મેં સહેજ અવાજ કર્યો એની સાથે એણે

આંખો ખોલી. અવાજ ક્યાંથી આવ્યો એ દિશામાં એણે જોયું તો હસતા ચહેરા સાથે મને ઊભો રહેલો જોયો. પણ તેના ચહેરા પર એ વખતે હાસ્ય નહીં, આશ્ચર્ય અને ભય હતો. ઘરના દરવાજા અને બેડરૂમનું બારણું બંધ હોવા છતાં હું ત્યાં કેવી રીતે આવ્યો એવો પ્રશ્ન એની નજરમાં હતો. તે પથારી પર એકદમ બેઠી થઈ ગઈ. તે તેની બહેનને જગાડવા તેની પથારી તરફ દોડવા લાગી. હું તેના તરફ આગળ વધ્યો. મેં તેનો હાથ પકડી લીધો અને કહ્યું "ડરીશ નહીં, બીજું કોઈ નથી. હું જ છું તારો ભાવિ પતિ બ્રેયર્ડ. હું ભૂત નથી. જીવતો જાગતો માણસ જ છું. તને જોવાની ઈચ્છા થઈ એટલે આવી ગયો." મારો અવાજ સાંભળીને તેનો શ્વાસ ધીમો પડ્યો, ડર ઓછો થઈ ગયો. તે બોલી – "પણ, તું અંદર આવ્યો કેવી રીતે?" આ દરમિયાન વેરિટીની નાની બહેન પણ જાગી ગઈ. તેણે પણ મને જોયો. જો કે તેને ભય કે વિસ્મય ન થયાં. તેને એમ લાગ્યું કે વેરિટીએ બારણું ખોલી મને અંદર આવવાનું કહ્યું હશે. તે હસીને બોલી, 'જીજાજી, તમે આજે આવવાના છો એ મને દીદીએ કહ્યું જ નહોતું.' મેં કહ્યું 'ના, એવું નથી. આ તો વેરિટીને પણ ખબર નહોતી. આ સરપ્રાઈઝ વિઝિટ છે, અનેક રીતે સરપ્રાઈઝ આપે એવી...' પછી હું આવ્યો હતો એ જ રીતે બહાર નીકળી ગયો.

એ પછી હું ગુરુવારે મારી મંગેતરના ઘરે ગયો. મેં સમજી વિચારીને રવિવારની રાતવાળી કોઈ વાત કાઢી નહીં. છતાં વેરિટી અને એની બહેને તો કાઢી જ.

વેરિટીએ કહ્યું – "રવિવારે રાત્રે મને એક વિચિત્ર અનુભવ થયો. મેં તને અહીં થોડીવાર માટે મારી પથારી પાસે જ જોયો હતો. તેં મારી સાથે વાતચીત પણ કરી હતી. મારો હાથ પણ પકડ્યો હતો અને મારે ડરવું નહીં એમ પણ જણાવ્યું હતું. મને પહેલાં તો એમ લાગ્યું કે સ્વપ્ન હશે, પણ નાની બહેને પણ તને અહીં જોયો હતો અને તારી સાથે વાત કરી હતી. પણ પછી તું અદૃશ્ય થઈ ગયો. આ બધું શું બની ગયું એ હું સમજી શકતી નથી." પછી મેં એને મારા સૂક્ષ્મદેહ પ્રક્ષેપણના પ્રયોગની વાત કરી. ખરેખર આવું બન્યું એનાથી મને અને મારી મંગેતરને આશ્ચર્ય થયું!

એ પછી અમે બન્નેએ અમારા આ અનુભવની વાત 'બ્રિટિશ સોસાયટી ફોર સાઈકિકલ રિસર્ચ'ના સંશોધક એડમંડ ગર્નીને કહી. એમણે આવા પ્રયોગનું પુનરાવર્તન કરાવ્યું. એ બધા પ્રયોગોમાં મને સફળતા મળી. ગર્નીએ પોતે આ તમામ બાબતોને પ્રમાણિત કરી. 'Phantasm of the Living' નામના પુસ્તકમાં આવા ૭૦૦થી પણ વધુ પ્રયોગો રજૂ કરાયા છે. પોતાના સૂક્ષ્મ દેહને સ્થૂળ દેહથી જુદો કરી દૂરના સ્થળે કેવી રીતે મોકલી શકાય તેની પદ્ધતિ આ વિષયના નિષ્ણાત સિલ્વન મૂલ્ડૂન અને હેરવોર્ડ કેરિંગ્ટનને એમના The Projection of the Astral Body નામના સીમાચિહ્નરૂપ અદ્ભુત પુસ્તકમાં રજૂ કરી છે.

⌘

# વનસ્પતિની સજીવતા

સર જગદીશચંદ્ર બોઝે પ્રયોગ દ્વારા સાબિત કરી આપ્યું કે વનસ્પતિમાં જીવ છે. પણ આ વાત તો ૨૬૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે પોતાના જ્ઞાનના પ્રકાશમાં જોઈ હતી અને જગતને જણાવી હતી.

*वणस्सइ चित्तमंतमक्खाया ।*

– દશવૈકાલિકસૂત્ર

વનસ્પતિ સજીવ છે. એટલું જ નહીં, એને પણ મન છે, સંવેદનાઓ અને લાગણીઓ પણ છે. હા, ભગવાન મહાવીરની આ વાણી અત્યાધુનિક વિજ્ઞાનીઓએ પણ સ્વીકારી છે.

# વનસ્પતિનું જીવન

## ૧૮



અમેરિકાના ઈલેક્ટ્રોનિક્સના નિષ્ણાત પીઅરે પોલ સૌવીને ૧૯૭૦ની સાલમાં ઘણા પ્રયોગો કર્યા. સૌવિન અમેરિકાની આઈ.ટી.ટી. અને એરોસ્પેસ કોર્પોરેશનમાં કામગીરી બજાવી ચૂકેલ છે. ક્લીવ બેકસ્ટરના રેડિયો ઈન્ટરવ્યૂની પ્રશ્નોત્તરી સાંભળતાં એકાએક તેને એક પ્રયોગ કરવાનું સૂઝ્યું. ક્લીવ બેકસ્ટરે વનસ્પતિ જગત વિષે અવનવાં અદ્‌ભુત સંશોધનો કરેલાં છે. સૌવીને એક નાનકડા છોડનો માધ્યમ તરીકે ઉપયોગ કરીને દૂરથી આદેશ આપી મૉડેલ ટ્રેઈનને અટકાવવાનો પ્રયોગ કર્યો. આમાં તેને તરત સફળતા મળી. એટલે પ્રયોગમાં આગળ ધપાવ્યું. Philodendron bipinnatifidum છોડનો માધ્યમ તરીકે ઉપયોગ કરી દૂરથી કેવળ માનસિક આદેશો આપી એક મૉડેલ એરક્રાફ્ટને વાંકીચૂકી દિશામાં આમથી તેમ ફંગોળવાના



એરોબેટિક્સ પ્રયોગો કર્યા. તે વિચારના તરંગોથી જેવા આદેશો છોડને મોકલતો કે તરત જ તે છોડ સાથે લગાવેલ ઈલેક્ટ્રોનિક ઉપકરણો એરક્રાફ્ટમાં સંલગ્ન ઈલેક્ટ્રિક સરકીટને ટ્રાન્સમિટ કરી દેતા. તા. ૨૩/૩/૭૦ના રોજ તેણે વિજ્ઞાનીઓની ઉપસ્થિતિમાં એક અદ્ભુત પ્રયોગ કર્યો. તેની મોટરકારમાં એક નાનો કૂંડાનો છોડ મૂકી તેની સાથે ગેલ્વેનોમીટર લગાવીને તેને મોટરની સ્ટાર્ટર સ્વીચ સાથે જોડ્યો. કારમાં કૂંડા સિવાય કોઈ જ ન હતું. પ્રયોગનું પરિણામ નિહાળનાર વિજ્ઞાનીઓ બહાર ઊભા હતા. સૌવીને કારથી ત્રણ માઈલ દૂરના અંતરથી નિયત સમયે કાર ચાલુ કરવાના વિચારતરંગો પેલા છોડને મોકલ્યા. પળવારમાં જ પેલા છોડે તે ગ્રહણ કરી લીધા અને ગેલ્વેનોમીટરથી જોડાયેલ સ્ટાર્ટર સ્વીચ 'ઓન' (on) થઈ ગઈ અને એન્જિન જોરશોરથી ધણધણી ઊઠ્યું! આ પ્રયોગની સફળતા પછી વર્જીનિયામાં ફોર્ટ બેલ્વોઈર ખાતે લશ્કરી ઉપયોગાર્થે રીસર્ચ પ્રયોગોનો આરંભ થઈ ગયો. તેમાં ઘણી સફળતા મળી છે, પરંતુ તેના વિષે પૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવે છે.

કલીવ બેકસ્ટરે અનેક પ્રયોગો કરીને એ સાબિત કરી દીધું છે કે વૃક્ષો કેવળ સજીવ જ નહિ, સંવેદનશીલ, લાગણીશીલ અને વિચારશીલ પણ છે. અરે! તેઓ દરેકને ઓળખતા પણ હોય છે!! ૧૯૬૬ના સપ્ટેમ્બર માસમાં તે તેના અસત્ય-શોધક યંત્ર (લાઈ ડિટેક્ટર) સાથે કામ કરી રહ્યો હતો. તેના મગજમાં વિચારોના ઘોડા દોડી રહ્યા હતા. અકસ્માત તેની નજર ઘરના

એક છોડ પર પડી. તેના મગજમાં એક વિચાર ઝબક્યો? જો આ છોડ સાથે મારું યંત્ર જોડી દઉં તો શું થાય? તેણે તરત જ વિચારને અમલમાં મૂક્યો. લાઈ ડિટેક્ટર-પોલિગ્રાફના ઈલેક્ટ્રોડસ તે છોડ સાથે જોડી દીધા. પછી છોડને પાણી પીવડાવ્યું. કોઈ પરિણામ ન આવ્યું. ટેબલ પર પડેલું હૂંફાળી કોફીના પ્યાલામાં એક પાંદડું બોળ્યું. કોઈ પ્રતિભાવ જોવા ન મળ્યો! તે થોડો નિરાશ થયો. છેલ્લે તેના મનમાં થયું કે આનાં થોડાં પાંદડાં બાળી નાંખું તો કેવું? એકાએક પોલિગ્રાફ યંત્રની સોયો જોરજોરથી ધ્રૂજવા લાગી અને ઝડપથી દોડવા લાગી! તે દિગ્મૂઢ બનીને તેના યંત્ર સામે જોઈ રહ્યો. તે થોડીવાર સુધી માની ન શક્યો. પેલા છોડે તેના વિચારો વાંચી લીધા હતા અને તે ભય પામી રહ્યો હતો!! પછી તો આવા જાતજાતના પ્રયોગો કરીને સિદ્ધ કરી દીધું કે વનસ્પતિ હર્ષ, શોક, ભય વગેરે લાગણી અનુભવે છે. એકવાર છ માણસોની બનેલી એક ટુકડીએ એક પ્રયોગ કર્યો. આ ટુકડીમાં કેટલાક વિજ્ઞાનીઓ અને ન્યૂયોર્ક પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હતા. દરેક વારાફરતી બે બારણાવાળા એક ઓરડામાં પ્રવેશી, જો ચિઠ્ઠીમાં પોતાનું નામ નીકળે તો અંદર રાખેલા છોડવાઓમાંથી કોઈ એક છોડને તોડી બીજા બારણેથી બહાર નીકળી જવાનું હતું. જેનું નામ નીકળ્યું તે પ્રયોગકર્તાએ એક છોડ પાસે જઈ તેનાં પાંદડાં મસળી નાખ્યાં. તેની ડાળીઓ તોડી નાંખી અને તેને મૂળથી ઉખેડી નાંખ્યો. પછી તે બીજા બારણેથી બહાર નીકળી ગયો. ફરીવાર દરેકે વારાફરતી અંદર પ્રવેશી બીજા બારણામાંથી બહાર નીકળવાનું હતું. દરેક છોડ સાથે પોલિગ્રાફ યંત્ર જોડી દેવામાં આવ્યાં હતાં. છમાંથી પાંચ નિર્દોષ પ્રયોગકર્તા અંદર દાખલ થયા ત્યારે તેમણે કોઈ ખાસ પ્રતિભાવો દર્શાવ્યો નહિ. પરંતુ ગુનેગાર પ્રયોગકર્તા જેવો અંદર દાખલ થયો કે તરત જ પોલિગ્રાફ યંત્રની સોયો ભયાનક વેગથી દોડવા લાગી!! હત્યારાના પ્રવેશથી છોડવાઓ ભય પામી રહ્યા હતા!! પ્રયોગકર્તા વિજ્ઞાનીઓ ફાટી આંખે યંત્રો સામે જોઈ રહ્યા હતા. અને પ્રયોગનું પરિણામ પોતાની આંખો સામે જ હતું, એટલે માન્યા સિવાય છૂટકો પણ ન હતો!

અમેરિકાની આઈ.બી.એમ. કંપનીના એન્જિનિયર અને વિજ્ઞાની માર્શલ વોગેલે તેમના સહાયક વિજ્ઞાની કુ. વિવીયન વિલી સાથે ફ્રેન્ચ મનોવિજ્ઞાની ઈમાઈલ કૂએની આત્મ-સૂચન (ઓટો સજેશન)થી દર્દોને સારા કરવાની પ્રયુક્તિનો ઉપયોગ કરી વનસ્પતિ પર તેની કેવી અસર થાય છે તે જોવાનો પ્રયોગ કર્યો. તેમણે એક તંદુરસ્ત વૃક્ષ પરથી બે પાંદડાં તોડ્યાં. એક પાંદડાને રોજ જીવતું રહેવા અને તાજું રહેવા સૂચન આપે. બીજા પાંદડાને કોઈ સૂચન આપ્યા વિના એમ ને એમ મૂકી રાખ્યું. એક મહિના સુધી આ

પ્રયોગ કરવામાં આવ્યો. પ્રયોગને અંતે વિજ્ઞાનીઓએ જોયું તો સૂચન આપવામાં આવેલ પાંદડું હમણાં જ વૃક્ષ પરથી તોડ્યું હોય તેવું તાજું અને જીવતું લાગતું હતું! જ્યારે બીજું પાંદડું ચીમળાઈ ગયેલું, સુકાઈ ગયેલું અને નષ્ટપ્રાય થઈ ગયું હતું!! વોગેલ લખે છે – ''મનુષ્ય વનસ્પતિ જીવ સાથે વાતો કરી શકે છે. લાગણીનું આદાન-પ્રદાન કરી શકે છે. માનવીની પરિભાષામાં કદાચ, તે બહેરા – બોબડા – આંધળા હશે, પણ મારા મનમાં એ બાબતમાં જરા પણ શંકા નથી કે માનવીય ભાવોને માપવા તેના જેવું શક્તિમાન સાધન જગતભરમાં બીજું કોઈ નથી. તે એવા ઊર્જાસ્રોત ફેલાવે છે જે મનુષ્યજીવન માટે અત્યંત ઉપકારક છે.'' રશિયન વિજ્ઞાનીઓએ આ ઊર્જા-સ્રોતને 'બાયો-પ્લાઝમા' નામ આપ્યું છે. સેમ્યોન કિરલિયને બનાવેલા વિશિષ્ટ કેમેરાથી આ ઊર્જા-શરીરના ફોટો પણ લઈ શકાય છે. તમામ જીવનધારી પ્રાણીઓ અને વનસ્પતિ તેમના શરીરની આસપાસ આવું તેજ વર્તુળ કે ઊર્જાશરીર ધરાવે છે. કલીવ બેકસટરે અમેરિકન મેડિકલ એસોસિયેશનનું આહ્‌વાન સહર્ષ સ્વીકારીને અસાધ્ય રોગથી પીડાતા દર્દીઓને અમુક વૃક્ષોના સાન્નિધ્યમાં રાખી, તેમના ઊર્જા-સ્રોતના પ્રભાવથી તેમને નીરોગી બનાવી દીધા હતા.

⌘

માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે -

*वणस्सइकायं न हिंसंति मणसा वयसा कायसा ।*
*तिविहेण करणजोएण संजया सुसमाहिया ॥*

- દશવૈકાલિક સૂત્ર

**સમાધિસંપન્ન શ્રમણો મનથી, વચનથી કે કાયાથી વનસ્પતિકાય જીવોની હિંસા કરતા નથી, કરાવતા નથી, કે જે તેની હિંસા કરે, તેની અનુમોદના પણ કરતા નથી. આજે દુનિયા ત્યારે વૃક્ષોને સાચવવા મથે છે, જ્યારે એનો સ્વાર્થ ઘવાય છે, જ્યારે વૃક્ષો વિના એને પોતાનું ભાવિ ભયાનક જણાય છે. ભગવાન મહાવીર કહે છે, તેમ પહેલાથી જ પરાર્થ ખાતર જીવદયા પાળો. કોઈ પણ જીવની હિંસા ન કરો. પરાર્થ (પરોપકાર) કરશો તો તમારો સ્વાર્થ આપોઆપ સિદ્ધ થઈ જશે. ફરી ફરીને હારી થાકીને પણ ધર્મના જ શરણે જવું પડશે એવો સ્પષ્ટ સંદેશ વર્તમાનનું વૃક્ષ-પ્રકરણ આપે છે, એવું નથી લાગતું?**

# આત્મા

આસ્તિકતાનો પાયો છે આત્માની સિદ્ધિ, જો આ આત્મા જ ન હોય, તો પછી પુણ્ય, પાપ, પરલોક, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે કાંઈ માનવાનું રહેતું નથી. પણ જો આત્માની સિદ્ધિ થઈ જાય તો આપોઆપ આ બધી વસ્તુ પણ સિદ્ધ થઈ જાય. કારણ કે પુણ્ય વગેરે આત્મા સાથે સંકળાયેલી વસ્તુ છે. સમુદ્‌ઘાત, પૂર્વજન્મ, પુનર્જન્મ, દિવ્યસૃષ્ટિ વગેરે અનેક મુદ્દાઓ દ્વારા હવે આત્માની સિદ્ધિ કરવામાં આવે છે.

# સમુદ્‌ઘાત

**સમુદ્‌ઘાત એ આત્મપ્રદેશોને શરીરની બહાર કાઢવાની પ્રક્રિયા છે. અલગ અલગ નિમિત્તથી તેના અલગ અલગ પ્રકાર થાય છે.**

*सत्त समुग्घाता पण्णत्ता । तं जहा-वेयणासमुग्घाए कसायसमुग्घाए मारणंतियसमुग्घाए वेउव्वियसमुग्घाए आहारगसमुग्घाए केवलिसमुग्घाते।*

– સ્થાનાંગસૂત્ર ॥૬૮૭॥

**તીર્થંકરોએ સાત સમુદ્‌ઘાત કહ્યા છે. તે આ મુજબ – વેદનાસમુદ્‌ઘાત, કસાયસમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, આહારક સમુદ્‌ઘાત, કેવલી સમુદ્‌ઘાત.**

**જ્યારે જીવ વેદના વગેરે વિશિષ્ટ નિમિત્ત પામે છે, ત્યારે તેની તેવી ઈચ્છા ન હોય, તો ય તેના આત્માના પ્રદેશો શરીરની બહાર નીકળે છે. અને તે તે સમુદ્‌ઘાતને અનુસારે પોતાના શરીર જેટલા પ્રમાણમાં પણ બહાર નીકળી શકે અને અગણિત યોજન જેટલા પ્રમાણમાં પણ બહાર નીકળી શકે. જૈન શાસ્ત્રોમાં આ સમગ્ર પ્રક્રિયાનું સૂક્ષ્મવર્ણન છે. કદાચ પ્રશ્ન થાય કે આત્મા જ દેખાતો નથી, તો પછી આ બહાર નીકળવાની વાત અને તેના પ્રમાણની વાત શી રીતે માની શકાય? તેનો જવાબ છે આ પ્રસંગ...**

# એક અલૌકિક સફર

# ૧૮



યુગપ્રવર્તક મનોવિજ્ઞાની કાર્લ જુંગે પોતાનો મરણ-અનુભવ Memories Of Dream Reflections માં વર્ણવ્યો છે. ઈ.સ. ૧૯૪૪માં તેમને હૃદયરોગનો ભારે હુમલો થયો. તે મૃત્યુની છેલ્લી ઘડીઓ ગણી રહ્યા હતા. તબીબો ઓક્સિજનના સહારે તેમને બચાવવાના પ્રયત્નો કરી રહ્યા હતા. તે સમયે જુંગે અનુભવ કર્યો કે તે તેમના શરીરને છોડીને હજારો માઈલ ઉપર પહોંચી ગયા છે અને અધ્ધર લટકી રહ્યા છે. તે એટલા હળવા બની ગયા કે ગમે તે દિશામાં ઈચ્છા મુજબ જઈ શકે છે. તેમણે ઉપરથી જ જેરુસેલમ નગર જોયું. તે સાથે બીજી ઘણી વસ્તુઓ પણ જોઈ. તેમને એવું લાગ્યું કે તે પહેલાં કરતાં ઘણા બદલાઈ ગયાં છે. થોડો સમય આ

સ્થિતિમાં રહ્યા બાદ તેમને જૂનાં શરીરમાં પાછા ફરવું પડ્યું અને તે જીવન ફરી પાછું શરૂ થયું. તેમણે પોતાને ફરીથી ડોક્ટરોથી ઘેરાયેલા જોયા. પોતાના દર્દીનું જીવન પાછું આવ્યું છે તે જોઈ તેમના મુખ પર સ્મિત રેલાતું પણ તેમણે જોયું.

ડબલ્યુ. ટી. સ્ટેડના પુસ્તક Beyond the Horaisonમાં મરણાસન્ન વ્યક્તિઓના અહેવાલો રજૂ કરાયા છે. તેમાં ગાર્ડન નામની એક વ્યક્તિ પોતાનો અનુભવ રજૂ કરતાં કહે છે – ''મને લાગ્યું કે મારી ચેતના મારા શરીરમાંથી બહાર ચાલી ગઈ છે. મેં એટલું બધું હળવાપણું અનુભવ્યું કે મને લાગ્યું કે જાણે આખા શરીરનો થાક વિશ્રાંતિમાં પલટાઈ ગયો, પણ મારા મનમાં વારંવાર મારી પત્ની રોશર માટે પ્રેમ ઊભરાતો હતો એટલે ત્યાંથી જવાનું મન થતું ન હતું. તેની આંખોમાં આંસુ હતાં. તે ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. મેં અશરીરી સ્થિતિમાં તેની આંખોમાંથી આંસુ લૂછવાનો પ્રયાસ કર્યો પણ મારા શબ્દો તેણે સાંભળ્યા નહિ. તે વખતે મને બહુ દુઃખ થયું. હું મારા શરીરથી અળગો થઈ ગયો હતો. મેં મારી બધી શક્તિ ભેગી કરી મારા શરીરમાં પાછા દાખલ થવાનો ભારે પ્રયાસ કર્યો. પછી ક્યારે શું થયું તે મને યાદ નથી, પણ હું અત્યારે જૂના શરીરમાં જીવી રહ્યો છું એટલે મને તેમાં સફળતા મળી હશે એ નક્કી છે.''

એસ. એસ. વાર્ડ નામના લેખકે એક પુસ્તક લખ્યું છે – 'જોન વેસ્ટ.' તેમણે પોતાનાં સંશોધનોનો આધાર તે વ્યક્તિઓનો રાખ્યો છે જેમને થોડા સમય માટે મરણ પામેલા ઘોષિત કરાયા હતા પણ પાછળથી જીવી ગયા હતા. તેમાંની એક વ્યક્તિ પોતાના અનુભવનું બયાન કરતાં કહે છે – ''મૃત્યુની ઘટના





ઘટી ત્યારે મને થોડીવાર માટે અત્યંત ભારનો અનુભવ થયો. પણ પછી લાગ્યું કે તે ભાર હળવો થતો જાય છે. હાથમાંથી મોજાં ખેંચીએ ત્યારે જેવો અનુભવ થાય છે તેવો અનુભવ થયો. આત્મા શરીરને છોડી રહ્યો હોય ત્યારે આવી નિભારતા અનુભવાય છે એવું લાગ્યું. પહેલાં જે ગાઢ અંધકાર હતો તે બિલકુલ દૂર થઈ ગયો. હવે હું મારી જાતને અત્યંત મુક્ત અનુભવી રહ્યો હતો. મેં મારા શરીરથી અલગ થઈ મારા શરીરને જોયું. મારું શરીર નિશ્ચેતન જેવું પથારીમાં પડ્યું હતું. ત્યાં કોઈનો અવાજ પણ કાનમાં પડ્યો – 'He is no more.' પછી મારો ઓરડો અને બીજી વસ્તુઓ દેખાતી બંધ થઈ ગઈ. ત્યાં મને હું બીજી દુનિયામાં પહોંચી ગયો હોઉં તેવું લાગ્યું. તે દુનિયા પ્રકાશથી ઝળહળતી હતી અને અત્યંત સુંદર હતી. પણ અચાનક એ દુનિયા પણ લુપ્ત થઈ ગઈ. હું પાછો આ દુનિયામાં મારા પહેલાંના શરીરમાં આવી ગયો. આ બધું કેવી રીતે બન્યું તે મને સમજાયું નહિ. અમેરિકાના મિયામીમાં વસનારા લિન મેલબિનને પણ આવો અનુભવ થયો હતો – ''મૃત્યુ પહેલાં હું ભારે તનાવમાં પટકાઈ ગયો હતો અને માથામાં સખત દુખાવો અને લાય બળતાં હતાં. અચાનક બધું જ એકદમ શાંત થઈ ગયું – હું શક્તિ, શાંતિ, સ્વતંત્રતા અને શીતળતાનો અનુભવ કરતો હવામાં તરવા લાગ્યો. મારી ચારે બાજુનું વાતાવરણ અત્યંત રંગીન અને સુંદર હતું. મને લાગ્યું કે કોઈ બીજી દુનિયામાં જ પહોંચી ગયો છું – મારું મરણ થયું છે તે નક્કી. એ સિવાય આવી દુનિયામાં પહોંચાય કેવી રીતે? હું આત્મારૂપે સ્વચ્છંદ ભ્રમણ કરી રહ્યો છું... પણ આ સ્થિતિય લાંબો સમય ન રહી. કોઈએ મને મારા પહેલાંના શરીરમાં પાછો ધકેલી દીધો. મારા શરીરને દફનાવવાની તૈયારી ચાલી રહી હતી ત્યાં જ તેનામાં પાછું ચૈતન્ય આવ્યું. મને જીવતો જોઈને મારા કુટુંબીજનોની ખુશીનો પાર ન રહ્યો. તેમાં પણ મારી નાની દીકરી તો દોડીને સીધી મને વળગી જ પડી.''

⌘

બ્રિટનના ફ્લોરિડા વિશ્વવિદ્યાલયનો એક કાર્ડિયોલોજિસ્ટ માઈકલ સેલોમ. હૃદય બંધ પડી જવાની બીમારીમાં સપડાયેલા ૧૧૬ કેસની તેણે વિગતવાર નોંધ કરી. પાંચ વર્ષ સુધી આ વિષયમાં પરિશ્રમ કર્યો. તેમાંથી ૬૧ કેસોનો રિપોર્ટ આ મુજબ હતો - અમે અમારા શરીરથી અલગ પડી જઈ કોઈ જુદા વિશ્વની સફર કરી આવ્યા છીએ.

આજે આ સંશોધનની તારવણીઓ દુનિયાને આશ્ચર્યચકિત કરી દે છે. ભગવાન મહાવીરે તો ૨૬૦૦ વર્ષ પૂર્વે જ પોતાના કેવળજ્ઞાનના પ્રકાશમાં આ વાસ્તવિકતાને જોઈ હતી અને જણાવી હતી. જે આજે ય જિનાગમોમાં અંકિત છે.

# પુનર્જન્મ

ચૈતન્ય ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે, એવું નાસ્તિક માને છે. જિનાગમ કહે છે ઉત્પત્તિ અને વિનાશ તો શરીરના થાય છે. આત્મા તો અમર છે. એ જનમતો પણ નથી અને મરતો પણ નથી. શરીરનું મરણ થાય ત્યારે આત્મા પરલોકમાં બીજું શરીર ધારણ કરે છે.

*कम्मप्पबीओ अवसो पयाइ*
*परं भवं सुंदर पावगं वा ॥*

– ઉત્તરાધ્યયનસૂત્ર ।।૧૩-૨૪।।

જીવ અવશપણે પોતાના પુણ્ય અને પાપ સાથે સારા કે ખરાબ પરલોકમાં જાય છે. પરલોકગમનના આ સિદ્ધાન્તને આસ્તિકો તો માને જ છે. પણ હવે નાસ્તિકો પણ માનતા થઈ ગયા છે. જેનું કારણ છે પૂર્વજન્મનું સ્મરણ.

# હિપ્નોટિઝમની તારવણીઓ


૨૦



કેટલાકને એમનો પૂર્વજન્મ અનાયાસે યાદ આવી જાય છે તો કેટલાકને 'હિપ્નોટિક રિગ્રેસન'થી એની યાદ દેવડાવાય છે. એવા રિગ્રેશન પૂર્વજન્મના જીવનને અનાવૃત કરી દે છે. લંડનમાં રહેતો અમેરિકન પબ્લિશિંગ એક્ઝિક્યુટીવ માઈક ઓથમારા સામાન્ય સ્થિતિમાં તો એક બુદ્ધિમાન, સંસ્કારી, સજ્જન વેપારી છે. પણ રિગ્રેસન હેઠળ એનું વર્તન અને વ્યક્તિત્વ બદલાઈ જાય છે. એનું માથું ધૂણવા લાગે છે, એની વાણી બરછટ અને અશિષ્ટ થઈ જાય છે. એના ઉચ્ચારો બોગ-આઈરિશ જેવા થઈ જાય છે. તે બધી રીતે એક અભણ દારૂડિયાના રૂપમાં ફેરવાઈ જાય છે. તે વખતે તેનું નામ થઈ જાય છે સ્ટિફન ગેરેટ – ઈ.સ. ૧૮૯૦ની સાલમાં ડબ્લિનમાં રહેતો એક અભણ રખડતો આદમી. એક વખત રિગ્રેસન દરમિયાન હિપ્નોટિસ્ટે પૂછ્યું – 'સ્ટિફન,

અત્યારે તું શું કરી રહ્યો છે? તું ઝડપથી દોડવા કેમ લાગ્યો?' તેણે કહ્યું – 'રોડ પરના સ્ટોલ પરથી ચોરી કરતો હતો ત્યાં જ પાછળથી પોલીસ આવી. મને પોલીસ શબ્દ સંભળાયો એટલે હું દોડ્યો.' હિપ્નોટીસ્ટે પોલીસના યુનિફોર્મ વિષે પૂછ્યું એટલે તેણે તેનું પણ સચોટ વર્ણન કર્યું – પોલીસે માથા પર ભૂખરા રંગની હેટ પહેરી હતી તે પણ જણાવ્યું, તેણે પેટ પર મોટો પટ્ટો પણ પહેર્યો હતો! આ વિગતોને પાછળથી સરખાવવામાં આવી તો તે સાચી નીકળી. ઓગણીસમી સદીના તે ગાળામાં ડબ્લિનની પોલીસ એવો જ યુનિફોર્મ પહેરતી હતી. તેણે જણાવેલ દુકાનોનાં નામ, વર્ણન વગેરે પણ તે વખતે અસ્તિત્વ ધરાવતાં હતાં. લંડનમાં રહેતા કેવળ અંગ્રેજી જાણતા માઈક ઓથમારાને આઈરીશ ભાષા બિલકુલ આવડતી નથી. તો રિગ્રેસન દરમિયાન તે આઈરીશ ભાષા કેવી રીતે બોલવા લાગે છે? અને તેને ૧૮૯૦ના વર્ષની ડબ્લિન શહેરની વિગતોની ક્યાંથી ખબર પડે? રિગ્રેસનમાંથી પાછા આવ્યા બાદ તેને આમાંની કોઈ વસ્તુની ખબર હોતી નથી. તે પાછો એના મૂળ વ્યક્તિત્વ, સમય અને સ્થળમાં આવી જાય છે.

પશ્ચિમનાં દેશોમાં જાણીતા હેનરી બ્લિથે (Blythe) નામના હિપ્નોટિસ્ટ પાસે પણ આવો એક રસપ્રદ કિસ્સો આવ્યો હતો. તેણે પણ સારું કુતૂહલ જગાવ્યું હતું. એક્સિટર (Exeter) માં રહેતા નાઓમી (Naomi) હેનરી 'રિગ્રેસન' વખતે એના પૂર્વજન્મમાં પહોંચી જતા. એ વખતે તે કોર્ક શહેરમાં રહેતી આઈરીશ સ્ત્રી મેરી કોહેન બની જતા! હિપ્નોટિસ્ટ 'રીગ્રેસન' દ્વારા તેને વીતેલા ખૂબ દૂરના ભૂતકાળમાં લઈ જતો ત્યારે મેરી કોહેનનું જીવન પ્રગટ થતું. ટેપ રેકોર્ડ કરાયેલા આ સંવાદની ઝલક જોઈને હિપ્નોટિસ્ટ નાઓમીને પૂછે છે – 'આ કયું વર્ષ છે?' તે કહે છે – ૧૭૯૦. તે વળી પૂછે છે 'કોર્ક'માં 'તું ક્યાં રહે છે?' તે જવાબ આપે છે – 'એક ફાર્મમાં.' તે ફરી પ્રશ્ન પૂછે છે – 'ફાર્મનું નામ શું છે?' તે જવાબ આપે છે – 'ગેટ્સ.' તે જગ્યાની વધારે સ્પષ્ટતા માટે હિપ્નોટિસ્ટ વધુ એક પ્રશ્ન પૂછે છે – 'એ ફાર્મની નજીક આવેલા ગામનું નામ આપ.' તે જવાબ આપે છે – 'ગ્રેનર (Graner)'.





પછી જુદા જુદા સેશનમાં બ્લિથે નાઓમીને એની એ જિંદગીના જુદા જુદા તબક્કાઓમાં લઈ ગયો. તેમાંથી તેને જાણવા મળ્યું કે, મેરી એ ગ્રીનગેટ્સ પર ગાયોને દોહવાનું કામ કરતી હતી. તેનો પતિ હિંસક સ્વભાવનો હતો. તે મેરી પર ખૂબ ક્રૂરતા આચરતો. મેરીને બાળકો હતાં, પણ તે નાની વયે જ મરણ પામ્યાં હતાં. સેશન દરમિયાન બ્લિથે સાથે 'લન્ડન ડેઈલી એક્સપ્રેસ' વર્તમાનપત્રના વરિષ્ઠ પત્રકારો અને શોર્ટહેન્ડ રાઈટર પણ હતો. એમની હાજરીમાં જ બ્લિથે મેરીને એની જિંદગીના ૭૦મા વર્ષમાં લઈ ગયો. એ વર્ષની થોડી ઘણી માહિતી મેળવ્યા પછી બ્લિથે પ્રશ્ન કર્યો – 'તારે હજુ કેટલું જીવવાનું બાકી છે?' મેરીએ જવાબ ન આપ્યો. પછી ધીમેથી બોલી – 'બસ, હવે પૂરું થવાની તૈયારીમાં છે.' તેણે પૂછ્યું – 'શું તને કોઈ પીડા થાય છે?' તેણે કહ્યું : 'ના, હવે તે જતી રહી છે.' મેરીનો અવાજ અત્યંત ધીમો થઈ ગયો અને તે ત્રૂટક ત્રૂટક સ્વરે બોલી શકતી હતી – 'હું ડૂબી





રહી છું... જીવનનો ખેલ ખલાસ.' બ્લિથે પ્રશ્ન કર્યો, 'તારી બાજુમાં કોઈ પાદરી છે?' તેણે માંડ માંડ જવાબ આપ્યો – 'ના...' બ્લિથે નાઓમીના ડાબા હાથની પલ્સ પકડી હતી અને તેને ધીમી પડતી જોઈ રહ્યો હતો. અચાનક પલ્સ બંધ પડી ગઈ! બ્લિથે થોડો ગભરાયો. તેણે તરત સૂચન આપ્યું – 'નાઓમી, તું સલામત છે, તને કશું થયું નથી. તું એકદમ સ્વસ્થ છે.' નાઓમીની પલ્સ ફરી ધબકવા લાગી.

બધાના જીવમાં જીવ આવ્યો. લંડન ડેઈલી એક્સપ્રેસે આ ઘટના રજૂ પણ કરી અને પૂર્વજન્મની સ્મૃતિ વિષે પોતાનું સમર્થન પણ જાહેર કર્યું. કેમ કે નાઓમીએ મેરીના જીવનની જે વિગતો રજૂ કરી હતી તે બિલકુલ સાચી પુરવાર થઈ હતી. એ પછી નાઓમી પર ફરી રિગ્રેસન કરી એના એક બીજા પૂર્વજીવનની યાદ પ્રગટ કરી હતી. જ્યારે તેનું નામ ક્લેરિસ હેલિઅર (Clarice Hellier) હતું. સંમોહનશાસ્ત્રી અરનાલ બલોક્ષહામે (Arnall Bloxham) પણ મિડલેન્ડસની સ્કૂલ ટીચર અને ઓકેનડેન (Ann Okenden) પર રિગ્રેસન કરી એના અગિયાર પૂર્વજીવન પ્રગટ કર્યાં હતાં, જેમાં ૯ જેટલાં જીવન તો તે પુરુષ તરીકે જીવી ચૂકી હતી. મોરેય બર્નસ્ટિન (Morey Bernstein)



નામના હિપ્નોટિસ્ટે ઈ.સ. ૧૯૫૨માં વિસ્કોન્સિનના મેડિસનમાં રહેતી ૨૯ વર્ષની વર્જિનિયા ટીઘે પર હિપ્નોટિક રીગ્રેસન કર્યા ત્યારે તેની અંદરથી આયર્લેન્ડના કોર્ક નગરમાં રહેતી બ્રાઈડી મર્ફીનું જીવન પ્રગટ થયું હતું. તેનું મૂળ નામ બ્રીજેટ કેથલીન મર્ફી હતું જે ૨૦ ડિસેમ્બર ૧૭૯૮ના રોજ જન્મી હતી. તેના પિતા પ્રોટેસ્ટન્ટ બેરિસ્ટર હતા જે કોર્ક નગરની બહાર એક ઘરમાં રહેતા હતા. બ્રિજેટના લગ્ન બીજા એક બેરિસ્ટરના પુત્ર સાથે થયાં હતાં જે કેથોલિક ધર્મ પાળતા હતા. તે બેલફાસ્ટ ખાતે રહેવા ગયાં હતાં અને ડૂલી રોડ (Dooley Road) પર એક કોટેજમાં રહેવા લાગ્યાં હતાં. બ્રીજેટ ઉર્ફે બ્રાઈડીનું મરણ ૧૮૬૪માં થયું હતું. વર્જિનિયાએ બ્રાઈડીના આવિર્ભાવ વખતે જે સ્થાનિક વિગતો આપી એ એ વખતના કોર્ક શહેરની સ્થિતિ સાથે સંપૂર્ણપણે બંધબેસતી આવતી હતી. ૧૮૦૧ના કોર્ક શહેરના નકશામાં એ વિગતો જોવા મળે છે. એ વખતની ઘટનાઓ પણ કોઈ આટલી સચોટપણે કહી ન શકે. વર્જિનિયા તો કદી યુ.એસ.એ.ની બહાર ગઈ જ નહોતી એટલે તેને કદી આયર્લેન્ડના કોર્ક શહેરની આટલી જૂની વિગતો મળી શકે તેમ નહોતી. તેણે જે કોઈ નાનામાં નાની વિગત આપી હતી તે પણ સાચી પડી. તેણે Farr અને Carrigan નામના ગ્રોસરી સ્ટોરની વાત કરી તે પણ તે વખતે અસ્તિત્વ ધરાવતા હતા.



⌘

પૂર્વે જણાવ્યું તેમ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પૂર્વજન્મ યાદ આવવો એ એક જાતનું જ્ઞાન જ છે. જેને જિનાગમમાં જાતિસ્મરણ જ્ઞાન કહ્યું છે.

*सञ्ज्ञिनः पूर्वजातिः - प्राक्तनं जन्म*

*तस्या यत् स्मरणम्, तत् सञ्ज्ञिपूर्वजातिस्मरणम् ।*

– જ્ઞાતાધર્મકથાસૂત્રવૃત્તિ

જેમાં વિશિષ્ટ સંજ્ઞા હોય તેને પૂર્વજન્મનું જે સ્મરણ થાય, તે જાતિસ્મરણ જ્ઞાન છે. બુદ્ધિજીવી વ્યક્તિ ઉપલક દૃષ્ટિએ આને છેતરપિંડીમાં ખતવી દે, તો નવાઈ નહીં, પણ જ્યારે સાવ નાનો બાળક દૂરના પ્રદેશના પરિવાર વગેરેની અંગતમાં અંગત માહિતી ચોક્કસરૂપે આપી દે, વિજ્ઞાનીઓ અને બુદ્ધિજીવીઓ પણ કાન પકડીને પુનર્જન્મનો સ્વીકાર કરે, ત્યારે તમે શું કહેશો? આવો અન્ય કિસ્સો જોઈએ...

# દિલ્લીરામની દાસ્તાન

# ૨૧



ઉત્તર પ્રદેશના ઈટાવા જિલ્લાના ખોડનલલ્લુપરા ગામમાં રહેતા ભગીરથ રાઠોડના ઘેર ૧૯૭૨માં એક પુત્રનો જન્મ થયો. એનું નામ દિલ્લીરામ પાડવામાં આવ્યું. આમ તો એ બીજા છોકરાઓ જેવો સામાન્ય છોકરો જ હતો. એ ત્રણ વર્ષની વયનો હતો ત્યારે એક વિચિત્ર ઘટના બની. એક દિવસ સાંજના સમયે ભગીરથના પિતા બંસીલાલ વાળુ જમી રહ્યા હતા ત્યાં દિલ્લીરામ બહારથી રમીને ઘેર આવ્યો અને તેની માતા જાનકીદેવી પાસે દૂધ માંગવા લાગ્યો. તેની માતાએ કહ્યું – ''બેટા, તારા દાદાને જમાડી દઉં પછી તને દૂધ આપું છું.'' આ સાંભળીને દિલ્લીરામ રડવા લાગ્યો અને પગ પછાડવા લાગ્યો. પણ તેની માતાએ તેના તરફ ધ્યાન ન આપ્યું. આથી તે

ધમપછાડા કરવા લાગ્યો અને અચાનક નીચે જમીન પર પછડાયો. તે બે-ચાર પળ બેશુદ્ધ રહ્યો. માતા તેની જગ્યા પરથી ઊભી થઈ ગઈ. તે વિચારવા લાગી કે ક્યાંક એના દીકરાને વાગ્યું તો નથી ને! ત્યાં જ દિલ્લીરામને ભાન આવ્યું અને એ ઊભો થઈ ગયો. તેણે જોરથી બરાડીને તેની માને કહ્યું, 'અભી દૂધ દેતી હો કિ નહીં? તુમ મુઝે જાનતી નહીં હો, મૈં સક્તપુર કા ઠાકુર જનકસિંહ હૂં, લકડીસે તુમ્હારા સિર ફોડ દૂઁગા.' માએ એને તરત દૂધ આપ્યું પણ એ આવું કેમ બોલ્યો એની એને ખબર ન પડી. દિલ્લીરામ તો અત્યાર સુધી શાંત અને ડાહ્યોડમરો છોકરો હતો. તેણે આ પહેલાં આવું ઉદ્ધત વર્તન ક્યારેય કર્યું નહોતું. જમીને બહાર ખાટલા પર બેઠેલા બંસીલાલે તેના પૌત્ર દિલ્લીરામને પોતાની પાસે બોલાવ્યો અને તેને પૂછવા લાગ્યા – 'તું સક્તપુરના જનકસિંહને ઓળખે છે?' દિલ્લીરામે તરત જ કહ્યું – 'ગયા જન્મમાં હું જ જનકસિંહ હતો.' બંસીલાલ ખોડનલલ્લુપરા ગામથી આઠેક કિલોમીટર દૂર આવેલા સક્તપુરમાં રહેતા રાઠોડ જનકસિંહ કુશવાહને ઓળખતા હતા. લગભગ ચારેક વર્ષ પહેલાં તેનું મરણ થઈ ગયું હતું. બંસીલાલે જનકસિંહ વિષે પૂછ્યું તો દિલ્લીરામ એના વિષે બધું જ બોલવા માંડ્યો – ''મારા પિતાનું નામ કલંદરસિંહ કુશવાહ છે. મારી પત્નીનું નામ વિદ્યાદેવી છે. મારે બે મહિનાનો એક દીકરો અને આશા નામની દીકરી છે. ભારે વરસાદને કારણે માટીનું કાચું ઘર પડી જવાથી એમાં દબાઈ જવાને લીધે મારું મરણ થયું હતું.'' એણે કહેલી બધી વિગતો સાચી હતી. છતાં બંસીલાલને ખાતરી નહોતી થઈ. એટલે દિલ્લીરામે કહ્યું – 'હું આપણા આ ગામમાં રહેતા પન્નાલાલ, મૂંગાલાલ, નારાયણ અને લાખનને ઓળખું છું. એ બધા ગાયો ચરાવવા આવતા ત્યારે મારી સાથે એમની મુલાકાત થતી હતી. એકવાર તો મારે પન્નાલાલ સાથે ઝઘડો પણ થઈ ગયો હતો.' ક્યાં કારણસર ઝઘડો થયો હતો તે પણ જણાવ્યું. બંસીલાલે પન્નાલાલને બોલાવીને પૂછ્યું – 'શું તારે ભૂતકાળમાં સક્તપુરાના જનકસિંહ સાથે આ કારણથી ઝઘડો થયો હતો?' તેણે તેમની વાતને અનુમોદન આપ્યું કે તેમની વાત સાચી છે. પણ તમને આ વાતની ખબર કેવી રીતે પડી? ત્યારે બંસીલાલે સઘળી વાત જણાવી. બાળકે દિલ્લીરામે ક્યાં, ક્યારે અને કેવી રીતે ઝઘડો થયો હતો તે બધું વિગતવાર જણાવ્યું. પન્નાલાલે આ વાત ખોડનલલ્લુપરામાં ભણાવવા આવતા શિક્ષક નથ્થુસિંહને કરી. નથ્થુસિંહ સક્તપુરની બાજુમાં આવેલા બલ્લોકી ગઢિયાના હતા. તે જનકસિંહના પરિવારને ઓળખતા હતા. દિલ્લીરામે તેમને પણ ઓળખી કાઢ્યા. તેમના તમામ પ્રશ્નોના પણ તેણે સાચા જવાબ આપ્યા. એ પછી તેમણે સક્તપુર જઈ બધાને વાત કરી. એના

બે દિવસ પછી સક્તપુરથી જનકસિંહના તમામ કુટુંબીજનો, સગાંવહાલાં અને ઓળખીતાઓ ખોડનલલ્લુપરા આવી પહોંચ્યાં. તેમણે દિલ્લીરામની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

સૌથી પહેલાં તેણે દિલ્લીરામને પૂછ્યું – આ ટોળામાં ઊભા રહેલા સેંકડો માણસોમાંથી તેના પિતા કોણ છે તે શોધી બતાવ. દિલ્લીરામે તરત જ તેના પૂર્વજન્મના પિતા કલન્દરસિંહ પાસે જઈ તેમનો હાથ પકડી ઓળખી બતાવ્યા. બાજુમાં ઊભા રહેલા એક માણસે પૂછ્યું – 'હું કોણ છું તે ખબર છે?' તેણે કહ્યું: 'હા, તમે સરપંચ પરમાલસિંહ છો.' તેણે કહ્યું – 'તારા પિતાના શરીર પર કોઈ ઓળખચિહ્ન કે નિશાન હોય તો તને ખબર હશે. તે કહે.' તેણે કહ્યું – 'તેમના પેટ પર એક ઢીમડું છે.' તેણે પહેરણ ઊંચું કરી એ ઢીમડું બતાવ્યું. પછી વિદ્યાદેવીને અનેક સ્ત્રીઓ સાથે ઘૂમટો તાણીને બેસાડવામાં આવી. દિલ્લીરામને પૂછવામાં આવ્યું – 'આમાંથી વિદ્યાદેવી કોણ છે તે ઓળખી બતાવ.' તો તેણે તરત જ વિદ્યાદેવીને ઓળખી બતાવી. તે પછી તેણે વિદ્યાદેવીને કેટલીક એવી અંગત વાતો પણ કહી કે જે માત્ર જનકસિંહ અને વિદ્યાદેવી સિવાય બીજું કોઈ જાણતું નહોતું. તેણે વિદ્યાદેવીને કહ્યું કે તે જનકસિંહના રૂપમાં હતો ત્યારે અમદાવાદની વિજય મિલના સાળ ખાતામાં એક વર્ષ નોકરી કરી તેના પગારમાંથી એક સાડી, એક છત્રી અને એક ઘડિયાળ લઈને સક્તપુર આવ્યો હતો. તેણે તેની પત્નીને માટે કેસરી રંગની સાડીની વચ્ચે ૨૫૦ રૂપિયા પણ મૂક્યા હતા. એની વિદ્યાદેવીને પણ જાણ નહોતી. વિધવા થવાને કારણે તેણે તે સાડી કદી પહેરી જ નહોતી. એ સાડી મંગાવીને જોયું તો એની અંદરથી ૨૫૦ રૂપિયા મળી આવ્યા. અનેક ઘડિયાળો ભેગી કરીને તેમાં જનકસિંહની ઘડિયાળ મૂકવામાં આવી. તો દિલ્લીરામે સહેજ પણ ખચકાટ વગર તેને શોધી કાઢી હતી. એ પછી તેણે તેની બહેનને પણ નામથી ઓળખી કાઢી હતી અને એના કુટુંબમાં લગ્નપ્રસંગે ગયો ત્યારે એના સાસુ-સસરા માટે કપડાં કેમ ન લાવ્યો એનો બહેને ઝઘડો કર્યો હતો એટલે ખાધા વગર લગ્નમાંથી પાછો આવતો રહ્યો હતો તે પ્રસંગ પણ યાદ દેવડાવ્યો હતો.

પોતાનું મરણ થયું એ દિવસની યાદ તાજી કરતાં તે દુ:ખમાં ગરકાવ થઈ ગયો હતો. તેને બધી ઘટના યાદ હતી. તેણે જણાવ્યું – હું એ દિવસે સાંજે પરમાલસિંહ સાથે બાજુના ગામમાં ચૌહાણને ત્યાં ભજન સાંભળવા ગયો હતો. એ સમયે પ્રસાદમાં ખાંડનાં પતાસાં વહેંચવામાં આવ્યાં હતાં. દેવીદયાલ નામની વ્યક્તિએ પ્રસાદ વહેંચ્યો હતો. તેણે મને પ્રસાદ બે વાર આપીને કહ્યું હતું – આ વધારાના પ્રસાદ તારી પત્ની માટે લઈ જા. પછી મેં ઘેર આવીને તે પ્રસાદ વિદ્યાદેવીને આપ્યો હતો. તેણે બાજરીનો

રોટલો અને દૂધીનું શાક બનાવ્યું હતું તે મેં ખાધું હતું. પછી મુશળધાર વરસાદ વરસવા લાગ્યો હતો. મારાં પત્ની, બે બાળકો અને હું સૂઈ ગયાં હતાં. એકાએક છતમાંથી માટી પડવા લાગી એટલે મારી પત્ની જાગી ગઈ હતી. તેણે મને પણ જગાડ્યો અને ઘરની બહાર નીકળી ગયાં હતાં. ત્યાં જ મકાન પડવા લાગ્યું. લાકડાનો થાંભલો માથા પર પડવાથી મને બેશુદ્ધિ આવી ગઈ. હું ઘણોખરો દટાઈ ગયો હતો. મને મરી ગયેલો સમજવામાં આવ્યો. મને ગામની બહાર અગ્નિદાહ આપવા લઈ ગયા. વરસાદને કારણે લાકડાં ભીનાં થઈ જવાથી અગ્નિદાહ માટે ઘાસતેલ પણ મંગાવવામાં આવ્યું. પછી અડધા બળેલા શરીરને બાજુમાં આવેલી ક્વારી નદીમાં પધરાવી દેવામાં આવ્યું. એ મૃત શરીર ત્યાંથી તરતું ખોડન ગામે આવીને જ અટક્યું હતું.''

જનકસિંહની જેમ દિલ્લીરામ પણ કામની શોધમાં અમદાવાદ આવી પહોંચ્યો. અહીં પણ તેના પૂર્વજન્મના મિત્રો ગુલાબસિંહ, કલ્યાણસિંહ, પન્નાલાલ, વિદ્યારામ વગેરેને પણ ઓળખીને અત્યારે તેમની સાથે સંબંધ રાખે છે. ૩ વર્ષની વયે દિલ્લીરામને એનો પૂર્વજન્મ યાદ આવ્યો ત્યારે એની પૂર્વજન્મની પત્ની વિદ્યાદેવીની ઉંમર ૨૪ વર્ષની હતી. ન તો દિલ્લીરામ એને પત્નીરૂપે રાખી શકે કે ન તો વિદ્યાદેવી એને પતિરૂપે! દિલ્લીરામ યુવાન થયો ત્યારે વિદ્યાદેવી વૃદ્ધ થવા આવી હતી. એટલે સામાજીક મર્યાદાના બંધનને લીધે દિલ્લીરામ વિદ્યાદેવીને પોતાની પાસે રાખી શકે તેમ નહોતો અને વિદ્યાદેવીનું હૃદય ભલે દિલ્લીરામને પોતાના પૂર્વ પતિ જનકસિંહ રૂપે માનતું હતું પણ બુદ્ધિ એની સાથે પત્ની રૂપે રહેવા તૈયાર નહોતી એટલે દિલ્લીરામે બીવીરાની સાથે લગ્ન કરી લીધાં. એને એક પુત્ર સર્વેશ અને બે પુત્રીઓ વર્ષા અને સીતા છે. દિલ્લીરામ તેના પૂર્વજન્મની પુત્રી આશા કે જે ઉંમરમાં એના કરતાં મોટી છે એની સાથે દીકરી જેવો સંબંધ રાખે છે. એનાં લગ્નમાં તેણે હાજરી આપી હતી અને પોતાની શક્તિ પ્રમાણે દહેજદાન અપાય તે આપ્યું હતું. દિલ્લીરામના આ જન્મના પુત્ર સર્વેશને પૂર્વજન્મની પુત્રી આશા દર રક્ષાબંધને રાખડી પણ બાંધે છે.

ધ્યાનમાં રહે આ કોઈ હિન્દી ફિલ્મની રોમાંચક કાલ્પનિક વાર્તા નથી. વાસ્તવમાં બનેલી સત્ય ઘટના છે. આ અહેવાલ તાજેતરમાં જુદી જુદી ન્યુઝ ચેનલો પર અને વર્તમાનપત્રોમાં ચમક્યા છે. ૩૪ વર્ષની વય ધરાવતા દિલ્લીરામ અત્યારે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં મોમાઈનગરની રબારી કોલોનીમાં રહે છે અને છૂટક વસ્તુઓ વેચવાનો વ્યવસાય કરે છે. હજુ પણ એને પૂર્વજન્મની દરેક વાત સ્પષ્ટપણે યાદ છે અને એ જન્મનાં જે સગાં-સંબંધીઓ હતાં એમની સાથે સંબંધો પણ એટલા જ તાજા રાખેલા છે!

⌘

એક પ્રશ્ન એ થઈ શકે કે બધાને પૂર્વજન્મ યાદ કેમ નથી આવતો? આનો જવાબ પણ આપે છે જિનાગમ...

*जायमाणस्स जं दुक्खं, मरमाणस्स जंतुणो ।*
*तेण दुक्खेण संमूढो, जाइं सरइ न अप्पणो ।*


– તંદૂલવૈચારિક પ્રકીર્ણક

જીવને જન્મ લેતા અને મરતા જે દુઃખ થાય છે, તેનાથી તે અત્યંત મૂઢ-અજ્ઞાન દશાને પામે છે અને તેથી તે પોતાના પૂર્વ જન્મને યાદ કરતો નથી.

પણ જે યાદ ન આવે, તે વસ્તુ હોય જ નહીં, તેવું નથી. એમ તો આપણને આપણો ગર્ભાવાસ, જન્મ જેવી અનેક અવસ્થાઓ પણ ક્યાં યાદ છે? આમ છતાં તે અવસ્થાઓમાંથી આપણે પસાર થયા છીએ, એ એક હકીકત છે. એવી જ હકીકત છે આપણા પૂર્વ જન્મો. વળી હિપ્નોટિઝમ આદિથી આજે ય પૂર્વજન્મસમૃતિની ઘટનાઓ જોવા મળે જ છે. એ પણ આપણે જોયું. હજુ એવા કિસ્સા જોઈએ.

# પુનર્જન્મ... તથ્ય અને સત્ય

## ૨૨



પૂર્વજન્મ અને પુનર્જન્મને લગતી કેટલીક ઘટનાઓ એવી છે જે ભલભલાને અચંબામાં નાંખી દે તેવી છે. આ ઘટનાઓ વિષે સંશોધન કરનારા વિજ્ઞાનીઓ હવે આમાં વિશ્વાસ કરવા લાગ્યા છે. આ ઘટનાઓ જ એવા પ્રકારની છે કે આમાં વિશ્વાસ રાખ્યા સિવાય છૂટકો જ ન થાય. માનવીના અવચેતન મન (Sub- conscious Mind) માં પૂર્વના અનેક જન્મોની સ્મૃતિઓ સંગ્રહાયેલી હોય છે. કોઈકવાર અચાનક રીતે તે બહાર આવી જાય છે. કોઈવાર મનોવિજ્ઞાનીની રીગ્રેસન પ્રોસેસથી ગાઢ સંમોહન (deep hypnosis)ની સ્થિતિમાં પૂર્વજન્મની ઘટનાઓને પુનઃ યાદ કરાવી શકાય છે. આનો એક જીવતોજાગતો નમૂનો છે શ્રીમતી ડોલોરેસ જોય.



અમેરિકાના એક મંત્રીની પત્ની શ્રીમતી ડોલોરેસ જોય રીગ્રેસન પ્રક્રિયા દરમિયાન ગાઢ સંમોહનની સ્થિતિમાં પોતાની વર્તમાન જિંદગી ભૂલી જાય છે અને બની જાય છે સોળ વર્ષની જર્મન યુવતી ગ્રેટચેન. સમયના ઘણા પાછળના અંતરાલમાં ઈ.સ. ૧૮૭૦માં તે પહોંચી જાય છે. તે અસ્ખલિત રીતે જર્મન ભાષા બોલવા લાગી જાય છે. તે પોતાને ઈબર્સવાલ્ડે નામના જર્મનીના નાના નગરની નિવાસિની બતાવે છે. ત્યાંના લોકો, ત્યાંની રહેણીકરણી અને તત્કાલીન ઘટનાઓની સચોટ વાતો કરે છે! વાસ્તવમાં ડોલોરેસ તો આધેડ વયની મહિલા છે. તેણે જર્મન ભાષા ઉચ્ચારી નથી કે સાંભળી પણ નથી. સંમોહનની સ્થિતિ સિવાયની દશામાં તેને જર્મન ભાષાનો એક શબ્દ પણ આવડતો નથી. સંમોહનની દશામાંથી બહાર આવ્યા બાદ પોતે શું બોલી ગઈ તેની તેને ખબર હોતી નથી.

ગાઢ સંમોહનની દશામાં તે જણાવે છે કે તેનું નામ ગ્રેટચેન ગારતિચેવ છે. તેની ઉંમર ૧૬ વર્ષની છે. તે ખ્રિસ્તી ધર્મના કેથોલિક સંપ્રદાયને અનુસરે છે. તે કેથોલિક સંપ્રદાયના વિરોધી ધર્માંધ લોકોથી ડરીને પોતાના પ્રાણ બચાવવા જંગલમાં છુપાઈને રહે છે. એક કટ્ટરવાદી વિરોધીએ તેની માતાને મારી નાખી હોવાથી તે જંગલમાં ગુપ્તવાસમાં રહેવા લાગી છે. તે કહે છે કે તેને માથામાં સખત દુખાવો થાય છે. તેને એક ચળકતું ધારદાર ચપ્પું દેખાય છે. પછી ચપ્પાની વાત આવે છે ત્યારે ડરના માર્યા તેનું બોલવાનું બંધ થઈ જાય છે. પછી

જેમતેમ કરીને તે પોતાની વાત કરે છે. તેના પરથી લાગે છે કે ચપ્પાથી જ તેને મારી નાખવામાં આવી હતી. તેણે દર્શાવેલી વિગતોની તપાસ કરવામાં આવી તો બધી વિગતો સાચી છે તેમ જાણવા મળ્યું. જર્મનીમાં હબર્સવાલ્ડે નગર પોલેન્ડની હદ પાસે આવેલું છે. ૧૯૪૫માં આ જ જગ્યાએ જર્મનીની સેનાઓએ સોવિયેત સેનાઓ સાથે ઘમસાણ યુદ્ધ ખેલ્યું હતું. તે આખા નગરને સળગાવી દેવાયું હતું. ગ્રેટચેન ગારતિયેવના જીવનની અન્ય વિગતોની પણ તપાસ કરવામાં આવી તો તત્કાલીન પ્રદેશ, ભાષા, ઐતિહાસિક ઘટનાઓની ઘણી સમાનતા જોવામાં આવી.

આશ્ચર્યની વાત તો એ છે કે શ્રીમતી ડોલોરેસ જ્યારે સંમોહનની સ્થિતિમાંથી બહાર આવે છે ત્યારે તેને ગ્રેટચેન ગારતિયોવ નામની કે હબર્સવાલ્ડે નગરની કશી ખબર નથી. તે કહે છે કે હું અમેરિકામાં છું અને એના મંત્રીની પત્ની તથા ચાર બાળકોની માતા છું એટલી જ મને ખબર છે. હું પુનર્જન્મમાં વિશ્વાસ પણ ધરાવતી



નથી. પણ તમે જ્યારે કહો છો કે સંમોહનની દશામાં હું મારા પૂર્વજન્મની વાતો કરું છું ત્યારે મને જ આ બાબતની નવાઈ લાગે છે! છતાં જ્યારે મારી કહેલી વાત સાચી પડે છે ત્યારે મને હવે શ્રદ્ધા આવવા લાગી છે કે પુનર્જન્મ જેવું જરૂર કંઈક હોવું જ જોઈએ. મારું જીવન જ એને પુરાવારૂપે રજૂ કરે છે ત્યારે હું એનો વિરોધ કેવી રીતે કરી શકું?

દિલ્હીમાં રહેતા ગોપાલ ગુપ્તા નામના છોકરાનો જન્મ ૧૯૫૬માં થયો હતો. તેનું બાળપણ તો યથાવત્ પસાર થયું. તે કિશોર બન્યો ત્યારે એક દિવસે તે તેના પિતાને કહેવા લાગ્યો – ''હું બ્રાહ્મણ છું. હું શક્તિપાલ શર્માજીનો પુત્ર છું. મારા પિતા મથુરામાં રહે છે. મારા ત્રણ ભાઈઓ છે. મને મારા ઘેર લઈ જાઓ.'' તેનો આવા પ્રલાપ સાંભળી તેના પિતા આશ્ચર્યમાં મુકાઈ ગયા. તેણે પોતાની વાતનું વારંવાર પુનઃરાવર્તન કર્યું એટલે તે ખુબ ગુસ્સે પણ થઈ ગયા. પણ તેણે પોતાની વાત

છોડી નહીં. ગોપાલનાં માતા-પિતાને તેમના કેટલાક સંબંધીઓએ સમજાવ્યાં કે તમે તેની વાત બરાબર સાંભળો અને તપાસ કરો. આમાં કશું વજૂદ હોઈ શકે. ગોપાલને આ વિષે વિશેષ પૂછવામાં આવ્યું તો તેણે જણાવ્યું કે તે સુખ-સંચારક કંપની નામની દવાની દુકાનનો માલિક હતો અને તેના નાના ભાઈએ તેને ગોળી મારીને મારી નાંખ્યો હતો.


શ્રીમાન ગુપ્તાએ પોતે મથુરા જઈ ત્યાંના પોતાના ઓળખીતા, મિત્રો વગેરેને સાથે રાખી તપાસ કરી. તેમણે જાણ્યું કે સુખ-સંચારક કંપની નામની દવાની દુકાન છે અને થોડાં વર્ષો પૂર્વે તેના માલિક શ્રી શક્તિપાલ શર્માના પુત્રની કોઈએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. જો કે હત્યાનું રહસ્ય ઉકેલાયું નહોતું. શ્રીમાન ગુપ્તાને ગોપાલની વાતમાં તથ્ય જણાયું એટલે તેમણે તેને લડવાનું છોડી દીધું. આ તરફ શક્તિપાલ શર્માના કુટુંબને કોઈએ આ વાત જણાવી એટલે શક્તિપાલની પત્ની અને ભાભી દિલ્હી આવ્યાં. તે ગોપાલના કુટુંબીજનોને અને ગોપાલને મળ્યાં. તે જેવાં ઘરમાં દાખલ થયાં તે સાથે જ ગોપાલે તેમને ઓળખી લીધાં. જો કે આ પહેલાં તેઓ ક્યારેય ગોપાલને મળ્યાં નહોતાં! ગોપાલે તેની ભાભી સાથે વાતચીત કરી પણ તેની પત્ની સાથે એક પણ શબ્દ ન બોલ્યો. આનું કારણ પૂછવામાં આવ્યું તો તેણે જણાવ્યું કે તેની પત્ની પર હજુ પણ ગુસ્સો ધરાવે છે, કેમ કે તેણે તેની પાસે ૫૦૦૦ રૂપિયા માંગ્યા હતા તે તેની પાસે હોવા છતાં તેને આપ્યા નહોતા એટલે જ તે નાના ભાઈ પાસે માગવા ગયો હતો. થોડી બોલચાલ થતાં તેણે ગુસ્સામાં આવીને તેના પર ગોળી ચલાવી હતી, જેને લીધે પોતાનું મરણ થઈ ગયું હતું. શક્તિપાલની વિધવા પત્નીએ જણાવ્યું કે ગોપાલની વાત સાચી છે. ખરેખર તેના જીવનમાં તેમ જ બન્યું હતું.

તે પછી ગોપાલને મથુરા લઈ જવામાં આવ્યો. તે તેના વિસ્તાર, ઘર અને સગાં-સંબંધીઓથી કેટલો પરિચિત છે તે જોવાનું નક્કી કરાયું. દ્વારકાધીશ મંદિર પાસે ગયો પછી તેને કહેવામાં આવ્યું કે તારે જાતે જ તારું ઘર શોધી



કાઢવાનું છે. ગોપાલે એક દુકાન પાસે જઈને કહ્યું કે આ મારી દવાની દુકાન છે, ત્યાં જ મારી હત્યા કરવામાં આવી હતી. પોતે દુકાનમાં ક્યાં, કેવી રીતે ઊભો હતો અને કેવી રીતે તેને ગોળી વાગી હતી તેનું તાદૃશ વર્ણન કરી બતાવ્યું. પાછળથી તેની તપાસ કરાતાં, પોલીસ રેકોર્ડ સાથે તેને સરખાવતાં તે વિગતો બિલકુલ બંધબેસતી આવી ગઈ. તે પછી આડીઆવળી ગલીકૂંચીઓ પસાર કરી તે એક ઘર પાસે આવી પહોંચ્યો અને કહ્યું આ જ મારું ઘર છે. હું ઉપરના ઓરડામાં રહેતો હતો. ઘરમાં ગયા પછી તેણે શક્તિપાલની દીકરીને પણ ઓળખી કાઢી. આસપાસના પડોશીઓ અને સગાંવહાલાંને પણ ઓળખી બતાવ્યાં. ફૅમિલી આલ્બમમાંથી પોતાના ફોટા પણ ઓળખી કાઢ્યા. ઘરની એકેએક જગ્યાથી એટલો બધો માહિતગાર હતો કે દરેકને એમ લાગ્યું કે જાણે તે વર્ષોથી ત્યાં રહેતો ન હોય! આખરે બધાંને કબૂલ કરવું પડ્યું કે ગોપાલ એના પૂર્વજીવનમાં શક્તિપાલ શર્માનો પુત્ર જ હતો. તો જ જીવનની દરેક ઘટનાથી વાકેફ હોઈ શકે. ગોપાલની આદતો અને વર્તણૂક પણ શક્તિપાલની ટેવો અને વ્યવહાર સાથે મળતા આવે છે. ઘટનાના સાક્ષીઓ અને સંશોધકો કહે છે કે પૂર્વજન્મ અને પુનર્જન્મ એ વાસ્તવિકતા છે. આટલું જોયા અને જાણ્યા પછી તેના વિરોધ કરીએ તો તે સચ્ચાઈનો દ્રોહ કર્યો ગણાય!

⌘



જાતિસ્મરણ જ્ઞાન છે એ પણ જૈન શાસ્ત્રે જણાવ્યું છે, અને વર્તમાનકાળમાં તે થઈ શકે છે, તે પણ જૈનશાસ્ત્રે જણાવ્યું છે.

*वर्तमानकाले जातिस्मरणाद्यवधि-*
*ज्ञानस्य शास्त्रे व्यवच्छेदः प्रतिपादितो नास्ति ।*

– સેનપ્રશ્ન

શાસ્ત્રમાં વર્તમાનકાળે જાતિસ્મરણ વગેરે અવધિજ્ઞાનનો વ્યવચ્છેદ કહ્યો નથી, અર્થાત્ આધુનિક સમયે પણ જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે.

હિપ્નોટિઝમ પદ્ધતિથી જીવની સુષુપ્ત ધારણાશક્તિને જાગૃત કરવામાં આવે છે, ત્યારે તે વર્તમાન જન્મને ભૂલીને પૂર્વભવને એટલી સચોટ રીતે યાદ કરે છે, કે જાણે તે એ જન્મને સાક્ષાત્ અનુભવતો હોય.

# સંમોહનમાં સંસ્મરણ

# ૨૩



વિશ્વભરમાં ખ્યાતિ પામેલા, ગુજરાતના મનોવિજ્ઞાની અને સંમોહનશાસ્ત્રી શ્રી પુરુષોત્તમભાઈ ભીમાણી તથા પ્રશાંત ભીમાણીએ સંમોહન (Hypnotism) ક્ષેત્રે હેરતભર્યા પ્રયોગો કરી અસાધારણ સિદ્ધિઓ હાંસલ કરી છે. ENCOUNTERS WITH THE PAST ના લેખક હિપ્નોથેરાપિસ્ટ જો કીટોને (Joe Keeton) સંમોહન દ્વારા વ્યક્તિને તેના પૂર્વજન્મમાં લઈ જવાના ૮૦૦૦થી વધુ સંખ્યામાં અસાધારણ પ્રયોગો કર્યા છે. જો કીટોને તેના પ્રયોગપાત્રને સંમોહન દ્વારા તેના દૂરના ભૂતકાળમાં, પૂર્વજન્મમાં લઈ જાય છે. સંમોહનશાસ્ત્રી પ્રયોગપાત્રને વારંવાર એકના એક પ્રાચીન ઈતિહાસના સમયકાળમાં, તેના પૂર્વજીવનમાં લઈ જાય છે. ભૂતકાળમાં તે વ્યક્તિ જે સ્થળે રહેતી હોય, જે વ્યક્તિત્વ ધારણ કરતી હોય છે તે જ બાબતો સહજતાથી



સંમોહનશાસ્ત્રી આગળ પ્રગટ થાય છે. વ્યક્તિ તેના પૂર્વજન્મના જીવનમાં જ પહોંચી જાય છે. તે જ વ્યક્તિત્વ, તે જ સ્વભાવ, તે જ વ્યક્તિગત લક્ષણો સંમોહન કાળ દરમિયાન ધારણ કરે છે.

જો કીટોને એન ડાઉલીંગ (Ann Dowling) નામની એક ગૃહિણી પર સંમોહન કરી તેને તેના પૂર્વજન્મમાં પાછી લઈ ગયા હતા. આ પ્રયોગ દરમિયાન એન ડાઉલીંગ સો વર્ષ જૂના ભૂતકાળમાં સરી પડી હતી. તે સારાહ વિલિયમ્સ બની ગઈ હતી. તે ૧૮૫૦નાં વર્ષોમાં લિવરપૂલના ગરીબીથી સબડતા 'સ્લમ એરિયા'માં તદ્દન કંગાળ જીવન જીવતી હતી. ૧૮૫૦ના પૂર્વાર્ધમાં લિવરપૂલ કેવું હતું અને કેવી ઘટનાઓ બનતી હતી તે વિષે પણ તેને પૂછવામાં આવ્યું. તેણે જે હકીકતો જણાવી તે બધી બંધબેસતી થતી હતી. તેણે કરેલું લિવરપૂલના વિસ્તારનું વર્ણન ૧૮૫૦ના શહેરના નકશા પ્રમાણે હૂબહૂ મળતું હતું.

એન ડાઉલીંગે સ્વીડીશ ગાયિકા જેની લીન્ડનો લિવરપૂલ ખાતેની મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. તેણે 'Summat to do wia bird' એવા શબ્દોથી તેનું સ્મરણ પણ કર્યું. સંશોધનોએ જણાવ્યું કે જેની લીન્ડ, 'સ્વીડીશ નાઈન્ટીન્ગલ' ઓગસ્ટ મહિનામાં સ્વિડનથી અમેરિકા જઈ રહી હતી ત્યારે તેણે લિવલપૂલના Phiharmonic Hall ખાતે બે રાત્રી દરમિયાન ગીતો ગાયાં હતાં! જેની લીન્ડના ચહેરાની વિગતો તેણે વર્ણવી હતી જે તેના ફોટાને મળતી આવતી હતી. કોઈ પ્રયોગપાત્ર પૂર્વજન્મને લગતી ખોટી કે ઉપજાવી કાઢેલી વાત રજૂ કરે તો યુક્તિપૂર્વકના પ્રશ્નો પરથી તથા મૂળ ઐતિહાસિક વિગતોની ચકાસણીથી તેને પકડી પાડી શકાય. જો કે આવા કિસ્સા ભાગ્યે બને છે. મોટાભાગના બધા કિસ્સાઓમાં પ્રયોગપાત્ર સાચું જ બોલતા હોય છે એવું સંશોધનોને આધારે સિદ્ધ થયેલું છે.

The Society For Psychical Research ના સભ્ય ડેવીડ લોવે (David Lowe) પણ આ પ્રકારના પૂર્વજન્મ સ્મૃતિના પ્રયોગોમાં અત્યંત સફળ રહ્યા. તેઓ એક સ્ત્રીને તેના અનેક પૂર્વજન્મોમાં પાછી લઈ ગયા હતા, જેમાંના કેટલાક જન્મો તો એક જ કુટુંબની જુદી જુદી પેઢીઓમાં થયા હતા! આ એક અસામાન્ય સિદ્ધિ મનાય! તેમણે તે સ્ત્રીના જુદા જુદા જન્મોની વિગતો તેની સંમોહન દશામાં થયેલી વાતચીતના આધારે ટેપરેકોર્ડરમાં ટેપ કરી લીધી હતી. દરેક જન્મોની તેની જુદી જુદી ઘટનાઓ, વ્યક્તિગત લાક્ષણિકતાઓ તથા અવાજની ભિન્નતા વગેરે બાબતો ટેપ દ્વારા સ્પષ્ટ જાણી શકાતી હતી. તે સ્ત્રીને સત્તરમી સદીના સમયમાં પાછળ લઈ જવામાં આવી અને પૂછવામાં આવ્યું કે કોઈ શબ્દ જે 'W' અક્ષરવાળો હોય તે કેવી રીતે લખાતો કે બોલાતો? તેણે એક પળ પણ વિચાર્યા સિવાય જવાબ આપી દીધો હતો તે બેવડા 'V' તરીકે બોલાતો. સાચે જ સત્તરમી સદીમાં 'W' નો ઉચ્ચાર 'Double V' તરીકે જ થતો!

ડૉ. મોર્ટીસ સ્ટાર્કે પૂર્વજન્મના અનેક કિસ્સાઓ પર સંશોધન કર્યું હતું. આ સદીના આરંભમાં ૧૯૧૧માં ફ્રેંચ સંશોધક કર્નલ આલ્બર્ટ ડી. રોચાસે જુદાં જુદાં વર્ષો દરમ્યાન એકત્રિત કરેલા પૂર્વજન્મ સ્મૃતિના અનેક કિસ્સાઓ પ્રકાશિત કર્યા હતા. સંમોહનથી પૂર્વજન્મને યાદ કરવાની પદ્ધતિ પ્રમાણમાં બહુ અઘરી નથી. સંમોહનશાસ્ત્રી તેના પ્રયોગપાત્રને ધીમે ધીમે કરીને તેના ભૂતકાળમાં તેને પાછળ ને પાછળ લઈ જાય છે અને પછી તેને ગર્ભમાં આવ્યા પહેલાં તે કઈ સ્થિતિમાં રહેલ તથા તે વખતના અનુભવોને યાદ કરવા વારંવાર સૂચના આપ્યા કરે છે. ધીમે ધીમે આંખો આગળથી પડદો હટતો હોય તેમ ધૂંધળી સ્મૃતિ સ્પષ્ટ થવા લાગે છે. તેને અમુક અનુભવો અને ઘટનાઓ યાદ આવવા લાગે છે.

મનોવિજ્ઞાનીએ અને સંમોહન-શાસ્ત્રીઓએ પ્રાયોગિક સંશોધનોને આધારે એ શોધી કાઢ્યું છે કે કેટલાક માણસોમાં અમુકવાર જોવા મળતા માનસિક રોગો, ન્યૂરોસિઝ, વિકૃત ડર (Phobias) વગેરે સાથે તેમના પૂર્વજન્મની ઘટનાઓ સંકળાયેલી હોય છે. એક સ્ત્રી પાણીના વિકૃત ડરથી પીડાતી હતી. સંમોહન દ્વારા તેના પૂર્વજન્મની ઘટનાઓને યાદ કરવામાં આવી. તે સ્ત્રી પૂર્વજન્મમાં એક ગુલામ ચાકરડી હતી અને એના નિર્દય માલિકે તેને નદીમાં ફેંકી દીધી હતી, જ્યાં મગરોના જબરદસ્ત જડબાનો શિકાર બની તે ચવાઈ ગઈ હતી!

એક માણસને લિફ્ટમાં નીચે ઉતરતાં અત્યંત ડર લાગતો હતો. તેના કારણની તપાસ કરતાં ખબર પડી કે પૂર્વજન્મમાં એક ચાઈનીઝ જનરલ હતો જે ઊંચાઈ પરથી નીચે પટકાઈ જતાં મરણ પામ્યો હતો!

⌘

શરીર મરે છે, પણ જીવ મરતો નથી. જે જીવ આ લોકમાં હતો, તે જ જીવ પરલોકમાં જાય છે. તેનું હજુ એક પ્રમાણ છે પૂર્વસ્વભાવ-પૂર્વલાગણીઓ-પૂર્વાનુભવોનું પરલોકમાં સહગમન.

*जह खलु दिवसब्भत्थं रातीए सुविणयम्मि पेच्छंति ।*
*तह इह जम्मब्भत्थं सेवंति भवंतरे जीवा ॥*

– યોગશતક ॥૯૪॥

જેમ દિવસે વારંવાર અનુભવેલ વસ્તુ રાતે સ્વપ્નમાં દેખાય છે, તેમ આ જન્મમાં વારંવાર અનુભવેલ વસ્તુને જીવો પરલોકમાં કરે છે.

મૃત્યુની શક્તિ એટલી જ છે, કે એ જીવના સંસારને બદલી દે છે. જીવના સંસ્કારને મૃત્યુ બદલી શકતું નથી.

# જ્યોર્જનો પુનર્જન્મ

# ૨૪



અમેરિકાની વર્જિનિયા યુનિવર્સિટીના પરામનોવિજ્ઞાન વિભાગના ડાયરેક્ટર ડૉ. ઈઆન સ્ટીવેન્સને પુનર્જન્મના ક્ષેત્રમાં ખૂબ જ ઊંડું અધ્યયન કર્યું છે. તેઓએ ૧૬૦૦ જેટલા પુનર્જન્મના કિસ્સાઓનું સઘન અધ્યયન કર્યું છે. સમગ્ર વિશ્વમાં ફરી ફરીને તેઓએ એવા માણસોનું અધ્યયન કર્યું છે કે જેઓ એવો દાવો કરતા હોય કે તેમને પૂર્વજન્મની વાતો યાદ છે. વૈજ્ઞાનિક રીતે ગહન તપાસ કરીને સ્ટીવેન્સન એવા નિષ્કર્ષ પર આવ્યા કે પુનર્જન્મની વાતો સાચી છે તેટલું જ નહિ પૂર્વજન્મની અમુક ખાસિયતો કે ડર પણ આ જન્મમાં દેખાતાં હોય છે. જેમ કે જે લોકો પૂર્વજન્મમાં પાણીમાં ડૂબવાથી મર્યા હોય તેઓ આ જન્મમાં પણ પાણીથી ડરતા હોય છે. નાના

મોટા મશીન ચલાવવાથી માંડીને સબમરીને ચલાવવી, ગાયનવિદ્યા, નૃત્યકળા વગેરે જેવી પૂર્વજન્મની યોગ્યતા પણ આ જન્મમાં જોવા મળે છે. સ્ટીવેન્સને ૨૦૦ માણસોના શરીર પર એવાં નિશાનો કે ઘા જોયા કે જે જન્મથી જ તેમના શરીર પર હતા. આશ્ચર્યની વાત તો એ હતી કે આ નિશાન કે ઘા પૂર્વજન્મમાં પણ હતા.

અમેરિકાના રેડઈન્ડિયન માછીમાર વિલિયમ જ્યોર્જ સિનિયરનો કિસ્સો પ્રસિદ્ધ છે. બન્યું એવું કે જ્યોર્જ સિનિયર મરતા પહેલાં પોતાના પુત્ર તથા પુત્રવધૂને એવું આશ્વાસન આપતા કે હું તમારા પુત્ર તરીકે પુનર્જન્મ લઈશ. ઓગસ્ટ, ૧૯૪૯માં વિલિયમ જ્યોર્જ માછલીનો શિકાર કરતાં મૃત્યુ પામ્યો. થોડાક મહિનાઓ પછી તેમની પુત્રવધૂએ એક બાળકને જન્મ આપ્યો. બાળકનું મોં તથા શરીર પર તેવાં જ નિશાનો હતાં જેવા તેમના સસરા જ્યોર્જના શરીર પર હતાં. આથી જ બંનેએ તેનું નામ વિલિયમ જ્યોર્જ જ રાખ્યું. બાળકમાં દાદાના બધા જ ગુણો હતા તેટલું જ નહીં, બાળક પણ જ્યોર્જ સિનિયરની જેમ સહેજ લંગડો દેખાય તેવું ચાલતું હતું. બાળકમાં તેના દાદાની જેમ જ માછલી મારવાનું તથા નૌકા સંબંધી ઊંડું જ્ઞાન હતું. પોતાના આસપાસના વિસ્તારનું જ્ઞાન તથા સગાસંબંધીઓ વિષે તે બધું જ જાણતો હતો જે તેના દાદા જાણતા હતા. જ્યારે બાળકની માએ એક સોનાની ઘડિયાળ બતાવી તો બાળકે તે ઘડિયાળ પણ ઓળખી બતાવી. પાછું કહ્યું પણ ખરું કે આ તો મારી ઘડિયાળ છે. પોતાના પૂર્વજન્મની એટલી બધી વાતોમાં તે બાળક સાચો હતો કે આપણે માનવું જ પડે કે તે જ જ્યોર્જ સિનિયર હતો. જો કે એ પણ નોંધવું પડે કે જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તેની પૂર્વજન્મની સ્મૃતિઓ પણ ઓછી થતી ગઈ.

⌘



જાતિસ્મરણ જ્ઞાન થાય ત્યારે થોડી વાર માટે મૂર્છા આવી જાય એવું ઘણા કિસ્સાઓમાં બન્યું છે. મોટેભાગે એ વ્યક્તિને કોઈ એવું નિમિત્ત મળે, કે જે તેને કાંઈક પરિચિત જેવું લાગે. તે વ્યક્તિ મગજ પર જોર દઈને તેને યાદ કરવાનો પ્રયાસ કરે. આ સ્થિતિમાં તે બેભાન પણ થઈ જાય અને બેભાનીની અવસ્થામાં તેને પોતાનો પૂર્વજન્મ પણ યાદ આવી જાય.

*तं पेहइ मियापुत्ते दिट्ठीए अणिमिसाइ उ ।*
*कहं मन्नेरिसं रूवं दिट्ठपुव्वं मए पुरा ? ॥*
*साहुस्स दरिसणे तस्स अज्झवसाणंमि सोहणे ।*
*मोहं गयस्स संतस्स जाइसरणं समुप्पन्नं ॥*

– ઉત્તરાધ્યયનસૂત્ર ॥૧૯/૬-૭॥

મૃગાપુત્ર રાજકુમાર અનિમેષ નયને શ્રમણને જોઈ રહે છે. અને વિચાર કરે છે, કે 'આવો વેષ મેં પહેલા ક્યાં જોયો છે?' સાધુનું દર્શન થતાં પ્રશસ્ત અધ્યવસાયમાં એ મૂર્છિત થઈ જાય છે, અને તે દશામાં તેને જાતિસ્મરણ જ્ઞાન થાય છે.

જિનાગમમાં આ રીતે મૂર્છાવસ્થામાં પૂર્વભવસ્મૃતિની વાત કહી છે, જે આજે ય સંવાદિતા ધરાવે છે.

# ડેવિડ કે યહૂદી સમ્રાટ?

# ૨૫

જેરુસલેમના દાંતના ડોક્ટર મોરિસના છ વર્ષના પુત્રએ બેભાની બાદ એના પૂર્વજન્મની સ્મૃતિ પ્રગટ કરી ત્યાં બધા જ આશ્ચર્યચકિત થઈ ગયા. એણે જણાવ્યું કે એના પૂર્વજન્મમાં તે યહૂદી સમ્રાટ હતો, જેને મરણ પામ્યે ત્રણ હજાર વર્ષ થઈ ગયાં!

આ ઘટના કેવી રીતે પ્રકાશિત થઈ તેની વિગત જોઈએ. એક દિવસ ડોક્ટર મોરિસ તેમના જેરુસલેમના ક્લિનિકમાં કાર્ય કરી રહ્યા હતા તે વખતે તેમની પત્ની એડનાએ ત્યાં આવી ફરિયાદ કરી કે તેમના પુત્ર ડેવિડને કંઈક થઈ ગયું છે. તે બહુ વિચિત્ર રીતે વર્તે છે. તે ઘણીવાર બેભાન જેવો થઈ જાય છે અને તેના મોંમાંથી લાળ ટપકવા લાગે છે. કોઈક વાર મોંમાં ફીણ આવી જાય છે. મને તો તેમાં કંઈ સમજાતું નથી. મને લાગે છે કે આપણે કોઈ ડોક્ટર કે મનોચિકિત્સક પાસે એને લઈ જવો જોઈએ.



ડૉક્ટર મોરિસ દવાખાનાનું કામ ઝડપથી આટોપીને પત્ની સાથે ઘેર આવ્યા. ત્યાં તેમણે જોયું તો ડેવિડ પ્લાસ્ટિકના અને લાકડાના ટુકડાઓથી કંઈક બનાવી રહ્યો હતો. ડૉ. મોરિસને તેની રચના કંઈક પરિચિત લાગી. ડેવિડ એક કિલ્લો બનાવી રહ્યો હતો. તેમને લાગ્યું કે પોતે આ કિલ્લો ક્યાંક જોયેલો છે! તે પોતાનું મગજ કસીને યાદ કરવા લાગ્યા કે પોતે તેને ક્યાં જોયો હતો. પછી તેમને એકાએક યાદ આવી ગયું કે આ તો એક નષ્ટ થઈ ચૂકેલા પવિત્ર દેવાલયનું મૉડેલ છે, જેનું રેખાચિત્ર તેમણે થોડાં અઠવાડિયાં પહેલાં રાષ્ટ્રીય સંગ્રહાલયમાં જોયું હતું. પણ તેમને આશ્ચર્ય થયું કે ડેવિડે તો તે જોયું નહોતું, તો પછી તે હૂબહૂ તેના જેવું જ મૉડેલ કેવી રીતે બનાવી શક્યો? ડૉ. મોરિસ તેમના છ વર્ષના પુત્ર ડેવિડની બાજુમાં બેસી ગયા અને તેને પૂછવા લાગ્યા, ‘બેટા!’ આ તે શું બનાવ્યું છે? શું તે રેલવે સ્ટેશન છે કે પછી મહેલ છે? શું તે ધર્મશાળા છે કે દેવાલય છે? એની આગળ આ શું છે? ડેવિડ કંઈક વિચિત્ર ભાષામાં બોલવા લાગ્યો. ડૉક્ટર મોરિસ યહૂદી ભાષાનો એક જ શબ્દ સમજી શક્યા. એનો અર્થ થતો હતો દેવાલય. ડૉક્ટર મોરિસે તેમની પત્નીને ઈશારો કર્યો અને ટેપરેકૉર્ડર મંગાવ્યું. ડેવિડને ફરી તે બોલવા કહ્યું. તે જે બોલતો હતો તે તેમણે ટેપ કરી લીધું. પછી તેઓ તે કેસેટ લઈને રાષ્ટ્રીય સંગ્રહાલય પહોંચી ગયા.

ડો. મોરિસ ત્યાં તેમના જૂના મિત્ર અને તે સમયના રાષ્ટ્રીય સંગ્રહાલયના પ્રાચીન ભાષા-લિપિઓના વિભાગના પ્રમુખ ડો. જૂવી હરમનને મળ્યા. હરમન પ્રાચીન ઈતિહાસના શ્રેષ્ઠ જાણકાર અને પ્રાચ્ય ભાષાલિપિઓના વિશેષજ્ઞ હતા. ડો. મોરિસે ટેપરેકોર્ડરમાં પેલી ટેપ મૂકી હરમનને સંભળાવી. હરમન આશ્ચર્યથી તે સાંભળી રહ્યા, પછી એક કાગળ પર કંઈક લખવા માંડ્યા. તેમણે ડો. મોરિસને કહ્યું- આ તો અમારી યહૂદીઓની પ્રાચીન હિબ્રૂભાષામાં બોલાયેલી વાત છે. અત્યારે આ ભાષાનું જ્ઞાન ભાગ્યે જ કોઈને હોઈ શકે! અમારી યહૂદીઓની વર્તમાન ભાષામાં એને મળતા આવે એવા ઘણા શબ્દો છે. છતાં એના શબ્દો, રૂપો, વિભક્તિઓ, ઉચ્ચારણ શૈલી અને વ્યાકરણ બહુ જ જુદાં છે. મને પ્રાચ્ય ભાષાનો અભ્યાસ હોવાથી પ્રાચીન હિબ્રૂનો થોડો ઘણો ખ્યાલ છે. આ ટેપમાં જે રેકોર્ડ થયેલું છે તેનો અર્થ થાય છે- 'હે પ્રજાજનો, હું તમારો સમ્રાટ છું. મારા આદેશ પ્રમાણે ચાલો. હું તમને ગૌરવ તરફ લઈ જઈશ!' ડો. હરમન પૂછવા લાગ્યા, 'આ વાક્યોને તમે ક્યાંથી રેકોર્ડ કર્યાં? સમ્રાટ ડેવિડ અને દેવાલયના નિર્માણનો વિરોધ કરનારા જૂથથી ઈતિહાસકારો વિદિત છે. વિરોધીઓએ એના નિર્માણનું કાર્ય પૂરું થવાની પહેલાં જ આ યોજનાનો ત્યાગ કરવા એને બાધ્ય કરી દીધો હતો. આ કાર્યને એના ઉત્તરાધિકારી સમ્રાટ



સોલોમને પૂરું કર્યું હતું. નાટક માટે આ એક સારો વિષય છે, પરંતુ મને એ જાણીને નવાઈ લાગે છે કે આપણા કલાકારો પ્રાચીન હિબ્રૂ ભાષા બોલતા હોય! આ બોલનાર ખરેખર છે કોણ?' ડૉ. મોરિસે ગંભીરતાપૂર્વક કહ્યું 'આ બોલનાર છે મારો માત્ર છ વર્ષની ઉંમરનો પુત્ર ડેવિડ. અમને અર્વાચીન કે પ્રાચીન હિબ્રૂ ભાષા આવડતી જ નથી. અમે આ ભાષા ડેવિડને પણ કદી કોઈની પાસે શિખવાડી નથી. મારા અહીં આવવાનું કારણ જ આ છે– 'મારે જાણવું છે કે આ બધું આખરે છે શું?'

ડૉ. હરમન આશ્ચર્યથી ડૉ. મોરિસ સામે જોઈ રહ્યા. તેઓ આ બાબત માનવા તૈયાર જ નહોતા. ડૉ. મોરિસના પુત્રની ઉંમર તો છ વર્ષની છે, જ્યારે સમ્રાટ ડેવિડ તો ત્રણ હજાર વર્ષ પહેલાં થઈ ગયો!

આ બાબત પર વધુ સંશોધન કરવા ડૉક્ટર મોરિસે પ્રસિદ્ધ મનોવિજ્ઞાનીઓ પ્રો. એફ્રેમ એયૂરબેચ અને પ્રાચ્યભાષા વિશેષજ્ઞ ડૉ. જવી જરમનને પોતાના ઘરે જ રાખ્યા, જેથી તે લાંબો સમય સુધી ડેવિડનો અભ્યાસ કરી શકે. તેમણે જોયું કે ડૉ. મોરિસ કહેતા હતા તે સઘળી બાબત સાચી હતી. બીજું તેમણે એ શોધી કાઢ્યું કે ડેવિડના ઓરડાના બારી-બારણાં બંધ હોય ત્યારે તે સામાન્ય બાળક જેવો વ્યવહાર કરતો હતો પરંતુ જ્યારે તે ખુલ્લાં હોય ત્યારે તે ત્રણ હજાર વર્ષ પહેલાંના યહૂદી સમ્રાટ ડેવિડની જેમ વ્યવહાર કરવા લાગતો. આમાં પણ પૂર્વજન્મની સ્મૃતિ તે વખતે ઝડપથી અને સ્પષ્ટ આવતી જ્યારે પવનની દિશા ઉત્તર-પૂર્વથી, દક્ષિણ-પશ્ચિમ તરફ રહેતી હતી. જેરુસલેમના એક માનચિત્રના આધારે વાયુ-લહરીઓની દિશાની શોધ કરવામાં આવી. એમની શોધ પરથી એ જાણવા મળ્યું કે ડૉ. મોરિસનું રેહાવિયા ક્વાર્ટર્સ જેવા સુંદર ક્ષેત્રમાં રહેલું મકાન માઉન્ટમોરિયાની દક્ષિણ-પશ્ચિમ દિશામાં ત્રણ કિલોમીટરના અંતરે છે. આ પ્રસિદ્ધ મકાન પ્રાચીન જેરુસલેમના પ્રથમ દેવાલય તથા સમ્રાટ ડેવિડના મહેલનું સ્થાન હતું, ત્યાં એક કિલ્લો પણ હતો. અત્યારે તો માત્ર તેની પશ્ચિમી દિવાલ જ બચેલી છે. પ્રવર્તમાન સમયમાં તેને 'રડનારી દીવાલ' તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. એયૂરબેચ અને હરમને લાંબા ગાળાના સંશોધન બાદ એ નિષ્કર્ષ રજૂ કર્યો કે ડૉ. મોરિસનો નાનકડો પુત્ર ડેવિડ ત્રણ હજાર વર્ષ પહેલાંના સમ્રાટ ડેવિડના જીવનની સઘળી હકીકતોથી વાકેફ છે. તે સમ્રાટના લહેકાથી જ એ વખતની હિબ્રૂ ભાષા બોલે છે. જે આટલા નાના બાળક માટે શીખવી અને કડકડાટ બોલવી અશક્ય છે. તે ત્રણ હજાર વર્ષ પહેલાંની ઐતિહાસિક અને ભૌગોલિક સ્થિતિથી પણ માહેર છે. આ બધું કેવી રીતે શક્ય બને? છતાં એ શક્ય બન્યું છે જે એમ માનવા પ્રેરે છે કે ડૉ. મોરિસનો પુત્ર ડેવિડ એ ખરેખર ૩૦૦૦ વર્ષ પહેલાંના યહૂદી સમ્રાટ ડેવિડનો પુનર્જન્મ છે.

⌘

# પૂર્વજન્મ–પુનર્જન્મના સિદ્ધાંતને સાચો પુરવાર કરતો દિલ્લીની શાંતિદેવીનો કિસ્સો

## ૨૬

શાંતિદેવીનો જન્મ દિલ્લીના એક મધ્યમવર્ગીય કુટુંબમાં ૧૯૨૬માં થયો હતો. એના જન્મ પછી થોડા સમય બાદ એની મનઃસ્થિતિ બદલાતી હોય એમ લાગતું. તે ઉદાસ રહેતી. એનું મન ઉદ્વેગથી ભરેલું રહેતું. તે એકલી બેસી રહેતી. તે મનમાં મનમાં કંઈ બડબડાટ કર્યા કરતી. એકવાર તેણે કહ્યું કે તેને તેના પાછલા જન્મની કેટલીક બાબતો યાદ આવી છે. પણ કોઈએ તેની વાત ધ્યાન દઈને સાંભળી નહીં. તે સાત વર્ષની થઈ ત્યારે તેણે ફરીથી કહ્યું કે આની પહેલાંના જન્મમાં તે મથુરામાં રહેતી હતી. તે જ્યાં રહેતી હતી તે ઘરનું વર્ણન પણ કર્યું. પણ શાંતિનાં માતા-પિતાને લાગ્યું કે શાંતિને કોઈ માનસિક રોગ થયો લાગે છે એટલે આવું બોલ્યા કરે છે. તેને ચિકિત્સક પાસે



લઈ જવામાં આવી. તેમણે તેને ચકાસીને કહ્યું કે આમ તો ખાસ કોઈ મોટી બીમારી નથી, છતાં માનસિક વિકાર અંગે તપાસ કરવા મનોચિકિત્સક પાસે લઈ જાઓ તો ખબર પડે. તેમણે તે પણ કર્યું. આ બાબત સિવાય તેનામાં બીજો કોઈ માનસિક વિકાર જોવા ન મળ્યો. આમ કરતાં બીજા બે વર્ષ વીતી ગયાં.

૧૯૩૫માં એક દિવસે તેણે ફરી તેના પૂર્વજન્મની વિગતો યાદ કરી. તેણે ખૂબ ગંભીરતાપૂર્વક કહ્યું કે તે પૂર્વજન્મમાં મથુરામાં રહેતી હતી. એનાં લગ્ન થઈ ગયાં હતાં. એને ત્રણ બાળકો હતાં. તેણે બાળકોનાં નામ અને રૂપ, સ્વભાવની વાત જણાવી. તેણે કહ્યું કે તેનું પોતાનું નામ લુડગી હતું. આમ છતાં તેનાં માતા-પિતાએ એ વાત હસી કાઢી.

એક દિવસે સાંજે શાંતિ એની માતા સાથે ભોજન બનાવી રહી હતી ત્યારે કોઈએ ઘરનું બારણું ખખડાવ્યું. શાંતિ દરવાજો ખોલવા દોડી. તેણે દરવાજો ખોલ્યો. આમ તો એ વ્યક્તિ અપરિચિત હતી પણ શાંતિને લાગ્યું કે તે તેમનાથી ખૂબ પરિચિત છે. તે તેની સામે આશ્ચર્ય અને આદરથી જોઈ રહી હતી. તેણે તેને તેના નામથી બોલાવ્યો એટલે તે પણ તેની સામે આશ્ચર્યથી જોવા લાગ્યો. તે એ નાનકડી છોકરીને ઓળખતો નહોતો અને તેણે તેને પહેલાં કદી જોઈ પણ નહોતી. એટલે તેને નવાઈ લાગી કે તે તેનું નામ કેવી રીતે જાણતી હતી!

શાંતિને આવતાં વાર લાગી એટલે તેની માતા બારણે આવીને ઊભી રહી. શાંતિએ તેની માતાને કહ્યું - 'મા, તું વિશ્વાસ નહોતી રાખતી પણ હવે તારે મારી વાત પર વિશ્વાસ મૂકવો પડશે!' આ મારા પાછલા જન્મના સગા છે. તે મારા પતિના પિતરાઈ ભાઈ છે. તે પણ મથુરામાં અમારા ઘરથી થોડે દૂર જ રહેતા હતા.'

શાંતિની માતાએ તેની સઘન પૂછપરછ કરી. તેણે કહ્યું કે તે મથુરાવાસી જ હતો. કોઈ વ્યાવસાયિક કાર્ય માટે તે અહીં આવ્યો હતો અને શાંતિના પિતાને મળવા માગતો હતો. તેણે જણાવ્યું કે મથુરામાં તેનો એક પિતરાઈ ભાઈ-કાકાનો દીકરો છે. તેનું નામ કેદારનાથ છે. તે એની બાજુમાં જ રહે છે. એની પત્નીનું નામ લુડગી હતું. તે દસ વર્ષ પહેલાં પ્રસૂતિના સમયે મરણ પામી હતી. મથુરા અને લુડગી નામ સાંભળી શાંતિની માતા ચમકી ઊઠી. તેણે તેની આગળ શાંતિની સઘળી વાત રજૂ કરી

દીધી. તે મથુરાવાસીએ કહ્યું કે આ બાબત વિષે પોતાને કશું કહેવામાં આવ્યું નહોતું. મથુરાવાસી વેપારી કેદારનાથ જ્યારે તેના કાકાના દીકરાને લઈને શાંતિના ઘેર આવ્યો ત્યારે તેને જોતાંની સાથે જ શાંતિ તેને ભેટી પડી અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. તેણે કહ્યું કે તે જ તેના પાછલા જન્મના પતિ છે. તેણે ત્યારે તેના જીવનની કેટલીક અંગત બાબતો કહી સંભળાવી. આ બાબતો કેવળ લુડગી જ જાણતી હતી! એ સિવાય બીજું કોઈ જ નહિ! લુડગીનો પતિ શાંતિની વાતને નકારી શક્યો નહીં. આ બાબતને સારી એવી પ્રસિદ્ધિ મળી. કેટલાક સંશોધકોને થયું કે આના વિષે વધુ વિગતવાર સંશોધન થવું જોઈએ. તેમણે તે માટે એક યોજના પણ બનાવી. ઓલઈન્ડિયા ન્યુઝપેપર સોસાયટીના અધ્યક્ષ અને સાંસદ દેશબંધુ ગુપ્તાના નેતૃત્વ હેઠળ શાંતિનાં માતા-પિતા અને સંશોધકો તેને મથુરા લઈ ગયા. આમ તો તે ક્યારેય મથુરા ગઈ નહોતી. તે પહેલી જ વાર મથુરા જઈ રહી હતી. સંશોધકો જોવા માગતા હતા કે મથુરા વિષે અને તેના પાછલા જન્મના ઘર વિષે તે કેટલું જાણે છે. શાંતિદેવી જેવી ટ્રેનમાંથી નીચે ઊતરી તે સાથે તેની આંખો પર પાટો બાંધી દેવામાં આવ્યો. તેને એક મોટરમાં બેસાડી દેવામાં આવી. મોટર જેમ જેમ આગળ વધતી ગઈ તેમ તે રસ્તો બતાવતી ગઈ. આંખે પાટા બાંધેલા હોવા છતાં તે કહેતી હતી કે હવે ડાબી તરફ વાળો એટલે આ વિસ્તાર આવશે, જમણી તરફ વાળો એટલે આ વિસ્તાર આવશે! મથુરાના એક









એક લત્તા અને ગલીઓથી તે પરિચિત હોય એવી રીતે તે વર્તતી હતી. આ રીતે મોટર જ્યારે એક સાંકડી ગલી પાસે આવી ત્યારે તેણે વાહન ચલાવનારને કહ્યું કે આ મકાન પાસે કાર અટકાવી દો. તેણે બધાને કહ્યું કે પૂર્વજન્મમાં આજ મારું ઘર હતું. અમે અહીં જ રહેતાં હતાં. વાસ્તવમાં તેની વાત સાચી નીકળી. લુડગીનો પતિ કેદારનાથ અને તેનું કુટુંબ અત્યારે પણ ત્યાં જ રહેતાં હતાં.

શાંતિદેવીની આંખો પરથી પાટો કાઢી લેવામાં આવ્યો. તે મોટરમાંથી ઊતરી તે જ મકાન તરફ ચાલવા લાગી જે તેનું પહેલાંનું ઘર હતું. ત્યાં એક ઘરડો માનવી હુક્કો ગગડાવી રહ્યો હતો. શાંતિએ જણાવ્યું કે તે તેના સસરા હતા. તે પછી તેણે તેની સાસુ અને જેઠને પણ ઓળખી બતાવ્યાં. તે બધાંની સાથે મથુરાની સ્થાનિક બોલીમાં વાતચીત કરવા લાગી. લુડગી જે રીતે બોલતી હતી તેવી જ રીતે તે બોલતાં હતાં. શાંતિનાં માતાપિતાને પણ સખત નવાઈ લાગી કેમ કે તેમણે તો શાંતિને માત્ર હિન્દુસ્તાની બોલી જ શીખવાડી હતી. તે પછી શાંતિએ તેના પૂર્વજન્મનાં તમામ સગા-સંબંધી, આડોશી-પાડોશી વગેરે સાથે બનેલી નાની-મોટી ઘટનાઓ પણ યાદ કરી બતાવી. એ બધી વિગતો બિલકુલ સાચી પુરવાર થઈ. વિજ્ઞાનીઓ અને સંશોધકો પણ આ કિસ્સાની સચ્ચાઈ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે પણ એ વાત સ્વીકારી કે દિલ્લીની શાંતિદેવી જરૂર એના પાછલા જન્મમાં લુડગી હોવી જોઈએ, તો જ તે આટલી સૂક્ષ્મ વિગતો સચોટપણે જણાવી શકે. આ ઘટના વિષે જાણ્યા પછી પુનર્જન્મનો સિદ્ધાંત ખોટો છે એમ કહી શકાય એવું નથી.

⌘

# બ્રાહ્મણકન્યા મધુ, જે એના પૂર્વજન્મમાં હરિજન મહિલા હતી!

# ૨૭



ઈ.સ. ૧૯૬૯માં ભારતના ઉત્તર પ્રદેશના મૈનપુરીમાં રહેતા શ્રી લક્ષ્મીનારાયણ મિશ્ર (વૈદ્ય)ને ત્યાં એક બાળકીનો જન્મ થયો. એનું નામ મધુ રાખવામાં આવ્યું. એ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી હોવાથી એનાં માતા-પિતાએ એને એવા જ સંસ્કાર આપ્યા. એને વેદ-ઉપનિષદ્-ગીતાના મંત્રો શીખવતા. ખાવાપીવામાં બહુ પરેજી પાળવી પડતી. લક્ષ્મીનારાયણ વૈદ્ય આચારવિચાર અને જમવામાં પણ બહુ ચુસ્ત હતા. એ બહારનું જમતા નહીં અને કાંદા-લસણ જેવી વસ્તુઓનો પણ ભોજનમાં સમાવેશ કરાતો નહીં. તેમણે મધુમાં પણ બાળપણથી જ આવા ગુણો વિકસે તેવી કાળજી રાખી.

મધુ આમ તો બ્રાહ્મણ કુટુંબની સામાન્ય બાળકી જેવી જ બની રહી પણ



તેના પિતાનો ગુસ્સો ફાટી નીકળ્યો. તે બરાડી ઊઠ્યા – 'તું ગાંડી થઈ ગઈ છે? તું આ શું બોલી રહી છે? આપણા ઘરમાં કદી લસણ ડુંગળી પણ વપરાતાં નથી તો માંસ મચ્છી ક્યાંથી બને? આ બ્રાહ્મણનું ઘર છે, તને એટલી ખબર નથી પડતી? તું બ્રાહ્મણની છોકરી છે...

ધીમે ધીમે તેનાં વાણી અને વ્યવહારમાં વિચિત્રતા દેખાવા લાગી. એક દિવસ લક્ષ્મીનારાયણ એમની દીકરીને લઈને રેલવે સ્ટેશન ફરવા ગયા. ત્યાં મધુએ સ્ટેશન પર એક ટ્રેન જોઈ. તે મોટેથી ચીસ પાડી ઊઠી – 'પપ્પા, આ જ ગાડીથી હું કપાઈ ગઈ હતી!' તેણે પોતાના પેટ પર હાથ મૂકી ઈશારો કરી બતાવ્યું કે એના પેટ આગળથી શરીરના બે ટુકડા થઈ ગયા હતા. એના પિતા સ્તબ્ધ થઈ ગયા. એમની સમજમાં એ ન આવ્યું કે મધુ કેમ આવું બોલી રહી છે.

આ ઘટના બની તેના થોડા દિવસ પછી હોળી આવતી હતી. સાંજના સમયે ઘરમાં સરસ રસોઈ બનતી હતી, મિષ્ટાન્ન પણ તૈયાર થતું હતું. ત્યાં એકાએક મધુ લક્ષ્મીનારાયણ પાસે આવી કહેવા લાગી, 'પપ્પા, ચલો આજ હમ છૂઅલકા ગોછ ખાયેં.' મધુ આ પહેલાં પણ ઘણીવાર આવું બોલી ચૂકી હતી. તેની કાલી ભાષાનો અર્થ ઘરના બધા સમજતા હતા. તે કહેવા માગતી હતી, 'પપ્પા, ચાલો આપણે સૂવરનું માંસ ખાઈએ!' આ સાંભળીને

મધુ બોલી ઊઠી – 'હું કોણ છું કહું? હું હરિજન છું. કકરહિયામાં મારું ઘર છે. મારા છોકરાની વહુ છે. મારો છોકરો પણ છે. મારા છોકરાની વહુની પેટીમાં મારાં કપડાં છે. મેં જમીનમાં રૂપિયા પણ દાટેલા છે.'

આ સાંભળીને બધાં આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને લાગ્યું જરૂર આનું ખસી ગયું છે અથવા કોઈ ભૂત-પ્રેતનો વળગાડ થયો હોય એવું લાગે છે. છતાં તે એની વાતને વળગી જ રહી. લક્ષ્મીનારાયણે શાંત ચિત્તે વિચાર કર્યો. આ સિવાય બીજી કોઈ બાબતમાં મધુનું વર્તન અયોગ્ય નથી. તેનામાં ગાંડપણનાં લક્ષણો દેખાતાં નથી કે ભૂત-પ્રેત વળગ્યું હોય તેવાં ચિહ્નો પણ દેખાતાં નથી. તેમણે આ ઘટનાની વાત તેમના મિત્ર અને શાસ્ત્રોના જાણકાર એવા બલરામ શાસ્ત્રીને કરી. તે તેમને ઘેર આવ્યા. લક્ષ્મીનારાયણે મધુને બોલાવી અને બલરામ શાસ્ત્રીએ તેની વિગતવાર પૂછપરછ કરી – 'તારું

નામ શું?' તેણે કહ્યું – 'અહીં બધા મને મધુ કહે છે. પહેલાં મારું નામ પૂના હતું.' બલરામ શાસ્ત્રીએ પૂછ્યું – 'તારા પતિનું નામ શું હતું?' મધુએ કહ્યું – 'એનું નામ લલઈ હતું. આમ એનું નામ લાલારામ હરિજન (મહેતર) હતું. પણ બધા એને લલઈ કહેતાં.' 'બીજું તમારા ઘરમાં કોણ હતું?' એને પ્રશ્ન પૂછાયો. એણે જવાબ આપ્યો – 'મારી દીકરી વાસંતી... મારો દીકરો ઈંદલ...' એણે કુટુંબની વ્યક્તિઓનાં નામ ફડફડાટ આપવા માંડ્યાં. 'તું ક્યાં રહેતી હતી?' તેણે કહ્યું, 'મારું ઘર મૈનપુરીના કકરહિયા વિસ્તારની હરિજન વસ્તીમાં હતું. મારા ઘર પાસે એક લીમડાનું ઝાડ છે. ચબૂતરો છે. કૂવો છે. એક સિનેમાઘર છે અને એક નાળું પણ છે.' પછી તેને પૂછવામાં આવ્યું – 'તારું મરણ કેવી રીતે થયું?'તેણે બેધડક જવાબ આપ્યો – 'એ દિવસે રામનવમી હતી. મારો પતિ દારૂ બહુ જ પીતો હતો. તે દિવસે પણ બહુ જ પીધો હતો. તેણે ઝાડુથી મને મારવા માંડી. મને બહુ લાગી આવ્યું. હું રેલવે લાઈન પર કોલસા વીણવાના બહાને ભાગી આવી. શિકોહાબાદથી એક ટ્રેન આવતી હતી. રેલવેના પાટા પર સૂઈ ગઈ અને ટ્રેનનું પૈડું મારા પેટ પરથી પસાર થઈ ગયું... પછી મને કશી ખબર નથી.'

બલરામ શાસ્ત્રીને મધુની વાતમાં સચ્ચાઈ લાગી. તેમણે અને ઘરના સૌએ આ અંગે તપાસ કરવાનું નક્કી કર્યું. તેઓ કકરહિયાની હરિજન વસ્તીમાં ગયા. ત્યાં બેઠેલા એક વૃદ્ધને પૂછ્યું – તમે લાલારામ મહેતરને ઓળખો છો? તે થોડો વિચારમાં પડી ગયો. તેણે કહ્યું – લાલારામ... તમે લલઈની વાત તો નથી પૂછતા?' તેમણે કહ્યું – 'હા, એ જ... એની જ વાત કરું છું.' પેલા વૃદ્ધે કહ્યું – 'એ તો બે વર્ષ પહેલાં મરી ગયો. તમારે એનું શું કામ છે?' લક્ષ્મીનારાયણ અન બલરામે પૂછ્યું – 'એનું ઘર અને ઘરના બીજા લોકો તો હશે ને? અમારે અગત્યનું કામ છે.' પેલા વૃદ્ધે તેનું ઘર બતાવ્યું. તેઓ લલઈના ઘર પાસે આવ્યા. ઘર બરાબર તેવું જ હતું જેવું મધુએ વર્ણન કર્યું હતું.




मैनपुरी MAINPURI


22606

બહાર લીમડાનું ઝાડ હતું. ચબૂતરો હતો. કૂવો હતો. સહેજ આગળ નાળું હતું અને બીજી તરફ એક નાનું સિનેમાઘર પણ હતું.

પછી તેઓ ઘરમાં દાખલ થયા. તેમણે કહ્યું – 'અમારે લલઈના પુત્ર ઈંદલને મળવું છે.' તેણે કહ્યું – 'મારું નામ ઈંદલ છે. બોલો, શું કામ છે?' પછી તેમણે તેને બધી વાત કરી.' તેણે કહ્યું – 'તમારી દીકરી મધુ કહે છે તે બધી જ વાત સાચી છે. તેને અમારા ઘરની આ બધી જ વાતોની ખબર કેવી રીતે હોઈ શકે?' લક્ષ્મીનારાયણે કહ્યું, 'તેનું કહેવું છે કે તારી માતા, જેનું નામ પૂના હતું તે જ મધુ નામથી લક્ષ્મીનારાયણને ત્યાં જન્મી છે. સારું, તારી માતાનું મૃત્યુ ક્યારે અને કેવી રીતે થયું હતું?' તેણે કહ્યું – 'રામનવમીના દિવસે તે રેલ્વે લાઈન પર કોલસા વીણવા ગઈ હતી ત્યારે ટ્રેન નીચે આવી જવાથી તેનું મરણ થયું હતું. એ વાતને લગભગ દસેક વર્ષ થઈ ગયાં.' એ સિવાય બીજું કંઈ બન્યું હતું?' ઈંદલે કહ્યું – 'મને એવું લાગ્યું હતું કે મારા માતા–પિતાને એ દિવસે કંઈક ઝઘડો થયો હતો. એની થોડીવાર પછી મારી માતા ગુસ્સામાં આવીને તગારું લઈને એવું કહીને નીકળી ગઈ હતી કે હું કોલસા લઈને આવું છું. પણ તે પાછી આવી જ નહીં.'

તે પછી લક્ષ્મીનારાયણ અને બલરામ શાસ્ત્રીએ થોડી બીજી વિગતો પણ પૂછી લીધી, 'તમારે ઘેર હોળીને દિવસે શું બનતું હતું? પૂનાને વધારે શું ભાવતું હતું?' ઈંગલે જવાબ આપ્યો, 'અમારે ત્યાં હોળીના દિવસે તહેવાર મનાવાતો. મારી માતાને સૂવરનું માંસ બહુ ભાવતું હતું. એ દિવસે તો અમારે ત્યાં અચૂક સૂવરનું માંસ રંધાતું. મારી મા તપેલીમાં એ રાંધતી, અમારે ત્યાં કઢાઈ નહોતી.' બલરામ શાસ્ત્રીએ પ્રશ્ન



પૂછ્યો – તારી મા એનાં ભારે કપડાં તારી વહુની પેટીમાં મૂકતી હતી એ વાત સાચી છે?' તેણે હા પાડી. તેણે જણાવ્યું કે તહેવારના દિવસે મારા પિતા નાચતા હતા, મારી મા મંજીરા વગાડતી અને મારી વહુ ઢોલક વગાડતી. લક્ષ્મીનારાયણે તેને પૂછ્યું 'તારી બહેનનું નામ વાસંતી છે?' તેણે હા પાડી. તેનાં લગ્ન થઈ ગયાં હોવાથી તે તેના સાસરે ગઈ છે.' મધુએ કરેલી દરેક વાત સાચી હતી. તેઓ પાછા આવ્યા.

એક દિવસ લક્ષ્મીનારાયણ મધુને લઈને મૈનપુરી મેળામાં ગયા. ત્યાં મધુએ મંજીરા જોયા તો ખુશ થઈ ગઈ અને તે લેવા માટે હઠ કરવા લાગી. લક્ષ્મીનારાયણે તેને તે અપાવ્યાં ત્યારે તેણે કહ્યું – 'ગયા જન્મમાં મને મંજીરા વગાડવાં બહુ ગમતાં અને દરેક તહેવારે ભજન થતું ત્યારે હું તે વગાડતી હતી.' એક દિવસ મધુ તેના પિતા લક્ષ્મીનારાયણની દવાની દુકાને બેઠી હતી ત્યાં એક હરિજનકન્યા રસ્તા પરથી પસાર થઈ. મધુ એકદમ ઊભી થઈ ગઈ અને કહેવા લાગી – 'અરે! પેલી કટોરી છે! એ મારી બાજુમાં જ રહેતી હતી.' લક્ષ્મીનારાયણે એને ઊભી રાખી. થોડે આગળ લઈ જઈ એને પૂછ્યું – 'તારું નામ શું છે? અને દસ વર્ષ પહેલાં તું ક્યાં રહેતી હતી? તેણે કહ્યું – 'મારું નામ કટોરી છે. હું દસ વર્ષ પહેલાં કકરહિયા વિસ્તારમાં રહેતી હતી.' લક્ષ્મીનારાયણે પૂછ્યું, 'શું તું પૂનાને ઓળખે છે? એ તારી બાજુમાં રહેતી હતી ને?' તે આશ્ચર્યભરી નજરે તેમને જોઈ રહી. તેણે હા પાડી અને પૂછ્યું – 'પણ તમને આ વાતની કેવી રીતે ખબર છે?' લક્ષ્મીનારાયણને તો ખાતરી થઈ ગઈ કે મધુ પૂનાનો જ બીજો જન્મ છે. એટલે એમણે એક મોટું સાહસ કર્યું. એમણે કટોરીને કહ્યું, 'બોલ, તારે તારી ખાસ સખીને મળવું છે? તે અહીં જ બેઠી છે.' તે બોલી ઊઠી – 'બને જ નહિ, એ તો ગાડી નીચે કપાઈને મરી ગઈ હતી!' તેમણે કહ્યું એ સાચું છે, છતાં એનો બીજો જન્મ થયો છે. આ જન્મમાં એને પાછલા જન્મની બધી વાત યાદ છે.' તે કટોરીને દુકાને લઈ આવ્યા. મધુ રાજી થઈ ગઈ. તે તેના ભૂતકાળની એવી વાતો કરવા લાગી કે જે કેવળ પૂના જ જાણતી હતી. કટોરીએ કહ્યું – 'તમારી વાત સાચી છે. આ પૂના જ છે. ખાલી એનો દેહ અને નામ જુદાં છે.'

લક્ષ્મીનારાયણની પત્નીને પસંદ નહોતું છતાં લક્ષ્મીનારાયણ અને બલરામ શાસ્ત્રી એક દિવસ મધુને તેના પૂર્વજન્મના ઘેર લઈ ગયા. તે બધા રસ્તા અને નામ જાણતી હતી. છેલ્લાં દસ વર્ષમાં જન્મેલાં બાળકોને તે ઓળખતી નહોતી કે નવા રહેવા આવેલાને વિષે ખબર નહોતી. એ વખતે તો તેનું મરણ થઈ ગયેલું હતું. પોતાના ઘરમાં ગયા પછી પોતે ઘરમાં ક્યાં કઈ વસ્તુ છુપાવી રાખી હતી તે બતાવી. તે જ રીતે જમીનમાં દાટેલા રૂપિયા પણ કાઢી સૌને ચકિત કરી દીધા.

⌘

# દક્ષિણ આફ્રિકાની એક છોકરી એના વીતી ગયેલા દસેક પૂર્વજન્મોની સ્મૃતિ ધરાવે છે!

# ૨૮



દક્ષિણ આફ્રિકાની જોય વર્વે નામની છોકરીનો કિસ્સો અત્યંત ચર્ચાસ્પદ રહ્યો છે કેમ કે તે પોતાના એક-બે નહિ, દસ પૂર્વજન્મોની વાત કરે છે. તેના આ પૂર્વજન્મો અમુક જ સમયગાળામાં નથી. તે પાષાણયુગથી માંડીને બાઈબલના મિસર, પ્રાચીન રોમ, ૧૫મી શતાબ્દીનું ઈટાલી, ૧૭મી સદીના દક્ષિણ આફ્રિકાનાં જંગલોમાં રહેનારી જાતિઓથી લઈને ૧૯મી સદી સુધીના વિવિધ સમયખંડો અને સ્થળોની વાતો કરે છે. જોય વર્વે દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયા નગરમાં વસે છે. એના પિતા એડવર્ડ માઈકલ વર્વે અને એની માતા કેરોલિન ફ્રાંસિસ એલિઝાબેથ પહેલાં તો તેની આ બાળકીને પાગલ જેવી જ સમજતાં હતાં પણ પછી તેમને પ્રતીતિ થઈ કે તેની

વાતો ગાંડપણ ભરેલી કે કાલ્પનિક નથી પણ ભારે વજૂદભરેલી છે. જોય નાની બાળકી હતી અને હજુ બોલવાનું શરૂ કર્યું હતું ત્યારથી જ પોતાના પૂર્વજન્મને લગતી વિચિત્ર વાતો કરવા લાગી હતી. તેનાં માતા-પિતાએ તે ત્રણ વર્ષની હતી ત્યારથી જ તે જે બોલતી તે બધું ડાયરીમાં ટપકાવી લેવાનું શરૂ કરી દીધું હતું. તેણે લખવાનું વાંચવાનું ચાલું કર્યું તે સાથે જ તેણે પ્રાચીન કાળનાં ઐતિહાસિક દૃશ્યો અને તે સમયે ઉપયોગમાં આવતી વસ્તુઓનાં ચિત્રો દોરવા માંડ્યાં હતાં.

જોયને પૂર્વજન્મની જે વાતો યાદ આવી તેમાંથી મુખ્ય બાબતો તેના પોતાના શબ્દોમાં આ પ્રમાણે છે :

૧. એક ડાયનાસોરે એનો પીછો કર્યો હતો.

૨. તે એક દાસી હતી અને એનું માથું કાપી નાખવામાં આવ્યું હતું.

૩. તે રોમમાં રહેતી હતી અને રેશમી દોરાથી કામળો વણતી હતી.

૪. ઈશ્વરના પુત્રના આગમનની વાત કહેનાર એક ધર્મોપદેશકને એણે પથ્થર માર્યા હતા.



૫. તે એક એવા દેશમાં ઉત્પન્ન થઈ હતી જ્યાં દીવાલો પર મોટાં મોટાં ચિત્રો બનાવવામાં આવ્યાં હતાં.


૬. તે એ ઠીંગણા પીળા રંગના લોકોમાંથી હતી જે બાળપણમાં રેતીમાં દબાયેલાં ઈંડાંને ખોદીને બહાર કાઢતા હતા.

૭. તે ઈ.સ.૧૮૭૭ થી ૧૯૦૦ સુધી ટ્રાંસવાલના તત્કાલીન રાષ્ટ્રપતિ સ્ટીફન્સ જહોન્સ પલોસ (ઉમપોલ) પાસે આવનજાવન કરતી હતી.

પ્રો. આર્થર બ્લેક સ્લે નામના મનોચિકિત્સકે તેના પર સંશોધન કર્યું છે. તે દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગ નગરમાં બિહ્વાટર સ્ટ્રેન્ડ યુનિવર્સિટીમાં કામ કરી રહ્યા છે. તે જોય વર્વેની વાતોથી પ્રભાવિત થયા અને તેની વાતો પર અધ્યયન અને સંશોધન કર્યું હતું. તે કહે છે કે જોયની કેટલીક વાતો એવી છે કે તત્કાલીન સમાજની રૂઢિઓ અને રિવાજો તથા જીવનપદ્ધતિ સાથે એટલી બધી બંધબેસતી આવે છે કે તેને ઉપજાવી કાઢેલી બાબતો કદાપિ માની જ ન શકાય. એમાંની કેટલીક બાબતો એવી છે કે અર્વાચીન ઈતિહાસકારોને પણ ખબર નહોતી.

વધારે ઊંડાણથી અભ્યાસ કરવામાં આવ્યો ત્યારે પ્રાચીન ઈતિહાસના જૂના





ગ્રંથોમાંથી તે વિગતો જાણવા મળી. પ્રો. આર્થર બ્લેક સ્લે પોતે પણ આવું બધું જાણીને હેરતમાં પડી ગયા.

જોય વર્વેએ પૂર્વજન્મની વાતો રજૂ કરી ત્યારે પ્રાચીન કાળના વિરાટ જંગલી પશુએ તેનો પીછો કર્યો હતો તે વાત રજૂ કરી. પહાડની ગુફા સુધી ડાયનાસોરે તેનો પીછો કર્યો હતો. તે પશુ મકાનથી પણ વધારે મોટું હતું. તે પહાડી ગુફામાં એક જ પ્રવેશદ્વાર હતું. ગુફામાં વધારે પ્રવેશદ્વાર હોય, તો એ ભય રહે કે રાત્રે બીજાં પશુઓ પણ તેમાં પ્રવેશી જાય. જ્યારે કોઈ અન્ય પશુઓ અંદર આવી જાય ત્યારે ગુફાનો આશ્રય લેનાર બીજે દિવસે મરેલી સ્થિતિમાં જ મળે. મારા માટે એટલું લાભકારક હતું કે બીજું કોઈ પશુ તેમાં દાખલ થઈ શકે તેમ ન હતું.

બીજે દિવસે હું જેમતેમ કરીને મારી જાતને બચાવીને નીકળી શકી હતી. તેણે કરેલું ડાયનાસોરનું વર્ણન હૂબહૂ મળતું આવતું હતું. ત્રણ વર્ષની ઉંમરે તેણે તેનું ચિત્ર પણ બનાવી આપ્યું હતું. ડાયનાસોરનું વર્ણન કરતી વખતે તે એવી રીતે ધ્રૂજતી કે જાણે તેણે હમણાં જ ડાયનાસોર જોયું ન હોય!

જ્યારે તે બહુ નાની હતી ત્યારે તેણે એક 'દાસ પોત'નું ચિત્ર બનાવ્યું હતું. તેના વિષયમાં તેણે કહ્યું કે તેમાં કેદ કરાયેલી હતી. તેણે એક મહેલનું ચિત્ર પણ બનાવ્યું, જેમાં તેને પૂરી રાખવામાં આવી હતી. તેણે એ પણ જણાવ્યું કે અમને દાસીઓને કશું બોલવા દેવામાં આવતું નહોતું. જો નિયમનો ભંગ કરીને અમારામાંથી કોઈ બોલે તો તેની જીભ કાપી નાખવામાં આવતી હતી. દાસીના રૂપમાં અમે બધાં મહેલમાં એક મૂર્તિની સામે વર્તુળાકાર ફરતાં, ચીસો પાડતાં અને નૃત્ય કરતાં સૂર્યની પ્રાર્થના કર્યા કરતાં.

અમારો રાજા એક ભયંકર વ્યક્તિ હતી. એની રાણી અત્યંત સુંદર હતી અને એના વાળ ખૂબ જ લાંબા હતા. એક દિવસ રાજા તેની રાણી પર ગુસ્સે થયો. તેણે તેની પત્નીનું માથું કાપીને એક થાળમાં લાવવા આદેશ કર્યો. એક પડછંદ દાસે તેનું માથું વાઢી લીધું. તેને ધોઈને અને સુગંધિત દ્રવ્યો છાંટીને થાળમાં મૂકીને લઈ આવ્યો.

થાળમાં ચારે બાજુ રાણીના સુંદર વાળ પથરાયેલા હતા અને તેની વચ્ચે થોડું તેનું સુંદર મોં દેખાતું હતું. આ દશ્ય જોઈને હું અને બીજી દાસીઓ હબકી ગયાં હતાં. થોડા દિવસ પછીની વાત. મારાથી કોઈ ભૂલ થઈ ગઈ. એક દાસે મારી વિરુદ્ધ રાજાને કાનભંભેરણી કરી. રાજાએ મને બોલાવી. હું એટલી ડરી ગઈ હતી કે તેની સામે જવા તૈયાર ન થઈ.

એક પડછંદ શરીરવાળા દાસે આવીને મને પકડી અને બળજબરીથી મને ઢસડીને લઈ ગયો. લાકડાના એક જાડા તખ્તા પર મને લઈ જવામાં આવી. પેલા માણસે મને હજુ પકડી રાખી હતી. ત્યાં જ એક કસાઈ જેવો માણસ કટારી જેવું ધારદાર સાધન લઈને ત્યાં આવી પહોંચ્યો. તે મારી પાસે આવ્યો. હું વાવાઝોડામાં પાંદડું ધ્રૂજે તેમ ધ્રૂજી રહી હતી. મેં આંખો મીંચી દીધી. ગળા પર ધારદાર અસ્ત્ર ફરવાનો અહેસાસ થયો. હું ભયંકર ચીસો પાડતી હતી. હત્યારાઓ હસી રહ્યા હતા. મારું ગળું કપાઈ ગયું પછી શું થયું તે મને ખબર નથી.

જોય વર્વેના પૂર્વજન્મોમાં તે જુદા જુદા સ્થાનો પર રહેતી હતી. ત્યાંના નિવાસીઓના રીતરિવાજો અને ભૌગોલિક–ઐતિહાસિક વિશેષતાનું તે બારીક વર્ણન કરતી હતી. તેના પરથી તે સ્થાનોનું નામ પણ જાણી શકાયું છે. ઊંટ પર બેસીને સવારી કરવાની વાત પરથી પ્રસંગોના તાણાવાણા મિસર સુધી પહોંચ્યા હતા. તેણે રોમમાં વીતાવેલું જીવન પણ સારી રીતે પ્રકાશમાં આવ્યું. તેણે લાકડાની ચંપલો, યુદ્ધનો પોશાક અને ચામડાની એવી ઢાલનું વર્ણન કર્યું હતું જેના પર તાંબા અને સોનાની વેલ-બુટ્ટી મઢવામાં આવતી હતી. રોમમાં તે રહેતી હતી ત્યારે યુવાન વયની હતી અને





તે પંદરેક યુવતીઓ રેશમના દોરાથી રંગબેરંગી ધાબળાઓ વણતી હતી.

તેણે પોતાના એક અન્ય પૂર્વજન્મની વાત કરી. તે ગુડહોપ અંતરીયમાં રહેનારા એ જંગલી લોકોમાંની હતી જે સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ત્યાં વસતા હતા. તેઓ ઠીંગણા અને પીળા રંગની ચામડી ધરાવતા હતા અને રેતીમાં દબાયેલાં ઈંડાંઓને ખોદીને બહાર કાઢતા હતા. ત્યાં ઈસ્ટ ઈન્ડિઝ જવા માટે એક થાણુ પણ સ્થાપવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેણે બીજા એક જન્મની વાત પણ કરી હતી.

તેણે જણાવ્યું કે તેણે તે જન્મમાં એક 'ક્રૂગર હાઉસ' જોયું હતું જ્યાં ઉમપોલ રહેતો હતો. ઉમપોલ તે ગણતંત્રનો પ્રધાન હતો. એ જગ્યાએ સંગ્રહાલય બન્યું તે પહેલાં તે ત્યાં ગઈ હતી અને ઉમપોલને વ્યક્તિગતરૂપે ઓળખતી હતી. ઉમપોલનું મૃત્યુ સ્વિટ્ઝરલેન્ડમાં નિર્વાસિત અવસ્થામાં ઈ.સ. ૧૯૦૪માં થયું હતું. તેણે એ પણ જણાવ્યું કે ઉમપોલની પ્રથમ પત્ની સોળ વર્ષની સુંદરી મારિયા ડૂપ્લેસિસનું મૃત્યુ પ્રસૂતિના સમયે એક બાળકને જન્મ આપતી વખતે થયું હતું. પાછળથી તપાસ કરતાં તેની વાત બિલકુલ સાચી સાબિત થઈ હતી. ઈ.સ. ૧૮૩૩ થી ૧૯૦૦ સુધી ટ્રાંસવાલના રાષ્ટ્રપતિ તરીકે સ્ટીફન્સ જ્હોન પલોસ હતા. તેમના નિકટના સંબંધીઓ તેમને ઉમપોલ તરીકે પણ બોલાવતા. અર્વાચીન ઈતિહાસકારો કહે છે કે આ વાત તેમને ખુદને ખબર નથી. ઘણા સઘન સંશોધન પછી આ વાત જાણી શકાઈ છે તો જોયને તો તે ક્યાંથી જાણવા મળે? સિવાય કે તે પૂર્વજન્મની સ્મૃતિથી બોલતી હોય ને સાચું હોય. આધુનિક સમયના માનવીએ જોઈ ન હોય કે સાંભળી પણ ન હોય તેવી બાબતોનું તે બારીક, સૂક્ષ્મ, સચોટ, હૂબહૂ વર્ણન કરતી જે દર્શાવે છે કે તેણે તે વસ્તુઓ નજરે જોયેલી છે.

આ બધાને આધારે વિખ્યાત મનોવિજ્ઞાની બ્લેક સ્લે માને છે કે જોય જે કહે છે તે પૂર્વજન્મની સ્મૃતિ જાગ્રત થવાથી જ કહી શકે છે. આ સિવાય બીજું કોઈ કારણ સંભવ હોય તેવું લાગતું નથી. નાઈજેલ બ્લડે નામના લેખકે The Super natural નામના તેમના પુસ્તકમાં જોય વર્વેના પૂર્વજન્મના કિસ્સાની સુંદર ચર્ચા કરી છે.

⌘

# પુનરપિ જનનમ્

## ૨૮



લંકાના બેમુલાની ઘટનાએ પુનર્જન્મ બાબતે સારું એવું ધ્યાન ખેંચ્યું હતું. તે એકાએક બીમાર પડ્યો. બીમારીમાં તેણે એક વાતની જ રટ પકડી – 'આવતી કાલે સાંજે મારું મરણ થઈ જશે!' જો કે ડોક્ટરની દવા લેતાં જ તેને સારું થવા માંડ્યું હતું અને એવી કોઈ મોટી બીમારી પણ નહોતી. છતાં તે તેની વાત છોડતો ન હતો. તેણે તેના મિત્ર આનંદ નેત્રાયને પોતાની પાસે બોલાવ્યો અને તેની ઘડિયાળ તથા કેટલીક કીમતી વસ્તુઓ તેને આપી. થોડીક અંગત વાતો પણ કરી. તેણે કહ્યું કે તે મરણ બાદ ભારતમાં જન્મ લેવાનો છે અને ત્યાં તે જરૂર તેને મળે. તે એ રીતે જ વર્તી રહ્યો હતો કે જાણે બીજે દિવસે ખરેખર તે મરી જ જવાનો હોય! ઘરના લોકોને લાગતું કે તેને રોગને લીધે ચિત્તભ્રમ થઈ ગયો છે. પણ બીજે દિવસે સાંજે ખરેખર સુરેશનું મરણ થઈ ગયું ત્યારે બધાને આંચકો લાગ્યો. સુરેશની વાત એ કોઈ ચિત્તભ્રમ

નહોતો પણ ભવિષ્યનું પૂર્વજ્ઞાન હતું તેમ સાબિત થઈ ગયું.

એ પછી સુરેશના મિત્ર આનંદને વિચાર આવ્યો – જો સુરેશના પૂર્વજ્ઞાનની પહેલી વાત સાચી પડી હોય તો બીજી વાત પણ સાચી હોઈ શકે! તેણે આ માટે આગળ કાર્યવાહી કરવાનો નિશ્ચય કર્યો. લંકાથી તે મદ્રાસ આવ્યો અને ત્યાંના એક પ્રખ્યાત ભવિષ્યવેત્તાને મળ્યો. તેમની પાસે વ્યક્તિના પુનર્જન્મને જાણવાની વિદ્યા હતી. તેણે આનંદની વાત સાંભળી અને પોતાની વિદ્યાથી જણાવી દીધું કે સુરેશનો જન્મ બિહાર પ્રાંતમાં થયો છે. તેના પિતાનું નામ રમેશસિંહ છે અને માતાનું નામ સાવિત્રી છે. આ વિગતો પરથી આનંદે બિહારમાં ભ્રમણ શરૂ કર્યું અને થોડીઘણી શોધખોળ પછી તેણે શોધી કાઢ્યું. જ્યારે તે રમેશસિંહને મળ્યો ત્યારે તેને વળી પાછું આશ્ચર્ય થયું. રમેશ અને સાવિત્રીએ જણાવ્યું કે તેમનો પુત્ર ઘણીવાર લંકાની વાતો કરે છે. પોતે ત્યાંનો રહેવાસી છે એવું પણ બોલ્યા કરે છે. અમને તેની કોઈ વાત સમજાતી નથી. આનંદે તેમના પુત્રને મળવા આગ્રહ કર્યો. તેમનો પુત્ર બહારથી આવ્યો ત્યારે આનંદ ત્યાં બેઠેલો જ હતો. થોડીવાર તે તેને અનિમેષ નયને જોઈ જ રહ્યો. આનંદના હાથ પર રહેલું ઘડિયાળ જોઈને તે બોલી ઊઠ્યો – ''અરે! આ ઘડિયાળ તો મારું છે. મેં તો તને આપ્યું હતું! તેં આટલું જાળવી રાખ્યું છે તેથી મને ખૂબ આનંદ થયો.'' પછી તો તે તેની સાથે લંકાની વાતો તે રીતે કરવા લાગ્યો જાણે તે લંકામાં જ હોય અને સુરેશ તરીકેનું જ જીવન જીવતો હોય! આનંદ પ્રોફેસર છે તેટલી વાતથી જ નહિ પણ સુરેશે મરણના આગલા દિવસે જે વાત કરી હતી તેના પુનરાવર્તન પરથી અને તેણે આપેલી વસ્તુઓની ઓળખ પરથી કેવળ આનંદને જ નહિ પણ રમેશસિંહના પરિવાર અને સંશોધકોને પણ ખાતરી થઈ ગઈ કે સુરેશ મૈતૃમૂર્તિનો આત્મા જ રમેશસિંહના પુત્રમાં અવતર્યો છે. તેના ઘણાબધા ગુણ, કર્મ, સ્વભાવ, ખાસિયતો વગેરે સુરેશને મળતાં આવતાં હતાં!

પૂર્વજન્મ-પુનર્જન્મને લગતી ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશના રાજકોટ શહેરમાં બનેલી એક ઘટના પણ નોંધપાત્ર રહી છે. ૧૯૬૦માં પ્રવીણચંદ્ર શાહ નામના એક બેન્ક કર્મચારીને ત્યાં એક બાળકીનો જન્મ થયો. તેનું નામ રાજુલ પાડવામાં આવ્યું. તેનામાં બાલ્યાવસ્થા દરમિયાન કોઈ અસામાન્યપણું ન હતું. પણ તે થોડીક મોટી થઈ અને થોડું ઘણું સમજતી થઈ તે પછી એક દિવસ તે કહેવા લાગી, ''મારું નામ ગીતા છે. હું જૂનાગઢની રહેવાસી છું.'' પહેલાં તો તેની આવી જાહેરાતથી બધાં હસી પડ્યાં. પણ તે વારંવાર તેનું તે જ વાક્ય બોલ્યા કરતી અને તે વિસ્તારની વાતો કર્યા કરતી.






તેના કુટુંબના કેટલાકને તેમાં રસ પડ્યો. તેના દાદા વ્રજલાલભાઈ શાહે પોતાના જમાઈને જૂનાગઢ તપાસ કરવા કહ્યું. તેમણે તપાસ કરી તો રાજુલની વાતોમાં ઘણું તથ્ય જોવા મળ્યું. જૂનાગઢની ટેલીસ્ટ્રીટમાં રહેતા ગોકળદાસ ઠક્કરને ત્યાં એક છોકરીનો જન્મ થયો હતો, જેનું નામ ગીતા રાખવામાં આવ્યું હતું. તે અત્યંત નાની વયે મરણ પામી હતી. પછી તેમને રાજુલને ત્યાં લઈ જઈને તપાસ કરવાનું મન થયું. તેમણે જોયું તો રાજુલ ઊર્ફે ગીતા રહેતી હતી ત્યાં તેના ઘરની બાજુમાં મીઠાઈવાળાની દુકાન હતી. તેને ભાવતી મીઠાઈ લેવા તે અવારનવાર ત્યાં જતી. તેને ગીતાના રૂપે જન્મી હતી ત્યારે કઈ મીઠાઈ ભાવતી તે અને મીઠાઈવાળાને પણ તે ઓળખી ગઈ હતી. જ્યારે તેઓ રાજુલને લઈ ગોકળદાસને ત્યાં જતા હતા ત્યારે ગોકળદાસની પત્ની કાંતાબહેન બારી આગળ ઊભાં હતાં. તેમને જોઈને તેણે 'ભાભી, ભાભી' એવી બૂમો પાડવા માંડી. તેણે બધાંને કહ્યું – 'આ મારાં મમ્મી છે.' તેની સાથે આવેલ ઘરનાં બધાંએ પૂછ્યું – તો પછી તું એમને 'ભાભી' કેમ કહે છે? તેણે જવાબ આપ્યો – હું મમ્મીને ભાભી જ કહું છું. જો કે રાજુલના રૂપે તો તેની માતાને મમ્મી જ કહેતી હતી. જ્યારે તેઓ ગોકળદાસને ત્યાં પહોંચ્યાં અને થોડીઘણી વાતચીત થઈ ત્યારે તેમને એ જાણીને અપાર આશ્ચર્ય થયું કે તેમની મૃત દીકરી ગીતા તેની માતાને 'ભાભી' કહીને જ બોલાવતી હતી! તે ઘરના બધા લોકોની અંગત વાતો પણ એટલી જ સહજતાથી કરતી કે જાણે ગીતા જ ન કરી રહી હોય?! તે પછી તેઓ રાજુલને લઈને આસપાસના વિસ્તારમાં ફરવા નીકળ્યાં. રાજુલે દૂરથી એક ઘર તરફ આંગળી કરી કહ્યું, ''ભાભી, આપણે રોજ દર્શન કરવા જતાં હતાં તે મંદિર લઈ જાઓને!'' બધાએ જોયું તો ત્યાં મંદિર નહિ, પણ ઘર હતું. પણ કાંતાબહેને જણાવ્યું કે બહારથી ભલે તે ઘર દેખાતું હોય પણ અંદર મંદિર જ છે. તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કરેલી મૂર્તિ કેટલાંય વર્ષોથી પધરાવેલી છે. હું મારી દીકરી ગીતાને લઈને અહીં અવારનવાર દર્શન કરવા આવતી હતી! આવા તો કેટલાંય પ્રસંગોનું બારીક વર્ણન અને કેટલાંય સ્થળોનું સૂક્ષ્મ નિદર્શન તેણે કરી બતાવ્યું. છેવટે બધાંને એ કબૂલ કરવું પડ્યું કે જરૂર રાજુલ આગલા જન્મમાં ગીતા રહી ચૂકી હશે. તે સિવાય તેનાં જીવનની અંગત બાબતો કોઈ અજાણી છોકરી આટલી સચોટપૂર્વક કહી જ ન શકે.

⌘

# તિર્યંચગતિ

પૂર્વજન્મની એવી અનેક વાસ્તવિકતાઓ આપણે જોઈ, કે જેમાં પૂર્વના મનુષ્યજન્મની સ્મૃતિ થઈ હતી. પણ એવો નિયમ નથી કે મનુષ્ય મરીને મનુષ્ય જ થાય. જીવને પોતાના કર્મને અનુસારે જન્મ મળે છે. મનુષ્ય મરીને પશુયોનિમાં પણ જન્મ લઈ શકે છે, એવું જિનાગમમાં કહ્યું છે.

*चउहिं ठाणेहिं जीवा तिरिक्खजोणियत्ताए*
*कम्मं पगरेंति । तं जहा - माइल्लयाए*
*नियडिल्लयाए, अलियवयणेणं,*
*कूडतुलाकूडमाणेणं ।*

– સ્થાનાંગસૂત્ર ।।૪-૪।।

ચાર સ્થાનથી જીવો પશુયોનિમાં જન્મ મળે તેવું કર્મ કરે છે. તે આ મુજબ (૧) માનસિક કપટવૃત્તિથી (૨) શારીરિક ચેષ્ટાથી છેતરપિંડી કરવાથી (૩) અસત્ય વચન બોલવાથી (૪) વેપારમાં ખોટા તોલ-માપ (વજનકાંટા વગેરે) રાખવાથી.

તો હવે જોઈએ એવા કિસ્સા કે જેમાં પશુ-પંખી પોતાના પૂર્વના મનુષ્યજન્મનો પરિચય આપે છે.

# પશુગતિમાં ગયેલા મનુષ્યો

## ૩૦



કેટલાય એવા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જેમાં પશુ-પક્ષીઓ એવો વ્યવહાર કરતાં જોવાં મળ્યાં કે જેનાથી તેઓ પૂર્વજન્મના સંસ્કારથી પ્રેરિત હોય એવું સિદ્ધ થાય છે, એમના વર્તન પરથી એવું લાગે છે કે પૂર્વજન્મમાં એ મનુષ્ય જ હોવા જોઈએ. પશ્ચિમ બંગાળના વર્દવાન જિલ્લાના આસનસોલની ચાંદમારી કોલોનીમાં રહેતા રામનારાયણ સિંહની ગાયે ૩૦ ઓક્ટોબર ૧૯૬૯ના રોજ એક વાછરડાને જન્મ આપ્યો. આ વાછરડાના વ્યવહારમાં મનુષ્ય જેવી મનોવૃત્તિ ક્રિયાઓ જોવા મળી. એનો વિલક્ષણ વ્યવહાર જોવા લોકો દૂર દૂરથી આવતા અને તેને નિહાળી આશ્ચર્યચકિત થઈ જતા. એ વાછરડું મનુષ્યના ખોળામાં સૂવાનો પ્રયત્ન કરતું. જો



કોઈ તેને ખોળામાં સુવડાવી દે તો તે ખુશ થઈ જતું, ગાઢ તૃપ્તિનો અનુભવ કરતું. જો તેના માલિકના ખોળામાં કોઈ બાળકને બેઠેલું જોઈ લે તો તરત જ ત્યાં પહોંચી જતું અને એ બાળકને ત્યાંથી ઊતરી જવા ધમપછાડા કરતું. રામનારાયણ તેને ખોળામાંથી ઉતારે એટલે એ પોતે ખોળામાં બેસી જતું. પશુ યોનિમાં હોવાથી તે ઘાસ ખાતું તો ખરું પણ તેને વિશેષ તો થાળીમાં પીરસેલા દાળ, ભાત, રોટલી, શાક પસંદ આવતાં. કોઈ વાર એકલી રોટલી આપી હોય તો તે ખાવા માટે નારાજી બતાવતું અને જ્યાં સુધી થાળીમાં દાળ, ભાત, શાક વગેરે ન પીરસાય ત્યાં સુધી



ધમાલ કરતું. ચા પીવાનું તો જબરું શોખીન. પ્યાલામાં ચા કાઢતાંની સાથે તે તેને ચુસ્કી ભરીને પીવા લાગતું. પછી તે ભલેને ગમે તેટલી ગરમ કેમ ન હોય! તે ધમાલ કરતું હોય અને રામનારાયણની પત્ની તેને ધમકાવે, તો તે રિસાઈને એક ખૂણામાં બેસી જતું અને આંસુ વહાવવા લાગતું. આમ તો તે પાંદડાં ખાતું, પણ રામનારાયણના ઘરમાં કુંડામાં વાવેલી તુલસી ખાવાની ક્યારેય હિંમત ન કરતું. ઘરમાં પૂજા-પાઠ થતા ત્યારે ત્યાં આવીને શાંતિથી બેસી જતું. કોઈવાર પૂજાના સમયે ખીલા સાથે દોરડાથી બાંધ્યું હોય તો ત્યાંથી છૂટવા ધમપછાડા કરતું અને છૂટ્યા પછી એકદમ

શાંતિથી ચૂપચાપ પૂજા થતી ત્યાં આવીને બેસી જતું. આ બધાં લક્ષણો મનુષ્યબાળ જેવાં જ છે. કોઈ વાછરડામાં આવાં લક્ષણો હોઈ ન શકે. આવું વર્તન કોઈએ તેને શીખવ્યું ન હતું કે કોઈ બાળકનું અનુકરણ કરતું હોય તેમ પણ નહોતું. આ ઉપરથી લાગે છે કે આ વાછરડું તેના પૂર્વજન્મમાં મનુષ્ય બાળક હશે. બાલ્યાવસ્થામાં તેનું મરણ થયું હશે. તેનો રામનારાયણના ઘર સાથે સંબંધ હશે. પૂર્વજન્મમાં કદાચ તેનું પણ બાળક હોય એ શક્ય છે. તે ચા પીવાનું શોખીન હશે અને તેને પૂજામાં બહુ ગમતું હશે.

થોડા સમય પૂર્વે ભાંગફોડ અને હિંસક તોફાનોમાં ઉશ્કેરણી કરીને માર્ગદર્શન અને મદદ આપવાના ગુના માટે કેરેકસથી ૨૮૭ માઈલ દૂર ફાલ્કન રાજ્યના સાન ફ્રાન્સિસ્કોમાં એક મહાશયને કેદ કરવામાં આવ્યા. તમને જાણીને અચરજ થશે કે આ મહાશય કોઈ માણસ નથી પણ એક પોપટ છે! આ પોપટ ક્યુબાના ફિડલ કાસ્ટ્રો વિચારધારાના સામ્યવાદી ગેરિલાઓને ક્યૂબન ભાષાના શબ્દો કે વાક્યોથી ભાંગફોડ કરવાનું માર્ગદર્શન આપતો હતો. સામ્યવાદી ગેરિલાઓને તેના તરફથી ખૂબ માહિતી અને મદદ મળતી. તેમણે તે પોપટનું નામ 'ચુચો' રાખ્યું હતું. આ પોપટનું અધ્યયન કરનાર સંશોધકો માને છે કે તેના વર્તનમાં સામ્યવાદી વિચારસરણી છે. એની ભાષા ઉપરથી એવું લાગે છે કે તેણે વર્ષો સુધી સામ્યવાદી સાહિત્યનું વાંચન અને મનન કર્યું હશે. પૂર્વજન્મમાં તે કોઈ સામ્યવાદી, ઉગ્રવાદી ક્રાંતિકારી નેતા હોવો જોઈએ.

⌘



# દેવગતિ

ચારપ્રકારનીગતિછે(૧)મનુષ્યગતિ(૨)તિર્યંચગતિ (૩) દેવગતિ (૪) નરકગતિ

*सव्वत्थ जंति मणुआ* - લઘુસંગ્રહણી પ્રકરણ

મનુષ્ય મરીને આ ચારે ગતિમાંથી કોઈ પણ ગતિમાં જઈ શકે છે. તેમાં મનુષ્ય મરીને મનુષ્ય થાય અને મનુષ્ય મરીને તિર્યંચ (પશુ-પંખી વગેરે) થાય, એ આપણે જોયું. હવે મનુષ્ય મરીને દેવ થાય એ જોવાનું છે. તે પહેલા દેવના પ્રકાર સમજી લઈએ.

*से किं तं देवा? देवा चउव्विहा पण्णत्ता।*
*तं जहा- भवणवासी वाणमंतरा*
*जोइसिया वेमाणिया।*

- પ્રજ્ઞાપનાસૂત્ર

દેવો કોણ છે? દેવો ચાર પ્રકારના છે, એમ તીર્થંકરોએ કહ્યું છે. તે આ પ્રમાણે - ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ, વૈમાનિક. આ ચારમાંથી ત્રણ પ્રકારના દેવોના નિવાસ આપણાથી ઘણા દૂર છે. પણ વાણવ્યંતર પ્રકારના દેવોના નિવાસ આપણાથી એટલા દૂર નથી, અને અન્યની અપેક્ષાએ સમીપ પણ છે. વળી આ દેવો તેમના આવાસને છોડીને જંગલ, પર્વત, ગુફા, શૂન્ય ઘર વગેરેમાં પણ રહે છે. આ દેવોની હાજરી અનેક સ્થાનોમાં અનુભવાય છે. વળી પોતાના પૂર્વજન્મના શરીરના મમત્વને કારણે તેના અસ્થિ વગેરે અવશેષ પાસે પણ આ દેવો આવતા હોય છે.

તો આપણે જોઈએ એવા પ્રસંગો...

# ભૂતપૂર્વ શરીરનાં હાડપિંજરમાં તથા ખોપરીની આસપાસ ભટકતા વાણવ્યંતર

# ૩૧

ફાધર રોબર્ટ થર્સ્ટન હોપકિન્સે પ્રેતાત્માઓ, મરણોત્તર જીવન અને મૃતકોની અને ખોપરીઓ અને હાડપિંજરો વિષે પણ ઘણું કાર્ય કર્યું છે. તેમનું માનવું છે કે મૃતકોની ખોપરીઓ અને હાડપિંજરોની આસપાસ એવી વિચિત્ર ઘટનાઓ બને છે જેમના વિષે કોઈ બૌદ્ધિક સ્પષ્ટીકરણ આપી શકાતું નથી.

રેજબારન નામથી ઓળખાતા એક હત્યારાના મૃતદેહે આવી જ ભયાનક અસરો ઉપજાવી છે. આ હત્યારાનું મૂળ નામ વિલિયમ કારડર હતું. તે ૧૮૨૭ના મે મહિનામાં તેની પ્રેમિકા સાથે પોલસ્ટિડમાં ખરાબ રીતે માર્યો ગયો હતો. એના મરણના ૫૦ વર્ષ પછી તેના મૃત શરીરને ડૉ. ક્લિનરે ખરીદી લીધું. એ મૃત શરીરને વૈજ્ઞાનિક પદ્ધતિથી સુરક્ષિત રાખવામાં આવ્યું હતું. એ મૃત શરીરને ખરીદ્યા પછી ડૉ. ક્લિનરે તેની ખોપરીને શરીરથી છૂટી પાડી અને રાસાયણિક પ્રક્રિયાથી શુદ્ધ કરી એને એક કાચની પેટીમાં મૂકી પોતાના ચિકિત્સાલયમાં રાખી, તેમને આવી

બધી વસ્તુઓ વસાવવાનો એક વિચિત્ર પ્રકારનો શોખ હતો. તેમને માનવખોપરી પાસે રાખવાનો કોઈ ડર ન હતો. તેઓ ભૂતપ્રેત કે અભિશાપ જેવી બાબતમાં કોઈ વિશ્વાસ ધરાવતા ન હતા, તે મક્કમ મનના બહાદુર માણસ હતા.

ડૉ. ક્લિનરે જે દિવસથી ખોપરી પોતાના ચિકિત્સાલયમાં વસાવી તે જ દિવસથી ચિત્રવિચિત્ર ઘટનાઓ બનવા લાગી. પહેલે જ દિવસે તેમણે અને તેમની નોકરાણીએ તેમના દવાખાનામાં એક અજાણ્યા માણસને જોયો, જેણે વિક્ટોરિયન સમયનો પોશાક પહેર્યો હતો. માત્ર પોશાક જ નહિ, તેનો ચહેરોમહોરો પણ વિક્ટોરિયન સમયના માનવી જેવો હતો. તે કોઈની સાથે કશું બોલ્યો નહિ. તે માત્ર દેખાયો એટલું જ. પછી તે એકાએક ક્યાં અદૃશ્ય થઈ ગયો તે કોઈને ખબર ન પડી. બીજે દિવસે ચિકિત્સાલયમાં કોઈનો અદૃશ્ય અવાજ સંભળાવા લાગ્યો. તે અવાજ દિવસે પણ સંભળાતો અને રાત્રે પણ સંભળાતો. તે અવાજ ધ્યાનથી સાંભળનારાનું કહેવું હતું કે વિક્ટોરિયન સમયના અંગ્રેજો જેવું અંગ્રેજી કોઈ બોલતું હોય તેમ લાગતું હતું. અવાજ ક્યાંથી આવતો હતો તે કોઈને સમજાતું નહોતું પણ પછી ક્લિનરને ખ્યાલમાં આવ્યું કે પેલી ખોપરી જે ઓરડામાં રાખવામાં આવી હતી ત્યાંથી જ અવાજ આવતો હતો. કોઈવાર કોઈના ચાલવાનો અવાજ તો કોઈના ઝડપથી દોડવાનો અવાજ. કોઈવાર બારણા પર ટકોરા વાગવાનો અવાજ તો કોઈવાર બારણાં હચમચાવવાનો અવાજ. કોઈવાર ડૉ. ક્લિનરને એવો અહેસાસ થતો કે કોઈ તેમની પાસે ઊભું છે પણ તેને તે દેખી શકતા નથી! એક વાર એક નર્સને એવો અનુભવ થયો કે કોઈ તેના શરીર પર ચડી બેઠું છે. કોઈ વ્યક્તિના શરીરનો ભાર તેના પર અનુભવાવા લાગ્યો. તેને લાગ્યું કે કોઈ પુરુષના હાથની આંગળીઓ તેના શરીર પર ફરી રહી છે! તે એકદમ ચીસ પાડીને બેઠી થઈ ગઈ. તેના આખા શરીરે પરસેવો વળી ગયો અને તેને કેટલાય દિવસ સુધી તાવ આવી ગયો. તેણે ડૉ. ક્લિનરના દવાખાને આવવાનું પણ બંધ કરી દીધું.

એકવાર ડૉ. ક્લિનર રાતના સમયે દવાખાનામાં એક દર્દીની તાત્કાલિક સારવાર કરી રહ્યા હતા. ત્યાં તેમને નીચેના ઓરડામાંથી ભયંકર અવાજો સંભળાવા લાગ્યા. તે તરત નીચે દોડી ગયા. તેમણે પેલી ખોપરીનું જડબું હાલતું જોયું. તે જેવા તેની પાસે ગયા તે સાથે જ પેલી કાચની પેટી જેમાં એ ખોપરી રાખવામાં આવી હતી, તે તૂટી ગઈ! ખોપરીમાં જાણે પ્રાણ આવ્યા હોય તેમ તે ઊછળીને બાજુના કબાટ પર પડી. તેનું જડબું ફરીથી ખૂલ્યું અને તેમાંથી વિચિત્ર પ્રકારનું બદમાશો હસે તેવું હાસ્ય પ્રકટ થયું. જિંદગીમાં ક્યારેય ન ડરનાર ડૉ. ક્લિનર ડરી ગયા અને ઝડપથી

પગથિયાં ચડી બારણું બંધ કરી તેને તાળું મારી ઘેર દોડી ગયા. ઊંઘની ગોળી ખાવા છતાં તેમને આખી રાત ઊંઘ ન આવી. બીજે દિવસે તે ફાધર રોબર્ટ થર્સ્ટન હોપકિન્સને લઈને દવાખાને પાછા ગયા. તે ખોપરી તેમને પાછી આપી દીધી. તેમણે સાથે મળીને તેને વિધિપૂર્વક દફનાવી દીધી. તે પછી ડો. ક્લિનરના દવાખાનામાં ઉપદ્રવ બંધ થઈ ગયો. થોડા સમય બાદ તેમણે રેજબારન એટલે કે વિલિયમ કારડરનો ફોટો મંગાવ્યો. તો તે એ જોઈને આશ્ચર્યચકિત બની ગયા, કેમ કે તેમણે એ ખોપરીને દવાખાનામાં મૂકી, તે દિવસે જે વિક્ટોરિયન પહેરવેશ પહેરેલા અજાણ્યા માણસને જોયો હતો તે બિલકુલ તેના જેવો જ લાગતો હતો! ડો. ક્લિનરને ખાતરી થઈ ગઈ કે વિલિયમ કારડરનો દેવાત્મા જ તેના ભૂતપૂર્વ શરીરની ખોપરીની આસપાસ ફરતો હતો અને ધમાલ મચાવતો હતો. તેને વિચાર આવ્યો કે તેણે ખોપરી તરત પાછી આપી દીધી તે સારું થયું, નહીંતર તેણે મોટું અનિષ્ટ કરી નાખ્યું હોત!

⌘

વાણવ્યંતર દેવોનું હજી એક ઉદાહરણ જોઈએ.



# કેટલાક પ્રાચીન મમીઓ અત્યારે પણ રહસ્યમય રીતે વર્તે છે!

## ૩૨



પેરુમાં આવેલ ઈક્વિટોઝના એક અજાયબઘરમાં દુનિયાભરના પ્રવાસીઓનાં ધાડેધાડાં ખેંચાઈ આવે છે. એમાં ય એક રહસ્યમય વસ્તુ જોવાની ઈચ્છાવાળા લોકો ત્યાં ખાસ દોડી આવે છે. એવી તે કઈ વસ્તુ તે મ્યુઝિયમના અજાયબઘરમાં છે તે ખબર છે? તે છે દક્ષિણ અમેરિકાના કેટલાક ભૂપૃષ્ઠ પર મધ્યકાળમાં રાજ કરનાર ઈન્કા ઈન્ડિયન જાતિના મધ્યકાલીન રાજા કુઆહોટેમોકનું મમી (સાચવી રાખેલ મૃતદેહ). સ્વાભાવિક છે કે તમારા મનમાં એવો પ્રશ્ન થાય કે આ મમીમાં એવું તો શું છે કે દુનિયાના દરેક ભાગમાંથી લોકો એને જોવા આવે છે? આ મમીની ખાસિયત સાંભળશો તો તમે અચરજમાં મુકાઈ જશો. તમે બોલી ઊઠશો-અસંભવ. આવું તે કંઈ હોતું હશે? પણ ખરેખર આવું છે! રાજા કુઆહોટેમોકનું શબ બોલે છે, ગીતો ગાય છે અને ભવિષ્યવાણીઓ કરે છે!!



ભલે આ વાત પર આપણને વિશ્વાસ ન બેસે પણ આ વાત બિલકુલ સાચી છે એમ કહેનારાની સંખ્યા લાખોથી પણ વધી જાય છે તેમ છે. તેમણે આ મમીને બોલતાં અને ભવિષ્યવાણી કરતાં સાંભળ્યું છે. અનેક સંશોધકો પણ તેના પર સંશોધનકાર્ય કરી રહ્યા છે. આ માટે નિયુક્ત કરાયેલ સંગઠિત આંતરરાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ ડૉ. રિકાર્ડો અલ્વારેઝ કહે છે- ''આ મૃતદેહમાં જરૂર કોઈ પ્રાણ, આત્મા કે જીવનશક્તિ અત્યારે પણ હયાત છે. એના થકી જ એમાંથી રાજાના અવાજમાં પંદરમી સદીના તત્કાલીન ભાષાના શબ્દો અને ગીતો પ્રકટ થાય છે. આ માનવું મુશ્કેલ છે, છતાં જે હકીકત છે તેનો નિષેધ કેવી રીતે કરી શકાય?''

એક એકાંત પહાડી ક્ષેત્રમાં ખોદકામ દરમિયાન કુઆહોટેમોકની કબર મળી હતી. કબરમાં રાજાના મૃતદેહ સાથે ભારે કિંમતના હીરા-મોતી અને ઝવેરાત ભર્યાં હતાં. એ મતૃદેહના શરીર પર પણ આભૂષણો લદાયેલાં હતાં. અજાયબઘરમાં રાખેલા એ મમીને લગતી અચરજભરી વાતો ધીમે ધીમે બહાર આવવા લાગી. એકવાર ચોકીદારના કાનમાં એક અજાણ્યું ગીત ગુંજવા લાગ્યું. ગીત અંદરથી જ આવતું હતું, પણ અંદર મમી સિવાય કોઈ હતું જ નહિ. તેને નવાઈ તો ખૂબ જ લાગી, પણ તેનું કારણ સમજાયું નહિ. એની કલ્પનામાં એવું તો ન જ આવે કે પેલું મમી ગીત ગાતું હશે! એને લાગ્યું કે કંઈ ચિત્તભ્રમ જેવું થયું હશે. તે પછી ફ્રાંસની એક વૃદ્ધ મહિલાએ મમીના મુખને ખૂલતું અને બંધ થતું જોયું અને તેની સાથે વાતચીત પણ કરી રહ્યું છે એવું જોયું એટલે એ બેભાન થઈને ઢળી પડી. પછી તો બીજાને પણ એવું લાગ્યું. ત્રીજાને પણ એવું લાગ્યું. ત્યારે બધાને ખ્યાલમાં આવ્યું કે તે મમી બધાની સાથે વાતચીત કરે છે! એવું પણ જોવામાં આવ્યું તે વિવિધ ભાષાઓ પણ જાણે છે. જે વ્યક્તિ જે ભાષાની જાણકાર હોય તેની આગળ તે ભાષામાં બોલે છે. ઘણીવાર અત્યંત સુરીલા અવાજમાં કોઈ ગીત કે સ્તુતિ પણ કરે છે. લોકો સાંભળીને દિગ્મૂઢ બની જાય છે.

પછી તો આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. પુરાતત્ત્વ પત્રિકામાં આ અહેવાલ આવ્યો. વેલ્સમાં રહેતા સુડતાલીસ વર્ષની વયના ફિલિપ બાર્લો એ મમીની મુલાકાતે આવ્યા. તેમણે તે મમીનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. શરૂઆતમાં તો તેમને તે મમી નિર્જીવ લાગ્યું. લોકોની વાતો અર્થહીન અને ગપગોળા સમાન લાગી. થોડીવાર ઊભા રહ્યા પછી કંટાળો આવ્યો એટલે ત્યાંથી ચાલ્યા જવાની ઈચ્છા થઈ. અડધો કલાક તો વીતી ગયો હતો. ત્યાં જ તેણે મમીના જડબાને હાલતું જોયું. તેના મુખમાંથી How great thou are પ્રાર્થનાગીત ગવાવા લાગ્યું. એ ગીત પૂરું થયું તે પછી તેના મુખેથી ભવિષ્યવાણીઓ નીકળવા લાગી. તેણે એક માણસને કહ્યું-તારું આયુષ્ય હવે પૂરું થવાની તૈયારી છે. તારી પાસે હવે માત્ર બે મહિનાનો સમય છે. તારે જે કોઈ મહત્ત્વનાં કામ પતાવવાના હોય તે પતાવી લેજે. પુણ્ય કરવાનું પણ ચૂકીશ નહીં. તેણે ફિલિપ બાર્લોને કહ્યું – સદ્ભાગ્ય તારા માથે ચકરાવા લઈ રહ્યું છે. તારી નોકરીની બાબતમાં તું ભાગ્યશાળી છે. તારી નોકરીમાં ખૂબ જલદી પ્રગતિ થશે. તારી આવકમાં અતિશય વધારો થશે. ફિલિપ બાર્લોએ પેલા માણસનો પરિચય સાધ્યો અને તેનું નામ-સરનામું વગેરે લઈ લીધા. તે જોવા માગતો હતો કે મમીની ભવિષ્યવાણી સાચી પડે છે કે નહિ! એ માણસને મુદલે વિશ્વાસ નહોતો કે તેનું આયુષ્ય બે મહિના સુધીનું જ છે.

આ ઘટનાને બે મહિના જેવો સમય થયો હશે ત્યાં જ ફિલિપ બાર્લોને નોકરીમાં પ્રગતિ થઈ. તેને સારો એવો પગારવધારો મળ્યો. તે ખુશીથી નાચી ઊઠ્યો. તેને અચાનક પેલા મમીની ભવિષ્યવાણી યાદ આવી. તેણે જે કહ્યું હતું તે બિલકુલ સાચું પડ્યું. પણ કદાચ આ યોગાનુયોગ હોય એવું ન બને? તેણે પેલા માણસનો સંપર્ક સાધવાનો વિચાર કર્યો. તેનું નામ-સરનામું શોધી કાઢ્યું અને તેને ઘેર પહોંચ્યો. ત્યાં પહોંચીને પોતે એ વ્યક્તિને મળવા માગે છે એ રીતે પ્રસ્તાવ રજૂ કર્યો અને પોતાનું કાર્ડ મોકલ્યું. આની પ્રતિક્રિયા એ થઈ કે તેને કહેવામાં આવ્યું કે એ વ્યક્તિનું તાજેતરમાં જ મરણ થયું છે એટલે તેને તે કદાપિ મળી શકે તેમ નથી! પેરુના નાઝકા મેદાન પાસે એક ગુફા આવેલી છે. તેમાં કેટલાક એવા મૃતદેહો છે જે રાતના સમયે અંધારામાં ચળકે છે અને રાતના સમયે દૂર સુધી સંભળાય એવી ચીસો પાડે છે. ઘણા ખલાસીઓએ આ મમીને જોયાં છે. અને તેની ચીસો સાંભળી છે. મોટાભાગના તો એ ગુફાથી દૂર જ ભાગે છે. કેટલાક સાહસિક ત્યાં સુધી પહોંચ્યા પણ છે. તેમનું કહેવું છે કે એ મૃતદેહો-મમીઓ બાળકોનાં છે અને તે ચીસોનું વિશ્લેષણ કરનારા પણ કહે છે કે તે ચીસો બાળકોના અવાજ જેવી જ છે.

⌘

દેવ એ કોઈ ભ્રમ નથી. એ કોઈ માયા કે આભિમાનિક વસ્તુ નથી. જેમ આપણે જીવ છીએ, તેમ દેવ પણ એક પ્રકારનો જીવ છે.

*ગોયમા! વાણમંતરે તાવ નિયમા જીવે ।*

– ભગવતીસૂત્ર ।।૬-૧।।

ભગવાન મહાવીરે કહ્યું છે, 'ગૌતમ! વાણવ્યંતર તો અવશ્ય જીવ જ છે.' આ રીતે સર્વ દેવો જીવ છે, એમ સંપૂર્ણ સૂત્ર દ્વારા જણાવ્યું છે.

જેમ આપણને ઈન્દ્રિયો છે, મન છે, સંવેદનાઓ છે, તેમ દેવને પણ છે, કારણ કે એ જીવ છે. તો હવે જોઈએ દેવની સંવેદનાનું ઉદાહરણ...

# બાળકો આગળ રુદન કરી પસ્તાવો કરતી મહિલારૂપે દેખાતી દેવી

## ૩૩




ઈંગ્લેન્ડના બકિંગહામ શાયરનો માર્લો વિસ્તાર બિશામ કોન્વેન્ટ તરીકે ઓળખાતા એક આલીશાન મકાનથી જાણીતો છે. આ ભવ્ય આવાસ એના સુંદર બાંધકામને લીધે જેટલો ખ્યાતિ પામ્યો છે એના કરતાં વિશેષ એમાં દેખાતા એક મહિલાના ભૂતને લીધે ખ્યાતિ પામ્યો છે. ડેમ એલિઝાબેથ (Dame Elizabeth) નામની મહિલા આ મકાનમાં સદીઓથી ભટકે છે અને પોતે કરેલા મૂર્ખામીભર્યા કાર્ય માટે પસ્તાવો કરી આંસુ સારે છે. એવું જોવામાં આવ્યું છે કે જે એમનાં બાળકોને લઈને આ મકાનમાં જાય છે એમને ડેમ એલિઝાબેથનું ભૂત ખાસ જોવા મળે છે. ડેમ એલિઝાબેથ ઈંગ્લેન્ડની મહારાણી ક્વિન એલિઝાબેથ- પ્રથમની ગાઢ બહેનપણી હતી. ઈ.સ. ૧૬૦૯માં તેનું મરણ થયું હતું. તેના મરણના દસ દિવસ બાદ તેણે તેના

આ રાજવંશી મકાનના મુખ્ય ઓરડાઓ અને વરંડામાં ભૂતરૂપે ભટકવાનું શરૂ કરી દીધું હતું. ક્યારેક તે આ ભવ્ય આવાસની બાજુમાંથી વહેતી થેમ્સ નદીની પાસે પણ ભટકતી જોવા મળે છે. મોટેભાગે તે કાળાં કપડાંમાં સજ્જ હોય છે અને છાતી કૂટીને રડતી જોવામાં આવે છે. તે કોઈને નુકસાન કરતી નથી કે ત્રાસ વરતાવતી નથી.

ડેમ એલિઝાબેથ એક વિદૂષી સ્ત્રી હતી. તે અંગ્રેજી અને લેટિનમાં કાવ્યો લખતી હતી. તે તેનાં બાળકોને ઉત્તમ શિક્ષણ આપવા તનતોડ મહેનત કરતી. તેના સૌથી નાના દીકરા વિલિયમે તેને આ બાબતે આંખે પાણી લાવી દીધાં હતાં. જે જરાય ભણતો નહીં અને આખો દિવસ તોફાન કર્યા કરતો. અભ્યાસમાં તે મંદ તો હતો જ અને ભણવામાં જરાય રુચિ નહીં. નોટો અને પુસ્તકોને ગંદાં કરી દેતો. શાળામાં નિયમિત રીતે સ્વાધ્યાય લખીને જતો નહીં. એલિઝાબેથ ગૃહકાર્ય કરવા બેસાડે તો નોટોમાં લીટા કર્યા કરે કે ચિત્રો દોર્યા કરે. ડેમ એલિઝાબેથ તેના રેઢિયાળપણાથી અને ભણવાની અરુચિથી તેના પર ખૂબ ચિઢાતી. તે તેનામાં સુધારો લાવવા અથાક પ્રયત્ન કરતી પણ તેના પર વિલિયમ હંમેશા પાણી ફેરવી દેતો. તે વિલિયમને ધમકાવે કે મારે તોય તેના પર કોઈ અસર થતી નહોતી.

એક દિવસ ડેમ એલિઝાબેથનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. શાળામાંથી ગૃહકાર્ય ન કરવા બદલ અને વર્ગમાં ધમાલ કરવા બદલ ઠપકો આપતો પત્ર આવ્યો. તેણે વિલિયમને ગૃહકાર્ય કરવા તાકીદે બેસાડી દીધો. પણ પાંચ-દસ મિનિટમાં તો તે ત્યાંથી ઊભો થઈ બહાર રમવા ભાગી ગયો. ડેમ એલિઝાબેથ એનો કાન પકડીને એને અંદર લઈ આવી અને એને બરાબર ફટકાર્યો. પછી એને માલ-સામાન રાખવાના ભંડકિયામાં નોટ-ચોપડી સાથે બેસાડી દીધો. તેને બરાબર ચીમકી આપી – 'પહેલાં તારું લેખન પૂરું કર પછી જ તને અહીંથી બહાર કાઢીશ.' તેણે ભંડકિયાનો દરવાજો બંધ કરી દીધો.

ત્યાં એકાએક ક્વિન એલિઝાબેથનો એમને તાત્કાલિક મળવા સંદેશો આવ્યો. ડેમ એલિઝાબેથ એમને મળવા ઉતાવળે નીકળી ગઈ. તે નોકરોને એવું કહેતાં ભૂલી ગઈ કે તેણે વિલિયમને ભંડકિયામાં પૂર્યો છે. તેને બહાર કાઢી દેવો. જ્યારે તે પાછી ફરી ત્યારે તેને યાદ આવ્યું કે તેણે વિલિયમને ભંડકિયામાં પૂરી દીધો હતો અને એને બહાર કાઢ્યા વિના જ મહારાણી વિક્ટોરિયાને મળવા ચાલી નીકળી હતી. તે તરત જ ભંડકિયા પાસે દોડી ગઈ અને તેણે ધ્રૂજતા હાથે ભયભીત મનથી ભંડકિયાનું બારણું ખોલ્યું. તેણે જે જોયું તે જોવાની તેની જરાય તૈયારી ન હતી. નાનકડો વિલિયમ નિશ્ચેષ્ટ પડ્યો હતો. તેનું માથું નોટબુક પણ ઢળેલું હતું અને નોટનાં પાનાં એનાં આંસુથી ભીં જાઈને સુકાઈ ગયેલાં હતાં. એ નોટબુકના પૃષ્ઠ પર વિલિયમે લેસન લખી નાખ્યું હતું એવું સ્પષ્ટ વંચાતું હતું. ડેમ એલિઝાબેથે



તરત જ ડોક્ટરને બોલાવ્યા અને તેની તપાસ કરાવી પણ તેમણે જાહેર કર્યું કે વિલિયમ મૃત્યુ પામી ચૂક્યો છે.

પોતાની ભૂલને કારણે વિલિયમનું મૃત્યુ થયું છે એ જાણી ડેમ એલિઝાબેથના પસ્તાવાનો પાર ન રહ્યો. તે બેભાન બની ગઈ. એ આઘાત અને શોક દૂર ન થયો. એને દિવસ અને રાત વિલિયમના ભણકારા વાગતા અને એ ભંડકિયા પાસે એનો ભાસ થતો. ઘણીવાર એ પોતાના અપકૃત્યથી પોતાની છાતી કૂટતી અને માથું પટકતી. તે જીવનપર્યંત ક્યારેય પોતાની જાતને માફ ન કરી શકી.

ડેમ એલિઝાબેથનું મરણ થયું એના દસ દિવસ પછી એનું ભૂત દેખાવાનું શરૂ થયું. ઘણું કરીને વિલિયમની ઉંમર જેટલાં બાળકોને તેનું ભૂત અવશ્ય દેખાતું. તે બાળકો આગળ તે રડતી, છાતી કૂટતી, માથું પછાડતી, નોટબુક અને પેન્સિલ મૂકી જતી. એમને લેસન વિષે સલાહ-સૂચનો આપતી. કેટલીકવાર તો તેણે બાળકોને એમનું લેસન લખી આપ્યાના દાખલા જોવા મળ્યા હતા. બાળકોની આગળ તે મોટેભાગે એક પ્રકારનું વાક્ય ખાસ બોલતી – 'બેટા, તું લેસન નહીં કરે તો હવે હું તને સજા નહીં કરું!'

ઈ.સ. ૧૮૪૦માં બિશામ કોન્વેન્ટ મકાનનું રિનોવેશન થયું ત્યારે ઘરની જૂની વસ્તુઓ સાથે એક નોટબુક પણ મળી આવી હતી. એમાં કોઈ બાળકે અંગ્રેજી વિષયનું ગૃહકાર્ય લખેલું હતું. તેના એક પાના પર ઠેરઠેર પીળા ડાઘ પડી ગયેલા હતા. જે વિલિયમના આંસુથી પડેલા હશે એવું માની શકાય. એટલાં ભાગમાં ગૃહકાર્યનું લખાણ પણ ભૂંસાઈ ગયેલું જોવા મળ્યું હતું. એ નોટબુક કોઈ બીજી જગ્યાએ લઈ જવામાં આવી તો ડેમ એલિઝાબેથનું ભૂત ત્યાં દરરોજ જોવા મળ્યું હતું. વિલિયમની એ નોટબુક જ્યાં રાખવામાં આવે ત્યાં તે નિરંતર દેખાતું. એટલે એ નોટબુક પાછી એની મૂળ જગ્યાએ જ્યાં હતી ત્યાં મૂકી દેવામાં આવી. ત્યારે તે ભૂતે એ નોટ લાવનારના ઘરે દેખાવાનું બંધ કર્યું હતું. હજુ આજે પણ ડેમ એલિઝાબેથને એ નોટબુક સાથે એવો લગાવ છે કે એ બિશામ કોન્વેન્ટની આસપાસ ભૂતરૂપે ભટકતી જ રહે છે અને નાનાં ભૂલકાંઓ આગળ વિલાપ કરી પશ્ચાત્તાપનાં વચનો ઉચ્ચારતી રહે છે.

⌘

હા, જેમ દેવ (પુરુષ) હોય છે, તેમ દેવી (સ્ત્રી) પણ હોય છે.

*से किं तं इत्थीओ? इत्थीओ तिविहाओ पण्णत्ताओ।*
*तं जहा-तिरिक्खजोणित्थीओ,*
*माणुस्सित्थीओ, देवित्थीओ।*

– સ્થાનાંગસૂત્ર ||૩-૧||

સ્ત્રીઓ કેટલા પ્રકારની છે? સ્ત્રીઓ ત્રણ પ્રકારની છે. તે આ પ્રમાણે - (૧) તિર્યંચ સ્ત્રીઓ (૨) મનષ્યસ્ત્રીઓ (૩) દેવસ્ત્રીઓ. જેને પરી કહેવામાં આવે છે, તે પણ એક પ્રકારની દેવ સ્ત્રી (દેવી) હોય છે.

હવે જોઈએ એક વધુ ઘટના 'દેવી'ની.

# પરી સંબંધી ઘટના

## ૩૪



એક પરી સંબંધી ઘટના મનીલાના કોર્નેલિયા કલોજા નામના બાર વર્ષના કિશોરની છે જે ત્યાંના વર્તમાનપત્રોમાં પ્રકાશિત થઈ છે અને પોલીસ કચેરીએ પણ નોંધાયેલી છે. એક વાર કોર્નેલિયા શાળાએ ગયો પછી સાંજ પડવા છતાં ઘેર પાછો ન ફર્યો. તેની ચારે તરફ તપાસ કરાવી પણ તે ક્યાંય મળ્યો નહિ. રાત પડી ગઈ તોયે તે પાછો ન આવ્યો. તેનાં માતા-પિતાએ પોલીસમાં ફરિયાદ કરી. તેમણે પણ તેની શોધખોળ કરી છતાં તે મળ્યો નહીં. પછી બીજો દિવસ પણ તેમ જ પસાર થઈ ગયો. તેની કોઈ ભાળ મળી નહિ. ત્રીજા દિવસે સાંજે તે દફતર લઈને ઘેર પાછો ફર્યો. તેનાં માતા-પિતાના જીવમાં જીવ આવ્યો. તેમણે તેને તે ક્યાં હતો તેની પૂછપરછ કરી. તેણે કહ્યું કે એક સુંદર પરી આવી હતી. તે પરીએ તેનો હાથ પકડ્યો તે સાથે જ તે




રૂ જેવો હલકો બની ગયો હતો. પછી તે બધું જ ભૂલીને પરી સાથે રમતો હતો અને ત્યાં પરીલોકમાં રહ્યો હતો. તેની વાત સાંભળનારા બધાને લાગ્યું કે તે ક્યાંક નાસી ગયો હતો અને તેને કોઈ મારે નહિ કે ઠપકો આપે નહિ એટલે આવું જુઠ્ઠાણું ચલાવી રહ્યો હતો. થોડા દિવસો બાદ ફરી આવી ઘટના બની. તેનાં માતા-પિતાનો જીવ ફરીથી પડીકે બંધાઈ ગયો. તેની આસપાસમાં ક્યાંય ભાળ મળી નહીં. તે ત્રણ દિવસ બાદ પાછો આવ્યો. તે ક્યાં હતો તે અંગે તેણે ફરી પેલી પરીવાળી વાત જ કરી. તેનાં માતા-પિતાને તે વાતમાં વિશ્વાસ ન બેઠો. તેમણે શાળાના સમય દરમિયાન તેના પર પોલીસનો પહેરો ગોઠવ્યો, તો પણ તે અદૃશ્ય થઈ જતો! તેમનાં માતા-પિતાને થયું કે કદાચ પોલીસની નજર ચૂકવીને તે ભાગી ગયો હશે. ત્યારબાદ તેના પર અનેક પોલીસવાળાઓનો કડક પહેરો લગાવવાનો ચાંપતો બંદોબસ્ત કરાયો. તેમ છતાં તેના અદૃશ્ય થઈ જવાની ઘટનામાં કોઈ ફરક ન પડ્યો. છેવટે તેનાં માતા-પિતાએ તેને પોતાના ઘરના એક બંધ ઓરડામાં પૂરી રાખવાની ગોઠવણ કરી. તે ઓરડામાં એક પણ બારી નહોતી અને એકમાત્ર બારણા પર મજબૂત તાળું લગાડવામાં આવ્યું હતું. છતાં પણ બીજે દિવસે બારણું ખોલી અંદર જોવામાં આવ્યું તો કોર્નોલિયો અંદર નહોતો! પછી કોર્નોલિયાનાં માતા-પિતા તથા પોલીસને તેની વાતમાં વિશ્વાસ બેઠો.

⌘

**સ્ત્રી-દેવજાતિની**
**હજી એક ઘટના જોઈએ.**

# જેકવેલિનનો ગજબ અનુભવ

## ૩૫



ટેલિફોનની ઘંટડી વાગી. જેકવેલિન ફ્રેશરે ટેલિફોનનું રિસિવર ઉઠાવ્યું. સામેથી એક અપરિચિત અવાજ આવ્યો – 'શ્રીમતી ફ્રેશર?' તેણે જવાબ આપ્યો – 'હા, કોણ?'તેના કાનમાં ફરી શબ્દો ગૂંજી રહ્યા – 'તમે મને ઓળખતા નથી. તમારા માટે હું અજાણી છું. મારું નામ શ્રીમતી કુથબર્ટ છે. તમારાં મમ્મી વિષે હું ફોન કરી રહી છું. તમારા કામમાં કોઈ દખલ તો નથી કરતી ને?' આ સાંભળીને જેકવેલિન ફ્રેશરનાં શરીરમાં લખલખું ફરી વળ્યું. જો કે એવું થાય એમાં કંઈ આશ્ચર્ય પણ નહોતું! એક પળવાર માટે તો એ જડ જેવી બની ગઈ. તેને રિસિવર ક્રેડર પર મૂકી દેવાનું મન થયું. પણ તેણે પોતાની જાતને તેમ કરતાં માંડ માંડ અટકાવી રાખી. તેણે વાતનો દોર ફરી સાંધતાં કહ્યું – 'મમ્મી વિષે?' ફોનના સામા છેડે રહેલી સ્ત્રીએ જવાબ આપ્યો – 'હા, તમારી મમ્મી વિષે. મેં તેમને ઘરે પહોંચાડતી બસમાં બેસાડી દીધાં છે. એ જો કે

એમાં બેસતી વખતે થોડાં ચિંતિત દેખાતાં હતાં. એટલે જ મેં તમને ફોન કર્યો છે. તે અત્યારે રસ્તામાં જ હશે. થોડીવાર પછી એમને ફોન કરીને પૂછી લેજો કે એ સુખરૂપ પહોંચી તો ગયાં છે ને?'

આ સાંભળી જેકવેલિનના શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં અને એની કરોડરજ્જુમાંથી વીજળી પસાર થઈ ગઈ હોય તેવો અનુભવ થયો. તે મોટેથી બરાડી ઊઠી – 'શું છે આ બધું? તમે કોઈ રમત રમી રહ્યા છો કે આ મજાક છે? અને તમને મારો ટેલિફોન નંબર આપ્યો કોણે?' સામે છેડેથી જવાબ આપ્યો – 'તમારી માતાએ જ મને ફોન કરવાનું કહ્યું હતું. તેમણે કહ્યું હતું – જેકવેલિન મારું વધારે ધ્યાન રાખે છે. તે ખૂબ શાણી અને ઠરેલ છે. આ ફોન નંબર પર તમે એની સાથે જ વાત કરજો. એને આટલો સંદેશો આપજો. એક તો મેં તમારી માતાને રસ્તા પર સહાય કરી એમને બસમાં પણ બેસાડ્યા અને મારા પૈસે તમને ફોન કર્યો. ત્યાં તમે આવો વિચિત્ર વર્તાવ કરી રહ્યાં છો!' શ્રીમતી કુથબર્ડ રિસિવર મૂકી દેવાનું વિચારતાં જ હતાં ત્યાં જેકવેલિનનો અવાજ આવ્યો. 'ઓહ! મારા વર્તાવ બદલ હું દિલગીર છું. પણ તમે જે કહ્યું તે કેવી રીતે બની શકે? મારી માતાને મરણ પામ્યે તો વર્ષ વીતી ગયું!'

જેવી દશા જેકવેલિનની થઈ હતી તેવી હવે શ્રીમતી કુથબર્ટની થઈ! આ સાંભળીને તેમનાં રૂંવાડાં ખડાં થઈ ગયા! પહેલાં તો તે કંઈ બોલી જ ન શક્યાં. પછી તેમણે આખી ઘટનાનો રોમાંચક ચિતાર રજૂ કર્યો –

મને રસ્તામાં મળી હતી તે સ્ત્રી કંઈક મૂંઝાયેલી હતી. તેણે કહ્યું– 'હું મારા ભાઈની દફનવિધિ પૂરી કરી મારા ઘરે મારા પતિ પાસે પાછી જઈ રહી છું. તબિયત ખરાબ હોવાને લીધે મારા પતિ આ દફનવિધિના કાર્યક્રમમાં મારી સાથે આવી શક્યા નથી. તે ઘરની બહાર ખાસ નીકળતા નથી. મારે એમનું ધ્યાન રાખવું પડે છે. હું શહેરથી થોડા માઈલ દૂર એક નાનકડા ગામમાં રહું છું. મારા ઘરના આંગણામાં મેં સુંદર બગીચો પણ બનાવ્યો છે. મને અને મારા પતિને એ ખૂબ ગમે છે. ત્યાં એક સરસ હોજ પણ બનાવ્યો છે. બગીચો કોઈ બગાડે નહીં એટલે આખા બગીચાની ફરતે આકર્ષક વાડ પણ બનાવી છે.' શ્રીમતી કુથબર્ટે જેકવેલિનને કહ્યું, 'તમારી માતા બગીચાની અને વાડની વાત કરતી હતી ત્યારે ખૂબ ગર્વ અનુભવતી હતી અને એમના ચહેરા પર સુંદર સ્મિત ઊપસી આવતું હતું. એમનું સ્મિત બહુ નિરાળું હતું એમ હું કહી શકું. મેં એમને પૂછ્યું હતું – 'શું તમને લેવા કોઈ આવે એ માટે હું ફોન કરું?' આનો જવાબ આપતાં એમણે કહ્યું હતું – 'મારે બે પુત્રીઓ છે. એકનું નામ જેકવેલિન છે. બીજીનું નામ ક્લેર છે. જેકવેલિને ફ્રેશર સાથે લગ્ન કર્યાં છે અને તે સગર્ભા બની છે. ટૂંક સમયમાં જ તે બાળકને જન્મ આપનારી છે. ક્લેર પણ પરણેલી છે, પણ તે તેના જોડિયા બાળકોની સારસંભાળમાં એવી વ્યસ્ત રહે છે કે તેને સમય જ મળતો નથી. તેની પાસે પોતાનું કોઈ વાહન પણ

નથી. એટલે બેમાંથી કોઈને ફોન કરવો નથી.' પછી તેમણે ચાલવા માંડ્યું હતું.

મને થયું કે અહીં આગળ જ બસ સ્ટેશન છે. કદાચ, તે ત્યાં જ જઈ રહ્યાં હશે. તો હું એમને બસમાં ચડવા મદદ તો કરું. તેથી હું પણ એમની પાછળ ચાલવા લાગી. મેં એમને કહ્યું – 'તમે લગીરે ચિંતા ન કરશો. હું તમને બસમાં બેસાડી દઉં છું.' એમણે મને એક કાગળ પર તમારો નંબર લખી આપ્યો અને કહ્યું હતું– 'તમે થોડીવાર પછી એને ફોન કરીને કહી દેજો કે હું બસમાં બેસી ગઈ છું અને ક્ષેમકુશળ રીતે ઘેર પહોંચી જઈશ.' ત્યાં જ બસ આવી અને મેં એમને બસમાં બેસાડી દીધાં. પછી મને થયું કે તેમણે મને તમારા ઘરે ફોન કરીને જે સમાચાર આપવાનું જણાવ્યું હતું તે મારે જણાવવા જોઈએ. એટલે જ તો મેં તમને આ ફોન કર્યો છે.

શ્રીમતી કુથબર્ટે રજૂ કરેલી આ વર્તમાનમાં ઘટેલી ઘટના વિષે શું કહેવું એ જેકવેલિન નક્કી ન કરી શકી. એની માતા એક વર્ષ પહેલાં મરણ પામી ચૂકી હતી. છતાં શ્રીમતી કુથબર્ટે રજૂ કરેલી વાત અક્ષરશઃ સાચી હતી! ભૂતકાળના એ દિવસની વાત – 'વો બીતી દાસ્તાઁ' જે શ્રીમતી કુથબર્ટે કરી તે પ્રમાણે બધું બનેલું જ હતું –

તેના (જેકવેલિનના) મામાનું મરણ થયું ત્યારે તેની માતા એકલી જ તેમની દફનવિધિમાં જઈ શકી હતી. તે વખતે પોતાના પિતા બીમાર હતા તે વાત પણ સાચી હતી. પોતે ગર્ભવતી હતી અને પ્રસૂતિનો સમય નજીક જ હતો. તેની બહેન ક્લેરને બે જોડિયા બાળકો હતાં. તેનાં માતા-પિતા તેમનાથી થોડે દૂર શહેરની બહાર આવેલા એક ગામમાં રહેતાં હતાં. તેની માતાને બગીચાનો ભારે શોખ હતો. તેણે બગીચાની ફરતે અત્યંત સુંદર વાડ બનાવેલી હતી. બગીચામાં એક હોજ પણ હતો. તેની માતાની સ્મિત કરવાની ઢબ પણ વિલક્ષણ હતી. અંતે, જેકવેલિને ફોન મૂકી દીધો. પછી તેને પોતાની ભૂલ સમજાઈ. તેણે શ્રીમતી કુથબર્ટનો ફોન નંબર કે સરનામું તો લીધું જ નહીં! પોતે આ સંદર્ભ એમનો સંપર્ક કરવા માંગે તો ક્યાં અને કેવી રીતે કરશે એ પ્રશ્ન એને સતાવવા લાગ્યો. એમણે ફોન તો રસ્તા પરથી કર્યો હતો એટલે ફોન પરથી પણ એમના ઘરનું સરનામું મેળવી શકાય એમ નહોતું.

કોઈપણ રીતે આ ઘટના પર વિશેષ પ્રકાશ પાડી શકે છે કે કેમ એવું વિચારી જે બસ-સ્ટેશન પરથી શ્રીમતી કુથબર્ટે એની માતાને બસમાં બેસાડી હતી ત્યાંની નજીકમાં આવેલા ફોન બુથની મુલાકાત લેવાનું તેમણે નક્કી કર્યું. જેકવેલિને ત્યાં પહોંચીને પૂછપરછ કરી. ટેલિફોન પાસે બેઠેલા માણસે જેકવેલિનને કહ્યું – 'હા, આજે એક સ્ત્રીએ તમે જણાવો છો તે નંબર પર ઘણી લાંબી વાતચીત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તેમણે અહીં ફોન કરવા આવતા પહેલાં બાજુના સ્ટેશન પર એમને જોયા હતા. તે એક વૃદ્ધ મહિલાને બસમાં બેસાડીને અહીં ફોન કરવા આવ્યાં હતાં.' આનાથી જેકવેલિનને શ્રીમતી કુથબર્ટની વાતનો એક વધુ પુરાવો મળ્યો.

⌘

દેવોનું શરીર વૈક્રિય હોય છે. આ શરીરની એક વિષેષતા એ હોય છે કે અગ્નિ, છરી વગેરે શસ્ત્રોની તેના પર કોઈ અસર થતી નથી.

*णो खलु तत्थ सत्थं कमइ।*

– ભગવતીસૂત્ર

ભગવાન મહાવીરે કહ્યું છે કે દેવને શસ્ત્ર હણી શકતું નથી, દેવ શસ્ત્રને અગોચર છે. આ જિનવચનનું પ્રતિબિંબ જોઈએ એક અનોખા કિસ્સામાં...

# બંદૂકની ગોળીઓ છોડવાથી હસી પડેલું દિવ્ય વ્યક્તિત્વ

## ૩૬



બ્રિટિશ શાસનકાળ દરમિયાન ભારત આવેલા એક અંગ્રેજ ડેપ્યુટી કલેક્ટર મિસ્ટર કિંગે પોતાના ભારતના નિવાસકાળ દરમિયાન થયેલા અનુભવો વિષેનાં સંસ્મરણો પ્રસિદ્ધ કર્યાં છે તેમાં એક પ્રસંગ તો દેવાત્માઓને લગતો પણ છે. આ કિસ્સાના સંદર્ભમાં તેઓએ લખ્યું છે કે જો આ ઘટના મારી સામે બની ન હોત તો હું ક્યારેય તેને સાચી માનત નહીં. આ પૂર્વે હું દેવસૃષ્ટિ પર વિશ્વાસ રાખતો જ ન હતો. તેમણે દર્શાવેલ કિસ્સો આ પ્રમાણે છે :

ઈ.સ. ૧૯૩૭ના જાન્યુઆરી મહિનાની આ વાત છે. કેન્દ્ર સરકારના ભારતીય અધિકારી શ્રી રામાસ્વામી તેમની બદલી થવાથી સિમલા આવ્યા હતા. તેમને રહેવા માટે એક શાંત, એકલવાયો બંગલો ફાળવવામાં આવ્યો હતો. રાતના સમયે જ્યારે તે સૂવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે એકાએક ઘંટારવ થવાનો અવાજ સંભળાવા લાગ્યો અને

એક સુંદર યુવતી સામે આવીને ઊભી રહી હોય તેવો આભાસ થયો. શ્રી રામાસ્વામી ગભરાઈ ગયા. જેમ તેમ કરીને તેમણે તે રાત તો પસાર કરી પણ બીજે જ દિવસે તે બંગલો ખાલી કરી દીધો. થોડા દિવસ બાદ તે બંગલો એક મુસ્લિમ ભારતીય અધિકારીને રહેવા માટે આપવામાં આવ્યો. તે અધિકારી મીઠી નીંદર લઈ રહ્યા હતા ત્યારે એકાએક જહાંગીરના ઘંટ વાગતા હોય તેવો ઘંટારવ સંભળાવા લાગ્યો. તેમની ઊંઘ ઊડી ગઈ. સફેદ વસ્ત્રધારી એક સુંદર સ્ત્રીની આકૃતિ સામે જ ઊભી રહી હોય તેવું દેખાવા લાગ્યું. તે સ્ત્રી હીબકાં ભરીને રડી રહી હોય તેવો અવાજ પણ સ્પષ્ટ સંભળાતો હતો. પેલા મુસ્લિમ અધિકારીના તો હોશોહવાસ જ ઊડી ગયા. તે થોડા સચેત થયા તે સાથે જ મુઠ્ઠીઓ વાળીને ત્યાંથી નાસી છૂટ્યા. પોતાનો સામાન લેવા પણ ન રોકાયા. તેમણે પોલીસ ખાતાને તથા ઉચ્ચ અધિકારીઓને તેના વિષે ફરિયાદ કરી. થોડા પોલીસ અધિકારીઓ ત્યાં રોકાયા. તેમને રાતના સમયે એક મહિલાનો અવાજ સંભળાયો અને તેનો અહેસાસ થયો. એક પોલીસ અધિકારીએ તેના પર ગોળીઓ છોડી, પણ કશું થયું નહીં. ઊલટો તે મહિલાના હસવાનો વધારે અવાજ આવવા લાગ્યો. જાણે તેના ખભા પર કોઈ સ્પર્શ કરતું હોય તેમ તેને લાગ્યું. તે ગભરાઈને ભાગ્યો. તેની પાછળ બીજા પોલીસ કર્મચારી પણ ભાગીને બહાર નીકળી ગયા.

પછી બ્રિટિશ સરકારના પોલીસ વિભાગે મિસ્ટર આગા નામના બાહોશ પોલીસ ઈન્સ્પેક્ટરને વધુ સઘન કામગીરી કરવા નીમ્યા. ઈન્સ્પેક્ટર આગા તેમની ટુકડી લઈને આવ્યા. ચારે બાજુએ પોલીસ ગોઠવી દીધી. કોઈ આવી કે જઈ શકે નહિ તેવો કડક પહેરો લગાવી દીધો. પછી રાતના સમયે પોતે ડાઈનિંગ રૂમની એક ખુરશી પર આવીને બેસી ગયા. રાતના બારેક વાગ્યા હશે ત્યાં તેમને પણ વિચિત્ર અવાજો સંભળાવા લાગ્યા. એક સુંદર યુવતી જાણે હવામાંથી પ્રગટ થઈ હોય તેમ સામે આવીને ઊભી રહી. તે ગભરાયા નહિ. ત્યાં જ બેસી રહ્યા. તેમણે મૃદુ અવાજે કહ્યું – ''તમે કોણ છો? તમે શું કહેવા માંગો છો?'' પહેલાં તો કોઈ જવાબ ના મળ્યો પણ થોડીવાર પછી તે મહિલાના શબ્દો કાનમાં પડ્યા... ''તમે સારા માણસો છો અને બહાદુર અધિકારી પણ છો. તમે મારા પર ગોળી ન ચલાવશો. જો કે ચલાવશો તો પણ મને કશું નહિ થાય. હું ઈચ્છું છું કે તમે મારા વિષે જાણો અને મને યોગ્ય ન્યાય મળે તેવું કરો.'' ઈન્સ્પેક્ટર આગાએ કહ્યું, ''તમે જરૂર તમારી કથની રજૂ કરો. હું પૂરતી તપાસ કરી તમને ન્યાય અપાવીશ.'' તે પછી તે શ્વેત વસ્ત્રધારી સુંદરીએ પોતાની વિગતકથા કહેવા માંડી:

''હું પહાડી પ્રદેશમાં વસનારી એક કન્યા હતી. લગ્ન પૂર્વે મારું નામ 'આવેરી' હતું. મારી મા દેહવિક્રય કરતી

હતી. હું અત્યંત સુંદર હતી. તે મને પણ તે વ્યવસાયમાં નાખવા માંગતી હતી. પણ મને તે ગમતું ન હતું. હું તે વ્યવસાયથી દૂર રહેવા માંગતી હતી. તે જ અરસામાં સિમલાના એક ચર્ચના પાદરી મિસ્ટર આયજિક સાથે મારો પરિચય થયો. તે મારા પ્રેમમાં પડ્યા અને હું પણ તેમને ચાહવા લાગી. અમે લગ્ન કરવાનો પાકો નિશ્ચય કરી લીધો. અમારા લગ્ન માટે મારી માની ઈચ્છા ન હતી અને મિ. આયજિકનાં માતાપિતાની પણ ઈચ્છા ન હતી. તેમ છતાં અમે કોર્ટમાં મેરેજ કરી લીધાં. થોડા સમય પછી હું ગર્ભવતી પણ બની. એટલામાં આયજિકના પિતાનો તાર આવ્યો એટલે તે તેમને મળવા ગયો. લગભગ બે મહિના પછી તે પાછો આવ્યો. હું તો આનંદવિભોર બની ગઈ. તેને જોતાંવેંત તેને વળગી પડી. ત્યાં તો મારા ગળા પર કંઈ પડ્યું. તે રૂમાલનો ગાળિયો હતો. એકાએક મારું ગળું ખેંચાવા લાગ્યું. આયજિક રૂમાલના ગાળિયાથી મારું ગળું દબાવીને મને મારવાનો પ્રયત્ન કરી રહ્યો હતો તે સમજતાં મને થોડી વાર લાગી પણ તે સમજાયું ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. તે અન્ય કોઈ છોકરીના પ્રેમમાં પડ્યો હોવાથી તથા તેના પિતા પાસેથી પૈસા મેળવવા મારાથી છુટકારો મેળવવા માંગતો હતો. તેથી તેણે મારી હત્યા કરી નાખી. મારું મડદું પણ અહીં જ પડેલું છે. પાછળના ઓરડામાં જાઓ અને વચ્ચોવચ્ચના ભાગમાં જઈ પ્લાસ્ટર તોડીને જુઓ. ત્યાં મારું હાડપિંજર અને આયજિકે જેનાથી મારી હત્યા કરી હતી તે ગાળિયાવાળો રૂમાલ અને ખિસ્સાની કેટલીક વસ્તુઓ પણ મળી આવશે. હું એવું ઈચ્છું છું કે આયજિક પર કેસ કરવામાં આવે અને તેને ગુનાની સજા આપવામાં આવે!'' આટલું કહી તે યુવતી અદશ્ય થઈ ગઈ.

પછી ઈન્સ્પેક્ટર આગાની ટુકડીએ ન્યાયાધીશની હાજરીમાં બંગલામાં ખોદકામ કર્યું. આવેરીએ કહ્યું હતું ત્યાંથી ખરેખર એક યુવતીનું હાડપિંજર અને તેણે જણાવેલી વસ્તુઓ મળી આવી. આયજિક પર કેસ દાખલ કરવામાં આવ્યો. એક દેવાત્માના અવાજે રજૂ થયેલા બયાનને સાચું કેવી રીતે સાબિત કરી શકાય? ઈન્સ્પેક્ટરે કાયદાકીય ગૂંચ રજૂ કરી. 'શું તે બયાનના કાગળ પર લખાણની નીચે તેના હસ્તાક્ષર કરી શકશે?' આવેરીએ હા પાડી. ટેબલ પર કાગળ અને પેન મૂકવામાં આવ્યાં. આવેરીએ પેન ઉપાડી લખાણ નીચે પોતાના હસ્તાક્ષર કર્યા. તે સાથે ઈન્સ્પેક્ટરને ટકોર પણ કરી, 'તમારે આ હસ્તાક્ષર મારા જ છે તેની ખાતરી કરવી હોય તો હું જે શાળામાં અભ્યાસ કરતી હતી ત્યાંથી મારા હાથે લખાયેલા લખાણનો નમૂનો મંગાવી તેની ખાતરી પણ કરી શકો છો.' તેણે પોતે કઈ શાળામાં અભ્યાસ કરતી હતી તેનું નામ અને સરનામું પણ આપ્યાં. તપાસનો દોર



વધુ લંબાયો. અંતે આવેરીના હસ્તાક્ષર બિલકુલ સાચા પુરવાર થયા! તેના આધારે આયજિકની ધરપકડ કરવામાં આવી અને થોડા દબાણ બાદ તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો. તેને દેહાંતદંડની સજા કરવામાં આવી.

ઈન્સ્પેક્ટર આગા ફરીથી પેલા ભૂતબંગલામાં ગયો. મધરાતે આવેરીની છાયા પ્રકટ થઈ. તેણે ઈન્સ્પેક્ટરને કહ્યું, 'આભાર, તમે મારું કામ કર્યું તેથી મને ખુશી થઈ છે. તમારી પ્રામાણિકતા અને બહાદુરીના પુરસ્કારરૂપે હું તમને કંઈક આપવા માગું છું. મારા બેડરૂમની પાછળ આવેલા નાના બગીચા તરફની બારી નીચે ખોદકામ કરો. ત્યાં તમને એક ખોખું દટાયેલું મળી આવશે. તેમાં રાખેલા દાગીના અને ઝવેરાત તમે લઈ જજો. મારા તરફથી તે તમારી પત્નીને ભેટ આપજો. હવે હું અહીં ફરી કોઈને દેખાઈશ નહીં. આ આપણી છેલ્લી મુલાકાત છે.' અવાજ આવતો બંધ થઈ ગયો અને તેનો સ્ત્રીરૂપ આકાર પણ અદશ્ય થઈ ગયો. ઈન્સ્પેક્ટર આગાએ આવેરીએ કહ્યું હતું ત્યાં ખોદકામ કરાવ્યું. ત્યાંથી ખરેખર એક ખોખું મળી આવ્યું. તેમાં પુષ્કળ દાગીના અને ઝવેરાત હતું પણ ઈન્સ્પેક્ટર તેને ઘરે લઈ ગયો નહિ. તે સરકારી ખજાનામાં જમા કરી દીધું. જો કે સરકારે તેની પ્રમાણિકતા અને શૂરવીરતાના પુરસ્કારરૂપે તેને જ પાછું સુપરત કરી દીધું. એક દેવાત્માની અંતિમ ઈચ્છાને પૂરી કરવામાં જ ડહાપણ છે તેવું તેમને લાગ્યું હશે! આવેરી-આયજિકનો કેસ પોતાની સામે જ ચાલ્યો હોવાથી મિ. ક્રીગ દેવસૃષ્ટિમાં માનતા થઈ ગયા હતા.

⌘

**સારા દેવો આપત્તિમાં સહાય પણ કરે છે. માટે જ ધર્મક્રિયામાં તેમનું સ્મરણ કરીને કહેવાય છે...**

*सम्मद्दिट्ठिसुरा वराभरणभावीप्पंतदेहप्पहा,*
*ते संघस्स हवंतु विग्घहरणा*
*कल्लाणसंपायणा ॥*

– સીમંધરજિનસ્તુતિ

**શ્રેષ્ઠ અલંકારોની કાંતિથી દેદીપ્યમાન પ્રભાવાળા શરીરના ધારક સમ્યગ્દૃષ્ટિ દેવો સંઘના વિઘ્નોને હરે અને કલ્યાણ કરે. દેવ કોઈને સહાય પણ કરે, એવો પ્રસંગ જોઈએ...**

# સહાયકારી દેવ

## ૩૭



'ન્યૂઝ ફ્રોમ ધી ઈનવિઝિબલ વર્લ્ડ' નામના પુસ્તકમાં એલિઝાબેથ સ્મિથ નામની યુવતીના એક અદ્‌ભુત અનુભવનું વર્ણન કરાયું છે.

એલિઝાબેથને ચિત્રો દોરવાનો ભારે શોખ હતો. એક દિવસ તો અલ્સવોટર પાસેની ટેકરીઓ પર પ્રાકૃતિક સૌંદર્યના સુંદર ચિત્રો આલેખવાના ઉદ્દેશથી સારી જગ્યા શોધવા ભ્રમણ કરી રહી હતી. ટૂંકે રસ્તે જવા તેણે પર્વતમાંથી નીકળતો આડા ફાંટાવાળો રસ્તો પસંદ કર્યો. પણ તે એવી જગ્યાએ આવી પહોંચી જ્યાંથી ન આગળ જઈ શકાય કે ન પાછળ જઈ શકાય! તે એકદમ ગભરાઈ ગઈ કેમ કે એક ડગલું પણ ખોટું ભરે તો ખીણમાં પડી જવાનો ભય હતો! થોડીવાર તો તે કિંકર્તવ્યમૂઢ

જેવી બનીને ઊભી રહી. તે ચકળવકળ નયનથી આમતેમ જોઈ રહી હતી ત્યાં તેણે પોતાનાથી આશરે ૨૦૦ વાર દૂર શ્વેત વસ્ત્રધારી એક યુવતી જોઈ.

તે યુવતી ઈશારો કરીને કંઈક બતાવી રહી હતી. તેણે ધ્યાનથી જોયું તો તે એક નાની પગદંડી જેવા રસ્તા તરફ નિર્દેશ કરી રહી હતી. એલિઝાબેથને ખ્યાલ આવ્યો કે ભયભીત થઈ જવાને કારણે તેને તે સાંકડો રસ્તો દેખાયો નહોતો. તે ધીરે ધીરે તે રસ્તા પર ચાલવા માંડી. એ રસ્તો એક નાના ખડક પર જતો હતો. જ્યારે એલિઝાબેથ એ ખડકની નજીક પહોંચી ત્યારે તેણે ત્યાં ઊભી રહેલી યુવતીને નજીકથી જોઈ. તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. એ યુવતી તો એની બહેન હતી. એલિઝાબેથને નવાઈ લાગી કે એની બહેન ત્યાં ક્યાંથી આવી પહોંચી? એ ઘેરથી નીકળી ત્યારે તો તે ઘરમાં કામ કરી રહી હતી. તે એને કંઈ પૂછે એ પહેલાં તો તે એને ઈશારો કરી પાછળ આવવા જણાવી ખડકની બીજી બાજુએથી નીચે ઊતરવા લાગી. એલિઝાબેથ તેને અનુસરતાં તેની પાછળ ચાલવા લાગી.

છેવટે તેઓ મોટા ખડક પર આવી ગયાં. એલિઝાબેથને હવે હાશ થઈ. અહીં આવી પહોંચ્યા પછી હવે કોઈ જોખમ નથી એમ એને લાગ્યું એટલે એ થાક ખાવા બે મિનિટ જમીન પર બેસી ગઈ. પછી તે તેની બહેન સાથે વાત કરવા ઊભી થઈ. પણ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યાં ક્યાંય તેની બહેન દેખાતી નહોતી. તેણે ચારે બાજુ જોયું પણ તે ક્યાંય નહોતી! બે મિનિટમાં તે કેટલે દૂર જઈ શકે? તેને આ રહસ્ય સમજાયું નહીં. હવે તો ઘરે જઈને જ તેને આ વિષે પૂછવું પડશે એમ નક્કી કરી તે સીધી ઘરે જ આવવા નીકળી પડી. આવા ડરામણા અને વિચિત્ર અનુભવ પછી તેનો ચિત્રો દોરવાનો મૂડ ચાલ્યો ગયો હતો.

બે કલાક પછી તે ઘરે પાછી ફરી. તેણે જોયું તો તેની બહેન ઘરે જ હતી અને ઘરનું કામ કરી રહી હતી. તેણે એ જ શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં જે તેને પેલી પહાડી પર તેને જોઈ ત્યારે દેખાયાં હતાં. તેણે તેને આવતાવેંત એ જ પૂછ્યું – 'તું મને રસ્તો બતાવા અલ્સવોટર પાસેની ટેકરી પર કઈ રીતે આવી હતી અને પછી હવામાં ઓગળી ગઈ હોય તેમ કઈ રીતે અદૃશ્ય થઈ ગઈ?' આ સાંભળીને તેણે કહ્યું, 'બહેન, આ તું શું કહી રહી છે? તું મજાક તો નથી કરતી ને? હું તો તું ગઈ ત્યારથી ઘરમાં ને ઘરમાં જ છું. એક પળવાર માટે પણ ઘરની બહાર ગઈ નથી! ઘરનાં બધાં અહીં જ તો છે. તું કોઈને ય પૂછી જો!' ઘરનાં બધાંએ તેની વાતમાં સંમતિ પુરાવી અને એલિઝાબેથને પૂછ્યું કે તે કેમ કહી રહી છે કે તે ઘરની બહાર હતી?

એલિઝાબેથે જે કંઈ બન્યું હતું તેની સઘળી વાત ઘરના લોકોને કહી – 'હું ગભરાઈ ગઈ હતી અને ખીણમાં પડી

જઉ એવી દશા આવી હતી ત્યારે મને જેણે માર્ગ બતાવ્યો અને મને સલામત જગ્યાએ પહોંચાડી તે આ મારી બહેન તો હતી. એને ઓળખવામાં હું ભૂલ થોડી કરું? પણ હવે મને સમજાય છે કે હું સલામત જગ્યાએ પહોંચી ગઈ ત્યારે તે અદૃશ્ય કેવી રીતે થઈ ગઈ. તે જરૂર બીજી દુનિયામાંથી આવેલો કોઈ દેવાત્મા હશે!'

કોઈ દેવે એલિઝાબેથની બહેનનું રૂપ ધારણ કરી એને મદદ કરી હતી. સદ્‌ભાવનાવાળાં કેટલાંક દેવો બીજાને મદદ કરતાં હોય છે તો દુર્વાસનાવાળાં કેટલાંક દેવો બીજાને પરેશાન કરતાં હોય છે. અહીં કોઈ સારો દેવ એલિઝાબેથને મદદ કરવા આવી પહોંચ્યો હતો. તેણે કોઈ બીજી વ્યક્તિનું રૂપ ધારણ કર્યું હોત તો એલિઝાબેથ ડરી જાત. કદાચ તેની વાત ન પણ માનત. એટલે તેણે એલિઝાબેથની બહેનનું જ રૂપ ધારણ કર્યું જેથી તે ડરે નહીં અને તેના પર વિશ્વાસ રાખી તે જેમ કહે તેમ કરે. એના પર પૂરો વિશ્વાસ બેસે એટલે તેણે એવાં જ શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં જેવાં એલિઝાબેથની બહેને ધારણ કર્યાં હતાં.

⌘

પૂર્વે આપણે અવધિજ્ઞાનની ઘટનાઓ જોઈ. દેવોને અવધિજ્ઞાન અવશ્ય હોય છે.

*भवपच्चइयं दुण्हं, तं जहा–*
*देवाण य नेरइयाण य ।*

– નંદીસૂત્ર

ભવપ્રત્યયિક અવધિજ્ઞાન બે પ્રકારના જીવોને હોય છે. તે આ પ્રમાણે (૧) દેવોને (૨) નારકોને.

દેવ અને નરક આ બે ગતિ જ એવી છે, કે જેમાં જન્મ લેનારને અવશ્ય અવધિજ્ઞાન હોય. હા, એમના અવધિજ્ઞાનની શક્તિ ઓછી-વત્તી હોઈ શકે છે. જેમની પાસે અવધિજ્ઞાનની પૂરતી શક્તિ હોય, તેવા દેવો પોતાના પૂર્વજન્મને જાણી શકે છે, અને ભવિષ્યકાલીન ઘટનાને પણ જાણી શકે છે.

તો હવે જોઈએ એવા દિલચસ્પ પ્રસંગો, જેમાં દેવે પોતાના પૂર્વભવને તો જાણ્યો જ, એ ભવમાં પોતે જે કામ કરતો હતો, તેમાંય પૂર્વસંસ્કારથી રસ લીધો અને તે ભવના સાથીઓને ભવિષ્યવાણીઓ દ્વારા સહાય પણ કરી...

# ફરજરસિક દેવાત્મા

## ૩૮



ભારતીય સેનાએ પરંપરાગત રીતે એક ભારતીય સૈનિક–કેપ્ટન હરભજનસિંહને ભારે દબદબા સાથે સેવાનિવૃત્તિ આપી. બેન્ડ-વાજાં અને તોપોની સલામ સાથે એમની સરહદ સુરક્ષાની અદ્વિતીય સેવાને બિરદાવવામાં આવી. એમને સન્માનપત્ર અને પ્રમાણપત્રો એનાયત કરાયાં. એમના સાહસ અને શક્તિ માટે સેનાના અધ્યક્ષ અને અધિકારીઓએ પ્રશંસાભર્યાં પ્રવચનો કર્યાં. પણ જેમના માટે આ બધું કર્યું તે કેપ્ટન હરભજનસિંહ પોતાની ખુરશી પર બેઠેલા દેખાતા ન હતા. અધિકારીઓ ખાલી ખુરશી પાસે જઈ ત્યાં કોઈ દેખાતું નહોતું છતાં કોઈ સાથે હાથ મિલાવતા હતા અને કોઈ લેનારું નહોતું તો ય ઈલ્કાબો આપતા હતા.

તમને થશે કે શું આ કોઈ નાટકના રિહર્સલની વાત છે કે પછી એ અધિકારીઓનું મગજ ચસકી ગયું હતું કે શું? તો જવાબ છે કે એ કોઈ નાટકનું રિહર્સલ નહોતું અને બધા

અધિકારીઓનું મગજ ઠેકાણે જ હતું અને તે સમજી-વિચારીને એમ કરી રહ્યા હતા. વિદાય સમારંભ પછી હરભજનસિંહને એમને ગામ કુકાનડાલા મોકલવા વાહનની વ્યવસ્થા પણ કરવામાં આવી. પણ આશ્ચર્યની વાત એ હતી કે એમાં હરભજનસિંહ ક્યાંય દેખાતા નહોતા! હરભજનસિંહ દેખાય પણ ક્યાંથી? કેમ કે આ કેપ્ટન હરભજનસિંહનું ૩૦ વર્ષ પૂર્વે મરણ થઈ ચૂક્યું હતું! સાચે જ, આ માન્યામાં ન આવે એવો કિસ્સો છે!

ઘણા ભૂત-પ્રેતના અસ્તિત્વને સ્વીકારતા નથી. પણ અહીં તો ભારતીય સેનાએ એના અસ્તિત્વને સ્વીકારી એને જીવતા જાગતા સૈનિકની જેમ પગારથી માંડી અન્ય જરૂરી સવલતો પૂરી પાડી હતી. કેપ્ટન હરભજનસિંહ પંજાબ રેજિમેન્ટની ત્રેવીસમી બટાલિયનના સૈનિક હતા. એમનું મૃત્યુ સિક્કીમમાં આવેલા નાથુલામાં ભારત-ચીન સરહદ પર ચોકી કરતા હતા ત્યારે થઈ ગયું હતું. તે તેમના સાથીઓ કરતાં સહેજ પાછળ રહી ગયા હતા અને અચાનક એક હિમશિલા તેમના પર પડવાથી તે દટાઈને મરણ પામ્યા હતા. સાથીદાર સૈનિકોને તેમનું શું થયું અને તે ક્યાં છે તેની ખબર ન પડી. તેમણે ચારે બાજુ તપાસ કરી પણ તેમનો કોઈ પત્તો ન લાગ્યો. એક દિવસ બે-ચાર સૈનિકોને સ્વપ્ન આવ્યું. તેમાં હરભજનસિંહે પ્રગટ થઈને કહ્યું કે તેમનો મૃતદેહ અમુક જગ્યાએ બરફની નીચે દટાઈને પડ્યો છે, ત્યાંથી તેને બહાર કાઢી અંતિમ સંસ્કારની વિધિ કરવી. તેમણે સ્વપ્નમાં નિર્દેશ કરાયેલ જગ્યાએ શોધખોળ શરૂ કરી. થોડી મહેનતને અંતે હરભજનસિંહનો મૃતદેહ બરફની શિલા હેઠળ દટાયેલો મળી આવ્યો. ત્યાંથી તેને બહાર કાઢી એમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

જ્યારે હરભજનસિંહનું મરણ થયું ત્યારે તેમની ઉંમર ૨૬ વર્ષની હતી. તેમના મરણ પછી તેમનો આત્મા સતત પોતાની ફરજ પર હાજર રહેતો. ભારે હિમવર્ષા થવાથી સિક્કીમનાં શિખરો બરફથી ઢંકાઈ જતાં ત્યારે પણ તેનો આત્મા સરહદની ચોકી કરતો જોવા મળતો. આથી સૈનિકોને ઘણીવાર તે દેવાત્મારૂપે દેખાતો. તેમણે મરણના દિવસે જે ગણવેશ પહેર્યો હતો તે જ ગણવેશ અને હાથમાં બંદૂક સાથે તે ચોકીપહેરો કરતા દેખાતા. માત્ર સાથી સૈનિકોએ જ નહીં, ચીનના એમની સરહદની ચોકી કરતા સૈનિકોએ પણ તેમને જોયા હતા. તેમણે એમના અધિકારીઓને પણ આનાથી વાકેફ કર્યા હતા કે આવી હાડ થિજાવી દે તેવી ઠંડીમાં એક પણ ગરમ કપડું પહેર્યા વિના એક સશસ્ત્ર ભારતીય સૈનિક સરહદ પર હંમેશા ઊભો રહેલો જોવા મળે છે.

હરભજનસિંહના આત્માએ એના ઉચ્ચ અધિકારીઓને એવો વિશ્વાસ આપ્યો કે તે સરહદના રક્ષણની જરાય ચિંતા ન કરે. તે હંમેશા એનું રક્ષણ કરશે. સરહદ પર કોઈ મુશ્કેલી ઊભી થવાની

સંભાવના લાગશે તો તેની પૂર્વે ત્રણ દિવસ પહેલાં જ તે તેની સૂચના આપી દેશે. ખરેખર તેમ બનતું પણ ખરું. આને લીધે અધિકારીઓ સુરક્ષાની બાબતમાં નિશ્ચિંત થઈ ગયા હતા. તેમને બધાને હરભજનસિંહ ત્યાં હાજર છે એવી પ્રતીતિ અને અનુભૂતિ થતી.

ભારતીય સેનાએ હરભજનસિંહ માટે એક બેરેક અને ઓફિસ જુદાં રાખ્યાં હતાં. ભારતીય સેના અને ચીની સેનાની ફ્લેગ મિટિંગ વખતે એક ખુરશી એમના માટે પણ મૂકવામાં આવતી હતી. હરભજનસિંહ દેવાત્માના રૂપે ત્યાં આવીને બેસતા. બીજા અધિકારીઓને આપવામાં આવી હતી તેવી સઘળી સગવડ આપવામાં આવતી. સૈનિકોને વર્ષમાં બે મહિનાની રજા મળતી તેમ હરભજનસિંહને પણ આપવામાં આવતી. રજા દરમિયાન એમને ઘેર જવા માટેનો પ્રબંધ પણ થતો. સિલીગુડી એક્સપ્રેસમાં એમના નામે સીટ રિઝર્વ કરાવવામાં આવતી. મુસાફરીના થોડા સમય પહેલાં એમનો સાથીદાર સૈનિક એમનો સામાન બર્થ નીચે મૂકીને બર્થ પર બિસ્તરો પાથરી દેતો. એમનો ગણવેશ પણ બર્થ પર મૂકવામાં આવતો. આ જગ્યાએ કોઈ બેસી ન જાય અને તે વસ્તુઓ ન લઈ જાય તે માટે પેલો સાથીદાર સૈનિક એની બાજુની બર્થ પર બેસતો અને એનું ધ્યાન રાખતો. જાલંધર સ્ટેશન આવે એટલે એમનો બિસ્તરો, ગણવેશ વગેરે લઈને એમને ગાડીમાંથી ઉતારવામાં આવતા અને ત્યાંથી એક જીપમાં એમને એમના ગામમાં લઈ જવામાં આવતા. અન્ય સૈનિકોની જેમ એમની ઉમદા કામગીરીને ધ્યાનમાં લઈ એમને પ્રમોશન પણ અપાતું હતું. આ જ કારણે જ્યારે એમનું મરણ થયું ત્યારે એ કેપ્ટનનો દરજ્જો ધરાવતા હતા. મરણ બાદ ૩૦ વર્ષ સુધી તેમણે પોતાની ઈચ્છાથી સરહદ સુરક્ષાનું કામ પ્રેતાત્મા સ્વરૂપે કર્યું. પછી તેમને પોતાને નિવૃત્તિ લેવાની ઈચ્છા વ્યક્ત થઈ. એ માટે તેમણે સૈન્યના અફસરોને પોતાની મરજી બતાવી. તેમને તે સ્વીકારવી જ પડે તેમ હતી. છેવટે તેમને ભારે માન-સન્માન સાથે નિવૃત્તિ આપવામાં આવી.

હરભજનસિંહને નિવૃત્તિ આપવામાં આવે તે પહેલાં એમની યાદમાં સિક્કીમમાં એક મંદિર પણ બનાવવામાં આવ્યું હતું, જેની અનેક લોકો મુલાકાત લે છે. ત્યાં એમની પૂજા-આરતી પણ કરાય છે. કહેવાય છે કે ત્યાં અત્યારે ઘણીવાર તેના આત્માનો પરચો થાય છે. એમના રહેવા માટે ઓરડો અને તેમાં પથારી પણ છે. રાત્રે પથારી હોય ત્યારે ચાદર એકદમ સ્વચ્છ અને કરચલી વગરની હોય છે, પણ સવારે જોવામાં આવે ત્યારે તે થોડી મેલી અને કરચલીવાળી, અસ્તવ્યસ્ત જોવા મળે છે. તેના પર કોઈ સૂઈ ગયું હોય એવાં સ્પષ્ટ એંધાણ દેખાય છે. પોલિશ કરીને રાખેલાં એમના સૈનિકબૂટ કાદવવાળાં અને ધૂળ કે બરફથી ખરડાયેલાં જોવા મળે છે.

આને મળતો આવે એવો અન્ય ઘટનાક્રમ છે ભારતીય સેનાના સૈનિક



જસવંતસિંહ રાવતના જીવન-મરણનો. તે સેનાની ચોથી ગઢવાલ રાઈફલ્સમાં નોકરી કરતા હતા અને તેમને અરુણાચલ પ્રદેશની નુરાનાંગ ચોકીના રક્ષણ માટેની કામગીરી સોંપાઈ હતી. ઈ.સ. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ પ્રસંગે એમણે અદ્‌ભુત શૂરવીરતાનું પ્રદર્શન કર્યું હતું. એમણે એકલા હાથે અનેક ચીની સૈનિકોને ત્રણ દિવસ સુધી રોકી રાખ્યા હતા. જ્યારે તેમને ખબર પડી કે જસવંતસિંહ એકલા જ છે ત્યારે તેમણે તેમના પર હુમલો કરી તેમને મારી નાંખ્યા હતા અને તેમનું માથું કાપી પોતાની સાથે લઈ ગયા હતા. પરંતુ એક ચીની અફસરને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે તેમનું માથું ભારતની સરહદમાં પાછું મૂકી દીધું હતું અને તેમની બહાદુરીને બિરદાવવા એમની એક પિત્તળની પ્રતિમા પણ સાથે રાખી હતી. આ પ્રતિમાને જસવંતસિંહે જે જગ્યાએ પ્રાણ છોડ્યા હતા ત્યાં રાખીને એમની સમાધિ બનાવવામાં આવી. ત્યાં એમની યાદમાં એક મંદિર પણ બનાવવામાં આવ્યું. આ જસવંતસિંહના નામ પરથી જ આ સ્થળને અત્યારે જસવંતગઢ તરીકે ઓળખવામાં આવે છે.

જસવંતસિંહના માનમાં જે સ્મૃતિ મંદિર બનાવવામાં આવ્યું છે તેમાં દરરોજ પૂજા-પાઠ થાય છે. જસવંતસિંહનો આત્મા એ પૂજા સ્વીકારવા દરરોજ ત્યાં આવે છે અને ઘણા બધા પ્રકારે તેની હાજરીની પ્રતીતિ કરાવે છે. લોકોએ તેમને પોતાની ફરજ બજાવતા અનેકવાર જોયા છે. તેમને તેમના મરણ બાદ પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. જસવંતસિંહ નિયમનું પાલન કરવામાં ખૂબ ચુસ્ત અને શિસ્તબદ્ધ હતા. તે સરહદની સુરક્ષા કરવા આજે પણ એ સ્થળે દેવાત્મારૂપે આવે છે. અનેક સૈનિકોએ એમને આ રીતે નજરોનજર નિહાળ્યા છે. જે સૈનિકો એમની ફરજ બરાબર નિભાવતા ન જણાય એમને એ તમાચો પણ મારી દેતાં અચકાતા નથી. ઘણા સૈનિકોને આવો અનુભવ થયો છે તેથી તેઓ હવે ચુસ્તપણે પોતાની ફરજ નિભાવે છે.

⌘

---

**પૂર્વભવનું કાર્ય કરવાની રુચિ થયા બાદ પોતાના જ શરીરથી એ કાર્ય કરવું કે બીજાના શરીરના માધ્યમથી કરાવવું, એ દેવની ઈચ્છાની વાત છે. હવે જે પ્રસંગ કહેવાય છે, તેમાં દેવોએ અન્ય માધ્યમ દ્વારા પોતાની રુચિ સાર્થક કરી છે.**

# એક અણઘડ મહિલાના 'માધ્યમ'થી અર્વાચીન રચનાઓ રજૂ કરતા મૃત્યુ પામેલા મહાન સંગીતકારો!

## ૩૮



ઈ. સ. ૧૯૬૪ની સાલનો એક દિવસ હતો. અત્યંત કંટાળાજનક બપોરનો સમય ચાલી રહ્યો હતો. લંડનના દક્ષિણ તરફના બેલ્હામમાં આવેલ એક વિક્ટોરિયન ઢબનું બાંધકામ ધરાવતા મકાનમાં રોઝમેરી બ્રાઉન નામની મધ્યમ વયસ્ક ગૃહિણી માંડમાંડ શીખેલી થોડી ટ્યુનો તેના પિયાનો આગળ બેસી વગાડી રહી હતી. તેને પિયાનો વગાડવાનો શોખ જાગ્યો હતો પણ તેના પર બરાબર ફાવટ આવતી ન હતી. જેવું આવડે તેવું તે વગાડવાનો પ્રયત્ન કરી રહી હતી. એકાએક તેના હાથ પિયાનોની ચાવીઓ પર હવામાં ઊડતા હોય તેમ ઊડવા લાગ્યા. તેણે પૂર્વે કદી પણ સાંભળ્યું નહોતું તેવું સંગીત હવામાં રેલાવા લાગ્યું. તે સુરમ્ય સુરાવલિઓથી તે અભિભૂત બની ગઈ. તેને લાગ્યું કોઈ અદૃશ્ય શક્તિ તેના હાથ ચલાવી રહી છે અને પિયાનોની

ચાવીઓ પર તેની આંગળીઓ ફરી રહી છે! તેને પોતાની ખબર નહોતી પડતી કે પોતે શું વગાડી રહી છે! માન્યામાં ન આવે તેવો તે અનુભવ ત્યાં જ અટકી ગયો નહિ. તેને લાગ્યું કે તેની બાજુમાં કોઈ ઊભું છે. પહેલાં તેને કશું દેખાયું નહિ. શ્વેત ધૂમાડાના આછા વાદળ જેવું કંઈ લાગ્યું. ધીમે ધીમે ધૂંધળો આકાર દેખાવા લાગ્યો અને પછી એક સ્પષ્ટ મનુષ્ય આકૃતિ ખડી થઈ ગઈ. તે હતા હંગેરીના મહાન પિયાનોવાદક અને કમ્પોઝર ફ્રેન્સ લિઝટ (**Franz Liszt**). તેઓ ૧૮૮૬માં મૃત્યુ પામ્યા હતા.

તે બપોરે લિઝટે રોઝમેરી સાથે કશી વાતચીત ન કરી. થોડી ક્ષણો બાદ તે પાછા અદશ્ય થઈ ગયા. તેને ખ્યાલ આવી ગયો કે તેના હાથ અદશ્ય શક્તિથી તે જ ફેરવી રહ્યા છે અને આવું અદ્‌ભુત સંગીત વગાડી રહ્યા છે. પોતાના અનુભવનું બયાન કરતાં રોઝમેરી કહે છે – ''કોઈ હાથ-મોજાનો ઉપયોગ કરે તેમ તે મારા હાથનો ઉપયોગ કરી રહ્યા હતા.'' પછી તો આવો અનુભવ વારંવાર થવા લાગ્યો. શરૂઆતની થોડી મુલાકાતો તો સ્વપ્ન જેવી લાગી પરંતુ તે સંપૂર્ણપણે સભાન જ હતી. ફ્રેન્ઝ લિઝટે તેની સાથે વાતચીત પણ કરવા માંડી. તેમણે તેને સંગીતના એ નોટેશન ઉતારી લેવા વિનંતી કરી. તેને એ વિષયનું ખાસ કશું જ્ઞાન હતું જ નહીં. પણ ધીમે ધીમે તેમના પ્રશિક્ષણથી થયેલા પ્રયત્નોને લીધે તેણે તે પણ શીખી લીધું. થોડા જ સમયમાં એ પ્રતિભાવાન સર્જકની નવી રચનાઓ કાગળ પર ઉતરવા લાગી.

રોઝમેરી બ્રાઉન મહાન સંગીતકારોનું 'માધ્યમ' બની ગઈ. એક પછી એક મહાન સંગીતકારોના દેવાત્મા તેના શરીરમાં ઉતરવા લાગ્યા અને પોતાની અપ્રકટ રહી ગયેલી કૃતિઓ પ્રકટ કરવા લાગ્યા. ચોપિન, બિથોવન, ડેબુઝી, સ્કૂમાન, બેચ, રેકમેનીનોવ, બ્રાહમ્સ, બર્લિઓઝ



અને મોન્ટેવર્દી તેમાં મુખ્ય હતા. તેમણે તેમની આગવી રીતે તેને ઓર્કેસ્ટ્રા અને પિયાનોની કૃતિના અને ઓપેરા તથા ગીતોના નોટેશન લખાવ્યા. બિથોવને 'ટેન્થ સિમ્ફની'નો ભાગ લખાવ્યો. ચોપિને તેને પિયાનો સોનેટ્સ લખાવ્યા


અને ઈગોર સ્ટ્રાવીન્સ્કીએ ૧૯૭૧માં થયેલા તેના મરણ પછી ચૌદ મહિના બાદ, અધુરી રહી ગયેલી તેની સંગીત રચનાની સાઈઠ પંક્તિઓ તેના માધ્યમથી લખાવી. વિવેચકોએ આ મહાન સંગીતકારોની 'રોઝમેરીના માધ્યમ' થી પ્રકટ થયેલી રચનાઓનો વિશદ અભ્યાસ કર્યો છે. મોટા ભાગના વિવેચકો એ વાત સાથે સંમત છે કે તે બધી રચનાઓ તેના મૂળ કમ્પોઝર-સંગીતકારની શૈલી અને વસ્તુગતતા સાથે એકદમ સમાનતા ધરાવે છે. આગળની રચનાઓ અને રોઝમેરી થકી પ્રકટ થયેલી રચનાઓ વચ્ચે કોઈ ભેદરેખા



પાડી શકાય એમ નથી. કોઈક કોઈક રચના તેની સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ મૂળ રચના કરતાં ઉતરતી જણાય છે. પણ એવું તો જીવંત વ્યક્તિના સંદર્ભમાં પણ બને છે. દરેક સંગીતકાર કે કવિની બધી જ રચનાઓ એક સરખી ગુણવત્તાવાળી હોતી નથી. એ રચનાઓનો અભ્યાસ કરનારા નિષ્ણાતો એ બાબતે સર્વસંમતિ ધરાવે છે કે એ બધી રચનાઓ અત્યંત મેધાવી અને અસાધારણ સિદ્ધહસ્તતા ધરાવનાર સંગીતકાર જ સર્જી શકે એમ છે. રોઝમેરી જેવી અણઘડ અને સાવ અલ્પમાત્રાનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ આવું સંગીત વગાડી શકે નહીં કે આટલી ઝડપથી બેનમૂન સહેજ પણ ભૂલ વિનાનું અઘરું નોટેશન આપી શકે એ કોઈપણ સંજોગોમાં સંભવ નથી. રોઝમેરીએ તેના અનુભવોને



રજૂ કરતી



આત્મકથા પણ લખી છે. તેને કિશોરાવસ્થા દરમિયાન 'ટેલિપથિક' અનુભવો થતા હતા. કેટલીકવાર 'અસ્તિત્વના જુદા આયામ'માં રહેલા લોકોની ઝાંખી થતી. તેને પિયાનો સાંભળવો-વગાડવો બહુ ગમતો. એક મ્યુઝિક ટીચર રાખીને તે શીખવાનો પ્રયત્ન પણ કિશોર અવસ્થામાં કર્યો હતો. પણ થોડી પ્રાથમિક



બાબતો મહામહેનતે શીખવાથી આગળ વધી શકી ન હતી. સ્કૂલ પછી 'સિવિલ સર્વિસ'ને લગતું કાર્ય કર્યું. તેના લગ્ન થયા અને બે બાળકોને જન્મ પણ આપ્યો. ઈ.સ. ૧૯૬૧માં લાંબી બીમારી બાદ તેના પતિનું અવસાન થયું. ઘરની આર્થિક સ્થિતિ અત્યંત કફોડી હતી. 'એક સાંધે ને તેર તૂટે' એવી મુશ્કેલ સ્થિતિમાં દિવસો પસાર કરવા પડ્યા. ક્યાંકથી કોઈનો સહારો પણ ન મળ્યો. સુખ કે વૈભવની એક માત્ર નિશાની રૂપે ઘરમાં હતો 'સેકન્ડ હેન્ડ' દશામાં ખરીદેલો પિયાનો. તેનામાં પડેલી ટેલિપથિક સંપર્ક સાધવાની ચૈતસિક શક્તિ અને તેના પિયાનો પ્રેમે તેને મૃત્યુ પામેલા મહાન સંગીતકારો કે કલાકારો સાથે સંપર્ક સાધી આપ્યો. તે એક 'માધ્યમ' બની ગઈ. તેની આંગળીઓ પરથી અવતરિત થઈ શ્રેષ્ઠ સંગીતકારોની અધુરી રહી ગયેલી રચનાઓ.

મૃત્યુ પામેલ જુદા જુદા સંગીતકારોના આત્મા તેના શરીરમાં પ્રવેશી તેને માર્ગદર્શન આપતા આવ્યા છે. મહાન પિયાનોવાદક ફ્રેન્ઝ લિઝટે ચોપિનના આત્મા સાથે પણ તેનો પરિચય કરાવ્યો. રોઝમેરી જણાવે છે– ''ચોપિન ખૂબ યુવાન લાગે છે. તે ખૂબ સુંદર મુક્ત સ્મિત કરે છે. તેની રીતભાત પણ ખૂબ શિષ્ટ સંસ્કારી છે. તે ધનાઢ્ય વ્યક્તિની જેમ વર્તે છે, પણ તેના એવા દેખાવ કરતાં સહજ હાવભાવ વધારે આકર્ષક લાગે છે. ચોપિને જ પિયાનોવાદનમાં આંગળીઓનો યથાર્થ ઉપયોગ શીખવાડ્યો છે.'' મારા હાથ ખોટી ''નોટસ'' પર પડે તો તરત તે અદશ્ય રીતે તેના હાથથી મારા હાથને હળવો ધક્કો મારે છે અને તે સાચી 'નોટસ' પર આવી જાય છે. ચોપિન ઘોઘરો અવાજ ધરાવે છે પણ ભારે કે ઘેરો નથી. તેના ઉચ્ચારમાં પોલેન્ડની સ્પષ્ટ છાપ વરતાય છે. તે સાચા અર્થમાં સદ્‌ગૃહસ્થ-સજ્જન છે. તે ઘણીવાર કોન્સર્ટમાં પણ તેને સાથ આપે છે. એકવાર તેઓ 'પિયાનો' પ્રશિક્ષણમાં તલ્લીન હતા ત્યારે તેણે રોઝમેરીનો હાથ હળવેકથી પકડી લીધો અને તેને આગળ વગાડતા અટકાવી દીધી. તેણે તેને યાદ દેવડાવ્યું – 'તું તારા બાથરૂમનો નળ ખુલ્લો રાખીને આવી છે અને બાથરૂમમાંથી પાણી બહાર આવી રહ્યું છે!' રોઝમેરીને બ્રાહ્મ્સ પણ ખૂબ ગમ્યો. તેના વિષે પ્રતિભાવ આપતા તે





કહે છે– બ્રાહ્મ્સ અસાધારણ ધીરજ અને શાંતિનો ગુણ ધરાવે છે. કોઈપણ જાતની મુશ્કેલી વિના તેની સાથે સંપર્ક સાધી શકાય છે. તે પોતાની જાતને ખૂબ સારી રીતે વ્યક્ત કરે છે. તેણે મને પિયાનો વાદનમાં નવી નવી બાબતો શીખવી છે. તેને અનુસરવાનું થોડું મુશ્કેલ છે કેમ કે તે દશમી નોટસનો ઉપયોગ વધારે કરે છે. દુર્ભાગ્યવશાત્ મારા હાથ થોડા નાના છે અને આંગળીઓ વચ્ચેનું અંતર પણ ઓછું છે તેથી તેને અનુસરવાનું અઘરું પડે છે છતાં, પહેલાં કરતાં હવે તેનો ઉપયોગ વધુ સારી રીતે કરી શકું છું. મને લાગે છે કે બ્રાહ્મ્સ જીવતો હશે ત્યારે તેની આંગળી વચ્ચે ઘણું અંતર ધરાવતો હશે! રોઝમેરી જણાવે છે કે તેને ૧૯૬૬ સુધીમાં બિથોવન સાથે સંપર્ક થયો ન હતો. તેમની મુલાકાતોનો ગાળો તે પછી પણ ધીમો રહ્યો હતો. તેને તેના દેખાવને કારણે થોડી ભીતિ થતી હતી તે કારણ પણ જવાબદાર રહ્યું હોય. પણ એટલું તો ચોક્કસ છે કે બિથોવન બહેરો નહોતો. તે તેની વાત સાંભળી શકતો હતો અને તેને જવાબ આપી શકતો હતો. શરૂઆતમાં તે રોઝમેરીને કેવળ અદ્‌ભુત સંગીત જ સંભળાવતો હતો. તેની સાથે વાતચીત કરતો નહોતો. ધીમે ધીમે તે તેની મહાનતા, સાદગી અને અન્ય સદ્‌ગુણોથી પરિચિત થતી ગઈ. બંને વચ્ચે લાગણી અને સહાનુભૂતિનો એક અતૂટ બંધ બંધાયો છે. રોઝમેરી કહે છે કે બિથોવનનો આત્મા ખરેખર એક ઉત્કૃષ્ટ કોટિનો, ઉદ્દાત સંસ્કારો અને જ્ઞાન ધરાવતો આત્મા છે, જે તેને અદ્‌ભુત માર્ગદર્શન આપે છે અને જીવનનું ઉર્ધ્વીકરણ કરવા સહાય કરે છે. રોઝમેરી જણાવે છે કે આ સંગીતકારો તેના થકી એક સંદેશો તો અવશ્ય આપે જ છે – તમારું જીવન મૂલ્યવાન છે. તેને વ્યર્થ વસ્તુઓ



માટે બગાડો નહિ. તમારામાં અગણિત શક્તિઓ છે. તેમનો વિકાસ કરો. અમારો અનુભવ છે કે શરીરનું મૃત્યુ એ કોઈ મોટી હાનિ નથી. એ તો પરિવર્તનનો વચલો ગાળો છે. ચેતના એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં આવે ત્યારે ઉદ્‌ભવતી એક સ્થૂળ ઘટના છે. અસ્તિત્વના બીજા ક્ષેત્રોમાં આત્મા હયાત રહે છે.

⌘

આ વિષયમાં હજી એક સિદ્ધાંત સમજવા જેવો છે. આપણે જે કાંઈ પણ અનુભવીએ છીએ, તે ધારણારૂપે આપણી સ્મૃતિમાં અંકિત થઈ જાય છે. આ ધારણા ક્યાં સુધી સ્મૃતિમાં અંકિત થયેલી રહી શકે? તે પણ જિનાગમમાં જણાવ્યું છે.

*धारणा संखेज्जं वा कालं*
*असंखेज्जं वा कालं ।*

– નંદીસૂત્ર

ધારણા સંખ્યાત કાળ સુધી કે અસંખ્યાત કાળ સુધી રહી શકે છે. એકાદ ક્ષણથી માંડીને લાખો-કરોડો વર્ષ સુધીનો સમય સંખ્યાતકાળ કહેવાય છે. જ્યારે અસંખ્યાત કાળ આપણી કલ્પનાથી અતીત છે.

ધારણાને કારણે જ પૂર્વભવમાં જેનો અભ્યાસ કર્યો હોય, જે વિષયનું જ્ઞાન મેળવ્યું હોય, જે જે વિષયનો અનુભવ કર્યો હોય, તેનો લાભ બીજા જન્મમાં લેવો શક્ય બને છે.

હવે આપણે એવું ઉદાહરણ જોઈએ, જે ઉપરોક્ત સિદ્ધાંત પર  આધારિત છે.


# ઈંગ્લેન્ડના વિખ્યાત નેત્રરોગવિશેષજ્ઞના દેવાત્માની સહાયથી આંખોની તકલીફો દૂર કરતો માનવી—જ્યોર્જ ચેપમેન

# ૪૦



ઈ.સ. ૧૯૫૮ની સાલ. અમેરિકાના પ્રસિદ્ધ પત્રકાર અને લેખક બર્નાર્ડ હટન ન્યુરાઈટિસ રોગથી પીડાતા હતા. તે ઉપરાંત તેમની આંખોની જોવાની શક્તિ પણ બહુ નબળી પડી ગઈ હતી. નેત્રરોગવિશેષજ્ઞ ડૉ. હડસન પાસે તે આંખોનો ઈલાજ કરાવતા હતા. ડૉ. હડસને તેમને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે હવે તમારી આંખોનો ઈલાજ થઈ શકે તેમ નથી. એક સર્જિકલ ઓપરેશન તો થઈ ચૂક્યું છે, બીજું કરવામાં આવશે તો આંખોનું થોડું ઘણું તેજ છે તે પણ ચાલ્યું જશે.

હટનની પત્ની પર્લ હટન પણ આ સાંભળીને આઘાત પામી. એકાએક તેને કોઈએ કહેલી વાત યાદ આવી. જ્યોર્જ ચેપમેન નામનો એક સામાન્ય માણસ દૈવી ચિકિત્સાથી આંખોના રોગો મટાડે છે. તે એલિસબરીમાં રહે છે. તમે તેની પાસે



હશે. અને પાછું આના માટે જવું પડે છેક ઈંગ્લેન્ડ. ત્યાં ગયા પછી કંઈ ભોપાળું જ નીકળે તો? પણ તેની પત્નીએ તેનો આગ્રહ ચાલુ જ રાખ્યો અને ઈંગ્લેન્ડ જવા વારંવાર અનુરોધ કરતી જ રહી. કદાચ, કંઈ આડુંઅવળું નીકળે તો ઈંગ્લેન્ડ ફરવા

જઈને ચિકિત્સા કરાવો. ચેપમેન કહે છે કે ડો. વિલિયમ સલેન્ગ નામના એક મહાન નેત્રરોગવિશેષજ્ઞનો દેવાત્મા તેનામાં પ્રવેશ કરી વ્યક્તિના સૂક્ષ્મ શરીર પર અદૃશ્ય રીતે વાઢકાપ કરી તેના રોગ મટાડવાનું કાર્ય કરે છે. ઈ.સ. ૧૯૩૭માં મરણ પામેલા બ્રિટિશ નેત્રચિકિત્સક, ફેલો ઓફ ધ રોયલ કોલેજ ઓફ સર્જન્સ ડો. વિલિયમ લેન્ગનો દેવાત્મા જ્યોર્જ ચેપમેનના શરીરનો માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. ચેપમેન તમારા સ્થૂળ શરીરને અડક્યા વિના કેવળ સૂક્ષ્મ શરીર પર જ ઓપરેશન કરતો હોય તેમ હાથ હલાવતો રહે છે અને થોડી મિનિટોમાં જ નેત્રરોગનું નિવારણ થઈ જાય છે!

હટને પત્નીને કહ્યું કે હું આવી ઢંગધડા વગરની વાતોમાં વિશ્વાસ ધરાવતો નથી. આંખના તમામ ડોક્ટરોએ હાથ ધોઈ નાખ્યાં છે ત્યાં આ ચેપમેન શું કરવાનો છે? મને લાગે છે કે આ ચેપમેન કોઈ ધૂતારો છે, જે આવી પ્રેતાત્માની તબીબી સહાયની વાતો કરી ભોળા અને અંધશ્રદ્ધાળુ લોકોને છેતરતો

ગયા હતા એમ સમજજો. જો ખાટું નીકળે તો તમે તો પત્રકાર છો. તેની પોલ ખુલ્લી પાડવાની તક મળશે. છેવટે હટને જવાનું નક્કી કર્યું.

હટન જ્યારે ચેપમેનના ક્લિનિક પર પહોંચ્યો ત્યારે ચેપમેન પર ડો. લેન્ગનો આત્મા સવાર થયેલો જ હતો. તેનો ચહેરો, હાવભાવ, વર્તણૂક બધું જ ડો. લેન્ગ જેવું લાગી રહ્યું હતું. હટન જેવો તેની પાસે પહોંચ્યો તે સાથે જ તેણે તેને નામથી બોલાવ્યો અને તેના





ખભા પર હાથ મૂકી કહ્યું - 'આવો મિ. હટન, તમે નેત્રરોગથી પીડિત છો ને? હું ડૉ. લેન્ગ છું. હું તમને સાજા કરવાના બધા પ્રયત્નો કરીશ.' પછી હટનને એક ખુરશી પર બેસવાનું કહેવામાં આવ્યું. ચેપમેનના માધ્યમથી ડૉ. લેન્ગ તેની સાથે આગળ વાતચીત કરવા લાગ્યા. ચેપમેન તો 'ટ્રાન્સ'માં હોય તે રીતે બંધ આંખો રાખીને હટન પાસે ઊભો હતો. તેણે મિ. હટનને કહ્યું - તમે અત્યારે માઈનસ ૧૮ નંબરના ચશ્મા પહેરો છો! પછી તેની આંખોથી એકાદ ઈંચ દૂર હાથ રાખીને કહેવા લાગ્યો - તમારા બાળપણ વખતે લગભગ છ વર્ષની ઉંમરે તમારી આંખોનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. અત્યારે તમારી આંખોની લિમ્ફ ડ્રેનેજ સિસ્ટમ બરાબર કામ કરતી નથી. ગ્લાયકોમા થઈ ગયું છે. તે ઉપરાંત હિપેટાઈટિસ વાયરસને કારણે તમારા લિવરને પણ નુકસાન થઈ રહ્યું છે. ચેપમેન બંધ આંખે હટનની આંખો અને શરીરની ભીતરની સ્થિતિ એ રીતે જણાવી રહ્યો હતો કે જાણે એક્સ-રે કે સ્કેનિંગ મશીનનો રિપોર્ટ ના જોઈ રહ્યો હોય!

પછી ચેપમેને કહ્યું - હું તમારી આંખો સારી કરવા માટે એક ઓપરેશન કરું છું. તમારી સંમતિ તો છે ને? જો કે તમારે ગભરાવવાની કે ચિંતા કરવાની જરૂર નથી. તમારા શરીરને કે આંખોને તો હું અડવાનો જ નથી. આ ઓપરેશન સૂક્ષ્મ શરીર પર થશે. તમને કોઈ પીડા પણ નહિ થાય. તમને કંઈક થઈ રહ્યું છે એવો અહેસાસ જરૂર થશે પણ કંઈ દેખાશે નહિ. ઓપરેશનમાં મને સહાય કરનારા બીજા દેવાત્માઓ સાથેની મારી વાતચીત તમને સંભળાશે પણ ખરી.

એ પછી ડૉ. લેન્ગે પોતાનું કામ ચાલુ કરી દીધું. હટન ચેપમેનની આંગળીઓને આમતેમ હાલતી અને કંઈક ક્રિયા કરતી જોઈ રહ્યો હતો. ક્યારેક એ ઓપરેશનનાં ઉપકરણો પકડતી અને તે ઉપકરણો ખાલી હવામાં ફરતાં હોય તેમ આઘાંપાછાં થતાં. પછી ડૉ. લેન્ગ હટનને કહેવા લાગ્યા, 'હું તમારા સૂક્ષ્મ શરીરને સ્થૂળ શરીરથી થોડું અલગ કરું છું, ફ્લ્યુઈડની શોધ કરું છું, નેત્રમણિ, રેટિના વગેરેને તપાસું છું, એમની ખરાબી દૂર કરું છું. હવે તમારું ઓપરેશન પૂરું થઈ ગયું છે. તમારા સિલિયરી સ્નાયુઓ અત્યંત કડક થઈ ગયા હતા.' એ

પછી થોડી વાર બાદ ડો. લેન્ગ તેમના અદૃશ્ય સહાયકોને કહેવા લાગ્યા, ''જો હિપેટાઈટિસ વાયરસનો ઉપાય કરવામાં નહીં આવે તો આ ઓપરેશન ખાસ લાભદાયક નહીં નીવડે.'' ડો. લેન્ગે ફરી એક વાર આંખો બંધ કરી. એ જ મુદ્રામાં હટનના શરીર પર થોડો અદ્ધરથી હાથ ફેરવ્યો. હટનને એવો અનુભવ થયો કે જાણે એના મૂર્છિત શરીર પર ઓપરેશન કરાયું ન હોય!

ઓપરેશન પૂરું કર્યા પછી ડો. લેન્ગે હાથનો ટેકો આપી હટનને જગ્યા પરથી ઊભા કર્યા. માગરિટ નામની એક નર્સે એમને ટેકો આપ્યો અને તેમની કાર સુધી દોરીને લઈ ગઈ. હટનને થોડીવારમાં જ એકદમ સ્પષ્ટ દેખાવા માંડ્યું. તેનો આંખનો નંબર પણ સાવ ઘટીને નહિવત્ જેવો થઈ ગયો. આંખોની જ્યોતિ પણ બિલકુલ એવી બની ગઈ જેવી સ્વસ્થ માનવીની હોય છે. હટન આ ચમત્કાર જોઈને આનંદ અને આશ્ચર્ય અનુભવવા લાગ્યો. જ્યારે તે ઘેર પાછો આવ્યો ત્યારે તેની પત્નીની ખુશીનો પાર ન રહ્યો. તેની ચિકિત્સા કરી રહેલા નેત્રરોગ વિશેષજ્ઞ ડો. હડસન તો તેની આંખ ફરીથી ચકાસવા બેઠા ત્યારે તેમને લાગ્યું કે તે કોઈ બીજી વ્યક્તિની જ આંખ જોઈ રહ્યા છે. જ્યારે હટને આંખનો ઈલાજ કેવી રીતે થયો અને તેના સૂક્ષ્મ શરીર પર કેવી રીતે ઓપરેશન કરવામાં આવ્યું તેનું બયાન કર્યું ત્યારે તો ડો. હડસન સાવ દિગ્મૂઢ થઈ ગયા. હટન જેવી રેશનલ વ્યક્તિ સ્વાનુભવની વાત કરી રહી હતી તેથી તેને માન્યા વિના છૂટકો પણ નહોતો.

⌘

**દેવો આપણી પાસે વિશિષ્ટ કારણ વિના આવતા નથી. જિનાગમમાં અનેક વિશિષ્ટ કારણો બતાવ્યા છે. તેમાંથી એક કારણ છે -**


*पुव्वाणुरागओ वा*

– વિશેષાવશ્યકભાષ્ય ||૧૮૭૭||

**પૂર્વજન્મમાં કોઈ વ્યક્તિ પુત્ર, મિત્ર વગેરે રૂપે પ્રેમપાત્ર બની હોય, તો દેવ તેને સહાય કરવા આવે એવું બની શકે છે. હવે કહેવાય છે, તે ઘટનામાં આવી જ વાત બની છે.**

# દિવ્ય શક્તિથી સંકટોથી સતત બચતી રહેલી મહિલા કેથેલીન મેકકોઈન

## ૭૧



ન્યૂયોર્કમાં રહેનારી કેથેલીન મેક્કોઈન ૯ વર્ષની હતી ત્યારે એકવાર શાળાના સેંકડો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ સાથે હડસન નદીની સહેલગાહે ગઈ હતી. નદીની મધ્યમાં સ્ટીમરમાં આગ લાગી. બાળકો ચીસો પાડવા લાગ્યાં અને ભારે ધમાલ મચી ગઈ. કેથેલીન શાંત ઊભી હતી અને શું કરવું તેનો વિચાર કરતી હતી. ત્યાં જ તેને પ્રેરણા થઈ! જાણે કોઈક આવીને તેના કાનમાં ધીમેથી બોલી ગયું – ''કેથેલીન, સ્ટીમરમાંથી કૂદી પડ. નીચે પાણીમાં એક લાકડાનો ટૂકડો છે. એનો સહારો લઈ આગળ વધ.'' કેથેલીને નીચે જોયું તો ખરેખર પાણીમાં એક લાકડાનો ટુકડો તરતો હતો. તેણે પાણીમાં ઝંપલાવી દીધું અને એ લાકડાના ટુકડાના સહારે નદીનું વહેણ

જ્યાં લઈ જાય ત્યાં જવા લાગી. થોડીવાર પછી કેટલાક ખલાસીઓ ત્યાં એક હોડી લઈને આવ્યા હતા. તેમણે લાકડાના ટુકડા પર તરતી કેથેલીનને જોઈ અને તેને બચાવી લીધી. પેલી સ્ટીમરની આગ વધી ગઈ અને બાળકો ભયંકર રીતે દાઝીને મરી ગયાં.

આ ઘટના બની તેનાં બે વર્ષ પછી કેથેલીન એક મીની બસમાં મુસાફરી કરી રહી હતી. અચાનક બસનું ટાયર ફાટ્યું અને બસ કાબૂરહિત બનીને એક ખડક સાથે અથડાઈ. કેથેલીનના કાનમાં અવાજ પડ્યો. તે બહારથી આવ્યો હતો કે એની અંદરથી એની એને સૂઝ ન પડી. 'કેથેલીન, જલ્દી કર. એક પળનો પણ વિલંબ કર્યા વિના બારીનો કાચ તોડી બહાર કૂદી પડ.' કેથેલીને કોઈ ઠોસ વસ્તુથી એની પાસેની બારીનો કાચ તોડી નાંખ્યો અને બહાર કૂદી પડી. તે જેવી બહાર કૂદી તે સાથે જ બસમાં આગ લાગી અને તે માંડ પંદરેક ડગલાં દોડી હશે ત્યાં જ જબરદસ્ત ધડાકો થયો અને બસ એના તમામ મુસાફરો સાથે આગમાં ભડથું થઈ ગઈ.

ઈ.સ. ૧૯૫૪માં કેથેલીન એરોપ્લેન દ્વારા અમેરિકા આવી રહી હતી. પ્લેનમાં ઉતરાણ સમયે કંઈક ખરાબી ઉદ્‌ભવી. પાઈલોટે તેને નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો પણ ઉતારતી વખતે જ આગ લાગી ગઈ. પ્લેનના તમામ યાત્રીઓ દાઝી ગયાં. કેથેલીન



પણ દાઝી. પણ તેમ છતાં જીવતી રહી. જ્યારે બાકીના બધા થોડા સમયમાં મરણ પામ્યાં.

આના પાંચ વર્ષ પછી જાન્યુઆરી ૧૯૫૯માં કેથેલીન રેલવે દ્વારા મુસાફરી કરી રહી હતી. તે ટ્રેનના છેલ્લા ડબ્બામાં બેઠી હતી. ડબ્બામાં દસ-બાર મુસાફરો જ હતા. રાત્રીનો સમય હતો. કેથેલીન ઘસઘસાટ ઊંઘતી હતી. અચાનક તેની આંખ ખૂલી. તેની અંદરથી અવાજ આવતો હતો. એ અવાજને એ કઈ રીતે ભૂલી શકે? એ અવાજે જ એને અનેકવાર બચાવી હતી. એ અંતઃપ્રેરણાનો અવાજ કે કોઈ અદૃશ્ય દુનિયાની ગેબી વ્યક્તિનો અવાજ એને સંકટમાંથી બચાવી લેતો હતો. એ અવાજ કહી રહ્યો હતો - 'આ જગ્યાએથી ઊભી થઈ જા. સૂઈશ પણ નહીં... બેસીશ પણ નહીં... પેલી તરફના ખૂણામાં ટૂંટિયું વાળીને બેસી જા.' ડબ્બામાં બેઠેલા બીજા જાગતા મુસાફરો તેને ખૂણામાં ટૂંટિયું વાળીને

બેઠેલી જોઈને હસવા લાગ્યા. આવી સરસ સૂવાની બર્થ છોડીને તેને આમ વિચિત્ર રીતે બેઠેલી જોઈ તે પાગલ તો નહીં હોય એમ વિચારતા હતા ત્યાં જ પાછળથી આવતી ગાડીનું એન્જિન એના ડબ્બા સાથે ટકરાઈ ગયું. ડબ્બાના હાલહવાલ ખરાબ થઈ ગયા. કેથેલીન જ્યાં બેઠી હતી તેટલી જગ્યા સલામત રહી. તે બચી ગઈ. તેને એક ઉઝરડો પણ ન પડ્યો. બાકીના બધા મુસાફરો માર્યા ગયા.

ઈ.સ. ૧૯૬૮માં બનેલી ઘટના તો વિજ્ઞાનીઓને પણ અચંબામાં નાંખી દે તેવી છે. કેથેલીન એના મિત્રસમુદાય સાથે એક ભોજનસમારંભમાં ગઈ. કોઈ ખાદ્યવસ્તૂ ફૂડ પોઈઝન થવાથી બગડી ગઈ હતી. ફૂડ પોઈઝન બહુ ભારે પ્રમાણમાં થયું હતું. એટલે જેણે ભોજન ખાધું તે બધામાં ઝેરની અસર થઈ અને બીમાર બની ટપોટપ મરવા લાગ્યા. એ ભોજન સમારંભમાં ભોજન લેનારામાંથી કોઈ બચ્યું નહીં, સિવાય એક વ્યક્તિ. તે વ્યક્તિ હતી કેથેલીન. કેથેલીન પર તો ઝેરની સામાન્ય અસર પણ વરતાઈ નહીં. ડોક્ટરોને થયું કે આવું કેવી રીતે બની શકે? તેમણે કેથેલીનને પૂછ્યું તો તેણે જણાવ્યું કે તેણે તો તે વાનગી સૌથી વધારે ખાધી છે! તબીબોએ નિર્ણય કર્યો કે કેથેલીનના જઠર અને આંતરડામાં રહેલા અન્નનું લેબોરેટરીમાં રાસાયણિક પૃથક્કરણ કરાવવું. તેના જઠર અને આંતરડાના અન્નનું રાસાયણિક પૃથક્કરણ કરાયું તો જાણવા મળ્યું કે તેના પેટમાં પણ તે જ ફૂડ પોઈઝનવાળું ઝેરી અન્ન જ છે! તો પછી તે ઝેરની તેના પર અસર કેમ ન થઈ? આ પ્રશ્નનો જવાબ કોઈની પાસે નથી. ખુદ કેથેલીનની પોતાની પાસે પણ નથી! તે માત્ર એટલું જ કહી શકે એમ છે કે કોઈ અદશ્ય શકિત એનું સતત રક્ષણ કરતી આવી છે!

⌘

---

**દેવોનો પૂર્વનો પ્રેમ જેમ વ્યક્તિ પ્રત્યે હોઈ શકે છે, તેમ વસ્તુ પ્રત્યે પણ હોઈ શકે છે. પોતે જ્યાં કામ કર્યું હોય, તે સ્થાન પ્રત્યે પણ હોઈ શકે છે. તેમાં વળી પૂર્વના કાર્યની રુચિ અને પરોપકાર ભળે, તો સુખદ, આશ્ચર્યકારક ઘટના પણ સર્જાઈ શકે છે. તો હવે જોઈએ આવી જ એક ઘટના...**

# મુસાફરોને સહાય કરતાં વિમાનકર્મચારી દેવાત્મા

## ૪૨



ઈસ્ટર્ન એરલાઈન્સ કંપનીનું 'ધ ટ્રાઈસ્ટાર ૩૧૮' નામનું વિમાન ન્યુયોર્કથી ફ્લોરિડા થઈ જઈ રહ્યું હતું. તેમાં વિમાનના કર્મચારીઓ ઉપરાંત ૧૮૦ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. વિમાનની પરિચારિકા ફે મેરીવેધર એની સીટ ઉપરથી ઊભી થઈ સ્ટોર તરફ ચાલી કેમ કે તે મુસાફરોને નાસ્તો આપવાની તૈયારી કરવા માંગતી હતી. જ્યાં 'ઓવન' મૂકવામાં આવ્યું હતું ત્યાં તે પહોંચી. પેસેન્જરોને ગરમ નાસ્તો મળે એટલા માટે નાસ્તો ઓવનમાં મૂકવામાં આવ્યો હતો. તેણે ઓવનનું બારણું ખોલ્યું અને તેના મોઢામાંથી એક જબરદસ્ત ચીસ નીકળી પડી. આનું કારણ એ હતું કે ઓવનના બારણાની પાછળથી એક ચહેરો તેને તાકી રહ્યો હોય એવું તેને દેખાયું. આવું કેવી રીતે બની શકે? તેણે થોડી વાર વિચાર કર્યો અને આંખ મીંચી દીધી. તેને

થયું કે જરૂર તેને કંઈક દૃષ્ટિ ભ્રમ થયો હશે. તેણે આંખો ખોલીને જોયું તો ત્યાં કોઈ ચહેરો ન હતો. તેણે ઓવનમાંથી નાસ્તો કાઢ્યો અને પ્લેટમાં મૂક્યો. પ્લેટ લઈને તે આગળ ચાલવા લાગી. તેણે સહેજ પાછળ ડોકું કરીને જોયું તો ફરી પાછો ચહેરો દેખાવા લાગ્યો હતો.

ફે મેરીવેધર ગભરાઈ ગઈ અને દોડીને ફ્લાઈટ એન્જિનિયર મ્યુઓરે (Muore) પાસે ગઈ અને તેને જે ચહેરો દેખાયો હતો તેની વાત કરી. તે મેરીવેધર સાથે તે જગ્યાએ આવ્યો. મેરીવેધરની વાત સાચી હતી. તેને પણ ત્યાં પેલો ચહેરો દેખાયો. તેના હોઠ ફફડી રહ્યા હતા. તે કંઈક કહેવા માંગતો હતો. તેમણે બન્નેએ સાંભળ્યું – 'કાળજી રાખજો. વિમાનમાં આગ લાગશે.' મ્યુઓરેને લાગ્યું કે એ ચહેરો કંઈક પરિચિત છે. પછી તેના ખ્યાલમાં આવ્યું કે તે તો ભૂતપૂર્વ ફ્લાઈટ એન્જિનિયર ડોન રેપોનો ચહેરો છે. થોડા મહિના પહેલાં એક વિમાન અકસ્માતમાં તેનું મરણ થઈ ગયું હતું! એ વખતે કોઈને ખ્યાલ ન આવ્યો કે તેના કહેવાનો શો મતલબ હતો. પણ થોડા કલાકો પછી તે વિમાન મેક્સિકો જઈ રહ્યું હતું ત્યાં એન્જિનમાં કંઈક ખરાબી થતા તેને ન્યુયોર્ક પાછું લાવવામાં આવ્યું. ત્યાં એની ખરાબી દૂર કરાયા પછી એ બરાબર રીપેર થયું છે તો ખરું ને તે જોવા એક ઉડ્ડયન ટેસ્ટ લેવામાં આવી રહ્યો હતો ત્યારે તેમાં જબરદસ્ત આગ લાગી અને બોમ્બ ધડાકો થયો હોય તેવા જ ધડાકા સાથે તે હવામાં જ તૂટી પડ્યું! ડોન રેપોના દેવાત્માએ જે વાત કહી હતી તે શબ્દશઃ સાચી પડી. એરપોર્ટ અધિકારીઓએ કબૂલ કર્યું કે જો વિમાનને રીપેર કરવા તરત ન્યુયોર્ક લવાયું ન હોત તો સેંકડો લોકો મરી ગયા હોત અને મોટું સંકટ ઊભું થઈ ગયું હોત! ડોન રેપોના દેવાત્માએ જે ચેતવણી આપી હતી તેણે આમાં મોટો ભાગ ભજવ્યો હતો.

આ કાંઈ પહેલો પ્રસંગ નહોતો. ડોન રેપો અને પાઈલટ બોબ લોફ્ટ અનેકવાર આ રીતે દેખાતા હતા. ઘણીવાર તો જીવતીજાગતી વ્યક્તિના રૂપમાં વાતો કરતા, વિમાનની દેખરેખ રાખતા જોવામાં આવતા હતા.

ફ્લાઈટ એન્જિનિયર ડોન રેપો, પાઈલટ બોબ લોફ્ટ, અન્ય કર્મચારીઓ અને ૯૭ મુસાફરોએ ૧૯૭૨માં લોકહીડ એલ-૧૦૧ ટ્રાઈસ્ટારની ફ્લાઈટ નંબર-૪૦૧માં વિમાની અકસ્માતમાં પ્રાણ ગુમાવ્યા હતા. એ પછી આ બન્ને કર્મચારીઓનાં દેવાત્માઓ ઘણાં ઉડ્ડયનોમાં જોવા મળ્યાં હતાં. લોકહીડ કોર્પોરેશને એ વિમાનના કેટલાક નુકસાન ન પામેલા ભાગોને બીજા વિમાનમાં ઉપયોગમાં લીધા હતા. મેરીવેધરે જ્યાં ડોન રેપોનો ચહેરો જોયો તે ઓવનવાળો ભાગ પેલા વિમાનમાંથી કાઢીને જ ત્યાં ગોઠવવામાં આવ્યો હતો.

૧૯૭૩માં ઈસ્ટર્ન એરલાઈન્સના વાઈસ પ્રેસિડેન્ટ ટ્રાઈસ્ટાર-૩૧૮માં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમને જ એક વિચિત્ર અનુભવ થયો. તેમની બાજુમાં




જ ઈસ્ટર્ન એરલાઈન્સનો પૂરો ગણવેશ પહેરેલ એક કેપ્ટન આવીને બેઠો. તે બન્ને વાતો કરવા લાગ્યા. થોડીવાર પછી તેમણે એના ચહેરા તરફ જોયું તો પાઈલટ બોબ લોફ્ટ હતો, જેનું મરણ એક વર્ષ પહેલાં વિમાન અકસ્માતમાં થઈ ચૂક્યું હતું! વાઈસ પ્રેસિડેન્ટ ગભરાઈ ગયા. એક મૃત વ્યક્તિ તેમની બાજુમાં બેસીને વાત કરી રહી હતી એ વિચારથી જ તે થથરી ગયા. એટલે ત્યાંથી ઊભા થઈને કોકપીટ તરફ દોડ્યા. બીજા કર્મચારીઓ પણ તેમની પાસે દોડી આવ્યા અને શું બન્યું તે પૂછવા લાગ્યા. તેમણે આ હકીકત કહી એટલે બધા ત્યાં તપાસ કરવા ગયા. પણ બોબ લોફ્ટ-દેવ ચાલ્યો ગયો હતો.

બીજા એક પ્રસંગે ટ્રાઈસ્ટાર-૩૧૮નો ફ્લાઈટ એન્જિનિયર રૂટિન ચેકઅપ કરવા આવ્યો તો તેણે જોયું કે ડોન રેપો ઊભો હતો અને વિમાનના જુદા જુદા યાંત્રિક વિભાગોનું બારીકાઈથી ચેકીંગ કરી રહ્યો હતો. પછી તે બોલ્યો પણ ખરો કે 'બધું બરાબર છે. ક્યાંય કોઈ યાંત્રિક ખરાબી નથી.' બસ, આટલું બોલ્યા પછી તે હવામાં ઓગળી ગયો હોય તેમ દેખાતો બંધ થઈ ગયો. બીજા એક કર્મચારીને પણ ઈન્સ્ટ્રુમેન્ટ પેનલની ચકાસણી કરતો ડોન રેપો જોવા મળ્યો હતો. આમ અનેક કર્મચારીઓને ઘણીવાર ટ્રાઈસ્ટાર-૩૧૮માં ડોન રેપો કે બોબ લોફ્ટ જોવા મળ્યા હતા. આથી ૧૯૭૪માં ઈસ્ટર્ન એરલાઈન્સ કંપનીએ તેના કર્મચારીઓને એ વાતથી વાકેફ કરી દીધા હતા કે તેમને વિમાનમાં એ બેમાંથી કોઈ પણ જોવા મળે તો જરાય ગભરાવું નહીં. એ ભલે દેવરૂપે વિમાનમાં આમતેમ ફરતા હોય પણ એ કોઈનું નુકસાન નહીં કરે. એમનો હેતુ વિમાન અને એના મુસાફરોનું રક્ષણ કરવાનો અને એમની સલામતી જાળવી રાખવાનો જ છે. થોડીવાર તો બધું બરાબર ચાલ્યું પણ મુસાફરો આ વિમાનમાં મુસાફરી કરવામાં ભય અનુભવવા લાગ્યા. એમની સંખ્યા ઘટવા લાગી એટલે કંપનીએ દેવોનો પ્રભાવ મિટાવવા ખાસ પ્રાર્થનાનું આયોજન કરાવ્યું. એ પ્રાર્થના અને પ્રવિધિ પછી ટ્રાઈસ્ટાર-૩૧૮માં ફરી ક્યારેય ડોન રેપો કે બોબ લોફ્ટ દેખાયા નહીં. જો કે એના કર્મચારીઓને એ ગમ્યું નહીં. એમને તો બન્ને સાથે એટલું ફાવી ગયું હતું કે એમની સાથે જીવતા-જાગતા મિત્રોની જેમ વર્તી રહ્યા હતા. એનું મોટું કારણ એ હતું કે એ દેવ હોવા છતાં કોઈને હેરાન કરતા નહોતા, ઊલટું સંકટમાંથી બચાવતા હતા.

⌘

માણસ મોટો થાય, ઉંમર-સંપત્તિ-પદ-પ્રતિષ્ઠાથી ગમે તેટલો આગળ વધી જાય, તો ય તેને પોતાના જન્મસ્થાન, બાળપણના મિત્રો, પૂર્વની અવસ્થા વગેરે સાથે લગાવ રહે છે. એવું દેવની બાબતમાં પણ બને છે.

*अपरे तु पूर्वसुहृत्पुत्राद्यनुग्रहार्थ-*
*मिहाऽऽगच्छन्ति ।*

– વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ

અન્ય દેવો તો પોતાના પૂર્વ જન્મના મિત્ર, પુત્ર વગેરે પર ઉપકાર કરવા માટે અહીં આવે છે. હવે જોઈએ આવી જ એક ઘટના...

# પોતાનાં બાળકોને દેવરૂપે આવીને મદદ કરતી મૃત માતા

# ૪૩



બાળકો નાનાં હોય અને તેમની માતાનું મરણ થઈ જાય, એ બાળકોના પિતા, પત્ની ગુમાવવાના દુઃખમાં ભાન ભૂલી દારૂની લતે ચડી જાય, અને બાળકોને મારવા-ફટકારવા લાગે તો શું થાય? આવું જ લિડિયાના જીવનમાં બન્યું. તે કિશોર વયની હતી ત્યારે જ તેની વહાલસોયી માતાનું મરણ થયું. આટલી નાની વયે જ તેના માથે આખા ઘરની જવાબદારી આવી પડી. તેના નાના ભાઈઓ અને બહેનનું ધ્યાન રાખવું, સારસંભાળ રાખવી અને આખા ઘરનું કામ કરવાનું. પણ એ એને કેટલું તકલીફભર્યું નહોતું લાગતું, જેટલું તેના પિતાનું તેના તરફ અને પોતાનાં નાનાં ભાઈ-બહેનો તરફનું વર્તન લાગતું હતું. તેણે વિચાર્યું - મેં તો સાંભળ્યું છે કે પિતા પોતાના બાળકોને ચાહે છે. તેમના તરફ વાત્સલ્ય રાખે છે. પણ અહીં તો પિતાં બાળકોને ધૂત્કારતા, એટલું જ

નહીં એમને મારવા-ઝૂડવામાંથી બાકી રાખતા નહીં.

દિવસભર આખા ઘરનું એકલે હાથે કામ કરીને તેના હાથની નસો ફૂલી જતી. ઘરનાં બધાંનું ધ્યાન રાખવું એ કંઈ સહેલી વાત છે? રસોઈ બનાવવી, વાસણ માંજવા, કપડાં ધોવાં, નાનાં ભાઈ-બહેનને ખવડાવવું, પિતાને ખવડાવવું અને એમનાં બધાં કામ કરવાં. પિતા પહેલાં આવા નહોતા. માનું મરણ થયા પછી જ તે આવા થઈ ગયા છે એવું લિડિયાને વારંવાર થતું. પણ આવુ ક્યાં સુધી ચાલશે? પિતા કશું જ કરતા નહોતા. આખો દિવસ ખુરશીમાં બેસી રહેતા, ટેબલ પર રાખેલી દારૂની બોટલમાંથી દારૂ ઢીંચ્યા કરતા અને બાળકોને ધમકાવતા-ફટકારતા!

એક દિવસ લિડિયાને એના બાપે બહુ જ મારી. એ રડતી રડતી એના ઓરડામાં જતી રહી. એની માના ફોટા આગળ જઈને એ ધ્રુસકે-ધ્રુસકે રડી. એને ફરિયાદ કરવા લાગી - 'મા, આ તેં શું કર્યું? અમને આવી રીતે મૂકીને જતી રહી! જો હવે અમારા કેવા હાલ છે? તને અમારી કશી દયા આવતી નથી? મા, હવે મારાથી આ સહન થતું નથી... મા, મા, મને તારી પાસે બોલાવી લે! અથવા તું પાછી આવી જા! મા! તું ઘરમાં હતી ત્યારે ઘર કેવું સ્વર્ગ જેવું લાગતું હતું... તારા વગર એ નર્ક જેવું બની ગયું છે! ઓ મારી માડી... તું મને આ દુઃખમાંથી છોડાવ! ઓ મારી મા... તું સાંભળે છે કે નહીં?' એ એની પથારીમાં જઈને પડી અને નિદ્રાદેવીના શરણે જઈ પહોંચી.

સવારે જાગી ત્યારે લિડિયા પ્રસન્ન અને પ્રફુલ્લિત હતી! રાત્રે તેને સ્વપ્નમાં તેની માતા મળી હતી. તેણે તેને આશ્વાસન આપ્યું હતું- ''બધું સારું થઈ જશે! તું ચિંતા ન કર. હું તારી સાથે જ છું એવું તને રોજ લાગશે...'' એ રસોડામાં સવારનો નાસ્તો બનાવી પ્લેટ ભરી રહી ત્યાં જ એની નાની બહેન મેરી હસતી-હસતી રસોડામાં ધસી આવી. મેરીની ઉંમર ત્રણ-સાડા ત્રણ વર્ષની જ હતી. એના વાળ બહુ જ સુંદર હતા. લિડિયાને રોજ એ ઓળવા પડતા. અત્યારે એના વાળ સરસ રીતે પોની વાળીને ઓળાયેલા હતા. પોતે ઓળે છે એના કરતાં પણ વધારે સરસ રીતે ઓળાયેલા! એ બોલી ઊઠી - 'અરે! વાહ, તારા વાળ તો કેટલા સરસ ઓળાયેલા છે! કોણે ઓળી આપ્યા?' નાનકડી મેરીએ કહ્યું- 'બીજું કોઈ આવ્યું નથી. આપણી મમ્મી આવી છે. એણે જ તો મારા વાળ ઓળી આપ્યા છે!' એને યાદ આવ્યું - મમ્મી મારા વાળ પણ આ રીતે જ ઓળતી હતી! આ એની ખાસ પદ્ધતિ છે. પણ એ જાણતી હતી કે એની મા તો મરણ પામી છે. તે ક્યાંથી અહીં આવી શકે અને મેરીના વાળ ઓળી શકે? પણ મેરી જુઠ્ઠું પણ શું કરવા બોલે? બીજું ઘરમાં



અન્ય કોઈ વ્યક્તિ આવી નથી અને ઘરની કોઈ વ્યક્તિએ એના વાળ ઓળ્યા નથી તો એ પોની સ્ટાઈલમાં ઓળાયા કેવી રીતે?

દારૂ પીને ખુરશી પર બેઠેલા તેમના પિતાએ આ સાંભળ્યું એટલે એકદમ ઊભા થઈને રસોડામાં આવ્યા અને મેરીને સખત ફટકારવા માંડ્યા – 'તારી મમ્મીએ અહીં આવી તારા વાળ ઓળ્યા?' એ બબડવા માંડ્યા – 'તારી મમ્મીનું નામ લઈ જુઠું બોલે છે?' મેરી... ત્રણ વરસની નાની બાળકી... માર ખાઈને દોડી–પલંગ પર સૂઈ ગઈ ને ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગી. લિડિયા મેરીના રૂમમાં ગઈ. ત્યાં તેણે જે જોયું તે તેની આંખો માનવા તૈયાર નહોતી! ત્યાં મેરીના પથારી પર તેની મા બેઠી હતી. તે તેના માથા પર હેતથી હાથ ફેરવી રહી હતી. મેરીના શરીર પર જ્યાં સોળ પડ્યા હતા ત્યાં એ મલમ લગાવી રહી હતી. એ ઝડપથી તેના તરફ દોડી. પણ તે તેની નજીક પહોંચે તે પહેલાં તો તે અદૃશ્ય થઈ ગઈ હતી. લિડિયા વિચારવા લાગી – શું ખરેખર તેની મા મેરીની સારવાર કરવા અહીં આવી હતી કે પછી તે એની દૃષ્ટિનો ભ્રમ હતો? સાબિત શી રીતે થાય કે બેમાંથી સાચું શું હશે? ત્યાં જ તેના મનમાં વિચાર ઝબક્યો, 'હા, સાબિત થઈ શકે એમ છે. સાબિતી છે મેરીના સોળ પર ચોપડવામાં આવેલો મલમ. તે તરત જ મેરી પાસે જઈને બેસી ગઈ. તેણે તેના સોળ પર હાથ ફેરવ્યો. ત્યાં ખરેખર દુખાવો મટાડવાના મલમનો લેપ થયેલો હતો. એ લેપની શીશી પણ પલંગ પર પડેલી હતી... એનું ઢાંકણું ખુલ્લું હતું. તેણે મેરીને પૂછ્યું – 'મેરી, તને આ મલમ કોણે લગાડ્યો?' મેરી લિડિયા સામે અનિમેષ નજરે જોઈ રહી. પછી કહેવા લાગી – 'હું તને નહીં કહું.' લિડિયાને ખાતરી થઈ ગઈ કે તેણે જે જોયું હતું તે દૃષ્ટિ ભ્રમ નહોતો. તેની માતા દેવરૂપે અહીં આવી હતી અને દીકરીની સારવાર કરી ગઈ હતી! મેરી સૂઈ ગઈ એટલે લિડિયા પોતાના રૂમમાં પાછી આવી. તેને હવે ખાતરી થઈ ગઈ હતી કે તેની મા અહીં આસપાસમાં જ છે.

મેરી સિવાય ઘરનાં બધાંએ નાસ્તો કરી લીધો એટલે તેણે એંઠી પ્લેટો સાફ કરવાના હેતુથી પ્લેટફોર્મ પર

મૂકી. એક પ્લેટમાં મેરીનો નાસ્તો ઢાંકેલો હતો. જો જાગી હોય તો તેને નાસ્તો આપી આવું એમ વિચારીને તે તેના રૂમમાં જોવા આવી. મેરી હજુ ઊંઘતી હતી. એ જાગે ત્યાં સુધીમાં પ્લેટો સાફ કરી દઉં એ હેતુથી તે રસોડામાં આવી. ત્યાં તેણે રસોડામાંથી બહાર નીકળતી તેની માતાની ઝાંખી આકૃતિ જોઈ. તેણે જોયું તો મેરીની પ્લેટનો નાસ્તો કોઈએ ખાઈ લીધો હતો અને બધી પ્લેટો સાફ કરીને એના સ્ટેન્ડમાં વ્યવસ્થિત ગોઠવી દીધી હતી.

આ ઘટના બની એના ત્રણેક દિવસ પછીની વાત. લિડિયાના પિતા એમની રોજની આદત પ્રમાણે ખુરસી પર બેસી શરાબ પીવાની તૈયારી કરી રહ્યા હતા. તેમણે જેવી શરાબની બોટલ ખોલી અને પ્યાલામાં ભરવા જાય છે ત્યાં જ કોઈનો જોરદાર હાથ વાગ્યો અને શરાબની બોટલ ટેબલ પરથી દૂર ફેંકાઈ ગઈ અને જમીન પર પડીને તૂટી ગઈ. તે આશ્ચર્યચકિત થઈ ગયા. તેમના ટેબલ-ખુરશી આગળ તો શું? એ રૂમમાં એ વખતે તેમના સિવાય કોઈ જ નહોતું! કબાટમાંથી બીજી બોટલ કાઢી ટેબલ પર મૂકી, પીવા જતા હતા ત્યાં ફરીથી એવું જ થયું. કોઈ સ્ત્રીના હાથનો સ્પર્શ થયો. તેણે ધક્કો મારી બોટલ દૂર ફેંકી દીધી. તેમણે જોયું તો થોડે દૂર તેમની પત્ની ઊભી હતી. તેનું મોં ગુસ્સાથી તમતમી ઊઠ્યું હતું – તેણે ઊધડો લઈ નાંખ્યો – 'તમને કંઈ લાજ-શરમ છે કે નહિ? મારા મરણ પછી આ રીતે દારૂના રવાડે ચઢી ગયા? ફૂલ જેવાં બાળકોને મારો છો! એમના પર અત્યાચાર ગુજારો છો! આ બાળકોનું કોઈ નથી એમ ન માનશો. હું એમની સાથે જ છું. ખબરદાર જો હવે ક્યારેય દારૂની બોટલને હાથ લગાડ્યો અને બાળકોને મારવા હાથ ઉપાડ્યો તો. મને પણ ખરાબ થતાં આવડે છે. એક વાર હાથ ઉપાડો અને પછી જુઓ હું તમારી દશા કરું છું!' લિડિયાના પિતા એમની પત્ની સુધી પહોંચે ત્યાં સુધીમાં તો તે અદૃશ્ય થઈ ગઈ હતી! તે જ દિવસથી તેમણે દારૂ છોડી દીધો અને બાળકોને મારવાનું પણ બંધ કરી દીધું.

લેડબિટર નામના સંશોધક અને લેખકે **Invisible helpers** નામનું પુસ્તક લખ્યું છે. તેમાં એક ઘટના દર્શાવી છે. લંડનના પાદરી ડૉ. જોન મેસન નીલનું એક સંસ્મરણ તેમાં રજૂ કરાયું છે. તે જણાવે છે કે એક સ્ત્રી પોતાનાં બે વહાલસોયાં નાનાં બાળકોને આ દુનિયામાં છોડીને મરણ પામી હતી. પાદરી તે સ્ત્રીના પતિને ઓળખતો હતો. તે સ્ત્રી મરણ પામી ત્યારે તેનું મન પોતાનાં બાળકોનું બહુ જ સંલગ્ન હતું. તે તેના પતિને પણ બાળકોની સારી સારસંભાળ રાખવાનું કહ્યા કરતી. તેના મરણના થોડા દિવસો બાદ તેનો પતિ તેનાં બાળકોને લઈને પોતાના એક મિત્રને મળવા ગયો. મિત્રો વાતોમાં મગ્ન હતા ત્યાં પેલાં બાળકો રમતાં રમતાં

મકાનના એક અવાવરું ભાગ તરફ ચાલ્યાં ગયાં. ત્યાં એક સીડી હતી જે નીચેની તરફ જતી હતી. પેલાં બાળકો તે સીડી પરથી નીચેની તરફ ઊતરતાં હતાં ત્યાં તેમને સીડી પર તેમની મમ્મી જોવા મળી. તેઓ મમ્મીને જોઈને ખુશ ખુશ થઈ ગયાં. તેમની મમ્મીએ તેમને નીચે આવવાથી રોક્યા અને પાછા ઉપર જતા રહેવા આજ્ઞા કરી. પછી તે પણ તેમની પાછળ ઉપર આવવા લાગી, જેથી બાળકો પાછાં તેને મળવા નીચે ન આવે. બાળકો સીડી પરથી ઉપર આવી રહ્યાં હતાં ત્યારે જ તેમની શોધમાં તેમના પિતા અને તેમનો મિત્ર હાંફળાફાંફળા આમતેમ શોધતાં શોધતાં ત્યાં આવી પહોંચ્યા. બાળકોને સલામત જોઈ તેમનો જીવ હેઠે બેઠો. તે કહેવા લાગ્યા, ''સારું થયું તમે છેક નીચે ન ગયાં. ત્યાં સીડીના પગથિયાં તૂટેલાં છે અને નીચે ઊંડો કૂવો છે. જો તમે પડી ગયાં હોત તો શું થાત?''

તેમની વાત સાંભળી બાળકો કહેવા લાગ્યાં - અમે તો છેક નીચે જતાં જ હતાં, પણ સીડી ઉપર મમ્મી ઊભી હતી. તેણે જ અમને નીચે જતા અટકાવ્યા અને પાછાં ઉપર મોકલ્યાં. મમ્મી અમારી પાછળ જ આવે છે. પણ તેમણે પાછાં ફરીને જોયું તો અત્યાર સુધી પાછળ પાછળ આવતી તેમની મમ્મી એકાએક અદૃશ્ય થઈ ગઈ હતી! બધાને આ વાત સાંભળી અપાર અચરજ થયું. બાળકોએ એમની મમ્મીને જોઈ હશે એ વાત તો નક્કી જ, એ સિવાય તે તેમની જિજ્ઞાસાવૃત્તિને સંતોષ્યા વિના પાછાં આવે તેવાં નહોતાં. પણ તેમની માતા તો મરણ પામી હતી! છેવટે તેમણે એ નિષ્કર્ષ કાઢ્યો કે પોતાનાં બાળકો અવાવરુ કૂવામાં પડી ન જાય તે માટે તેમની માતા દેવલોકમાં હોવા છતાં ત્યાંથી અહીં આવી હતી!

⌘

**આ રીતે આપણે જોયું કે, દેવોને પૂર્વજન્મના પુત્રો પર સ્નેહ હોય છે, હવે આપણે એવી ઘટના જોઈએ, જેમાં દેવ પૂર્વજન્મના મિત્ર પરના સ્નેહની અભિવ્યક્તિ કરે છે...**

# જ્યારે દેવાત્મા પૂર્વજન્મના મિત્રપ્રેમને નિભાવે છે

## ૪૪



ઈ.સ. ૧૯૨૦ના સપ્ટેમ્બર મહિનાનો એક દિવસ. બે યુવાન અંગ્રેજો એડી અને ડેવિડ એમના સ્વિસ પર્વતારોહક ગાઈડ સાથે બર્નિસ આલ્પ્સની ૧૪,૦૨૨ ફૂટની ઊંચાઈ ધરાવતી સૌથી ઊંચા શિખરની ટોચ ફિન્સ્ટર આર્હોન પર આરોહણ કરી રહ્યા હતા. એડી અને ડેવિડ ગાઢ મિત્રો હતા અને પોતાના કરતાં પોતાના મિત્રનું વધુ ધ્યાન રાખતા હતા. એ દિવસનું ચઢાણ ખૂબ સારી રીતે પાર પડ્યું. બન્નેનો ગાઈડ ખૂબ હોંશિયાર હતો એટલે એમને કોઈ તકલીફ ન પડી. રાત્રે 'ગ્લેસિયલ રિજ'ની ધાર પર એક ઝૂંપડીમાં રોકાવાનું નક્કી કર્યું. આ બધામાં એડી ખૂબ થાકી ગયો હતો. એ ઝૂંપડીમાં પહોંચતાની સાથે એની બેડ પર પડતું મૂકી ઘસઘસાટ સૂઈ ગયો. ડેવિડ

અને ગાઈડે થોડીવાર ગપસપ કરી અને પછી તે બન્ને પણ સૂઈ ગયા.

બીજે દિવસે સવારે ડેવિડ જાગ્યો ત્યારે તેણે જોયું કે ઝૂંપડીનું બારણું ખુલ્લું છે અને ઝૂંપડીમાં એડી નથી. રાત્રે વાતાવરણમાં સારો એવો પલટો આવ્યો હતો અને બરફની ભારે વર્ષા થઈ હતી. 'હવામાન એકાએક બદલાઈ ગયું હોવાથી એડીની તબિયત પર અસર પડી હશે? એને ઊંઘમાં ચાલવાની ટેવ પણ હતી. તે ઊંઘમાં જ ચાલતાં ચાલતાં બહાર નીકળી પડ્યો હોય એવું બન્યું હશે.' ડેવિડ એડીના ગુમ થવા વિષે વિચારી રહ્યો હતો. તેણે સ્વિસ પર્વતારોહકને જગાડ્યો અને બન્ને એને શોધવા નીકળ્યા.

હિમવર્ષાને લીધે બધાં પદચિહ્નો ભૂંસાઈ ગયાં હતાં. એટલે એ કઈ તરફ ગયો હશે એ કહેવું મુશ્કેલ હતું. તેમણે આસપાસ તપાસ કરી, ઘણી બૂમો પાડી પણ એનો ક્યાંય પત્તો ન લાગ્યો. હવે વાત ગંભીર છે એમ સમજી તે નજીકના ગામે ગયા. પોલીસને જાણ કરી. એક તપાસ ટુકડી લઈને પાછા ત્યાં આવ્યા. બધાએ મળીને સઘન તપાસ કરી પણ એડીનો ક્યાંય પત્તો નહોતો.

એક અઠવાડિયા પછી ડેવિડ ભારે હૈયે ઈંગ્લેન્ડ એકલો જ પાછો આવ્યો. એડીના જીવતા હોવાની તો કોઈ શક્યતા જ નહોતી. એમ છતાં એનો મૃતદેહ મળે તો જાણ કરવા પોતાનું સરનામું પણ એ પર્વતારોહકને આપી રાખ્યું હતું. એણે વચન પણ આપ્યું હતું કે આવતા ઉનાળામાં હું પાછો આવીશ અને એ વખતે ફરી પાછો એની સાથે એડીનો મૃતદેહ શોધવા પ્રયાસ કરીશ. એના પરમમિત્રના મૃતદેહને વિધિસર રીતે યોગ્ય જગ્યાએ દફનાવવામાં ન આવે ત્યાં સુધી તેને ચેન નહીં પડે. ઉનાળો આવ્યો અને ગયો પણ પેલા પર્વતારોહકને એના કોઈ સમાચાર ન મળ્યા. ડેવિડ કેમ નહીં આવ્યો હોય? શું એના મિત્રના મૃતદેહને શોધી કાઢવાની એને કોઈ પરવા નહીં હોય? એવું લાગતું તો નહોતું. પણ ગાઈડના મનમાંથી ય પછી એ વાત વિસરાઈ ગઈ. પણ સપ્ટેમ્બર મહિનો આવ્યો ત્યારે તેને પાછી એ વાત યાદ આવી ગઈ. એક દિવસ તે એ જ ગ્લેસિયલ રિજ પાસેથી પસાર થઈ રહ્યો હતો, જ્યાં અંગ્રેજ યુવાન એડી ગુમ થઈ ગયો હતો. એ એડી અને ડેવિડના વિચારો કરી રહ્યો હતો ત્યાં એક આકૃતિ જોઈ. એના ફિલ્ડ ગ્લાસમાંથી એણે બરાબર ધ્યાનથી જોયું. તે જાણીતી વ્યક્તિ હતી. તેને તે ન ઓળખી શકે એવું કેવી રીતે બની શકે? હમણાં જ તે જેનો વિચાર કરી રહ્યો હતો તે ડેવિડ હતો. તેના મનમાં આશ્ચર્ય સર્જાયું. ડેવિડ અહીં આવ્યો અને તેને મળ્યો કેમ નહીં? તેના મનમાં બીજા અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા – ડેવિડે ઘરમાં પહેરવાના સામાન્ય વસ્ત્રો પહેર્યાં હતાં. આ જગ્યાએ એવાં વસ્ત્રો

પહેરેલી વ્યક્તિ હોઈ ન શકે. અહીં તો પર્વતારોહકો પહેરે છે એવાં વસ્ત્રો વિના બહાર નીકળી જ ન શકાય. એની પાસે **mountaineering, gear, axpitons, rope** જેવાં કોઈ સાધનો પણ નહોતાં. બન્ને વચ્ચે થોડું અંતર હતું પણ એકબીજાનાં ચહેરો જોઈ શકાય એટલી નિકટતા તો હતી જ. ડેવિડનું ધ્યાન ક્યાંક બીજે હતું. પણ હવે એનું ધ્યાન પેલા પર્વતારોહક સ્વિસ ગાઈડ તરફ ગયું. તેણે એના તરફ જોઈને સ્મિત કર્યું હોય એમ ગાઈડને લાગ્યું. ડેવિડ ખૂબ થાકેલો દેખાતો હતો. તે પોતાની જગ્યાએથી ધીમેથી થોડો ફર્યો અને કંઈક બતાવવા લાગ્યો. તેણે રિજ તરફ હાથ કરીને એક જગ્યા બતાવી. ગાઈડે ફિલ્ડ ગ્લાસ ઢીલા કર્યા અને જોરથી બૂમ મારીને એને બોલાવવાનો પ્રયત્ન કર્યો. પણ તેણે ફરી પહેલાં બતાવ્યું હતું તે દિશામાં હાથ કરીને કોઈ સ્થળ બતાવવા માંડ્યું. થોડીવાર તે એમ જ સ્થિર બનીને ઊભો રહ્યો. ગાઈડને થયું કે તેણે એની પાસે જવું જોઈએ. પણ તે જેવો તેની નિકટ જવા લાગ્યો ત્યારે ત્યાં ડેવિડ ચાલવા લાગ્યો. ગાઈડ ત્યાં પહોંચ્યો ત્યારે ત્યાં ડેવિડ નહોતો! ગાઈડના શરીરમાંથી એક શીત લહર પસાર થઈ ગઈ.

ગાઈડને થયું કે તેણે ખરેખર ડેવિડને જોયો જ હતો. એ દૃશ્ય કોઈ દૃષ્ટિ ભ્રમ નહોતો. બીજે દિવસે તે નજીકના ગામના થોડા મજબૂત માણસોને લઈને ત્યાં આવી પહોંચ્યો, જે જગ્યાનો ડેવિડે નિર્દેશ કર્યો હતો. પર્વતની એક બાજુએ કપાયેલ ખડક પાસેની ખીણમાં એક મજબૂત માણસને લાંબું દોરડું બાંધી ઉતારવામાં આવ્યો.



ત્યાં લગભગ સો એક ફૂટ નીચે ખડક પર એડીનું મૃત શરીર પડેલું હતું. ડેવિડે હાથ કર્યો બરાબર તે જ જગ્યાએ નીચે આ મૃતદેહ પડેલો હતો!

છેવટે એડીનું શબ મળ્યું ખરું. ગાઈડને થયું કે ચાલો, એક રહસ્ય પરથી તો પડદો ઊંચકાયો. પણ ડેવિડની વાત પર પાછો પડદો પડી ગયો! તેના મનમાં વિચાર આવ્યો કે ડેવિડે તેને એનું સરનામું તો આપ્યું જ હતું જે પોતે હજુ પણ જાળવી રાખેલું જ છે. એડીનું શબ મળી ગયું છે એના સમાચાર અપાઈ જશે અને ડેવિડ ખરેખર ક્યાં છે એની પણ ખબર પડી જશે. એટલે એણે આ વાતની જાણકારી આપતો પત્ર ડેવિડને ઘેર ઈંગ્લેન્ડના સરનામે લખી મોકલ્યો. એનો જે જવાબ આવ્યો તેમાં જણાવેલી વિગત માની શકાય એમ જ નહોતી! એમાં જણાવવામાં આવ્યું હતું કે એડીનું શબ મળ્યું એ ઘટનાના ત્રણ દિવસ પહેલાં જ ડેવિડનું 'બ્લડ પોઈઝનિંગ'ને કારણે મરણ થઈ ગયું હતું. તેની આ બીમારી ઘણા મહિનાથી ચાલી રહી હતી જેમાં છેવટે તે દિવસે તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું!

આશ્ચર્યની વાત તો એ છે કે મરણ બાદ તેનો દેવાત્મા બીમારીને કારણે તે જે નહોતો કરી શક્યો તે એડીનો મૃતદેહ શોધી તેની અંતિમ વિધિ કરવાનું કાર્ય કરવા તત્પર બને છે. તે પેલા સ્વિસ પર્વતારોહક ગાઈડ આગળ ઉપસ્થિત થાય છે અને તેને એડીનો મૃતદેહ ક્યાં પડ્યો છે તે દર્શાવી પોતાનું કામ પૂરું કરે છે. દેવ-જગતમાં હોવાથી તે એડીનો મૃતદેહ ક્યાં પડેલો છે તે હકીકત જાણી લે છે, પોતાની મિત્ર તરીકેની ફરજ બજાવી ઋણમુક્ત થાય છે. દેવાત્મા સારા પણ હોય છે, તે પોતાનું કર્તવ્ય ચૂકતા નથી તે આ ઘટના પરથી સાબિત થાય છે!

⌘

મનુષ્યલોકમાંથી જે આત્માઓ દેવલોકમાં જાય, તેઓ પૂર્વજન્મના પ્રેમને યાદ કરે, તો ય તેમનામાંથી બહુ જ ઓછા દેવો તેમના પૂર્વજન્મના સંબંધી પાસે આવી શકે છે.

*कदाचिदुत्सहन्ते चेत्, पूर्वजन्मोपकारिणः ।*
*मातृपितृस्निग्धबन्धु-गुरुशिष्यप्रियाङ्गजान् ॥*
*द्रष्टुं दर्शयितुं स्वीय-दिव्यसम्पत्तिवैभवम् ।*
*तदाऽऽगत्यार्गलायन्ते-ऽनर्गला सुरयोषितः ॥*

– લોકપ્રકાશ ॥૨૬/૬૨-૬૩॥

જો ક્યારેક દેવાત્માઓ પોતાના પૂર્વ જન્મના ઉપકારી માતા, પિતા, સ્નેહી, બંધુ, ગુરુ, શિષ્ય, પત્ની, પુત્રોને જોવા માટે અને પોતાની દિવ્ય સંપત્તિનો વૈભવ દેખાડવા ઈચ્છે, તો ત્યારે દેવીઓ તેમને રોકે છે.

આપણી દુનિયામાં કોઈ માણસ છૂટાછેડા લઈ બીજા લગ્ન કરે અને પછી એને ક્યારેક પહેલી પત્ની પાસે જવાની ઈચ્છા થાય, તો એની બીજી પત્ની એને રોકે ને? દેવીઓની પણ આવી દશા હોય છે. બીજું, દિવ્ય પ્રેમથી બંધાયેલી દેવીઓ દેવાત્માના વિયોગને સહન કરી શકતી નથી, તેથી તે તેના જવાની વાતને ટાળતી રહે છે.

આમ છતાં પણ તીવ્ર ઈચ્છા, પૂર્વનો ગાઢ પ્રેમ, પૂર્વના સંબંધીનું વિશિષ્ટ સદ્‌ભાગ્ય... આવા કારણોસર કોઈ દેવો તેમની પાસે આવવામાં સફળ પણ થાય છે. અને તેમના આગમનથી તે સંબંધી ન્યાલ પણ થઈ શકે છે.

હવે જોઈએ આવી જ એક ઘટના.

# દિવ્ય સાન્નિધ્યથી અબજપતિ બની ગયેલો એક સાધારણ માણસ

## ૭૫



આર્થર એડવર્ડ સ્ટિલવેલ નામનો એક અઢાર વર્ષનો યુવક યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનો નિવાસી એના ઘર પાસે આવેલા એક ચર્ચમાં સાંજના સમયે અવારનવાર જતો. એક દિવસ તે ચર્ચમાં ગયો તો જોયું કે ત્યાં કોઈ સામાજિક કાર્યક્રમ ચાલી રહ્યો હતો. તેમાં નૃત્યનો કાર્યક્રમ પણ હતો. તે જોવા તે રોકાયો. એક અત્યંત રૂપાળી નવયૌવનાએ તેને એકલો જોઈ તેની સાથે નૃત્ય કર્યું. તે પછી બન્નેએ એકબીજાનું અભિવાદન કર્યું. આર્થરે સ્વાભાવિક રીતે તેનું નામ પૂછ્યું. રૂપાની ઘંટડી જેવા મધુર સ્વરે તેણે કહ્યું, ''જેની વુડ.'' આર્થરને તેના નામમાં કંઈક પરિચિતતાનો ભાસ થયો. તેણે ફરી તેનું આખું નામ પૂછ્યું. પેલી યુવતી બોલી, 'જેની બીવવુડ.' આ સાંભળીને આર્થર વિચારોમાં ગરકાવ થઈ ગયો. તે કશું આગળ બોલી જ ન શક્યો. તે

મનમાં વિચારવા લાગ્યો કે તેણે જરૂર આ નામ સાંભળ્યું છે. જો કે તે એ યુવતીને તો પહેલી જ વાર મળતો હતો. તેને નિરુત્તર અને શૂન્યમનસ્ક જોઈ જેનીને લાગ્યું કે આર્થર શરમાળ સ્વભાવનો છે. જેનીએ મોહક, લોભામણું સ્મિત કર્યું તો પણ આર્થર કશું બોલ્યો-ચાલ્યો નહિ એટલે તે તેને એકલો મૂકી ત્યાંથી ચાલી નીકળી.

જેની સાથેની મુલાકાત પછી આર્થર સીધો જ પોતાના ઘેર આવ્યો. જેની બીવવુડનું રૂપ એના હૃદયમાં રમતું હતું તો એનું નામ એના મસ્તિષ્કમાં ઘમરોળાતું હતું. એણે જૂની ડાયરીઓ ફેંદી તો ચાર વર્ષ જૂની ડાયરીમાંથી મળી આવ્યું આ નામ. તેમાં મોટા અક્ષરે તેણે લખ્યું હતું – જેની બીવવુડ. તેની નીચે તેણે લખ્યું હતું – ચાર વર્ષ પછી તેની પત્ની બનનારી યુવતીનું નામ! તેણે આવું કેવી રીતે લખ્યું તેની પાછળ એક અજીબોગરીબ રહસ્ય છુપાયેલું છે. તે નાનો હતો ત્યારથી જ તેને છ દેવાત્માઓએ સંદેશો આપવાનું ચાલુ કરી દીધું હતું. આમાં ત્રણ એન્જિનિયરોના, એક અર્થશાસ્ત્રીનો, એક લેખક અને કવિનો આ દેવાત્મા હતા. એ દેવાત્મા જ્યારે બાળક આર્થરનો સંપર્ક કરતા ત્યારે તે તંદ્રામાં પડી જતો. પછી તે દેવાત્માઓ તેની સાથે વાતચીત કરતા. આર્થર ચૌદ વર્ષનો હતો ત્યારે તે રાત્રે એ આત્માઓએ તેની સાથે વાતચીત કરી. તેમણે તેને કહ્યું : જેની બીવવુડ નામની એક સુંદર યુવતી સાથે તારાં લગ્ન થશે. તેણે કહ્યું, 'હું આ નામની કોઈ યુવતીને ઓળખતો નથી.' પેલા આત્માઓએ જવાબ આપ્યો – 'ભલે, અત્યારે ઓળખતો ન હોય, પણ ચાર વર્ષ પછી અચાનક તેની સાથે મુલાકાત અને ઓળખાણ થશે.' ખરેખર થયું પણ તેમ જ! તે બન્ને ચર્ચમાં ફરી મળી ગયાં. આ વખતે આર્થરે તેનામાં વિશેષ રસ લીધો. બન્ને સહજ રીતે એકમેકના પ્રેમમાં પડી ગયાં. થોડાક સમય બાદ તેઓ પરણી ગયાં. લગ્નના થોડા દિવસો પછી આર્થરને નોકરી પણ મળી ગઈ.

એક દિવસ પેલા આત્માઓને આર્થરને ફરી સંદેશો આપવા માંડ્યો, ''તમે પશ્ચિમ તરફ જાઓ અને રેલમાર્ગ બનાવો. તમારે રેલમાર્ગ બનાવવો જ પડશે.'' આર્થર આ દેવોના અવાજને અવગણી શકે તેમ નહોતો. તેના લગ્ન અંગેની તેમની ભવિષ્યવાણી સાચી પડી હતી. તેને રહસ્યમય દેવોની શક્તિ પર વિશ્વાસ પડવા લાગ્યો હતો. એક દિવસ વાતચીત દરમિયાન તેણે એ દેવોને કહ્યું, ''તમે મારી પાસે જે કરાવવા માંગો છો તે શક્ય નથી. હું એન્જિનિયર નથી કે કોઈ આ વિષયનો તજ્જ્ઞ નથી, મારી પાસે એવા કોઈ પૈસા નથી કે જેથી હું આટલું મોટું કામ કરી શકું. તમે શા માટે વારંવાર આવો સંદેશ આપી મને હેરાન કરો છો!'' તે દેવોએ કહ્યું – ''ભલે તું એન્જિનિયર નથી કે અત્યંત ધનાઢ્ય

વ્યક્તિ નથી છતાં આ કામ તારા થકી જ થશે. એ કેવી રીતે થશે તે અમો ગોઠવીશું. તું અમારી આજ્ઞાનું પાલન કર એટલું જ અમે ઈચ્છીએ છીએ.'' એમ છતાં આવું ભગીરથ કાર્ય કરવા આર્થરની હિંમત ન ચાલી. તેણે બે વર્ષ સુધી આના પરત્વે કોઈ લક્ષ જ ન આપ્યું. પછી તો તે દેવો રોજરોજ તેની આગળ પ્રકટ થતા અને તેને પેલી વાત કહેતા. છેવટે કંટાળીને મનની શાંતિ મેળવવા તેણે નોકરી છોડીને અમેરિકાના પશ્ચિમ ભાગ તરફ કેન્સાસમાં જવાનું નક્કી કર્યું. તે તેની પત્ની સાથે ત્યાં આવી વસ્યો. ત્યાં તેણે બે-ચાર કંપનીઓમાં કામ





કર્યું. કોઈક કંપની દલાલીનો ધંધો કરતી હતી તો કોઈક પૈસાની લેવડદેવડનો. તેને ધીમે ધીમે પૈસો કેવી રીતે કમાવાય તેની ફાવટ આવી ગઈ. તેમાં પાછું પેલા દેવોનું માર્ગદર્શન જરૂર પડ્યે મળી રહેતું. એમ કરતાં કરતાં એની પાસે સારો એવો પૈસો એકઠો થઈ ગયો. એના પ્રતાપે એણે 'કેન્સાસ સિટી બેલ્ટ લાઈન' નામની કંપની પ્રસ્થાપિત કરી અને કેવળ ૨૬ વર્ષની વયે જ લખપતિ બની ગયો. પછી તો તેનું કામ રાત-દિવસ કૂદકે ને ભૂસકે આગળ વધવા લાગ્યું. મોટા મોટા ઈજનેરો પણ એણે બનાવેલા નકશાને જોઈને આશ્ચર્યમાં પડી જતા કે આટલો અભણ અજ્ઞાની માણસ આવા નકશા કેવી રીતે બનાવે છે અને એન્જિનિયરિંગ ક્ષેત્રનું આટલું ઊંડું અને સૂક્ષ્મ જ્ઞાન કેવી રીતે ધરાવી શકે? આનું રહસ્ય આ દુનિયામાં માત્ર આર્થર અને તેની પત્ની જ જાણતાં હતાં. એ સિવાય બીજું કોઈ નહીં. હા, આ વિષે જાણનારો ત્રીજો એ સમુદાય હતો. પણ તે આ દુનિયાનો નહિ, બીજી દુનિયામાં વસનારો હતો. તે હતા પેલા છ દેવો! આર્થર તેની પત્નીને કહેતો - ''આ દેવો જ્યારે ઈચ્છે ત્યારે મને માર્ગદર્શન આપવા આવી પહોંચે છે. લોકો કહે છે કે હું બહુ સારા નકશા અને પ્લાન દોરું છું. હું લોકોને કેવી રીતે સમજાવું કે આ નકશા હું નહિ, એન્જિનિયરના આત્માઓ બનાવે છે. હું તો ટેબલ પર કોરા કાગળ મૂકી દઉં છું. જેની, તું આ

નકશા અને નોંધ તરફ નજર કર. તું તો મારા અક્ષર ઓળખે છે ને? છે કંઈ મારા અક્ષર? આ અક્ષરો અને આકૃતિઓ એ ચિત્રકારોએ જ દોરેલી છે.''

એક રાત્રે આર્થર ગાઢ તંદ્રામાં હતો ત્યારે પેલા દેવો ફરી પ્રગટ થયા. તેમણે તેને આદેશ કર્યો, 'કેન્સાસથી મેક્સિકો સુધી રેલવે લાઈન બનાવ. આ ખરેખર વિલક્ષણ યોજના છે. આ પ્રબંધ થાય તો પશ્ચિમ અમેરિકાના ખેડૂતોનો મેક્સિકોની ખાડીના બંદરો સાથે સીધો સંપર્ક જોડાઈ જશે.' તેણે એ દેવો સાથે આ યોજના વિષે વધારે વાતચીત ન કરી. તેણે રેલવે લાઈનને ગાલવેસ્ટન બંદર પર લઈ જઈને ત્યાં પૂરી કરવાની યોજના બનાવી. પછી તેને લગતું કામકાજ ધમધોકાર ચાલુ કરી દીધું.

પેલા દેવો ફરી પ્રગટ થયા. તેમણે જણાવ્યું કે તેની યોજના બરાબર નથી. પણ આર્થરે આ વખતે તેમની





વાત માની નહિ. એનું પરિણામ એ આવ્યું કે તે બીમાર પડી ગયો. તેની યોજના આગળ વધારવામાં થોડો વિક્ષેપ આવ્યો. પેલા દેવોએ એક રાત્રે તેને ફરી આજ્ઞા કરી – રેલવે લાઈનને ગાલવેસ્ટન સુધી લઈ જઈશ નહિ. આર્થરે લગભગ રડમસ અવાજે કહ્યું – આમ કરવામાં મને નુકસાન થશે. બીજું આ શક્ય જ નથી લાગતું. હું રેલવે લાઈનને ગાલવેસ્ટન સિવાય બીજે ક્યાં લઈ જઈ શકું? મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી, કેમ કે ત્યાં બીજું કોઈ બંદર જ નથી. આનો પ્રત્યુત્તર આપતાં દેવોએ કહ્યું, 'તું તારા પોતાના નામથી નવું બંદર બનાવી દે. તેનું નામ 'આર્થર પોર્ટ' રાખજે, આર્થરે તેની વાત રજૂ કરતાં કહ્યું, 'પણ ગાલવેસ્ટનને બંદર બનાવવા માટે જમીનનો સોદો પાકો થઈ ગયો છે. અહીંના વેપારીઓ સાથે ઘણી ધંધાકીય લેવડદેવડ પતી ગઈ છે. આ અંગે નાણાકીય વ્યવહારો થઈ ગયા

છે. આટલું થયા પછી હું સ્થળ બદલી કાઢું તો મજાકને પાત્ર જ નહિ પણ ઘણા બધાનો શત્રુ પણ બની જાઉં.' પેલા દેવોએ કહ્યું, 'અમે બધું સરખું કરી દઈશું. તું માત્ર અમે કહીએ છીએ તેમ કર. ગાલવેસ્ટનનું ભાવિ ધૂંધળું છે. તેનો સર્વનાશ થઈ જવાનો છે. તારે જોવું છે? ટૂંકા ભવિષ્યમાં તેની શું દશા થવાની છે તે?' અને એકાએક આર્થર વધુ ગાઢ તંદ્રામાં સરી પડ્યો. તેની આંખો સામે ફિલ્મની પટ્ટી ફરતી હોય તેમ કેટલીક ઘટનાઓ દૃશ્યમાન થવા લાગી. તેણે જોયું કે સમુદ્રની ખાડીમાંથી એક ભયંકર હરિકેન આગળ ધસી રહ્યું છે. એ તોફાની મોજાંઓ ઊંચે ઊંચે ઊછળી રહ્યાં છે. તે ગાલવેસ્ટનની ઈમારતોને ડુબાડી રહ્યાં છે...

ગાલવેસ્ટન પર આવેલા આ કુદરતી પ્રકોપનાં ભીષણ દૃશ્યો જોયા પછી આર્થરે રેલવે લાઈન બદલવાનો નિશ્ચય કરી લીધો. દેવોએ માર્ગદર્શન કરાવ્યું તે પ્રમાણે તેણે જમીન ખરીદી. ત્યાં જ પોતાના નામે નવું બંદર બનાવવાની જાહેરાત કરી. આનાથી વેપારીઓનો ભારે આક્રોશ સહન કરવો પડ્યો. તેમણે સરકારમાં આ માટે ફરિયાદ પણ કરી, છતાં આર્થર તેમાંથી પાર ઊતરી ગયો. છેવટે બધું સમુંસૂતરું થઈ ગયું. નવા બંદરનું નિર્માણ શરૂ થયું. બંદર સારી રીતે સમૃદ્ધ થયું. બંદરનું બધું જ કાર્ય પૂરું થયું. તેણે સંતોષનો શ્વાસ લીધો. તેના ચાર જ દિવસ બાદ ગાલવેસ્ટન બંદર પાસેની ખાડીમાં ભયંકર દરિયાઈ તોફાન આવ્યું અને ઊંચે ઊંચે ઊછળતાં મોજાંઓએ બંદર પરનાં મકાનો અને બધાંને ડૂબાડી દીધાં. આ તોફાની દરિયાની લહેરો પોર્ટ આર્થર સુધી ગઈ પણ તે થોડી મંદ પડી જવાથી ત્યાં કોઈ નુકસાન ન થયું.

આર્થરે ૮૦ વર્ષથી પણ વધુ ઉંમર ભોગવી. તેણે જીવનના અંતિમ ગાળામાં સાહિત્યસર્જન કર્યું. જાણે તેના જીવનનો ભાગ બની ગયા હોય તેવા પેલા છ દેવોમાંના બે સાહિત્યકારો – એક લેખક અને એક કવિના માર્ગદર્શન હેઠળ તેણે લગભગ ત્રીસેક જેટલાં પુસ્તકો લખ્યાં! ૨૬ ડિસેમ્બર ૧૯૨૮ના રોજ આર્થરનું મરણ થયું ત્યારે તે પોતાની પાછળ મૂકી ગયો – ૫ રેલમાર્ગ, પોર્ટ આર્થર બંદર, પોર્ટ આર્થર નહેર અને કરોડોની સંપત્તિ. આર્થરનાં અનેક સ્મારકો આજે અમેરિકામાં વિદ્યમાન છે. સાધારણ શિક્ષણ પ્રાપ્ત કરેલા માત્ર ૪૦ ડોલર જેટલી માસિક આવકની નોકરી કરનાર આર્થરે સ્વપ્નમાં પણ વિચાર્યું નહિ હોય કે તે અબજપતિ બની જશે અને તેની કીર્તિ વિશ્વભરમાં ફેલાશે. આર્થરના ઉદાહરણ પરથી આપણે કહી શકીએ કે કેટલાક દેવો સંબંધીઓનું ભલું કરનારા હોય છે!

⌘

દેવોનું શરીર વિશિષ્ટ કાંતિમાન હોય છે. જો કે તેઓ ઈચ્છે તેવું રૂપ ધારણ કરી શકે છે. પણ તેઓ નિસ્તેજ રૂપ ધારણ ન કરે, ત્યારે સામાન્યથી તેમના શરીર તેજસ્વી હોય છે. જિનાગમ કહે છે -

*दस दिसाओ उज्जोएमाणा ।*

– જીવાભિગમસૂત્ર

દેવો પોતાના તેજથી દશે દિશાઓને (૪ દિશા, ૪ વિદિશા, ઉપર-નીચે) પ્રકાશિત કરે છે.

દેવોની તેજસ્વિતાની પ્રતીતિ કરીએ આ પ્રસંગોથી...

# આશ્ચર્યકારક દૈવી તેજ અને શક્તિ

# ૪૬



ડેનિયલ હોમનું નામ ગૂઢવાદ અને ચમત્કાર ક્ષેત્રમાં અગ્રગણ્ય રહ્યું છે. એમનું જીવન અને એમની શક્તિઓ વિસ્મયકારી હતાં. તે આત્માઓનું પ્રિય પાત્ર અને શ્રેષ્ઠ માધ્યમ બની રહ્યા. એ જે શક્તિઓ પ્રદર્શિત કરતા તે વિજ્ઞાન માટે પડકારરૂપ બનતી. એમની શક્તિઓને કેટલાક જાદુ જ ગણતા. પણ એ કેવી રીતે બની શકે? એને કોઈ જાદુગર, બુદ્ધિવાદી કે વિજ્ઞાની ઉકેલી શકતો ન હતો.

ડેનિયલ જાતજાતના પ્રયોગો કરતો. આ પ્રયોગોમાં દર્શકો સામેથી એકાએક અદશ્ય થઈ જવું, દેવો સાથે નાચવું અને હવામાં ઊડવું, વ્યક્તિરૂપ છોડી વરાળ કે ધુમાડાનું રૂપ ધારણ કરવું, માથું ધડથી અલગ થઈ જવું, કપાયેલું માથું બારીમાંથી બહાર

નીકળી જવું અને એકાદ બે પળમાં મૂક દર્શકોની વચ્ચે ખુરશીમાં બેઠેલા હોવું. કેટલાક આ બધાને નજરબંધી માનતા. તે જે કરે છે તે કેવળ દૃષ્ટિ ભ્રમ છે એવું બુદ્ધિવાદીઓ સમજતા હતા.

ભૌતિકવિજ્ઞાની અને રસાયણશાસ્ત્રી વિલિયમ ક્રૂકસે કાવર્ટર્લી જર્નલ ઓફ સાયન્સના ૧૯૭૧ના જુલાઈના અંકમાં લખ્યું હતું – "મેં જે કંઈ પણ જોયું એને યાદ કરું છું તો મારા માથામાં એક પ્રકારની ઊથલપાથલ થઈ જાય છે. તર્ક કહે છે કે આ વિજ્ઞાનની દૃષ્ટિએ એકદમ અસંભવ છે અને હું એ વાત પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યો છું કે મેં જ્યારે જ્યારે એનો ખેલ જોયો ત્યારે ત્યારે એક વાત મને સ્પષ્ટ થઈ કે એમાં કોઈ હાથચાલાકી નથી. તે આવું કઈ રીતે કરી શકે છે તે મારી સમજની બહાર છે. ખૂબ આશ્ચર્યની વાત છે કે એણે વિજ્ઞાનને પોતાની સામે વામણું બનાવી દીધું છે.

ડેનિયલ હોમનું શરીર એટલે કે જાણે દેવાત્માઓનું ઘર! બાળપણથી તેનામાં આવાં લક્ષણો દેખાયાં. પાદરી સ્ટીવે એને ખરાબ પ્રેતાત્માના આવેશવાળો અસ્વીકૃત બાળક જાહેર કર્યો. એટલે લોકો તેનાથી ગભરાતા અને દૂર રહેતા. તે એકલો બેસી રહેતો ને પિયાનોની ધૂન વગાડ્યા કરતો. તે નાની ઉંમરથી જ ધર્મમાં અને ગૂઢ વિદ્યામાં અભિરુચિ ધરાવતો. તેનામાં વાણીચાતુર્ય સારું હતું. તે નાની વયથી જ ધર્મનો ઉપદેશક બની ગયો. ૧૩ વર્ષની વયના કિશોર ઉપદેશકની સંમોહક વાણી સાંભળવા લોકોની ભીડ એકઠી થવા લાગી.

ઈ.સ. ૧૮૪૬માં એક વિચિત્ર ઘટના બની. ડેનિયલ હોમ તેની કાકીના ઘરે રહેતો. એક રાતે તેણે તેની કાકીને ઊંઘમાંથી જગાડીને કહ્યું – 'હમણાં જ એડવિનનો આત્મા મારી સામે આવ્યો. મને લાગે છે કે મારો મિત્ર એડવિન કોઈ દુર્ઘટનામાં મરણ પામ્યો છે.' એની કાકી આવી અશુભ વાત કહેવા બદલ તેની સામે ડોળા કાઢીને જોવા લાગી. તેને ચૂપ કરી દીધો. પણ ત્રણ દિવસ પછી ખરેખર સમાચાર આવ્યા કે તેના







મિત્ર એડવિનનું દુર્ઘટનામાં ત્રણ દિવસ પહેલાં મરણ થઈ ગયું હતું!

આ ઘટનાનાં ચાર વર્ષ પછી તેણે જાહેર કર્યું કે એની માતાની વય ૪૨ વર્ષની થશે ત્યારે તેનું મરણ થશે. પછી ત્રણ વર્ષ સુધી તે એની માતાના આત્માના સંપર્કમાં રહેશે. તેણે ભવિષ્યવાણી કરી હતી તેમ જ થયું. માતાના મરણ બાદ તે માનસિક રીતે એકલો પડી ગયો. છતાં દેખાતું હતું સાવ તેવું નહોતું. એક દુનિયા એવી હતી જેના દરવાજા તેના માટે હંમેશાં ખુલ્લા જ હતા. તે દુનિયા હતી દેવોની. તે તેમની સાથે સતત સંપર્કમાં રહેતો અને તેમની પાસેથી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મેળવતો.

થોડા સમય બાદ હોમે દુનિયાના જુદા જુદા દેશોની મુલાકાત લેવાનું નક્કી કર્યું. એકવાર તે વિલમેટિક ગયા જ્યાં તે હાયડનના ઘેર રહ્યા. તે ગાળામાં ન્યૂ યોર્ક યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. જ્યોર્જ બુશ સાથે તેમનો મેળાપ થયો. પોતાનાં પ્રવચનો દરમિયાન તેમણે હોમને પણ પોતાની સાથે રાખ્યો. હોમ પણ પ્રવચન આપતા. બીજું, હોમની અલૌકિક શક્તિઓથી લોકો તેમના તરફ વધુ આકર્ષાતા. કવિ કલેન બ્રાન્ટ, બી. કે. વિલ્સ, વિલિયમ એડવોર્ડ, ડેવિડ વિલ્સ વગેરે એમના પ્રશંસકો હતા. કવિ કલેન બ્રાન્ટ હોમની ચમત્કારિક શક્તિઓથી નહિ, પણ તેમના આધ્યાત્મિક જ્ઞાનથી વધુ પ્રભાવિત હતા. તેમણે એકવાર કહ્યું હતું–''હોમ એટલે દુનિયાના મહત્ત્વપૂર્ણ નવપ્રભાતનું સોનેરી કિરણ.''

એકવાર એક સભામાં પ્રતિનિધિ મંડળના કેટલાક સભ્યો એક ટેબલની ગોળ ફરતે ગોઠવાયેલી ખુરશીઓ પર બેઠા હતા. તેમની સાથે હોમ પણ હતા. કોઈકે તેમને આત્માની શક્તિનો પરચો આપવા જણાવ્યું. હોમે તેની વિનંતી સ્વીકારી. થોડીવારમાં જ એ ટેબલ હાલવા લાગ્યું અને હવામાં અદ્ધર થઈને ઊડવા લાગ્યું. તે પછી તેમની ખુરશીઓ ચાલવા લાગી અને તે બધા જ ખુરશી પરથી હવામાં ઉપરની તરફ ઊંચકાયા અને અદ્ધર-પદ્ધર તોળાઈ રહ્યા. દરેકને એવો અનુભવ થયો કે જાણે પોતે હવામાં તરતા ન હોય! વિલ્સે હવામાં તરતા ટેબલનો ટેકો લેવા, તેને પકડવા પ્રયાસ કર્યો તે સાથે જ તે નીચે પટકાઈ પડ્યો. કવિ કલેન કહે છે કે તેમણે આ અનુભવ જાતે કર્યો હતો કેમ કે પ્રતિનિધિ મંડળમાં તે પોતે પણ હાજર હતા. થોડીવાર પછી તે બધા હવામાંથી નીચે ઊતરી આવ્યા હતા ને પોતાની ખુરશી પર જ પહેલાં જ્યાં હતા ત્યાં ગોઠવાઈ ગયા હતા. અમે બધું જોઈ, જાણી અને સાંભળી શકતા હતા અને બધા અનુભવ ઈન્દ્રિયજન્ય રીતે કરી શકતા હતા. અમે સંપૂર્ણ હોશમાં હતા તેથી આમાં નજરબંધી કે દૃષ્ટિ ભ્રમ હોય તેવું જરાય નહોતું!

એ પછી હોમ ન્યૂ યોર્ક ગયા. ત્યાં પણ તેમનું ઉમળકાભેર સ્વાગત થયું. તેનો ખેલ જોવા ઘણા લબ્ધપ્રતિષ્ઠિત



લોકો આવ્યા. તેમાં વિશ્વવિખ્યાત હોમિયોપથી ચિકિત્સક ડૉ. જ્હોન ગ્રે, ન્યૂ યોર્ક ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશ, જ્હોન ડબલ્યુ એડમેન્સ, પેન્સિલ્વાનિયા યુનિવર્સિટીના રસાયણ વિજ્ઞાનના પ્રાધ્યાપક ડૉ. રોબર્ટ હેયર વગેરે હતા. ખેલ જોયા પછી તેમણે તેની મુક્તકંઠે પ્રશંસા કરી. તેમણે કહ્યું – ''અમે આત્માની (દેવની) હાજરીનો અહેસાસ સ્વયં પોતાની આંખોથી કર્યો. આત્માની હાજરી વીજળીની હાજરી જેવી હતી! એમની આંગળીઓના અગ્રભાગમાંથી નીલા રંગની જ્યોતિ નીકળતી હતી.'' હાર્ટફોર્ડના સંપાદક એફ. અલબ્બરે ૮ ઓગસ્ટ ૧૮૫૨ની સાંજે હોમનો ચમત્કાર જોયો અને તેના અહેવાલમાં લખ્યું – ''જે જગ્યાએ હોમ બેઠો હતો તેની ચારેબાજુ એક નીલો પ્રકાશ સ્વયં ઉત્પન્ન થવા લાગ્યો, પછી હોમ ધીમે ધીમે જમીનથી ઉપર છત તરફ અધ્ધર થવા માંડ્યા. હોમે બૂમ પાડીને કહ્યું– 'જુઓ મારા હાથ–પગ જમીન પર નથી.' અમે જોયું તો તે એક ફુગ્ગાની જેમ હવામાં તરતો છત પર ચોંટી ગયો હતો. થોડીવાર પછી ફુગ્ગામાં સોય મારી તેની હવા કાઢી નાખીએ ત્યારે બને તેમ તે ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યો હતો. હોમ ભોંયતળિયે આવ્યો તે સાથે જ છત પરથી પુષ્પવર્ષા થવા લાગી. ફૂલની કેટલીક પાંખડીઓ મારા અને મારા મિત્રોના ખભા પર પડી.''

તે પછી હોમ અમેરિકા છોડી ઈંગ્લેન્ડ ગયા. ત્યાં પણ ઘણા પ્રશંસકો મળ્યા. તેમનો એક પ્રયોગ જોયા પછી ડૉ. વિલકિન્સને 'મોર્નિંગ એડ્વાઈઝર'માં લખ્યું – ''મેં મારી દીકરી સાથે હોમના ચમત્કારો જોયા. ઓરડામાં રાખેલું ટેબલ એની જાતે ચાલવા લાગ્યું, પછી જાણે તેને પાંખો આવી હોય તેમ તે હવામાં

ઊડવા લાગ્યો અને એક ખૂણામાં રાખેલું એકોર્ડિયન આપમેળે વાગવા લાગ્યું. મારી દીકરી તો એ જોઈને અપાર અચરજમાં પડી ગઈ કે તેની સાથે એક અદૃશ્ય આત્મા મધુર સ્વરમાં ગાઈ રહ્યો હતો – "God Save the king and Home sweet Home, Sweet Home."

ઈંગ્લેન્ડના પ્રવાસ પછી હોમ ફ્લોરેન્સ ગયા. ત્યાં થોડા સમય માટે તે તેમની શક્તિઓથી વંચિત થઈ ગયા. પણ ૧૦ ફેબ્રુઆરી ૧૮૫૭ ની રાતે તેમને તેમની શક્તિઓ પાછી મળી. દેવો સાથેનો તૂટી ગયેલો સંબંધ ફરી જોડાઈ ગયો. ૧૩ ફેબ્રુઆરી ૧૮૫૭ ના રોજ તેમણે નેપોલિયન-ત્રીજો અને મહારાણી યૂજેની સમક્ષ પોતાની શક્તિઓનું પુનઃપ્રદર્શન કર્યું. રાજમહેલના તે કક્ષમાં ભયંકર અવાજો આવવા લાગ્યા, બારણાં આપમેળે ખુલ્લાં-બંધ થવા લાગ્યાં, અથડાવા લાગ્યાં. ત્યાં સેંકડો કબૂતરો ઊતરી આવ્યાં અને અવાજ કરવા લાગ્યાં. રાજાએ ચિડાઈને એ કબૂતરોને હટાવવા કહ્યું. ડેનિયલના એક શબ્દથી તે બધાં જ એકસાથે અદૃશ્ય થઈ ગયાં. તે સાથે કક્ષમાં સુગંધિત ફૂલોનો વરસાદ થવા લાગ્યો. તે સમયે મહારાણી યૂજેનીને લાગ્યું કે કોઈ તેમના રાજપોશાકને ધીમેથી પંપાળી રહ્યું છે. તે એકદમ ચીસ પાડી ઊઠી. હોમે તેમને ટેબલ પર મૂકેલો તેનો હાથ લઈ લેવા કહ્યું. તે ટેબલ પરથી હાથ લેતાં હતાં ત્યાં જ આનંદથી ચિત્કારી ઊઠ્યાં – અરે! આ તો મારા પિતાજી છે. આ તેમનો હાથ છે! સમ્રાટે તેને સ્પર્શ કર્યો તે સાથે જ ચમકતી ચાંદી જેવો સ્પષ્ટ સૌને દેખાવા લાગ્યો.

હોમે એક પ્રયોગ બતાવ્યો. ઓરડામાં અચાનક ચમકતો ધુમાડો દેખાયો. પછી તે ધુમાડો ધીમે ધીમે ઘટતો ગયો અને એક બાળક ચળકતા હાથના રૂપમાં ફેરવાઈ ગયો અને તે તીરની જેમ જે વચ્ચે આવ્યું તેને તોડવા ફોડવા લાગ્યો. તેણે કેટલીય વસ્તુઓ નીચે પાડી દીધી. નાના છોડ ઉખાડી કાઢ્યા, કાચની વસ્તુઓ તોડી કાઢી. પછી હાથ અદૃશ્ય થઈ ગયો. પણ તેની કામગીરી ચાલુ રહી. એકોર્ડિયન પર મધુર ગીત વાગવા લાગ્યાં. મહારાણી યુજેનીના રેશમી રૂમાલમાં આપમેળે ગાંઠો પડવા લાગી. ચાંદીની ઘંટડીઓ હવામાં તરવા લાગી અને તેમનામાંથી મધુર રણકાર નીકળવા લાગ્યો. પછી ટેબલ પર રાખેલા એક કાગળ પર પેન્સિલથી લખાયું – 'નેપોલિયન.' નેપોલિયન – ત્રીજાએ એ અક્ષરો જોઈને કહ્યું કે ખરેખર એ અક્ષરો નેપોલિયન-પ્રથમના અક્ષરોને બિલકુલ મળતા આવતા હતા.

તે પછી હોમે આરસીની, ફ્લોરેન્સ, હોલેન્ડ, એમ્સ્ટર્ડમ, બ્રુસેલ્સ, પેરિસ, રોમ અને રશિયાનો પ્રવાસ કર્યો. ત્યાં પણ હોમના પ્રયોગો ચાલુ જ રહ્યાં. હોમે પોતાની આત્મકથા પણ લખી. ૨૧ જુલાઈ ૧૮૮૬ના રોજ આ પુરુષ દુનિયા છોડીને જતો રહ્યો.

⌘

દેવ અવધિજ્ઞાનની શક્તિથી ભવિષ્યને જાણી શકે છે. તેથી કોઈનું મૃત્યુ થવાનું હોય, તે સમયને પણ દેવ જાણી શકે છે. માટે જ જૈન શાસ્ત્રમાં કહ્યું છે -

*देवताकथनेन ।*

- યોગશતકવૃત્તિ ।।૯૭।।

**દેવના કહેવાથી મૃત્યુના સમયનું જ્ઞાન થાય છે.**

તો હવે જોઈએ એક એવી ઘટના જેમાં એક દેવાત્મા પોતાના પૂર્વજન્મના પતિને મૃત્યુનો સંકેત આપી જાય છે.

# એમનું મૃત્યુ થવાનું છે...

# ૪૭



ઈ.સ. ૧૯૧૪ના ઓગસ્ટ મહિનામાં ફ્રાંસના પ્રસિદ્ધ વર્તમાનપત્ર 'માતા'માં આ ઘટના પ્રકાશિત થઈ હતી. પાછળથી એનો અંગ્રેજી અનુવાદ 'Progressive Thinker' નામના મેગેઝિનમાં પણ છપાયો હતો.

પેરિસ પાસે એક નગર છે પાસી. ફ્રાંસનાં સુંદર શહેરોમાં એની ગણતરી છે. તે નગરમાં આ ઘટના બની હતી. સવારની પ્રાર્થના પૂરી કરીને પાદરી ચર્ચની બહાર નીકળ્યા ત્યારે એક અમીર-ઉમરાવ ઘરાણાની અત્યંત સુંદર યુવાન સ્ત્રી તેમની પાસે આવી. તેમનો હાથ પકડી તેમને કાકલૂદીભર્યા સ્વરે કહેવા લાગી – ''અહીં સામે જ જે મોટી હોટેલ દેખાય છે ત્યાં એક સજ્જનનું મૃત્યુ થવાનું છે. તે તેમના



ભાવિ વિષે અહીંના પાદરીને કંઈ પૂછવા માંગે છે. સદ્‌ભાગ્યે આપ મળી ગયા તે સારું થયું. મહેરબાની કરીને આપ ત્યાં પધારો.'' પાદરીએ જોયું તો તે યુવતી ખૂબ ગભરાયેલી, ચિંતિત અને વિહ્‌વળ હતી. સામે જ એક મોટર કાર ઊભેલી હતી. તે યુવતીએ પાદરીને તે કારમાં બેસાડી દીધા અને પોતે તે કાર ચલાવી હોટલ પાસે લઈ આવી. તે કારમાંથી પોતે બહાર નીકળી અને પાદરીને પણ બહાર આવવા કહ્યું. પછી તે તેમને હોટલની અંદર લઈ ગઈ. તેની પ્રત્યેક ક્રિયામાં ઉતાવળ અને અજંપો દેખાઈ આવતો હતો. તેણે પાદરીને કહ્યું– ''આપ ઉપર પધારો. જેમનું મૃત્યુ થવાનું છે તે મહાશયનું નામ દેલાઉની છે. તે બીજા માળે પાંચ નંબરના રૂમમાં છે.'' પાદરી સીડી ચડવા લાગ્યા. તે યુવતી તેમની પાછળ પાછળ આવવા લાગી. પાદરી કંઈક વાત કરવા પાછળ ફર્યા. પણ તેમણે જોયું પેલી સુંદર યુવતી તેમની પાછળ નહોતી. તેમને નવાઈ લાગી. તે એકાએક ક્યાં જતી રહી? શું કોઈ બીજા રૂમમાં જતી રહી હશે? તે અચાનક કહ્યા સિવાય જતી કેમ રહી? જે હશે તે ખબર પડશે. હું આટલે સુધી આવ્યો છું તો મિસ્ટર દેલાઉનીને મળતો જાઉં.

તે સીડી ચડીને બીજા માળે પહોંચ્યા ત્યારે સામે જ એક નોકર મળ્યો. તેમણે પૂછ્યું – પાંચ નંબરના રૂમમાં મિસ્ટર દેલાઉની જ છે ને? નોકરે હા પાડી અને તેમને દરવાજા સુધી લઈ



આવ્યો. નોકરે પૂછ્યું, આપને દેલાઉની સાહેબનું શું કામ છે? હું જઈને એમને પૂછીને આવું. તે અત્યારે બહુ જ વ્યસ્ત છે. એમણે મને ખાસ સૂચના આપી છે કે એમને પૂછ્યા સિવાય કોઈને મુલાકાત આપવી નહિ. પાદરીએ કહ્યું – મારે એમનું કામ નથી. હું તો એમને ઓળખતો પણ નથી. પણ એમને મારું કામ છે એટલે જ તો મારે બીજે જવાનું મોડું થાય છે તો પણ હું પેલી સુંદર મહિલાની વિનંતીને માન આપીને અહીં આવ્યો છું. એ મહિલાએ જ મને કહ્યું – મિસ્ટર દેલાઉની મૃત્યુશય્યા પર પડેલા છે, તેમને પાદરીનું ખાસ કામ છે. તે જ તો મને અહીં લઈને આવી. અત્યાર સુધી તે મારી સાથે જ હતી. મારી પાછળ પાછળ તો આવતી હતી. હમણાં જ તે ક્યાંક જતી રહી. મને લાગ્યું કે કદાચ કોઈ ડૉક્ટરને મળવા ગઈ હશે! પેલા નોકરે આશ્ચર્ય વ્યક્ત કર્યું – મિસ્ટર દેલાઉની મૃત્યુશય્યા પર સૂતેલા નથી કે બીમાર પણ નથી. તેમણે કોઈને બોલાવ્યા નથી કે અહીં કોઈ મહિલા પણ આવી નથી. હવે આશ્ચર્ય પામવાનો વારો પેલા પાદરીનો હતો. તેણે કહ્યું – પણ મને તો તે જ અહીં લઈ આવી. તેણે જ મને બીજા માળે દેલાઉનીને મળવાનું કહ્યું હતું. મામલો થોડો પેચીદો બનતો જતો હતો. પાદરીએ કહ્યું – જે હોય તે ખરું. એકવાર તારા માલિક મિસ્ટર દેલાઉનીને મળી લઉં એટલે વાત સ્પષ્ટ થઈ જશે. તું અંદર જઈને વાત કર.



પેલો નોકર અંદર જઈને તરત જ બહાર આવ્યો. તેણે કહ્યું – આમ તો મિસ્ટર દેલાઉની બહુ કામમાં છે અને તેમણે તમને બોલાવ્યા નથી અને તમને ઓળખતા પણ નથી, છતાં તમારે તેમને મળવું હોય તો બે–ચાર મિનિટ માટે મળી શકે એમ છે. પાદરી અંદર ગયા. તેમણે દેલાઉનીને પૂછ્યું – તમે જ દેલાઉની છો ને? તેમણે પાદરીને કહ્યું – હા, હું જ દેલાઉની છું. તમે તમારા ભાવિ વિષે કંઈ જાણવા માંગો છો, તમે એના વિષે ચિંતિત છો એ વાત ખરી? તેમણે હા પાડી, "પણ, તમને આ વાતની કઈ રીતે જાણ થઈ? આ બાબત મારા સિવાય બીજું કોઈ જાણતું નથી. આવી ચિંતા તો મેં થોડીવાર પહેલાં મનોમન

જ કરી હતી?'' પેલા પાદરીએ કહ્યું – ''મને ચર્ચમાંથી અહીં સુધી એક સુંદર યુવતી લઈ આવી છે. હું પહેલી સીડી ચડ્યો ત્યાં સુધી મારી સાથે જ હતી. તે મારી પાછળ જ આવતી હતી. તેણે કહેલી બધી વાત સાચી છે. તમે પાંચ નંબરના રૂમમાં છો એમ પણ કહ્યું હતું. પણ એક વાત ખોટી પડી. તેણે એમ કહ્યું હતું કે તમારી જિંદગીની છેવટની ઘડીઓ ગણાઈ રહી છે. એટલે તમે અત્યારે જ એમને મળવા ચાલો. પણ તમે તો બિલકુલ સ્વસ્થ છો! દેલાઉનીને કહ્યું – મને પણ આમાં કંઈ સમજાતું નથી. અહીં મારી સાથે કોઈ મહિલા રહેતી નથી. કોઈ યુવતી આજે મને મળવા પણ આવી નથી. તમને આવી રીતે બોલાવીને ખોટો ધક્કો કોણે કેમ ખવડાવ્યો તેની મને કંઈ સમજ પડતી નથી. ખેર, આજે તો હું બહુ જ કામમાં છું. આવતી કાલે સવારે તમે મને મળવા આવી શકો છો? હું મારા ભાવિ વિષે બહુ ચિંતિત છું. મારે તમારી સાથે તે વિષે થોડી અંગત અને મહત્ત્વની વાત કરવી છે.'' પાદરીએ કહ્યું – ''મારે પણ અત્યારે અગત્યનું કામ છે. આ તો પેલી યુવતી કાકલૂદી કરી મને અહીં લઈ આવી. પણ કાલે સવારે મને અનુકૂળતા છે જ. હું કાલે સવારે આવીશ.''

બીજે દિવસે સવારે પાદરી મિસ્ટર દેલાઉનીને મળવા ગયા. હોટલમાં પ્રવેશતા જ વાતાવરણ ગમગીન જણાયું. તેમને લાગ્યું – જરૂર કંઈ અજુગતું બન્યું છે. તે સીડી ચડીને પાંચ નંબરના રૂમ પાસે આવ્યા. રૂમ ખુલ્લો જ હતો. લોકો એકત્રિત થઈ ગયા હતા. ત્યાં એક શબની પેટી પડી હતી. અને તેમાં કોઈનું શબ ગોઠવવાનું કામ ચાલી રહ્યું હતું. તેમણે જોયું તો તે મિસ્ટર દેલાઉનીનું જ હતું! પાદરીએ પેલા નોકરને પણ ત્યાં ઊભો રહેલો જોયો. તેમણે તેને પૂછ્યું – ''અરે! આ શું થઈ ગયું? ગઈકાલે હું આવ્યો ત્યારે તો મિસ્ટર દેલાઉની બિલકુલ સાજાનરવા અને સ્વસ્થ હતા!'' પેલા નોકરે કહ્યું – ''તમે એમને મળીને ગયા તેના અડધા કલાક પછી તેમને અચાનક જ હૃદયરોગનો હુમલો આવ્યો. થોડીક ક્ષણોમાં જ તેમનું હૃદય બંધ પડી ગયું.'' પાદરીને પેલી યુવતીનું ફરી સ્મરણ થયું. તેના શબ્દો કાનમાં ગુંજી રહ્યા. – ''અહીં સામે જ મોટી હોટલ દેખાય છે તેમાં એક સજ્જનનું મૃત્યુ થવાનું છે. તેમની જિંદગીના છેલ્લા શ્વાસ ગણાઈ રહ્યા છે. જલદી ચાલો…'' પેલા પાદરી મનોમન વિચારવા લાગ્યા– એ સુંદર યુવતીની બધી વાત સાચી નીકળી. તે દેલાઉનીની સાથે કાલે અહીં નહોતી. તેમણે કહ્યું અને નોકરે પણ કહ્યું. તો પછી તેને આ બધી જ બાબતોની ખબર કેવી રીતે પડે? દેલાઉનીની જિંદગીના છેલ્લા શ્વાસ ચાલી રહ્યા છે એવી અગમ્ય અકળ વાત તેને કેવી રીતે ખબર પડી? અને તે તેને ચર્ચમાંથી ઉતાવળે અહીં કેમ બોલાવી લાવી? તે છે કોણ?

આ ઓરડામાં એકઠા થયેલા લોકોમાં તે કદાચ હોય પણ ખરી?? તેમણે રૂમની એકએક વ્યક્તિને ધ્યાનથી જોવા માંડી. પણ તે યુવતી ત્યાં નહોતી. તે સુંદર યુવતીને શોધવા ચકળવકળ ફરતી તેમની આંખો દીવાલ પર લટકતી એક છબી પર અટકી ગઈ. તેમની શોધયાત્રાનો અંત આવ્યો. આ રહી તે યુવતી, જે મને અહીં લઈ આવી હતી. તે પેલા નોકર પાસે દોડી ગયા. તેમણે પેલી છબી બતાવીને કહ્યું – હું તને કહેતો હતો ને કાલે એક સુંદર યુવતી એની ગાડીમાં બેસાડીને મને અહીં લઈ આવી હતી. એણે મને દેલાઉની વિષે કહ્યું હતું. આ જે યુવતી છે એ જ મને અહીં સુધી લઈ આવી હતી. તને ખાતરી ન થતી હોય તો તું એને રૂબરૂ પૂછી લે. તું તો કહેતો હતો કે અહીં કોઈ યુવતી રહેતી નથી. તો પછી એનો ફોટો અહીં ક્યાંથી? તું આ યુવતીને ચોક્કસ ઓળખતો જ હશે ને? આ છે કોણ? પેલા નોકરે અવિશ્વાસ અને અચરજભરી નજરે તેમના તરફ જોતાં કહ્યું – તમને આ ફોટો છે તે યુવતી અહીં લઈ આવી? પાદરીએ કહ્યું – 'એ દીવા જેવું સ્પષ્ટ છે.' નોકરે કહ્યું – ''પણ એ શક્ય જ નથી. આ તો દેલાઉનીની પત્નીનો ફોટો છે. તે તો પંદર વર્ષ પહેલાં મરણ પામી છે!!''

⌘

જિનાગમમાં વ્યંતર દેવ કોણ થાય તેની ચોક્કસ માહિતી આપવામાં આવી છે. તેમાં એક બાબત આ પણ છે.

*जलपवेसिका० वाणमंतरेसु देवलोएसु*
*देवत्ताए उववत्तारो भवंति ।*

– ઔપપાતિકસૂત્ર ।।૪૪।।

જેઓ (ઈચ્છા કે અનિચ્છાથી) જળમાં પ્રવેશ કરીને મૃત્યુ પામે, તેઓ વાણવ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

હવે આપણે એવી ઘટના જોઈશું, જેમાં ઉપરોક્ત જિનવચનનું પ્રતિબિંબ છે. પણ તે પહેલા એક ખાસ વાત, વાણવ્યંતર દેવો એ સૌથી નીચલી કક્ષાના દેવો છે. તેઓ ઊંચા દેવોને જોઈને પસ્તાતા પણ હોય છે. તે જન્મ પૂરો થાય પછી મોટે ભાગે તેમનું ભાવિ દુઃખમય હોય છે. માટે આ જિનવચનોનો ઉપયોગ કોઈ વાણવ્યંતર દેવ થવા માટે ન કરે. સત્કાર્યો અને ધર્મારાધનાથી ઊંચી કક્ષાનો દેવલોક મળે છે, અને તે જન્મ પછી પણ સુખમય જન્મોની પ્રાપ્તિ થાય છે અને પરંપરાએ મોક્ષસુખ મળે છે.

આ બધી ઘટનાઓને જાણીને આપણે તો જિનાગમ પ્રત્યેની શ્રદ્ધાને દૃઢ કરીને તેના માર્ગદર્શનને અનુસરવાનું છે, અને તેના દ્વારા આપણા ભાવિને સુખમય બનાવવાનું છે.

# જ્યારે વિમાને લીધી જળસમાધિ...

# ૪૮



ઈ. સ. ૧૯૨૮ની ૧૩ માર્ચના રોજ બ્રિટનનું એક હવાઈ જહાજ અમેરિકા જવા ઊડ્યું. તેના કેપ્ટન તરીકે હતો રેમન્ડ હિન્કિલફ. તે હવાઈ જહાજ ભયંકર તોફાનમાં ફસાયું અને મધદરિયે ડૂબી ગયું. તેના યાત્રીઓ માર્યા ગયા. રેમન્ડ હિન્કિલફ પોતે તો ક્યારેય ભૂત-પ્રેતમાં માનતો ન હતો, પણ તે પોતે જ એક દેવ બની ગયો. રાત્રિના જે સમયે વિમાન દરિયામાં તૂટી પડ્યું અને તેનું મરણ થયું, તેનો દેવાત્મા તેના ઘેર પહોંચ્યો. તેના ઘરના લોકો તેને તેની ફરજ છોડી ઘેર આવેલો જોઈ નવાઈ પામ્યા, એવું તે શું બન્યું જેથી નોકરી પર જવાને બદલે તે ઘેર આવ્યો? તેવું તેની પત્નીએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું : ‘તું મને છેલ્લીવાર જોઈ શકે એટલે જ આવ્યો છું. મને પણ તને અને



બાળકોને જોવાની ઈચ્છા છે. મારા વતી તું એમને ખૂબ લાડ-પ્યાર કરજે. વિમાની દુર્ઘટનામાં હમણાં જ મારું મૃત્યુ થયું છે.' તેની પત્ની બાળકોને બોલાવવા સહેજ ફરીને પાછું વળીને જુએ છે તો તેને પતિ અચાનક ગાયબ થઈ ગયેલો લાગે છે. બીજે દિવસે સવારે જ્યારે તેને સૂચના મળી કે તેના પતિનું આગલી રાત્રે વિમાન દુર્ઘટનામાં મરણ થયું છે ત્યારે તે આશ્ચર્ય અને આઘાતથી મૂઢ જ બની ગઈ.

એ પછી એ દેવે હવાઈ જહાજોને ખતરો આવે ત્યારે તેમાંથી બચાવવાની કામગીરી શરૂ કરી દીધી. એકવાર અમેરિકાથી એક હવાઈ જહાજ ઈંગ્લેન્ડ આવી રહ્યું હતું. બે પાઈલટોમાંથી એક પાઈલટ સૂતો હતો. રેમન્ડના આત્માએ જાગ્રત પાઈલટને સાવધ કર્યો કે તે સાચા રસ્તા પરથી ફંટાઈ ગયો છે અને ખોટી દિશામાં જઈ રહ્યો છે. પેલા પાઈલટે સૂતેલા પાઈલટને જગાડ્યો અને પોતાને થોડીવાર પહેલાં થયેલા પરચાની વાત કરી. તેમણે જોયું તો પેલા પ્રેતાત્માની વાત સાચી હતી. તે ૨૦૦ માઈલ દૂર ફંટાઈ ગયા હતા. ઈંધણ પણ ખૂટવાની તૈયારીમાં હતું. બન્નેએ મળીને વિમાનને એક નાના ટાપુ પર ઉતાર્યું. રેડિયો દ્વારા મુખ્ય મથક પર સમાચાર મોકલ્યા. બીજે દિવસે ઈંધણ લઈને બીજું વિમાન આવ્યું

ત્યારે તેઓ ત્યાંથી ઉડ્ડયન કરી શક્યા.

આવી જ એક ઘટના ફ્રાંસના વિમાનને લગતી છે. તે દુર્ઘટનાગ્રસ્ત બની ગયું અને એક ગ્રામ્ય પ્રદેશની આર્વી નામની પહાડી સાથે ટકરાઈ ગયું. તેનો મોટોભાગ આગ લાગવાથી રાખ થઈ ગયો. એક વ્યક્તિને બાદ કરતાં બધા જ મરણ પામ્યા. કોઈ અજ્ઞાત શક્તિએ બચાવી હોય તેમ તે વ્યક્તિ જીવિત તો રહી પણ તેની પાસે મદદ મંગાવવા કોઈ સાધન ન હતું. રેડિયો પણ ખરાબ થઈ ગયો હતો. ભલે તેને મદદ કરનાર બીજું કોઈ ન હતું પણ રેમન્ડનો આત્મા તો હતો જ! આ કાર્ય તેણે કર્યું. તેણે મુખ્ય કાર્યાલયમાં પોતાના અસલ રૂપે જઈને આ માહિતી આપી. તે પછી તે અચાનક હવામાં ગાયબ પણ થઈ ગયો. તે જોનાર કર્મચારીઓએ થોડી તપાસ બાદ તે રેમન્ડ હિન્કિલફ હતો એ રીતે એને ઓળખી પણ કાઢ્યો! પછી તેઓ આર્વી નામની જગ્યા નકશામાં શોધવા લાગ્યા. ઘણી જહેમત પછી આર્વી રોડ નામનું એક રેલવે સ્ટેશન શોધી કાઢવામાં આવ્યું. ત્યાં નાની સરખી પહાડી હતી.

સત્તાવાળા ત્યાં પહોંચી ગયા અને તપાસ કરી તો ખરેખર ત્યાં વિમાન ટકરાઈને નીચે પડેલું હતું. તેનો ઘણોખરો ભાગ તો બળીને રાખ થઈ ગયો હતો. પણ થોડોક ભાગ બચી ગયો હતો. અને ત્યાં એક જણ જીવતો પણ મળી આવ્યો હતો, જે ભૂખ અને તરસથી બેભાન બનીને ત્યાં પડેલો હતો.

રેમન્ડના દેવાત્માએ જો દેહ ધારણ કરી મુખ્ય કાર્યાલયમાં જઈને આ વિમાની હોનારત અને તેમાં બચી ગયેલા એક મુસાફરની માહિતી આપી ન હોત તો તે ચોક્કસ સમયસર સહાય ન મળતાં પોતાના પ્રાણ ગુમાવી ચૂક્યો હોત!

રેમન્ડ હિન્કિલફના દેવાત્માએ ઈંગ્લેન્ડ-અમેરિકાના હવાઈ માર્ગ પર આ રીતે ૭૦ વર્ષ સુધી ફરતા રહીને અનેક લોકોને પ્રાણસંકટથી ઉગાર્યા છે. તેણે અનેક વિમાનોને પણ જોખમી ટકરામણોથી બચાવ્યાં છે.

⌘

વ્યંતર દેવ કોણ થાય? તે વિષયમાં અન્ય વિધાન આ મુજબ છે -

*वेहाणसिया० कालं किच्चा अन्नतरेसु वाणमंतरेसु*
*देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।*

- ઔપપાતિકસૂત્ર ।।૪૪।।

જેઓ ફાંસી દ્વારા મરણ પામે છે, તેઓ અમુક પ્રકારના વાણવ્યંતર દેવલોકમાં દેવરૂપે જન્મ લે છે.

હવે પ્રસ્તુત છે, આવી જ એક ઘટના.

# બસબીની
# બિહામણી ઘટના

# ૪૮




યોર્કશાયર, ઈંગ્લેન્ડના એક શરાબગૃહમાં રહેલી એક ખુરશીએ અનેક લોકોનાં મરણ નિપજાવ્યાં છે. એની સાથે જોડાયેલો ઘટનાક્રમ કંઈક આવો છે – બસબી નામનો એક અઠંગ ગુનેગાર હતો. તે હંમેશાં આ શરાબગૃહમાં શરાબ પીવા આવતો. તે ત્યાં એવી ધમાલ મચાવતો કે જેથી તે શરાબગૃહનો માલિક તથા અન્ય ગ્રાહકો પરેશાન રહેતા. શરાબગૃહમાં તે એક ખાસ ખુરશી પર જ બેસતો. તેની એવી ધાક હતી કે તેના માટે તે ખુરશી ખાલી જ રાખવી પડતી. એક રાતે તે તેના સસરા સાથે શરાબગૃહમાં આવ્યો. તેણે ચિક્કાર દારૂ પીધો. પછી કોઈ કારણસર તેને શરાબગૃહની બહાર જવાનું થયું. તેણે પાછા આવીને જોયું તો તેના સસરા તેની ખુરશી પર બેસી ગયા હતા. તેણે

તે જગ્યા ખાલી કરવા આદેશ કર્યો પણ તેના સસરાએ ગણકાર્યું નહીં. તેથી તેને તેના સસરા સાથે વિવાદ થયો. વિવાદે ઉગ્ર ઝઘડાનું રૂપ લઈ લીધું અને દારૂના નશામાં પોતાની જાત પરથી કાબૂ ગુમાવી દઈને તેણે તેના સસરાની હત્યા કરી નાંખી. તેમને છોડાવવા વચ્ચે પડનારાને પણ તેણે મારી નાખ્યા. પોલીસ આવી અને તેને પકડીને લઈ ગઈ. તેને ફાંસીની સજા થઈ. તેને ફાંસી આપવામાં આવી ત્યારે તેના મુખેથી શબ્દો નીકળ્યા હતા – 'એ ખુરશી મારા માટે જ છે. જો કોઈ એના પર બેસશે તો હું એને જીવતો નહિ રહેવા દઉં.'

બસબીના મરણ બાદ તેનો આતંક બંધ થઈ જશે એ ખ્યાલથી શરાબગૃહનો માલિક ખુશ હતો. હવે બસબીની ખુરશીને ખાલી રાખવાની કોઈ જરૂરિયાત ન હતી. તે ખુરશી પાસે ગયો તેની સાથે જ તેને વિચિત્ર અહેસાસ થવા લાગ્યો. તેને લાગ્યું કે બસબીનો આત્મા તે ખુરશીની આસપાસ જ ભટકી રહ્યો છે. પણ આ કદાચ પોતાના મનનો વહેમ હશે એમ સમજી તે આગળ વધ્યો. ત્યાં તેના કાનમાં બસબીના અવાજમાં જ નીકળેલા શબ્દો પડ્યા – ''આ ખુરશી મારા માટે જ છે... જો કોઈ એના પર બેસશે તો હું એને જીવતો નહિ રહેવા દઉં...''

શરાબગૃહનો માલિક ગભરાઈ ગયો. તેણે તે શરાબગૃહ અર્નશો નામના માણસને વેચી દીધું. જો કે પેલી ખુરશીવાળી વાત પણ તેણે છુપાવી નહિ. અર્નશોએ ખુરશી હંમેશાં ખાલી રાખવાનું જ નક્કી કર્યું. તેણે આને લગતી સૂચના લખાવી ત્યાં મૂકી પણ ખરી, જેથી કોઈ તેના પર બેસે નહિ.

એક વાર એરફોર્સના બે સૈનિકો ત્યાં આવી પહોંચ્યા. તેમણે પેલી ખુરશી વિષે લખાયેલી સૂચના વાંચી. બારના માલિક અર્નશોએ તેમને ત્યાં ન બેસવા ચેતવ્યા પણ ખરા. પરંતુ તે બન્ને તેની હાંસી ઉડાવી કહેવા લાગ્યા કે ''અમે આવા વહેમોમાં માનતા નથી. દુનિયા કેટલી વિકસી ગઈ છે છતાં તમે હજુ મધ્યકાલીન યુગ જેવી વાતો કરો છો. આ ખુરશી પર બેસનારને કોઈ દુર્ઘટના નડશે કે તેનું મરણ નીપજશે તેવું માનવું અમારી બુદ્ધિમાં ઊતરતું નથી.'' પછી તે બન્ને વારાફરતી તે ખુરશીમાં બેઠા અને ડ્રિન્ક લઈ બહાર નીકળી ગયા. તે સૈનિકો હતા અને શિસ્તબદ્ધ રીતે જીવતા હતા. તેથી તેમણે એકદમ યોગ્ય પ્રમાણમાં જ ડ્રીન્ક લીધું હતું. છતાં ત્યાંથી બે માઈલ પણ દૂર નહિ ગયા હોય ત્યાં જ તેમની કારને અકસ્માત નડ્યો અને તે બન્નેનું પ્રાણપંખેરું ઊડી ગયું. બીજે દિવસે અર્નશોએ કાર અકસ્માતમાં માર્યા ગયેલા બે એરફોર્સ જવાનોના ફોટા સાથે સમાચાર વાંચ્યા ત્યારે તેને ખાતરી જ થઈ ગઈ કે તેમના મરણનું કારણ બીજું કશું જ નહિ પણ પેલી દેવાધિષ્ઠિત ખુરશી જ હતી! જો તેમણે તેની વાત માની હોત તો આ રીતે અકાળે મરણ પામવાની નોબત ન આવી હોત!

આ ઘટના બની તેના થોડા દિવસ પછીની વાત. લશ્કરનો એક મેજર તે બારમાં ડ્રિન્ક લેવા આવ્યો. આખો બાર ખીચોખીચ ભરેલો હતો. માત્ર પેલી ખુરશી જ ખાલી હતી. તે ત્યાં પહોંચ્યો. તેણે ખુરશી પર મુકાયેલી સૂચના વાંચી. તેને જોઈને બારનો માલિક અર્નશો પણ ત્યાં આવી પહોંચ્યો. તેણે સઘળી હકીકત સમજાવી અને તેને તે ખુરશી પર ન બેસવા કાકલૂદી કરી. પણ મેજરે તેની વાતની હાંસી ઉડાવી અને તેના વિચારોને અંધશ્રદ્ધાયુક્ત કહ્યા. તેણે બારના માલિકને કહ્યું, ''મારે આ ખુરશી પર બેસવું જ છે. જોઈએ કે તેનાથી શું થાય છે? બોલો, મારવી છે શરત? મહિનાઓ બાદ હું અહીં સલામતપણે ફરી પાછો આવું તો હું જીત્યો અને ન આવું તો તમે જીત્યા. શરતની રકમ તમારે રાખી લેવાની.'' અર્નશોએ કહ્યું કે ''તે એવી કોઈ શરત મારવા માંગતો નથી, પણ તેનો અંતરાત્મા એમ કહે છે કે તેણે તેના પર ન જ બેસવું જોઈએ.'' આ બાબતની કસોટી કરવા મેજરે તેના પર બેસવાનો આગ્રહ ચાલુ જ રાખ્યો અને કાયદેસર રીતે તો તેને ત્યાં બેસતા અટકાવી શકાય તેમ હતું જ નહિ. તેણે ત્યાં બેસીને પોતાનું ડ્રિન્ક લીધું અને મુખ પર વિજયની મુદ્રા ફરકાવતો ત્યાંથી ચાલી નીકળ્યો. પણ ઘેર પહોંચતાંની સાથે જ તેના શરીરમાં કંઈ વિચિત્ર બનતું હોય તેમ તેને લાગવા માંડ્યું. બે-ચાર દિવસમાં જ તેને ખ્યાલ આવી ગયો કે તે કોઈ વિચિત્ર પ્રકારના અજ્ઞાત રોગનો ભોગ બન્યો છે. તબીબો તેના રોગને પકડી શક્યા નહિ. તેનો રોગ વકરતો જ ગયો અને તે ભારે પીડા સાથે મરણ પામ્યો. જો કે તેણે એક વાત જણાવી કે તેને અર્ધબેભાન જેવી અવસ્થામાં અર્નશોના બારની પેલી ખાલી ખુરશી દેખાયા કરતી હતી અને 'આ ખુરશી મારી છે. તને ના પાડી તો પણ તું કેમ બેઠો? લે, હવે મજા ચાખ...' એવા શબ્દો પણ સંભળાતા હતા. લશ્કરના અન્ય અધિકારી પાસેથી જ્યારે અર્નશોએ આ દુર્ઘટના વિષે સાંભળ્યું ત્યારે તેને પાકો વિશ્વાસ બેસી ગયો કે પેલા મેજરના અકાળ મરણનું કારણ તેની આંખો સામે પડેલી ખાલી ખુરશી જ હતી!

ત્યારબાદ મજૂરીનું કામ કરતો એક લબરમૂછિયો નવજુવાન ત્યાં આવી પહોંચ્યો. તે પણ અર્નશોની વિનંતીને અવગણીને તે દેવાધિષ્ઠિત ખુરશી પર બેસી ગયો. બીજે દિવસે તે એક ઊંચા મકાનની છત પર મજૂરીનું કામ કરી રહ્યો હતો ત્યારે એક વિચિત્ર ઘટના બની. તે ચીસો પાડવા લાગ્યો. બધા તેની પાસે દોડી આવ્યા. તેણે કહ્યું, ''મને કોઈ ધક્કો મારી રહ્યું છે તેમ લાગે છે.'' બધા હસવા લાગ્યા કેમ કે ત્યાં તે એકલો જ કામ કરી રહ્યો હતો. તે બાજુ તેના સિવાય કોઈ હતું જ નહિ! એટલામાં તો એક વિચિત્ર ઘટના જોઈ બધા હેબતાઈ જ ગયા. પેલો યુવાન મજૂર ફૂટબોલની જેમ હવામાં અદ્ધર થયો અને પાછળથી કોઈએ તેને લાત મારી હોય તેમ તે નીચે પડ્યો. તેણે

પણ ખુરશી પર બેસીને પોતાના પ્રાણ ગુમાવ્યા. અર્નશોને હવે ખુરશીના અધિષ્ઠિત હોવા અંગે કોઈ શંકા રહી જ ન હતી. તેના મનમાં વિચાર આવ્યો કે તેણે એ ખુરશીને બાળી નાંખવી જોઈએ, જેથી કોઈનું મોત નીપજે નહિ. પણ એમ કરવાથી તે પોતે જ ઉપાધિનો ભોગ બને તો? તેણે તે વિચાર માંડી વાળ્યો. પણ એ ખુરશીને સાચવીને એક ઓરડામાં મૂકી તેને તાળું લગાવી દીધું.

એક દિવસ હેરી નામનો એક માણસ તેની પાસે આવ્યો. હેરી સાથે તેનો એક મિત્ર પણ હતો. તેમણે અર્નશોને પેલી ખુરશી બતાવવાનું કહ્યું. અર્નશોએ બહુ આનાકાની બાદ પેલા ઓરડાનું તાળું ખોલી તેને પેલી ખુરશી બતાવી. તેને કંઈક અગત્યનું કામ આવી પડ્યું એટલે તે થોડીવાર બહાર કાઉન્ટર પર પાછો આવ્યો. હેરીને તેના પર ન બેસવા સ્પષ્ટ શબ્દોથી સમજાવ્યો હતો છતાં હેરી તેના પર બેસી ગયો. થોડીવાર પછી તેનું અનુકરણ કરી તેની સાથે આવેલો તેનો મિત્ર પણ તેના પર બેઠો. અર્નશો તરત તે ખાલી ઓરડામાં પાછો આવ્યો, પણ તેણે જોયું કે હેરી અને તેનો મિત્ર તે ખુરશી પર બેસી ચૂક્યા છે. ત્યારે તેના અફસોસનો પાર ન રહ્યો. થોડા જ દિવસોમાં હેરીનું વિચિત્ર બીમારીથી મરણ થયું. તેના મિત્રએ પણ આપઘાત કર્યો અને તેનું મૃત શરીર 'રીવન માર્કેટ' પાસે રસ્તા પરથી મળી આવ્યું. અર્નશોએ નક્કી કર્યું કે કોઈપણ સંજોગોમાં હવે તે ખુરશી કોઈને બતાવવી પણ નહિ. ત્યારથી તે ખુરશી હંમેશાં વણવપરાયેલી હાલતમાં કેદમાં જ પડેલી છે. તે પૂર્ણ રીતે ગુપ્તપણે સાચવી રાખવામાં આવી છે.

⌘

**વ્યંતર દેવ થવાનું હજું એક કારણ...**

*मुखच्छिन्नका० कालं किच्चा अन्नतरेसु वाणमंतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।*

– ઔપપાતિકસૂત્ર ।।૪૪।।

**જેમના મુખને છેદવામાં આવ્યું હોય, તેઓ અન્યતર વાણવ્યંતર દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.**

**ઉદાહરણ પ્રસ્તુત છે...**

# એણે મારું ખૂન કર્યું હતું

## ૫૦



આ ઘટના બની હતી ઉત્તર ઈંગ્લેન્ડના ડરહમશાયર વિસ્તારના ચેસ્ટર લિસ્ટિર નામના સ્થળ પર. ત્યાં વોકર નામનો એક ગરીબ મજૂર રહેતો હતો. એ એની પત્ની સાથે જેમ તેમ કરીને જીવનનું ગાડું ગબડાવે. એમને સંતાન નહોતું અને કુટુંબમાં પણ ખાસ કોઈ નહીં. બન્ને એક મકાનમાં એકલાં જ રહેતાં હતાં. પત્નીનો સ્વભાવ બહુ સારો. વોકર થોડો કુછંદે ચડી ગયેલો પણ પત્નીના નિયંત્રણને લીધે એ સુધરી ગયો હતો. ત્યાં વળી એની પત્ની બીમાર પડી અને મરણ પામી. વોકરના જીવનમાં સૂનકાર વ્યાપી ગયો. એ એકલો પડી ગયો. એક દિવસ એના જીવનમાં પલટો આવ્યો. એને એક યુવતીનો ભેટો થઈ ગયો. એ પણ એના જેવી એકલી અટૂલી નિરાશ્રિત હતી. એણે એનું નામ કેથેરિન બતાવ્યું. બન્ને એકબીજાને ગમી ગયાં. તેઓ હળતાં મળતાં વાતો કરતાં અને સાથે ફરવા પણ જતાં. પછી તો કેથેરિન વોકરના ઘેર પણ આવવા

લાગી, બન્નેનો પરિચય ગાઢ દોસ્તીમાં ફેરવાઈ ગયો. એક યુવાન પુરુષ અને એક યુવાન સ્ત્રી, બન્ને એકલાં અને દુઃખી... એકબીજામાં સુખ શોધતા યૌવનના હિલોળે ચડેલા હૈયાં જાતીય આકર્ષણ અનુભવ્યા વિના રહી શકે? વોકરે પ્રેમજાળ પાથરી. ભોળી કબૂતરીની જેમ એ એમાં ફસાઈ ગઈ. બન્ને એક સાથે પતિ-પત્નીની જેમ રહેવા લાગ્યાં. એ વખતના રૂઢિચુસ્ત લોકોને એ ગમતું નહીં. પણ એમને કોણ કહે? અને એ એમનું સાંભળે ય શા માટે?

કેથેરિન વોકર થકી ગર્ભવતી બની. એ હવે એની સાથે લગ્ન કરી લેવાનો આગ્રહ કરવા લાગી. પણ વોકર એ ટાળતો રહ્યો. ધીમેધીમે કેથેરિનનો ગર્ભ વિકસવા લાગ્યો. એને એ સમજાતું નહોતું કે વોકર એની સાથે લગ્ન કરવાની ના કેમ પાડે છે? આની પાછળ વોકરનો ઈરાદો મલિન હતો. એનો રસ કેથેરિનમાંથી ઊડી ગયો હતો. એ ફરી લગ્ન કરી સંતાનનો પિતા બની જવાબદારી ઉઠાવતાં ગભરાતો હતો. કેથેરિનને આની થોડી ગંધ આવી ગઈ પણ એ શું કરી શકે? એણે વોકરને સમજાવવાનો અને છેવટે ઝઘડવાનો પણ પ્રયાસ કરી જોયો. વોકર ઠંડા કલેજે કહેતો કે બધું બરાબર થઈ જશે. એક દિવસ વોકરની સાથે કામ કરતો એનો એક મિત્ર માર્ક શાર્પ એને મળવા આવ્યો. બન્નેએ લાંબા સમય સુધી એકલા બેસી વાતો કરી. તેમણે કેથેરિનને બોલાવી. તેને સમજાવ્યું - 'અહીં અડોસીપડોસી અને બીજા લોકો આપણા વિષે ઘણું જાણે છે. આપણે એમની ઠપકાભરી નજરોનો સામનો કરવો પડે છે. એટલે આપણે બીજે રહેવા જતાં રહીએ. અહીંથી થોડે દૂર મારા આ મિત્રએ મકાન શોધી રાખ્યું છે. ત્યાં આપણા રહેવાની વ્યવસ્થા પણ કરી છે. ત્યાં આપણે એકબીજાને પતિ-પત્ની તરીકે જ ઓળખાવીશું. શાર્પ તને અત્યારે એ મકાન પર મૂકી જશે. હું કામ પતાવીને ત્યાં આવી પહોંચીશ.' કેથેરિનને તો વોકર જે કહે તે માન્યા સિવાય છૂટકો જ નહોતો. શાર્પ એને લઈને નીકળ્યો એ પછી આજુબાજુમાં કોઈએ એને જોઈ નહોતી. કોઈ વોકરને એના વિષે પૂછે તો તે કહેતો કે 'કેથેરિન તો એને છોડીને જતી રહી છે. એ ક્યાં ગઈ છે એની એને ખબર નથી!'

જેમ્સ ઓલ્ડ વોકરનો એક પડોસી હતો. તેણે લોટ દળવાની એક ઘંટી ખોલી હતી. એ વિસ્તારમાં એ એક જ ઘંટી હતી એટલે લોકોની ભીડ



સારા પ્રમાણમાં રહેતી. કેટલીકવાર તો એટલું બધું દળવાનું કામ આવી પડતું કે ઘેર જતાં રાત પડી જતી. એક દિવસ તે આ રીતે મોડે સુધી કામ પતાવી ઘેર પાછો જઈ રહ્યો હતો. રાત પડી ચૂકી હતી. હાથમાં બત્તી લઈને તે ઘર તરફ આગળ વધી રહ્યો હતો. રસ્તો સૂમસામ થઈ ગયો હતો. ત્યાં એણે એક સ્ત્રીને રસ્તાની વચ્ચે ઊભી રહેલી જોઈ. તેના વાળ વિખરાયેલા હતા. તેના માથામાં ત્રણ ઊંડા ઘા પડેલા હતા અને તેમાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું... એ સ્ત્રીને જોઈ તેના હૃદયમાં દયા ઊપજી. તેણે તેની પાસે જઈને કહ્યું– 'તું કોણ છે? તને આ શું થયું છે?' પેલી યુવતીએ તેના તરફ જોઈને કહ્યું – તમે મિ. જેમ્સ ઓલ્મ ને? હું તમને ઓળખું છું. તમે વોકરની પડોસમાં રહો છો ને? તમે મને ના ઓળખી? હું તેની સાથે રહેતી હતી તે કેથેરીન! જો કે અત્યારે મારા દિદાર એવા છે કે હું ઓળખાઉં એમ જ નથી! જેમ્સ ઓલ્મે તેને માંડ માંડ ઓળખી. પછી તેને પૂછ્યું – 'તું તો વોકરને છોડી ક્યાંક દૂર જતી રહી છે એવું સાંભળ્યું હતું ને! તું અહીં આવી હાલતમાં ક્યાંથી?' પેલી યુવતીએ કહ્યું – 'એ તો બધું એણે ચલાવેલું જુઠ્ઠાણું છે. એણે એના મિત્ર મારફતે મારી હત્યા કરાવી નાંખી હતી. શાર્પ મને લઈને બીજા મકાનમાં લઈ જઈ રહ્યો હતો. એણે નિર્જન પ્રદેશ આવ્યો એટલે મારા પર હુમલો કર્યો. આ મારા ચહેરા પર જે ઘા દેખાય છે અને તેમાંથી લોહી નીકળે છે એ એને લીધે જ...



હું અત્યારે પ્રેત શરીરથી ભટકું છું. હું મારા ખૂનનો બદલો લેવા માગું છું. તમે જઈને પોલીસ કે ન્યાયાધીશને મારી વાત કરજો. એટલા માટે હું અહીં તમને મળવા ઊભી રહી છું.' આટલી વાત કરીને તે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.

જેમ્સ આ ઘટનાથી ગભરાઈ ગયો. તેણે આના વિષે કોઈને આ વાત ન કરી. બીજે દિવસે પણ તેણે કોઈને આની વાત ન કરી. ત્રીજે દિવસે તે ઘંટીએથી ઘેર જઈ રહ્યો હતો ત્યાં એ યુવતી એવા જ દિદારમાં તેની સામે ફરીથી પ્રગટ થઈ... ખુલ્લા વાળ, ભયાનક દેખાવ, ચહેરા પર ત્રણ જગ્યાએ ઘા અને તેમાંથી વહેતું લોહી... તેણે ફરી જેમ્સને કહ્યું – 'મારી વાત કોઈ રાજ્યાધિકારીને કરી કે નહિ? તમને પુરાવો જોઈતો હોય તો કહેજો કે મને મારી નાંખ્યા પછી શાર્પે એનાં લોહીલુહાણ કપડાં, મોજાં, બૂટ અને મારા પર જેનાથી પ્રહાર કર્યો હતો તે હથિયાર અહીં બાજુમાં આવેલી કોલસાની ખાણમાં ફેંકી દીધાં હતાં. તે અત્યારે ત્યાં જ પડેલાં છે. મેં તમને સારા

માણસ ધારીને મારા હત્યારાને પકડાવી દેવા આ અરજ કરી છે.' બીજે દિવસે જેમ્સે આ ઘટનાની જાણ પોલીસને કરી દીધી. ગામમાં જેમ્સની છાપ બહુ સારી હતી. તેની વાતમાં વજૂદ હશે એમ માની એમણે વગડામાં આવેલી ખાણમાં તપાસ કરાવી. તો ખરેખર ત્યાંથી લોહીથી લથબથ કપડાં, મોજાં, બૂટ અને હથિયાર મળી આવ્યાં. તપાસ કરતાં એ શાર્પનાં જ માલૂમ પડ્યાં. એને ગિરફતાર કરવામાં આવ્યો અને તેના પર કેસ માંડવામાં આવ્યો. ડરહમની સેસન કોર્ટના જજનો અને જ્યુરીનો ફેંસલો સાંભળવા હજારો દર્શકો કોર્ટમાં ઉપસ્થિત હતા ત્યારે એક આશ્ચર્યકારક ઘટના બની. કોર્ટમાં એક યુવતીનો અવાજ ગુંજવા લાગ્યો – 'માનનીય જજ સાહેબ! હું કેથેરિન બોલું છું. આ શાર્પે મારું ખૂન કર્યું હતું. એ કરાવનાર વોકર હતો. એને પણ છોડશો નહીં.' એટલામાં તો જજની સામે એક છાયા આકૃતિ ખડી થઈ ગઈ. વિખરાયેલા વાળ, ભયંકર દેખાવ, ચહેરા પર ત્રણ ઘાનાં નિશાન અને તેમાંથી વહેતું લોહી. જેમ્સ અને બીજા બધા જ બોલી ઊઠ્યા – અરે! આ તો કેથેરિન. બધાએ કેથેરિનનું ભૂત જોયું. કોર્ટ રૂમમાં કોઈ દિવસ દેવાત્માએ હાજર થઈ સેંકડો માણસોની હાજરીમાં બયાન આપ્યું હોય એવું આ પહેલાં કદી બન્યું નહોતું! એ ન્યાયાધીશે આ ઘટનાનું વર્ણન એક પત્રમાં કર્યું હતું. એમના મિત્ર સાર્જન્ટ હાટન પર લખાયેલો એ પત્ર આ ઘટનાની સચ્ચાઈના પુરાવારૂપે હજુ સુધી જળવાયેલો છે. ન્યાયાધીશે વોકર અને શાર્પને કેથેરિનના ખૂનની કઠોર સજા આપી એ પછી તેનું પ્રેત કોઈને જોવા મળ્યું નથી!

⌘

**જિનાગમદર્શિત વ્યંતર દેવ થવાનું અન્ય કારણ...**

*मज्झछिन्नका० कालं किच्चा अन्नतरेसु*
*वाणंतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति ।*

– ઔપપાતિકસૂત્ર ।।૪૪।।

**જેમને પેટના ભાગે પ્રહારો કરીને છેદન કરવામાં આવ્યું હોય, તેવા જીવો અન્યતર વાણવ્યંતર દેવલોકોમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે. તો હવે જોઈએ આવી જ એક ઘટના.**

# દેવાત્મા ચંદ્રપ્પાએ પોલીસ સ્ટેશનમાં સદેહે આવીને પોતાની હત્યાની ફરિયાદ નોંધાવી!

# ૫૧




એ દિવસ હતો ૨૭ માર્ચ, ૧૯૭૦નો અને સમય હતો સમીસાંજનો. સ્થળ હતું મુંબઈનું ધારાવી પોલીસ સ્ટેશન. પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અરુણ ખોટ પોતાના ટેબલ સામે ખુરશી પર બેઠેલા હતા ત્યાં લગભગ ૩૨-૩૩ વર્ષની વયનો એક યુવાન આવી પહોંચ્યો. તેણે ઊભા પટ્ટાવાળું રંગીન શર્ટ પહેર્યું હતું. તેના વધારેલા વાળ ફેશનેબલ રીતે કપાયેલા હતા અને વ્યવસ્થિત રીતે ઓળાયેલા હતા. તેના ચહેરા પર આછી મૂછો પણ હતી. તેણે પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તરફ સૂચક દ્દષ્ટિથી જોયું. તેમણે સ્વાભાવિક રીતે પૂછ્યું - 'બોલો, શું કામ છે?' તે યુવાને કહ્યું - 'મારે એક ખૂન કેસનો રિપોર્ટ લખાવવો છે.' આ સાંભળીને અરુણ ખોટ ગંભીર થઈ ગયા અને તેને ખુરશી પર બેસવા કહ્યું. તેણે ખુરશી પર બેસીને રિપોર્ટ લખાવવા

માંડ્યો – સુબ્બૈયા નાયર નામના યુવાને ચંદ્રપ્પા નામના એના મિત્રનું ખૂન કર્યું છે. ૨ સપ્ટેમ્બર, ૧૯૬૯નો એ દિવસ હતો. એ દિવસે તે એને મળવા એ જ્યાં કામ કરતો હતો એ સીતારામ મિલ પર બપોરે ૨.૦૦ વાગ્યે આવ્યો હતો. ત્યાંથી તે એને બાન્દ્રા સ્ટેશન પર લઈ ગયો. ત્યાં તેમણે બન્નેએ નાસ્તો કર્યો અને કેટલીક મહત્ત્વની વાતો કરી. પછી સુબ્બૈયા એને ટેક્ષી દ્વારા ધારાવી રોડ પર આવેલ જસ્મિન મિલ્સ પર લઈ ગયો. ત્યાં સુબ્બૈયા દારૂનો ધંધો કરે છે. ત્યાં તેણે ચંદ્રપ્પાને ખૂબ દારૂ પીવડાવ્યો અને મોડે સુધી રોકી રાખ્યો. ચંદ્રપ્પા નશામાં અત્યંત ચકચૂર થઈ ગયો હતો ત્યારે સુબ્બૈયાએ ચપ્પૂ કાઢી તેની છાતીમાં અને પેટમાં પુષ્કળ ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધો. પછી તેણે મિલના ગેટ નંબર-૧ની સામે આવેલી પાઈપ લાઈનમાં એનો મૃતદેહ નાંખી દીધો. હજુ પણ તદ્દન ખવાયેલી હાલતમાં એ મૃતદેહ ત્યાં જ પડેલો છે.'

ચંદ્રપ્પાના ખૂનની આટલી સચોટ માહિતી સાંભળીને પોલીસ સબ-ઈન્સ્પેકટર અરુણ ખોટ તાજ્જુબ થઈ ગયા. તેમણે એ યુવાનને પહેલો એ વેધક પ્રશ્ન પૂછ્યો – 'આટલી બારીક વિગતો તને ક્યાંથી જાણવા મળી? તું તો એવી રીતે વિગતો આપી રહ્યો છે કે જાણે તું ત્યાં હાજર ન હોય? તું છે કોણ? તારું નામ-સરનામું તો લખાવ?' આ સાંભળી તે હસવા લાગ્યો. પછી



ગંભીર થઈ કહેવા લાગ્યો – 'મને આ બધી ખબર કેવી રીતે પડી એમ પૂછો છો? અરે! મારા પર વીતી હોય તો મને તો ખબર હોય જ ને! આ સુબ્બૈયા મારો મિત્ર છે–હતો–મિત્રતાના નામ પર કલંક લગાડ્યું. મને છેતર્યો. મને મારી નાંખ્યો.' ઈન્સ્પેક્ટર એકદમ બોલી ઊઠ્યા – 'શું કહ્યું? મારી નાંખ્યો? કઈ રીતે?' તે બોલી ઊઠ્યો – 'કેમ? હમણાં રિપોર્ટ લખાવ્યો તે રીતે! હું જ ચંદ્રપ્પા છું!'

ઈન્સ્પેક્ટર એમની જગ્યા પરથી ઊભા થઈ એની સામે બરાડી ઊઠ્યા. 'આ શું માંડ્યું છે? આ પોલીસ સ્ટેશન છે. અહીં આવી મજાક કરવાની તારામાં હિંમત ક્યાંથી આવી? તને ખબર છે આ બદલ હું તારી સામે પગલાં લઈ શકું છું?' પેલા યુવાને એટલી જ ઠંડકથી કહ્યું – 'આમાં કોઈ મજાક હોય તો સજા કરી શકો. અને તમે મને શું સજા કરશો એક મરેલા માણસને? ઈન્સ્પેક્ટરને વિચાર આવ્યો – 'જરૂર, આ કોઈ અર્ધ–પાગલ કે ચક્રમ હોવો જોઈએ.' પણ એની વાત કરવાની રીત પરથી તો એ એવો લાગતો નહોતો. સબ–ઈન્સ્પેક્ટરે એક નિર્ણય લઈ લીધો. તેમણે કહ્યું – 'તું કહે છે ને કે તારી લાશ હજુ પણ સીતારામ મિલ્સના ગેટ નંબર–૧ની સામે આવેલી પાઈપ લાઈનમાં પડેલી છે? ચાલ મારી સાથે. આપણે ખાતરી કરી લઈએ. જો તું જુઠું બોલતો હશે કે મજાક કરતો હશે તો હવે તો તારે એનું પરિણામ ભોગવવું પડશે.' પણ પેલો યુવાન તો સ્વસ્થ જ રહ્યો. તેણે કહ્યું – 'હું સાચી વાત જાહેર થાય એટલે તો અહીં આવ્યો છું. તમે મારી સાથે આવો અને આ અંગે તપાસ કરી ગુનેગારને સજા અપાવો એ માટે તો હું કેટલે દૂરથી, છેક પેલી દુનિયામાંથી અહીં આવ્યો છું.' પોલીસ સબ–ઈન્સ્પેક્ટર અરુણ ખોટ બે કોન્સ્ટેબલને સાથે લઈને એની જોડે જસ્મિન મિલ્સ પર પહોંચ્યા. પેલો યુવાન એમને ગેટ નંબર–૧ની સામે આવેલી પાઈપ લાઈન્સ પાસે લઈ ગયો. ત્યાં ગયા પછી તેણે કઈ જગ્યાએ ખવાયેલી હાલતમાં પોતાનો મૃતદેહ પડ્યો છે તેનો નિર્દેશ કર્યો. સબ–ઈન્સ્પેક્ટરે જાતે તપાસ કરી તો ખરેખર ત્યાં એક અત્યંત કોહવાયેલી સ્થિતિમાં કોઈ માણસનું મડદું પડેલું હતું. પેલા યુવાનને કંઈક પૂછવા તેમણે તેના તરફ મોં ફેરવ્યું તો એમના આશ્ચર્યનો કોઈ પાર નહોતો. ત્યાં કોઈ હતું જ નહીં! પેલો યુવાન એકાએક જ આંખો આગળથી અદશ્ય થઈ ગયો હતો!! પેલા કોન્સ્ટેબલને પણ નવાઈ લાગી કેમ કે યુવાન ચાલીને ત્યાંથી બહાર નીકળ્યો નહોતો. એમની નજર રસ્તા પર જ હતી. તેમણે દોડીને આસપાસ બધે તપાસ કરી પણ તે ક્યાંય ન મળ્યો. તથા તે ક્યાંક છુપાઈ જાય એવી કોઈ જગ્યા જ નહોતી.

તેમણે તે મૃતદેહ ત્યાંથી કઢાવી ફોરેન્સિક લેબોરેટરીમાં તપાસ માટે મોકલી દીધો. તે સાથે સીતારામ



મિલ્સમાં કામ કરતા ચંદ્રપ્પા વિષે અને જસ્મિન મિલ્સ પાસે દારૂની દુકાન ધરાવતા સુબ્બૈયા વિષે તપાસ કરવાનું ચાલુ કર્યું. મહારાષ્ટ્ર પોલીસની ફોરેન્સિક લેબોરેટરીએ ચંદ્રપ્પાના ફોટાના આધારે એના માથાને અને મૃતદેહની ખોપડીને 'સુપર ઈમ્પોઝ' કરી સરખામણી કરી, તો તે બન્ને એક જ વ્યક્તિના છે તે સાબિત થયું. મૃતદેહના જમણા જડબામાં બે દાંત નહોતા અને તેના ડાબા પગના એક હાડકામાં ફ્રેક્ચર થયેલું હતું જે છેલ્લા એક વર્ષમાં જ સાંધવામાં આવ્યું હતું. પાછળથી ચંદ્રપ્પાની પત્નીને આ વિષે પૂછવામાં આવ્યું તો તેણે એ બન્ને વાત સાચી હોવાનું જણાવ્યું.

એ પછી સુબ્બૈયા વિષે પણ તપાસ ચાલુ કરવામાં આવી તો ઘણી બધી હકીકત બહાર આવી. ચંદ્રપ્પા સંતોષ સદનના ઈ-૨૩ નંબરના મકાનમાં રહેતો હતો. ત્યાં એક દિવસ સુબ્બૈયા આવી પહોંચ્યો. બન્ને વચ્ચે ઓળખાણ, મિત્રતા થઈ. સુબ્બૈયાને ચંદ્રપ્પાની પત્ની માલતી બહુ ગમી ગઈ. માલતી પણ સુબ્બૈયા તરફ ખેંચાણ અનુભવવા લાગી. બંને વચ્ચે જબરદસ્ત પ્રેમનો નાતો બંધાઈ ગયો જે અવૈધ શારીરિક સંબંધમાં પણ ફેરવાઈ ગયો. ચંદ્રપ્પાને દારૂની ભારે લત લાગી ગઈ હતી. માલતીને તે ગમતું નહોતું. આથી બન્ને વચ્ચે ઝઘડા થતા. દારૂના નશામાં તે માલતીને મારી પણ બેસતો.

તે જ વખતે તેના જીવનમાં સુબ્બૈયાનો પ્રવેશ થયો. તેમણે એમના પ્રેમની વાત છૂપી રાખવાનો પ્રયાસ કર્યો. પણ આવી વાત કેટલો વખત છૂપી રહે?

ચંદ્રપ્પાને આની જાણ થઈ એટલે એણે સુબ્બૈયા સાથે મોટો ઝઘડો કર્યો અને એના ઘરે જઈ એની સાથે મારામારી પણ કરી અને માલતી સાથે બોલવા-ચાલવાનું બંધ કરી દેવા કડક શબ્દોમાં સૂચના આપી. જો એમ નહીં કરે તો, જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી. એણે માલતીને પણ સમજાવી. એણે સુબ્બૈયા સાથે સંબંધ તોડી નાખવા વચન આપ્યું. એમ છતાં એનું મન તો સુબ્બૈયામાં જ હતું – બન્નેએ ત્યાંથી ભાગી જવાની પણ યોજના વિચારી જોઈ હતી. પણ ત્યાં તો સુબ્બૈયાએ ૨ સપ્ટેમ્બર ૧૯૬૯ના રોજ ચંદ્રપ્પાને ખૂબ દારૂ પીવડાવી ચપ્પાના ઘા મારી મારી જ નાંખ્યો.

છેવટે પોલીસે 'થર્ડ ડિગ્રી' અજમાવતાં સુબ્બૈયા ભાંગી પડ્યો અને તેણે કબૂલ કર્યું કે ચંદ્રપ્પાનું ખૂન પોતે જ કર્યું હતું અને એની લાશને જસ્મિન ગેટ-૧ની સામે આવેલી પાઈપ લાઈનમાં નાંખી દીધી હતી. સુબ્બૈયાને કસ્ટડીમાં લેવામાં આવ્યો. તેના પર કેસ ચાલ્યો અને તેને મુંબઈની આર્થર રોડ જેલમાં પૂરી દેવામાં આવ્યો. ૫ જુલાઈ ૧૯૭૦ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે સુબ્બૈયા જોરથી બૂમો પાડવા લાગ્યો– 'બચાવો, બચાવો, ના, ના મને મારીશ નહીં. મને માફ કર.' તે જમીન પર આળોટતો હતો. એવું લાગતું હતું કે કોઈ તેને મારી રહ્યું છે. પણ એની કોટડીમાં એના સિવાય કોઈ નહોતું! તેણે કોન્સ્ટેબલને કહ્યું – 'મને બચાવો. ચંદ્રપ્પા મને મારે છે.' એ પછી ૧૩ જુલાઈના રોજ પણ એના પર ચંદ્રપ્પાએ અદૃશ્ય રીતે હુમલા કરી તેને ફટકાર્યો. દસ દિવસ બાદ સુબ્બૈયા જેલમાં મરણ પામેલી હાલતમાં મળી આવ્યો. એના દાંત અને મોઢામાંથી લોહી નીકળતું હતું. એનું હૃદય બંધ પડી ગયું હતું. સ્પષ્ટ છે કે ચંદ્રપ્પા દેવાત્માએ એનું વેર લેવા સુબ્બૈયાને મારી નાંખ્યો હતો!

⌘

**આ સિવાય પણ એવા કારણો જૈન આગમમાં કહ્યા છે, કે જેનાથી જીવ વાણવ્યંતર દેવરૂપે ઉત્પન્ન થાય છે.**

*हत्थच्छिन्नका पायच्छिन्नका कण्णच्छिण्णका*
*नक्कच्छिण्णका उट्ठच्छिन्नका जिब्भच्छिन्नका*
*सीसच्छिन्नका० कालं किच्चा*
*अन्नतरेसु वाणमंतरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति।*

– ઔપપાતિકસૂત્ર ॥૪૪॥

**જેમના હાથ, પગ, કાન, નાક, હોઠ, જીભ, મસ્તક પર છેદન કરવામાં આવ્યું હોય, શરીરમાં આ સ્થાનોમાં પ્રહાર કરવામાં આવ્યા હોય, તે જીવો મરીને અન્યતર વાણવ્યંતર દેવલોકમાં ઉત્પન્ન થાય છે.**

**હવે કહેવાય છે, તે ઘટનામાં આવી જ વાત બની છે.**

# મૃત્યુની આરપાર

# ૫૨

અમેરિકાના શિકાગો શહેરના પોલીસ દફતરમાં એક અજબ પ્રકારનો વિચિત્ર કિસ્સો નોંધાયેલો છે. ૨૧ ફેબ્રુઆરી ૧૯૭૭ની સમી સાંજે શિકાગોના પી. ડી. ડિટેક્ટિવો જો સ્ટેચ્યુલા અને લી ઈપ્લિનને એક ખૂન કેસ માટે બોલાવવામાં આવ્યા. પોલીસ ડિપાર્ટમેન્ટના હોમીસાઈડ વિભાગના એ બન્ને બાહોશ ડિટેક્ટિવો શિકાગોના પરાના ઉત્તર તરફના વિભાગમાં આવેલા બહુમાળી મકાનમાં પહોંચી ગયા જ્યાં એક મહિલાનું ઘાતકી રીતે ખૂન કરવામાં આવ્યું હતું. તેમણે ત્યાં પહોંચીને જોયું તો જીવનની અડધી સદી વીતાવી ચૂકી હોય તેવી એ મહિલાના શરીર પર કોઈ તીક્ષ્ણ હથિયારથી અનેક ઘા ઝીંકવામાં આવ્યા હતા. તે પછી તેના શરીરને પથારીના લિનન



વડે વીંટાળીને તેને સળગાવી દેવાનો પ્રયાસ પણ કરાયો હતો. જો સ્ટેચ્યુલા અને લી ઈપ્લિનના ધ્યાનમાં આવ્યું કે કોઈકે અત્યંત નિર્દયતાપૂર્વક પાગલપનને હદે જઈને એ મહિલાની હત્યા કરી હતી અને અત્યંત હોશિયારીથી પુરાવાઓનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો જેમાં એને સફળતા મળી હતી.

બન્ને ડિટેક્ટિવોએ ઘટનાનો ભોગ બનનાર મહિલા ખૂન વિષે તપાસ શરૂ કરી. તેમને ખબર પડી કે મહિલાનું નામ ટેરેસિટા બાસા (Teresita Basa) છે, જેની ઉંમર ૪૮ વર્ષની છે. તે ફિલિપાઈન્સથી અહીં આવેલી હતી અને શિકાગોમાં ૧૫ વર્ષથી રહેતી હતી. તે એક હોસ્પિટલમાં ચિકિત્સક (થેરેપિસ્ટ) તરીકે કામગીરી બજાવતી હતી અને ખ્યાતનામ તથા લોકપ્રિય હતી. ખૂન એવી રીતે કરવામાં આવ્યું હતું કે ખૂનીએ ક્યાંય કોઈ કડી પાછળ છોડી નહોતી. એપાર્ટમેન્ટની તપાસ દરમિયાન તેમને હાથથી લખાયેલા અ.શ. અક્ષરોવાળો એક કાગળ મળ્યો હતો પણ તેનો શો અર્થ થાય તેની તેમને ખબર નહોતી. કાગળ પર લખાયેલા આ અક્ષરોને ટેરિસિટાના ખૂન સાથે કોઈ સંબંધ છે કે કેમ તે પણ જાણી શકાય તેમ નહોતું. ટેરેસિટાના ખૂનીને પકડવાની બાબતમાં પોલીસતંત્ર નિષ્ફળ રહ્યું. ઉનાળાના મધ્યભાગ સુધીમાં તો તેમણે કેસ પડતો જ મૂકી દીધો હતો.

એક દિવસ તેમના પર શહેરના ઉત્તર તરફના ઈવાનસ્ટનના પોલીસ સ્ટેશનમાંથી એક વિચિત્ર ફોન આવ્યો. તેમાં સ્ટેચ્યુલા અને ઈપ્લિનને પૂછવામાં આવ્યું કે ટેરેસિટા બાસા ખૂન કેસમાં ક્યાંય એલન શોવેરી નામનો ઉલ્લેખ થયો છે ખરો? તેમણે જણાવ્યું કે ના, આ નામનો તો ક્યાંય કોઈ નિર્દેશ થયો નથી. તે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે એમ છતાં તેમણે એક વાર ત્યાં આવીને ડો. જોસ ચુઆ

(Jose Chua) અને તેમની પત્ની રેમિબિઆસ (Remibias) ને મળવું જોઈએ કેમ કે તેમની પાસે આ કેસના વિષયમાં કહેવા માટે કંઈક અગત્યની વાત છે. સ્ટેચ્યુલા અને ઈપ્લિન તેમની વાત સાંભળવા પહોંચી ગયા. તેમણે તેમની દિલધડક વાત રજૂ કરી.

જોસ ચુઆ અને રેમિબિઆસ પણ મૂળભૂત રીતે ફિલિપાઈન્સનાં હતાં અને તે બન્ને પણ ટેરિસિટા જે હોસ્પિટલમાં કામ કરતી હતી તેમાં જ કામ કરી રહ્યાં હતાં. છતાં તેઓ ટેરેસિટાથી પરિચિત નહોતા. તેનું ખૂન થયું તેના પાંચ મહિના પછીના સમય સુધી પણ તેને તેના વિષે ખબર નહોતી. ૧૯૭૭ના જુલાઈ મહિનાની એક રાતે એક વિચિત્ર ઘટના બની ત્યારે તેમને ટેરેસિટા અંગે જાણકારી મળી. ડૉ. ચુઆ તેમની પત્નીના વર્તનથી જરા ચકિત થઈ ગયા. તેમણે જોયું તો તેમની પત્ની તેની ખુરશીમાંથી એકાએક ઊભી થઈ ગઈ અને જાણે 'ટ્રાન્સ'ની સ્થિતિમાં ચાલતી હોય તેમ ઓરડાની બહાર ચાલી ગઈ. ડૉ. ચુઆ તેનો પીછો કરતા તેની પાછળ ગયા. તેમણે જોયું તો તે તેની પથારીમાં પડી હતી અને કંઈક બબડતી હતી. તેનો અવાજ તેનો પોતાનો નહોતો પણ કોઈ અન્ય સ્ત્રીનો અવાજ હોય એવો અવાજ કાઢતી હતી. તેણે કહ્યું કે તે ટેરેસિટાનું પ્રેત છે અને તેણે તેના શરીરમાં પ્રવેશ કર્યો છે. તે તેની જ હોસ્પિટલમાં કામ કરતી હતી અને તેનું ખૂન કરવામાં આવ્યું હતું. તેનું ખૂન કોણે કર્યું તેની કોઈને ખબર નથી પણ તેની જાણકારી આપવા માટે જ તેણે તેના શરીરમાં પ્રવેશ કર્યો છે. ટેરેસિટાએ જણાવ્યું કે તેનું ખૂન તેના હોસ્પિટલના સહકર્મચારી એલન શોવેરી (Allan Showery) નામના માણસે કર્યું હતું.

'મૃત્યુ પામેલી સ્ત્રી'ના અવાજે રેમિબિઆસના શરીરના માધ્યમથી જણાવ્યું કે એલન શોવેરી તેના એપાર્ટમેન્ટમાં આવ્યો હતો અને તેના રત્નો-ઘરેણાંની ચોરી કરતો હતો ત્યારે તેણે તેને જોઈ લેતાં તે એકદમ હિંસક બની ગયો હતો અને તેના શરીર પર ચપ્પાના અનેક ઘા ઝીંકી દીધા હતા. આખી ઘટનાનું યથાર્થ બયાન રજૂ કર્યા પછી રેમિબિઆસ પથારીમાં બેઠી થઈ ગઈ હતી અને પોતાની મૂળ સ્થિતિમાં આવી ગઈ હતી અને તેનો પોતાનો અવાજ પણ પાછો આવી ગયો હતો. હવે તે 'નોર્મલ' રીતે વર્તવા લાગી હતી. તેને સખત તરસ લાગી હતી અને તે ખૂબ પાણી પી ગઈ હતી. મૂળ સ્થિતિમાં પાછા આવ્યા બાદ તેને પોતે શું બોલી અને પોતે શું કર્યું તેની કશી જ ખબર નહોતી. ડૉ જોસ ચુઆએ તેને આ બાબતની જાણકારી આપી. તેણે શું કહ્યું અને કર્યું તે જણાવ્યું. જોકે, હાસ્યાસ્પદ થવાની બીકે તેમણે બીજા કોઈને આવી વાત ન કરી.

થોડા દિવસ બાદ ટેરેસિટાના દેવાત્માએ રેમિબિઆસના શરીરમાં

ફરી પ્રવેશ કર્યો અને તેના ખૂનીને પકડીને યોગ્ય સજા કરાવવા કાકલૂદી કરી. ડો. જોસ ચુઆએ જણાવ્યું કે પોલીસ તેમની વાત કોઈ રીતે માને નહીં. આથી ટેરેસિટાએ જણાવ્યું કે તેની ચોરેલી મોતીની વીંટી એલને તેની ગર્લફ્રેન્ડને આપી દીધી છે. તે વીંટી પરથી તમને પુરાવો મળી રહેશે. આમ છતાં ચુઆ દંપતીની પોલીસ પાસે જવાની હિંમત ન ચાલી. પણ ટેરેસિટા-દેવે તેમને શાંતિથી બેસવા દીધાં નહીં. રેમિબિઆસના શરીરમાં તેણે ત્રીજીવાર પ્રવેશ કર્યો અને કહ્યું કે જ્યાં સુધી તે પોલીસને આ વાત જણાવશે નહીં ત્યાં સુધી તે તેને જંપવા નહીં દે.

છેવટે તેઓએ પોલીસનો સંપર્ક સાધવાનું નક્કી કર્યું. પોલીસ અધિકારીને સઘળી વાત જણાવી. તેમણે સ્ટેચ્યુલા અને ઈપ્લિન સાથે તેમનો ભેટો કરાવ્યો કે જે ટેરેસિટાનો ખૂન કેસ સંભાળી રહ્યા હતા. સ્ટેચ્યુલા અને ઈપ્લિન તેમની વાત માનવા તૈયાર ન થયા પણ તેમના મનમાં એકાએક ઝબકારો થયો. ટેરેસિટાના એપાર્ટમેન્ટમાં જોયેલા અહેવાલમાં ન નોંધાયેલો પેલો કાગળ યાદ આવ્યો, જેના પર માત્ર બે અક્ષરો અ.શ. લખાયેલા હતા. એલન શોવેરી નામના પ્રથમાક્ષરો પણ એ જ થાય ને? તેમને થયું કે એલન શોવેરી પર નજર રાખવામાં શું વાંધો છે? તેમને એલન શોવેરીના ઘરમાંથી ટેરેસિટાના ઘરમાંથી ચોરાયેલાં રત્નો મળી આવ્યાં. તેની ગર્લફ્રેન્ડ પાસેથી ટેરેસિટાની મોતીની વીંટી પણ મળી આવી. પોલીસે થર્ડ ડીગ્રી અજમાવી એટલે ખૂનનું સાધન-ધારદાર ચપ્પુ પણ મળ્યું અને એલને પોતાનો ગુનો પણ કબૂલ કરી લીધો. આમ ટેરેસિટાના દેવાત્માએ રેમિબિઆસના માધ્યમથી એના ખૂનીને પકડાવ્યો અને તેને સજા કરાવી!

⌘

**શસ્ત્રથી મૃત્યુ પામેલ વ્યક્તિ**
**દેવ બની હોય એવી**
**હજી એક ઘટના જોઈએ...**

# સ્ટીવન્સને થયેલો દેવાત્માનો ખોફનાક પરચો!

# ૫૩



લોરેન્સ સ્ટીવન્સને થયેલો એક અનુભવ એ જિંદગીભર ભૂલી શકે તેમ નથી. એમ તો એ પાકા ડીલનો અને કાઠા દિલનો માનવી હતો. પણ જો કોઈ એને ૧૨ જૂન ૧૯૫૩ની રાતે એને થયેલો અનુભવ યાદ દેવડાવે તો એ થથરી ઊઠતો. કોરિયન યુદ્ધ દરમિયાન સિઓલ (Seoul) ખાતે એને રહેવાનું હતું એ વખતે તો આ ઘટના બની હતી.

૧૯૫૩ના વર્ષની જૂન મહિનાની બારમી તારીખ હતી. દિવસે શહેરમાં ગયો ત્યારે સ્ટીવન્સ એક પુસ્તક લેતો આવ્યો હતો જે થોડુંક વાંચવાની તેની ઈચ્છા હતી. તે તેની ઓરડીમાં ગયો અને કેન્વાસથી બનાવાયેલા સાંકડા પલંગ પર પડ્યો. પલંગ

પાસે રાખેલા એક નાનકડા બોક્સ પર પેલું પુસ્તક મૂક્યું, લાઈટ ચાલુ કરી અને સિગારેટ સળગાવી. તેના મગજમાં વિચારો ઊભરાવા લાગ્યા. અચાનક કંઈક અવાજ આવ્યો. તેના વિચારોમાં ભંગ પડ્યો. કોણ આવ્યું હશે તે જોવા તેણે માથું થોડું ઊંચું કર્યું. પહેલાં તો તેને થયું કોઈ તેનો મિત્ર હશે. એ સિવાય બીજું કોણ અહીં આવે? પણ આ તો કોઈ અજાણી જ વ્યક્તિ હતી. તે એક અમેરિકન નૌકાસૈનિક હતો. તેણે પૂરેપૂરો યુદ્ધપોશાક પહેર્યો હતો. એના ખભા પર રાયફલ પણ લટકતી હતી. તેણે તેનો ચહેરો જોવા માટે માથું વધારે ઊંચું કર્યું. તેણે જે જોયું તેનાથી તે એકદમ હબકી જ ગયો. તે સૈનિકના ધડ પર માથું જ નહોતું! તેનું કપાઈ ગયેલું માથું ધડની એક બાજુએ લટકી રહ્યું હતું. તેના ગળામાંથી બેસુમાર લોહી નીકળી રહ્યું હતું. તે લોહી તેના હાથ પર ઊતરીને જમીન પર પડી રહ્યું હતું.

આ દૃશ્ય જોઈને સ્ટીવન્સ એટલો હેબતાઈ ગયો હતો કે તે કશું પણ કરી શકે એવી સ્થિતિમાં જ ન રહ્યો. પેલું કપાયેલા માથાવાળું ધડ ચાલતું ચાલતું આગળ આવ્યું. સ્ટીવન્સે જે બોક્સ પર પુસ્તક મૂક્યું હતું તેના પર તે બેસી ગયું. તેના બેસવાથી પુસ્તકનું મુખપૃષ્ઠ વળી ગયું. સ્ટીવન્સનો જીવ બળી ગયો પણ તે કંઈ જ બોલી શકે તેમ નહોતો. પેલા સૈનિકનું ધડ તેના તરફ જ જોઈ રહ્યું હતું. તેણે પોતાના હાથથી લટકતું



માથું ઉઠાવ્યું અને ધડ પર બેસાડી દીધું. પછી તે લોહી ઝરતો અમેરિકન સૈનિક બોલી ઊઠ્યો : ''ચાઈનીઝ લોકોએ બધે ઘૂસણખોરી કરી છે. ત્રણ મહિના વીતી જાય પછી મને ખુશી થશે.'' સ્ટીવન્સે જોયું તો તેના હાથ પરથી ઝરતું લોહી જમીન પર પડ્યું. તેણે નાસી છૂટવાનો મરણિયો પ્રયાસ કર્યો. તે પલંગ પરથી કૂદ્યો અને અત્યંત ઝડપથી દોડીને બારણાની બહાર નીકળી ગયો.''

સ્ટીવન્સ તેના ગાઢ મિત્ર લિયો બ્રાન્ડેનબર્ગની ઓરડી આગળ અટક્યો. તેના બારણે ટકોરા માર્યા અને અંદર દાખલ થઈ ગયો. તેનો શ્વાસ હેઠો બેઠો એટલે તેણે તેના મિત્રને આખી વાત કહી. તેને હતું કે તેનો મિત્ર તેને હસી કાઢશે. તેની વાતને સપનું કે ભ્રમ કહીને ટાળી દેશે. પણ બ્રાન્ડેનબર્ગે તેના ખભા પર હાથ મૂકી કહ્યું – ''લેરી, તે મને આ વાત કરી તે સારું કર્યું. હું તારી વાતને સોએ સો ટકા માનું છું. આનાથી મારી પણ સમસ્યા હલ થઈ ગઈ છે. હું પણ આ અનુભવમાંથી પસાર થઈ ચૂક્યો છું. તારી જેમ મને પણ એ કપાયેલા માથાવાળો અમેરિકન સૈનિક દેખાયો હતો. હું તને એના વિષે કહેવાનો જ હતો. એ સિઓલનું ભૂત છે. એને આપણી જેમ બીજા ઘણાએ જોયું છે!''

બીજે દિવસે સવારે તે ગાર્ડને સાથે લઈને પોતાની ઓરડીમાં આવ્યો. દિવસના અજવાળામાં બધું બરાબર દેખાશે એમ સમજી તેણે તપાસ આદરી પણ ત્યાં પેલા ઘવાયેલા સૈનિકનું નામોનિશાન નહોતું. સ્ટીવન્સને થયું કે જમીન પર પડેલા લોહીના ડાઘા તો જરૂર દેખાશે. પણ આખી બરાકમાં ક્યાંય લોહીનો ડાઘો નહોતો. પછી તેણે પેલા પુસ્તક તરફ જોયું તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યાં પેલા સૈનિકના બેઠાની નિશાની જળવાયેલી હતી. તે પુસ્તકનું મુખપૃષ્ઠ ગઈકાલે જે રીતે વળી ગયું હતું તે રીતે અત્યારે વળેલું જ હતું!

બીજી આશ્ચર્યની વાત એ બની કે તે સૈનિક-દેવે જે ભવિષ્યવાણી કરી હતી તે ત્રણ મહિના પછી સાચી પડી. સપ્ટેમ્બર ૧૯૫૩માં કોરિયન યુદ્ધનો અંત આવ્યો. જ્યારે તેને આ સમાચાર મળ્યા ત્યારે પેલા સૈનિક-દેવે કહ્યું હતું તેમ ત્રણ મહિના પૂરા થયા હતા.

⌘

**વ્યંતરદેવ થવાનું અન્ય એક કારણ છે - આત્મહત્યા.**

*रज्जुग्गह विसभक्खण जलजलणपवेस तण्हछुहदुहओ ।*
*गिरिसिरपडणाओ मुया सुहभावा हुंति वंतरिया ॥*

**ફાંસો ખાવાથી, ઝેરભક્ષણથી, પાણી કે અગ્નિમાં પ્રવેશ કરવાથી, તરસ-ભૂખના દુઃખથી કે પર્વતના શિખર પરથી પડવાથી જેઓ મરે અને મરતી વખતે તેમને શુભભાવ હોય, તો તેઓ વ્યંતર થાય છે.**

**હવે જોઈએ આવી જ એક ઘટના...**

# લૉર્ડ ક્લાઈવની કરુણ કથની

# ૫૪



જગતમાં કેટલીક ઘટનાઓ એવી બને છે જેનું બૌદ્ધિક સ્પષ્ટીકરણ આપી શકાતું નથી. ખાસ કરીને જ્યારે ઘટના સાથે પારલૌકિક જગતની શક્તિ જોડાયેલી હોય ત્યારે તો આવું ખાસ બને છે. આવી જ એક ઘટના લગભગ પચીસેક વર્ષ પહેલાં પૂર્વ ઈંગ્લેન્ડમાં બની ગઈ. એ સમયે એણે ઈંગ્લેન્ડમાં સારો ઊહાપોહ મચાવ્યો હતો.

પોર્ટસ સાઉથ રોડ ઈશર નામના એક કસ્બા પાસેથી પસાર થાય છે. એ કસ્બાની આજુબાજુ ગાઢ જંગલો ફેલાયેલા છે. એ કસ્બા પાસેનો રસ્તો આ વિચિત્ર ઘટનાઓનું કેન્દ્રસ્થાન છે. એ રસ્તા પરથી કોઈ મોટર કાર નીકળી તો તેનું આવી જ બન્યું સમજવું! એ કોઈ મુસીબતમાં ફસાય નહીં એવું કદી બને જ નહીં! મોટેભાગે તો કોઈ વસ્તુ બંદૂકની ગોળીની જેમ જોરથી આવીને એના કાચ સાથે



અથડાય અને છિદ્ર પાડી દે. આ છિદ્ર એક ઈંચ જેટલું, સ્પષ્ટ અને ગોળ આકારનું એટલું વ્યવસ્થિત હોય કે જાણે કોઈ મિસ્ત્રીએ એના સાધન વડે પાડ્યું ન હોય! એ વસ્તુના અથડાવાથી કાચ ક્યારેય તૂટી ગયો હોય એવું બનતું નથી. આશ્ચર્યની વાત એ છે કે ક્યારેય એ છિદ્ર એક ઈંચથી નાનું કે મોટું પડતું નહીં. કોઈવાર મોટર ચાલતાં ચાલતાં બંધ થઈ જતી, એનો મિકેનિક એનું કારણ શોધવા તનતોડ મહેનત કરતો પણ તેને તે મળતું નહીં. કોઈકવાર મોટરના ટાયરમાં પંક્ચર પડી જતું કે હવા નીકળી જતી, પેટ્રોલ ભરેલું હોય તોય ટાંકી અચાનક જ ખાલી થઈ જતી.

મોટર પર હુમલાના વિષયમાં પોલીસે કડક જાપ્તો ગોઠવી સઘન તપાસ કરી પણ તે કશું જ શોધી શકી નહીં. લગાતાર બનતી આ ઘટનાઓથી ત્રાસીને ઈશર કસ્બાની નગરપાલિકાએ પોલીસની વિરુદ્ધમાં એક લેખિત ફરિયાદ પણ રજૂ કરી. ઘટનાઓ અંગે સંશોધન કરવા ગુપ્તચર ખાતાના અધિકારીઓ, વિજ્ઞાનીઓ, પત્રકારો વગેરે આવ્યા, પણ તેઓ ય આવી સમસ્યાઓનો ભોગ બન્યા. કોઈની મોટર ત્યાંથી હેમખેમ પસાર થઈ હોય એવું બનતું જ નહીં! હા, આ વિષયમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે તેવી એ હતી કે મોટરકાર પર ગમે તેટલા હુમલા થાય, તે વિચિત્ર સ્થિતિનો ભોગ બને તેમ છતાં મોટરકારમાં બેઠેલી કોઈ પણ વ્યક્તિને કોઈ ઈજા થતી નહોતી. સૌથી વધારે અચરજ થતું મોટરકારના કાચ પર પડતા છિદ્રથી. કાચ પર કઈ વસ્તુ અથડાતી તે કોઈને ખબર પડતી નહીં. ન તો એ મોટરની બહારથી મળતી, ન તો અંદરથી મળતી. પથ્થર અથડાય તો કાચના ટુકડા થાય, આવું છિદ્ર ન પડે. અને એવો પથ્થર પણ તો જોઈએ ને!

બીજું, એકસરખું એક ઈંચનું ગોળાકાર છિદ્ર પણ રહસ્યનો વિષય બની રહ્યો.

આ ઘટનાના સંદર્ભમાં કોઈકે એવું અનુમાન કર્યું કે ત્યાં કેટલાક વિજ્ઞાનીઓ ખાસ પ્રકારના કિરણો પર પ્રાયોગિક સંશોધનો કરી રહ્યા છે. એ કિરણો છટકીને કાચમાં આવો છેદ કરી દેતા હશે. આ વિષે વિજ્ઞાનીઓને પૂછવામાં આવ્યું તો તેમણે જણાવ્યું કે આવો કોઈ પ્રયોગ તે જગ્યાએ ચાલી રહ્યો નથી. કોઈ એકલદોકલ વિજ્ઞાની ખાનગીમાં પણ આવો પ્રયોગ કરતો નથી તેની તપાસ કરાવાઈ. બીજું, મોટરના કાચમાં છેદ પાડવા સિવાય બીજી રહસ્યમય ઘટનાઓ પણ બનતી હતી તેનું શું?

કેટલાક જાણકારોએ આના સંબંધમાં એક બીજી જ વાત કરી. ક્લેયર માઉન્ટ સ્ટેટનો ઈશર કસ્બો પાસેનો પોર્ટસ સાઉથ રોડ પ્રેતાત્માથી અભિશાપિત છે એટલે આવું બને છે. લોર્ડ ક્લાઈવ એક બ્રિટિશ કંપની તરફથી હિન્દુસ્તાન ગયો હતો. ત્યાં તેણે કૂડકપટ અને કાવાદાવા કરીને અનીતિથી ખૂબ પૈસો ભેગો કર્યો. પછી એ ધન ઈંગ્લેન્ડ લાવી ક્લેયર માઉન્ટનો વિસ્તાર ખરીદી લીધો. ત્યાં રાજાશાહી ઢબનો મહેલ જેવો આવાસ બનાવ્યો. તે વિલાસી અને લંપટ હતો એટલું જ નહીં, સ્વભાવથી પણ ક્રૂર અને દુષ્ટ હતો. એની પાસે પૈસો હતો એટલે પૈસાભૂખ્યા માણસો એની આસપાસ ચક્કર મારતા પણ એના ખરાબ સ્વભાવને કારણે એ બધા એનાથી દૂર ભાગી જતા. સગાં-સંબંધી તો એની પાસે ફરકતાં જ નહીં. પછી તે એકલો પડી ગયો અને માનસિક રીતે ભાંગી પડ્યો. એનાં દુષ્કર્મોને યાદ કરીને પસ્તાવા લાગ્યો. ઘણીવાર તે એકલો એકલો બબડ્યા કરતો. ધીમે ધીમે તે તેની માનસિક સમતુલા ગુમાવવા માંડ્યો અને અર્ધવિક્ષિપ્ત દશામાં ગાંડાની જેમ ભટકતો રહેતો. એક વાર એક મોટર તેની એટલી નજીક આવી ગઈ કે તે ગભરાઈ ગયો. પછી તો મોટરના અવાજથી તે ચિઢાઈ જતો. પછી તો એના મગજમાં એવો વહેમ બેસી ગયો કે એ મોટરોની આવનજાવનથી એનાં સુખ-શાંતિ હરાઈ જાય છે એટલે તેણે તેના ઘરથી બાર માઈલ દૂર બીજી સડક પરથી વાહનોની યાતાયાત થાય એવી ગોઠવણ કરાવી. થોડા વખત પછી એની માનસિક હાલત વધારે ખરાબ થઈ ગઈ. એકલવાયા જીવનની હતાશાની પરાકાષ્ઠામાં તેણે આત્મહત્યા કરી પોતાના જીવનનો અંત લાવી દીધો. રખડતા કૂતરાની જેમ તેને ત્યાં જ ક્યાંક દાટી દેવામાં આવ્યો.

ક્લાઈવના મરણ બાદ પેલો બંધ કરી દેવાયેલો રસ્તો ફરી ચાલુ કરાયો. બસ ત્યારથી જ પેલી મોટરો પર હુમલા થવાની ઘટનાઓ શરૂ થઈ હતી. ક્લાઈવના દેવાત્માને તેના ભૂતપૂર્વ ઘર પાસેથી મોટર પસાર થાય એ પસંદ ન હતું. એણે ભૂતકાળમાં બનાવેલા આ નિયમને લોકો તોડી રહ્યા છે એ જોઈને એનો દેવાત્મા મોટરો તરફ પોતાનો ધિક્કાર દર્શાવતો હતો.

⌘

ફરીથી યાદ કરાવી લઉં કે આત્મહત્યા જેવા પ્રયાસ દ્વારા વ્યંતર થવા જેવું નથી. દેવલોકમાં સુખ છે, એવું આપણે માનતા હોઈએ તો એ પણ એક ભ્રમ છે. ઊંચા દેવલોકોમાં ય સુખ-શાંતિ મળતી નથી.

*मदमोहविषादमत्सर-ज्वरबाधाविधुराः सुरा अपि ।*
*विषमिश्रितपायसान्नवत्, सुखमेतेष्वपि नैति रम्यताम् ॥*

– અધ્યાત્મસાર

દેવો પણ મદ, મોહ, વિષાદ અને મત્સરરૂપી તાવથી દુઃખી છે. દૂધપાકમાં ઝેર નાખ્યું હોય, તેવી તેમના સુખની દશા છે, તેના સુખમાં'ય સૌંદર્ય નથી.

તો હવે જોઈએ દેવોનો મદ, મોહ, વિષાદ અને મત્સર.

# ચીંસો પાડતી ખોપરીઓનું રહસ્ય

## ૫૫



અમેરિકા અને ઈંગ્લેન્ડનાં કેટલાક કુટુંબોમાં એવી ખોપરીઓ છે જે ભૂતિયા છે. આ ખોપરીઓને એમની જગ્યાએથી હટાવવાના ઘણા પ્રયત્નો કરાયા છે પણ એમાં સફળતા મળી નથી. જ્યારે પણ એવા પ્રયત્નો કરાયા છે ત્યારે ખોપરીઓ ચીસો પાડવા લાગે છે!

ક્વિન એનનો પ્રાચીન મહેલ ભૂતિયા ખોપરી માટે જાણીતો છે. આ કિલ્લો ઈંગ્લેન્ડના દક્ષિણીય ભાગમાં ડોરસેટશાયરના બ્રેડવિન્સર લેમિરેજીસની વચ્ચે છે. પહેલાં આ મહેલ માર્શવુડ વિલા તરીકે ઓળખાતો હતો. પણ અત્યારે આ ચીસો પાડતી ખોપરીનાં ઘર (House of Screaming Skull) તરીકે ઓળખાય છે. અહીંથી



ખોપરીને જ્યારે પણ હટાવવાનો પ્રયાસ કરાયો છે ત્યારે એ ચીસો પાડતી જોવામાં આવી છે. ૧૮૭૨માં જાણીતા જ્યુરીના સભ્ય અને હાઈકોર્ટના જજ જે.એસ. ઉડાલે જણાવ્યું હતું કે એ ખોપરીને બેટિસ્કોમ્બના મહેલમાં રાખવામાં આવી હતી. કોઈ પણ માણસ એને એની જગ્યાએથી ખસેડવાનો પ્રયત્ન કરે તો તે ચીસો પાડતી એટલું જ નહીં, એ માણસ એક વર્ષમાં જ મરણ પામતો.

બેટિસ્કોમ્બ મહેલનો માલિક અઝારિઆહ પિન્નેય જજ જેફ્રી વડે કોઈ ગુનાની સજા તરીકે વેસ્ટ ઈન્ડિઝ દેશનિકાલ કરાયો હતો. અઝારિઆહનો પૌત્ર જેમ્સ પિન્નેય એની સાથે એક નિગ્રો ગુલામને લેતો આવ્યો હતો જેનું નામ બેટિસ્કોમ્બ હતું. બીમારીને કારણે તેનું મરણ થયું તે પહેલાં તેણે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેને મરણ બાદ તેની માતૃભૂમિ વેસ્ટ ઈન્ડિઝમાં દાટવામાં આવે. પિન્નેયના નોકરોએ બેટિસ્કોમ્બની ઈચ્છા તરફ કોઈ ધ્યાન ન આપ્યું અને તેને ગ્રેટ બ્રિટનમાં દાટવામાં આવ્યો. એ પછી એ વિસ્તારમાં વિચિત્ર ઘટનાઓ બનવા લાગી. જેમ્સ પિન્નેયનું ઘર હાલવા માંડ્યું. પિન્નેયના ખેતરોમાં ઘાસ રાત્રિ દરમિયાન સુકાઈ જતું. પશુઓ ટપોટપ મરવા લાગ્યાં, અને બધી દિશાઓમાંથી ચીસો સંભળાતી.

જેમ્સ પિન્નેયે એક પાદરીને બોલાવ્યા જેથી આ ઉપદ્રવને શાંત કરી શકાય. પાદરીએ જણાવ્યું કે બેટિસ્કોમ્બના મડદાને બહાર કાઢવામાં આવે. તેની વિધિ કરાવામાં આવે અને તેની ખોપરીને સાચવી રાખવામાં આવે, જેથી તેની ઈચ્છા મુજબ તેને વેસ્ટ ઈન્ડિઝ મોકલી ત્યાં દાટવામાં આવે. એવું કહેવાય છે કે ઈ.સ. ૧૯૧૪માં આ ખોપરીમાંથી લોહી ટપકવા લાગ્યું હતું. એનું કારણ કોઈ શોધી ન શક્યું.





ફ્રેન્ચ જર્નાલિસ્ટ એ. જે. પુએ પાસે સત્તરમી સદીની એક ખોપરી હતી. લોકો એ ખોપરીને ફર્ડિનાન્ડ તરીકે બોલાવતા. પુએ કુટુંબ અમેરિકાના લુઈસિઆના વિસ્તારમાં રહેતું હતું. પુએ કુટુંબના લોકો કહેતા હતા કે આ ખોપરીને એની જગ્યાએથી ખસેડવાનો પ્રયત્ન કરતા ત્યારે ખોપરી ચીસો પાડવા માંડતી. એ. જે. પુએ એના મરણ પૂર્વે ૧૯૭૧માં રાતના સમયે આ ખોપરીને રડતી પણ સાંભળી હતી. પુએએ વિચાર્યું કે તેનાં માતા-પિતામાંથી કોઈનું મરણ થવાનું હશે એથી એ ખોપરી રડી રહી છે. એને ખ્યાલ ન આવ્યો કે એ ખોપરી એના જ મરણનો વિચાર કરીને રડી રહી હતી!

યોર્કશાયરનો બર્ટન એગ્નિસ હોલ ક્વિન એલિઝાબેથ પહેલીના સમયના સ્થાપત્યનો સુંદર નમૂનો છે. એ હેનરી ગ્રિફિથના નિરીક્ષણ હેઠળ ૧૫૯૮માં બનાવાયો હતો. એની દીકરી એનને એ જગ્યા ખૂબ જ પ્રિય હતી. તેણે ઈચ્છા વ્યક્ત કરી હતી કે એના મરણ બાદ તેના માથાને તેના પિતાના ઘરમાં જ રાખવામાં આવે! પણ આવી રાક્ષસી ઈચ્છાને કોણ પૂરી કરે? એનું મરણ થયું પછી તેના મૃતદેહને સામાન્ય રિવાજ પ્રમાણે દાટવામાં આવ્યો. એ પછી તરત લોકોને રાતના સમયે મોટી ચીસો સંભળાતી, જુદા જુદા અવાજો સંભળાતા.

એનનું ભૂત પણ એ વિસ્તારમાં ભટકતું જોવામાં આવ્યું હતું. જાણકારોને પૂછ્યું તો તેમણે એનની ઈચ્છાને પૂરી કરવાની સલાહ આપી. આથી એની ઈચ્છા પૂરી કરવામાં આવી. એની ખોપરીને એના ઘરની અંદર જ રાખવામાં આવી. એ પછી એનું ભટકતું ભૂત ભાગ્યે જ કોઈના જોવામાં આવ્યું. જો કોઈ એની ખોપરીને દૂર કરવાનો પ્રયત્ન કરે તો તે ચીસો પાડતી.

ઈ.સ. ૧૬૪૧માં કોઈ કાવતરાની સજા રૂપે કેથોલિક પાદરી ફાધર એમ્બ્રોસનો શિરચ્છેદ કરાયો હતો. એમનું માથું માન્ચેસ્ટર ચર્ચના ઘુમ્મટ પર મૂકવામાં આવ્યું હતું જેથી બીજા એવું કામ કરતાં ગભરાય અને ચેતી જાય. પછી લિસેસ્ટરશાયરના કેથોલિક કુટુંબ દ્વારા આ માથું વોર્ડલી હોલ નામના મકાનમાં લઈ જવાયું. આ માથું પૂરા આદર સાથે દાદરાના

પગથિયા પાસે એક ટેબલ પર મૂકવામાં આવ્યું. એને કોઈ ખસેડવાનો પ્રયાસ કરે તો તે પણ ચીસો પાડતું હતું. એટલું જ નહીં એ વખત ઠંડો પવન ફૂંકાવા લાગતો અને ઘરની વસ્તુઓ હવામાં ઊછળવા લાગતી. ઘણી વાર તો ફાધર એમ્બ્રોસની પડછાયા જેવી આકૃતિ ઘરમાં ફરતી જોવા મળતી. પછી કોઈએ એ ખોપરી હટાવવાનો પ્રયાસ ન કર્યો. ઈ.સ. ૧૬૭૦થી માંડીને સમરસેટના ચિલ્ટન કેન્ટેલોના ફાર્મહાઉસમાં એક ખોપરી રાખવામાં આવી છે. થિયોફિલિસ બ્રૂમ નામના ખેડૂતે એવી ઈચ્છા રાખેલી કે એની ખોપરીને એવી જગ્યાએ રાખવામાં આવે કે સમરસેટ આવનાર દરેક વ્યક્તિ સહેલાઈથી એને જોઈ શકે. બ્રૂમની ઈચ્છા પ્રમાણે તેની ખોપરીને ફાર્મ હાઉસમાં જ રાખવામાં આવી. પાછળથી જ્યારે પણ એને ત્યાંથી ખસેડવાના પ્રયાસો થયા ત્યારે ભૂતિયા ઉપદ્રવો થવા માંડતા. એની ખોપરીને પાછી ત્યાં મૂકી જ દેવી પડતી. પછી એ ઉપદ્રવો શાંત થઈ જતા. ઈજિપ્ત, આફ્રિકા અને અરેબિયામાં પણ ખોપરી સાથે સંબંધિત આવી ઘણી ઘટનાઓ બની છે.

આ તબક્કે પ્રશ્ન થાય કે મૃત વ્યક્તિની ખોપરી ચીસો કેવી રીતે પાડી શકે? ભૌતિક જગતની દૃષ્ટિએ આ શક્ય નથી. પણ વાસ્તવિકતા એ છે કે એ ખોપરી જે મૃત વ્યક્તિની હોય તે દેવાત્મા પોતાના વિષે કે પોતાની જગ્યા વિષે આસક્તિ ધરાવતો હોય તો એને ત્યાં રહેવાનું ગમતું હોય છે. માથું એ અહંકારનું પ્રતીક છે અને માથાના અવશેષ રૂપે-ખોપરી રૂપે તે પોતે ત્યાં રહે છે એવો સંતોષ અનુભવે છે. જો કોઈ એમને ખસેડવાનો પ્રયાસ કરે તો એ અદૃશ્ય ભૂતિયા શરીરથી ચીસ પાડી ઊઠે છે. આમ એ ચીસ નિર્જીવ ખોપરીની નહીં પણ એ ખોપરી જે મૃત વ્યક્તિની હોય એના દેવાત્માની હોય છે.

⌘

**દેવોને વિશિષ્ટ રીતે કોઈ દોષ સતાવતો હોય, તો એ છે લોભ.**

*देवाण समहिओ लोहो ।*

– પુષ્પમાલા ।।૨૮૯।।

**મનુષ્ય વગેરે કરતાં દેવોને વધુ લોભ હોય છે. હવે જે ઘટના કહેવાય છે, તેનું રહસ્ય દેવના લોભ સિવાય બીજું કશું જ નથી.**

# લોભના ખપ્પરમાં

## ૫૬




જેની કિંમત લગભગ ૨ મિલિયન ડૉલર જેટલી અંકાય છે એવો એક ખજાનો ટ્રિપોલીના અખાત પાસે કોઈ જગ્યાએ દટાયેલો પડ્યો છે. ૧૯૬૯માં એને અજ્ઞાત જગ્યાએ દાટી દેનાર શ્રીમતી બોર્નહોમ માને છે કે એ ખજાનો કોઈના હાથમાં આવે નહીં એ જરૂરી છે. લિબિયાના કિનારે આવેલા ટ્રિપોલી પાસેના એક ગામમાં એ રહેવો જોઈએ અને તે પણ કોઈથી વપરાયા વિના! નહીંતર એ મોતનું ઉઘાડું દ્વાર બની જાય તેમ છે. આનું મૂળ પહોંચે છે બે સદી પહેલાંના ટ્રિપોલી બંદર ખાતે ત્રાસ વર્તાવતા દરિયાઈ ચાંચિયા અહમદ મુસાક સુધી. આ આરબ દરિયાઈ લૂંટારાએ ટ્રિપોલીની આસપાસના પંથકમાં યુરોપિયન વેપારીઓને લૂંટી પુષ્કળ સંપત્તિ ભેગી કરી હતી. લૂંટ, ખૂન અને

અત્યાચાર કરવામાં એણે કોઈ કમી રહેવા દીધી નહોતી. છેવટે ઈટાલીના વેનિસ અને જિનિવાના સત્તાધીશોએ પરદેશથી ભાડૂતી સિપાહીઓને બોલાવી તેનો સામનો કરવા અને અંત લાવવાની યોજના ઘડી.

પરદેશથી આવેલા બહાદુર સિપાહીઓએ અહમદના ઘરમાં છાપો માર્યો અને તેને ઝડપ્યો ત્યારે તે સુવર્ણના કીમતી આભૂષણો અને અપાર રત્નોથી ભરેલી પેટીઓથી ઘેરાયેલો હતો. અહમદને જેર કરવા માટે આવેલા એ સિપાહીઓ બોલી ઊઠ્યા – ''વાહ, તારો ખજાનો કેટલો સુંદર છે. પણ અફસોસ! એ ખજાનો હવે તારો નહીં રહે!'' અહમદ દુઃખભર્યા ચિત્કાર સાથે મોટેથી બરાડી ઊઠ્યો – ''તમારામાંથી કોઈ આ ખજાનો ક્યારેય મેળવી નહીં શકે. કદાચ, કોઈ લઈ જશે તો ય તે તેને ભોગવવા જીવતો નહીં રહે. મોતના અંધારામાંથી પણ મારો આત્મા પાછો આવશે અને એને પણ મોતની ખીણમાં નાખી દેશે! જે એને અડ્યો એ મર્યો જ સમજજો. આ ખજાનો મારો છે અને હંમેશાં મારો જ રહેશે... મારા મરણ બાદ પણ...''

પેલા સિપાહીઓ તેની વાત સાંભળી હસવા લાગ્યા. આટલા બધા સિપાહીઓના એકસામટા હુમલા સામે અહમદ વધુ સમય ઝઝૂમી ન શક્યો. પેલા સિપાહીઓએ તેને મારી નાંખ્યો. ભાડૂતી સિપાહીઓને તો તેમના મહેનતાણાની નજીવી રકમ આપી વિદાય કરવામાં આવ્યા. જિનિવાના એડમિરલ ડીથ એલિઝિઓએ એ આખો ખજાનો પોતાના કબજામાં રાખી દીધો. બે દિવસ બાદ એક જહાજમાં તેને ઠસોઠસ ભરી તે ત્યાંથી રવાના થઈ ગયો. ભૂમધ્ય સમુદ્રમાં એ જહાજે થોડું અંતર કાપ્યું હશે ત્યાં જ એડમિરલ ડીથ એલિવિઝિઓ વિચિત્ર રીતે વર્તવા લાગ્યો. તે ડેક પર એ રીતે ચાલતો હતો કે જાણે કોઈ શત્રુથી પીછો છોડાવવાનો પ્રયત્ન ન કરતો હોય! કેટલાક ખારવાઓએ તો તેને હવામાં ખાલી ખાલી તલવાર વીંઝતા જોયો હતો. તે તેના મોઢામાંથી ગાળોનો વરસાદ વરસાવતો અને બબડતો હતો. ''નરકના રાક્ષસ, તું અહીંથી જતો રહે. તું મારી જ પાછળ કેમ પડ્યો છે? તારું ધન મારે નથી જોઈતું... મને છોડ.''



આ દરિયાઈ મુસાફરીના આઠમા દિવસે એડમિરલ ડીથ એલિઝિઓ ડેક પર બેચેનીપૂર્વક, ગાંડાની જેમ આંટા મારી રહ્યો હતો. એનું આ વિચિત્ર વર્તન ઘણા અધિકારીઓમાં કુતૂહલ પેદા કરી રહ્યું હતું. ત્યાં જ એકાએક એક રહસ્યમય ઘટના બની. એડમિરલ એલિઝિઓ હવામાં અદ્ધર થયો અને રેલ પરથી ઊછળી દરિયામાં પટકાયો. તેને બચાવવા માટેના પ્રયાસો પણ વ્યર્થ ફાંફા મારવા જેવા સાબિત થયા. કેટલાકનું માનવું હતું કે પેલા આરબ લૂંટારાના દેવાત્માએ જ એડમિરલને મારી નાંખ્યો હતો.

જિનિવાના સિટી કાઉન્સેલર ફ્રાન્સિસ્કો લિઓનેલીને શહેરની સરકાર તરફથી ખજાનાની રખેવાળીનું કામ સોંપાયું. પરિણામ એ આવ્યું કે લિઓનેલીએ આપઘાત કરી તેના જીવનનો અંત આણી દીધો. તેણે તેનું કારણ દર્શાવતાં મૃત્યુ સમયે લખેલી ચિઠ્ઠીમાં જણાવ્યું હતું કે કોઈ દુષ્ટ આત્મા તેને મરી જવાની પ્રેરણા આપ્યા કરે છે, જેના પ્રભાવથી બચવું તેના માટે શક્ય નથી. લિઓનેલાના મૃત્યુ પછી સરકાર તરફથી ખજાનાની રખેવાળી માટે અન્ય ચાર માણસો નિયુક્ત કરાયા. તેમાંના એક માણસે એ ખજાનાથી દૂર રહેવામાં જ પોતાનું હિત છે એમ સમજી એ કામગીરી ન સ્વીકારી. બાકીના ત્રણે તે જવાબદારી સ્વીકારી. માત્ર એક જ મહિનાના ગાળામાં એ ત્રણેએ વારાફરતી આત્મહત્યા કરી પોતાની જિંદગીનો અંત આણ્યો! જ્યારે એ ખજાનાથી દૂર રહેનાર પેલો માણસ બીજાં ૨૮ વર્ષ વધુ જીવ્યો.

૧૭૬૯માં જિનિવામાં દુકાળ પડ્યો. લિબિયાના બેન્ગેઝીમાં રહેતા એક દરિયાઈ વેપારી પાસેથી ઘઉં અને તેલ આયાત કરવાનું નક્કી કરાયું. એ માટે પેલો વેપારી વધુ કિંમત માગતો હતો. પણ તે ખરીદ્યા વગર છૂટકો નહોતો. શહેરમાં ભૂખમરાની કટોકટી હતી. છેવટે એવું નક્કી કરાયું કે આરબ ચાંચિયા સરદારના ખજાનાના બદલામાં એ અનાજ અને કરિયાણાની વસ્તુઓ ખરીદવી. આ માટેનો સોદો પણ થઈ ગયો. એક જહાજમાં ભરીને એહમદનો ખજાનો મોકલવામાં આવી રહ્યો હતો. જહાજ ટ્રિપોલીથી થોડે દૂર પહોંચ્યું નહીં હોય ત્યાં જ એના કમાંડર વિઠ્ઠીના મગજમાં એક પાગલપન પ્રવેશ્યું. તેણે જહાજમાં એક જગ્યાએ રાખેલા દારૂગોળામાં આગ લગાડી. જહાજમાં ચોમેર આગ પ્રસરી ગઈ. તે ધડાકા સાથે તૂટી ગયું અને દરિયામાં ડૂબી ગયું.

અહમદ મુસાફનો ખજાનો લગભગ બે સદી સુધી એમ ને એમ દરિયામાં જળ-સમાધિ લીધેલા જહાજમાં પડી રહ્યો. ઈ.સ. ૧૯૬૮માં સ્વીડનના સાહસવીર સ્પેન બોર્નહોમના ધ્યાનમાં આ વાત આવી. લગભગ બે સદીથી અહીં ખજાનો દટાયેલો પડ્યો છે એ જાણી તે રોમાંચિત થઈ ઊઠ્યો. તેણે આધુનિક સાધનોનો ઉપયોગ કરીને



એ ખજાનો બહાર કાઢવામાં પ્રબંધ કર્યો. લિબિયાના કાઠે ગલ્ફ ઓફ સિદરા (Gulf of Sider) ના તળિયે પડેલા બે મિલિયન ડોલરના ખજાનાને બહાર કાઢ્યો. પણ એ પછી એના વર્તનમાં પણ વિચિત્ર પરિવર્તન આવ્યું. તેને એવું લાગ્યું કે કોઈ એના મગજમાં ઘૂસી ગયું છે ને તેને પોતાની જાતનો અંત લાવવા ફરમાન કરી રહ્યું છે. શ્રીમાન બોર્નહોમ પેરિસ જવા નીકળવાના હતા તેના બે દિવસ પહેલાં પેલા અવાજે કહ્યું કે તેમણે હવે તેની પાસે મોતની અંધારી દુનિયામાં આવવાનો સમય થઈ ગયો છે. તે તેમને એકલાને ખજાના સાથે પેરિસ જવા દેશે નહીં. જાણે કોઈ અદૃશ્ય હાથથી ધકેલાતા હોય તેમ બોર્નહોમ પથ્થરની પાળી તરફ ચાલવા લાગ્યા. શ્રીમતી બોર્નહોમે તેમને આગળ વધતા અટકાવવાનો પ્રયત્ન કર્યો તો તેમણે તેમના ચહેરા પર નિર્દયતાપૂર્વક પ્રહારો કરી તેમને ધક્કો મારી પાડી દીધાં. શ્રીમતી બોર્નહોમ ઊભા થઈને કંઈ કરે તે પહેલાં તો શ્રી બોર્નહોમ અગાસીની પાળી પાસે પહોંચી ગયા અને તેના પર ચઢી નીચે ઝંપલાવી દીધું. પથ્થરના રસ્તા પર પડતાંની સાથે બોર્નહોમે પોતાના પ્રાણ ગુમાવી દીધા. શ્રીમતી બોર્નહોમને ખ્યાલમાં આવી ગયું કે આ બધું પેલા દેવાધિષ્ઠિત ખજાનાને લીધે જ થયું હતું. તે ઈચ્છતાં હતાં કે ફરી કોઈ વ્યક્તિ તેમના પતિની જેમ તેનો ભોગ ન બને. એટલે તેમણે એ ખજાનો બિલિયાના કિનારે આવેલા ટ્રિપોલીના અખાત પાસે આવેલા અહમદ મુસાકના ગામમાં કોઈને ખબર ન પડે તે રીતે ગુપ્ત રીતે દટાવી દીધો. એ ખજાનો ક્યાં દાટ્યો છે તે વિષે ભારે ગુપ્તતા જાળવી હતી. Beyond મેગેઝિનના ૧૯૬૯ના એપ્રિલ મહિનાના અંકમાં શ્રીમતી બોર્નહોમે આ ઘટના વિષે પોતાના પ્રત્યાઘાતો આપ્યા હતા. આમ, આરબ ચાંચિયા અહદમ મુસાકના મરણ વખતના શબ્દો સાચા પડ્યા. એનો ખજાનો કેવળ એનો જ બનીને વપરાયા વગર પડી રહ્યો છે. એ ક્યાં દટાયેલો પડ્યો છે એની કોઈને ખબર નથી એ જ સારું છે.

⌘

સંજ્ઞા એ અનાદિકાલીન અશુભ સંસ્કાર છે. વિશ્વના મોટા ભાગના જીવો આ સંસ્કારોના બંધનથી બંધાયેલા છે. સંજ્ઞા ચાર પ્રકારની છે.

(૧) આહારસંજ્ઞા (૨) ભયસંજ્ઞા (૩) મૈથુનસંજ્ઞા (૪) પરિગ્રહસંજ્ઞા. ચારે ગતિમાં આ ચારે સંજ્ઞા હોય છે. પણ પ્રત્યેક ગતિમાં અમુક સંજ્ઞા અધિક પ્રમાણમાં હોય છે.

*मेहुण-आहार-मुच्छ-भयसन्ना ।*
*सा भवे कमेणऽहिया मणुस्स-*
*तिरि - अमर - निरयाणं ॥*

– પુષ્પમાલા ॥૨૯૦॥

મનુષ્યોને મૈથુનસંજ્ઞા વધારે હોય છે, તિર્યંચોને આહારસંજ્ઞા વધારે હોય છે. દેવોને મૂર્છા-પરિગ્રહસંજ્ઞા વધારે હોય છે. નારકોને ભયસંજ્ઞા વધારે હોય છે. હવે આપણે જોઈશું... દેવોની પરિગ્રહસંજ્ઞાનો એક નમૂનો.

# મુસોલિનીના દેવાત્માએ અનેકને મોતના મુખમાં ધકેલ્યા!

# ૫૭



બીજું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે ઈટાલીનો સરમુખત્યાર મુસોલિની નાઝીવાદની હાર સાથે પોતાના દેશમાં ઉદ્‌ભવેલી ક્રાંતિના પરિણામ રૂપે પોતાનો જીવ બચાવવા નાસી છૂટ્યો. તે તેની પ્રિયતમા ક્લેરા પેટસી સાથે એક ટ્રકમાં મિલાનથી સ્વિટ્ઝરલેન્ડ તરફ જઈ રહ્યો હતો. આ બાબત એટલી ગુપ્ત રાખવામાં આવી હતી કે કોઈને એની સહેજ પણ જાણ ન હતી. અબજો રૂપિયાની સંપત્તિ, સોનાના દંડ, હીરા, ઝવેરાત, વિદેશી નાણું વગેરે લઈને તે જતો હતો. આની કિંમત અબજો ડોલરથી પણ વધુ હતી. પણ એની પલાયનની યોજના પાર ન પડી. તેણે છદ્મવેશ ધારણ કર્યો હતો તોય તે છૂપો ન રહી શક્યો. સામ્યવાદી વિચારસરણીને અનુસરનારાએ એને પકડી

લીધો અને અંધાધૂંધ ગોળીબાર કરીને તેને મારી નાંખ્યો. બન્નેના મૃતદેહોને જાહેર પ્રદર્શન માટે મૂકવામાં આવ્યા. એ સંપત્તિ પર કોમ્યુનિસ્ટ હુમલાખોરોએ કબજો મેળવી લીધો. એ દરમિયાન થોડી લૂંટફાટ પણ થઈ.

કબજે કરાયેલી એ વિપુલ સંપત્તિ રહસ્યમય રીતે ગુમ થઈ ગઈ! ગુપ્તચર વિભાગે એને શોધવા આકાશપાતાળ એક કરી દીધાં પણ તે ન જ મળી શકી. આટલો મોટો જથ્થો છુપાવી રાખવો એ કોઈના માટે શક્ય ન હતું પણ એ સંપત્તિની કોઈને પણ ભાળ ન મળી. ઊલટું એને કબજે કરવા માટે એની સાથે જે કોઈ સંકળાયેલા હતા તે અને એને શોધવા માટે જેણે બીડું ઉઠાવ્યું તે બધા લગભગ ૭૫ જેટલા માણસોએ વારાફરતી અલગ અલગ રીતે પોતાના પ્રાણ ગુમાવ્યા. મુસોલિનીને પકડવા માટે ગુપ્તચર વિભાગની જે બે સુંદરીઓએ સક્રિય ભાગ ભજવ્યો હતો એ તો બહુ જ ખરાબ રીતે મરણ પામી. એમનું મરણ કેવી રીતે થયું એનો ભેદ કોઈ ઉકેલી ન શક્યું. મુસોલિનીને લઈને ગોરેવી નામનો જે ટ્રક ડ્રાઈવર જઈ રહ્યો હતો એણે એ ખજાનામાંથી થોડું ધન ચોરીછૂપીથી ઉઠાવી લીધું એનું પણ રહસ્યમય રીતે મરણ થયું. એની લાશ રસ્તા પરથી મળી આવી. જેના પર કોઈએ હિંસક હુમલો કરી એને નિર્દય રીતે મારી નાંખ્યો હતો. આશ્ચર્યની વાત તો એ હતી કે એના હાથમાં મુસોલિનીનો ફોટો હતો. મુસોલિનીનો દેવાત્મા જાણે એમ કહેવા માંગતો હતો કે એની હત્યા મેં કરી છે.

મુસોલિનીને પકડવા માટે કે એના ખજાનામાંથી કશું પણ લેવા માટે પ્રયાસ કર્યો એ બધા ૭૫ જેટલા માણસો એક પછી એક મરણ પામી રહ્યા હતા ત્યારે એક વિચિત્ર બાબત બનતી. મરણ પૂર્વે તેમને મુસોલિનીનો અવાજ સંભળાતો... ''તમે મને મરાવી નાંખ્યો છે, મારી સંપત્તિ ઉઠાવી છે... હવે તમે જીવી નહીં શકો.'' તેમના ઉપર સતત આતંક છવાયેલો રહેતો અને પછી તેમનું રહસ્યમય રીતે મૃત્યુ થઈ જતું. જે ઝરણા પાસે કોમ્યુનિસ્ટોએ મુસોલિનીને માર્યો હતો, એનો ખજાનો કબજે કર્યો હતો અને એ ગુમ થઈ ગયો હતો ત્યાં એને શોધવા જે માણસ નીકળ્યો ત્યારે તેને પણ નિષ્ફળતા મળી. પછી એની લાશ સ્નાનાગારમાંથી મળી આવી, જેનું માત્ર ધડ જ હયાત હતું, માથું ગાયબ હતું! એની લાશ પાસે એક કાગળ પડેલો હતો જેના પર લખાયેલું હતું 'મુસોલિનીનું શરીર મરી ગયું, પરંતુ એનો આત્મા વેર વાળવા માટે મોજૂદ છે.' હસ્તાક્ષરવિદોએ એ હસ્તાક્ષરને મુસોલિનીના હસ્તાક્ષર સાથે સરખાવ્યા તો તે દંગ રહી ગયા કેમ કે તે મુસોલિનીના હસ્તાક્ષરને બિલકુલ મળતા આવતા હતા. એટલા બધા કે એ મુસોલિનીના જ હસ્તાક્ષર છે એમ માનવું પડે.

એ પછી વરિષ્ઠ ગુપ્તચર પોલીસ અધિકારી બૂચર અને સ્મિથ આ કાર્ય માટે નિયુક્ત કરાયા. એમણે ગમે તેમ કરીને આનું રહસ્ય શોધી કાઢવાનો નિર્ધાર કર્યો. એટલું તો નક્કી જ હતું કે એ ખજાનો 'કોમો' ઝરણાની આજુબાજુ જ ક્યાંય હોવો જોઈએ કેમકે એ ત્યાંથી જ ગુમ થયો હતો. બૂચર અને સ્મિથ એમની ટુકડી સાથે શોધખોળ કરી રહ્યા હતા ત્યારે એક રાત્રે તેમને એક વિચિત્ર અનુભવ થયો. તેમણે જોયું કે તેમની સામે મુસોલિની ઊભો છે. પહેલાં તો તે ગભરાઈ ગયા. પણ પછી તેને પોતાના મનનો વહેમ સમજી સ્વસ્થ થયા. તે મુસોલિનીને પકડવા આગળ વધ્યા, ત્યાં જ મુસોલિની પાછળ ફરી દોડવા લાગ્યો. બૂચર અને સ્મિથ પણ તેની પાછળ દોડ્યા. પણ તે એકાએક જ જાણે હવામાં ઓગળી ગયો હોય તેમ અદૃશ્ય થઈ ગયો! તે બન્ને જોતા જ રહી ગયા. તેમણે જોયું તો જમીન પર એનાં પગલાં પણ દેખાતાં હતાં. ગુપ્તચર વિભાગે એને જાળવી રાખ્યાં. નિષ્ણાતોએ એની તપાસ કરી તો એ આશ્ચર્યચકિત થઈ ગયા. જમીનની ધૂળ પર અંકિત થયેલાં એ પગલાં પણ મુસોલિનીનાં પગલાંને મળતાં આવતાં હતાં. બીજે દિવસે બૂચર અને સ્મિથ એક સાથે ક્યાંક ગુમ થઈ ગયા. એ પછી એમનો ક્યારેય કોઈને પત્તો ન લાગ્યો. મુસોલિનીનો એ ખજાનો હજુ સુધી કોઈને મળ્યો નથી. જે કોઈ એને મેળવવાનો પ્રયાસ કરે છે તે મોતના મુખમાં પડે છે. એ દેવાત્મા પોતાની પરિગ્રહસંજ્ઞાથી કોઈને એ ખજાના સુધી પહોંચવા દેતો જ નથી.

⌘

માટે જ આગમસૂત્ર કહે છે -

*તં ચ પુણ પરિગ્ગહં મમાયંતિ લોભઘત્થા*
*ભવણવરવિમાણવાસિણો પરિગ્ગહરુઈ પરિગ્ગહે*
*વિવિહકરણબુદ્ધી દેવનિકાયા ય૦*

– પ્રશ્નવ્યાકરણસૂત્ર

તે પરિગ્રહમાં મમત્વ કરે છે લોભગ્રસ્ત દેવો. જેઓ ભવનો અને ઉત્તમ વિમાનોમાં રહે છે. તેઓ પરિગ્રહમાં રુચિ ધરાવે છે. વિભિન્ન રીતે પરિગ્રહ કરવાની બુદ્ધિ ધરાવનારા વિવિધ પ્રકારના દેવો પરિગ્રહ કરે છે.

આ જ પરિગ્રહસંજ્ઞાને કારણે કેટલાક દેવો પોતાના પૂર્વજન્મના નિવાસસ્થાનનું મમત્વ દૂર કરી શકતા નથી. પોતાના ઘરમાં કોઈ રહે, તે સહી શકતા નથી અને તેઓ પોતાનું ઘર ખાલી કરી જાય, તેના જાત-જાતના ઉપાયો અજમાવે છે.

આ સત્યકથામાં આવી જ દુર્ઘટના ઘટી ગઈ છે...

# એક ભૂતિયું મકાન

# ૫૮



ઓસ્ટ્રેલિયાના સિડની શહેરની હેર ફોર્ડ સ્ટ્રીટમાં આવેલા ન્યુ કેસલ નામના મકાનમાં રહેવા આવેલા અનેક ભાડૂઆતો દેવોની આ પરિગ્રહવૃત્તિની બાબતમાં સાક્ષી પૂરી શકે તેમ છે. સિડનીના પોલીસ હેડકવાર્ટરમાં પણ આ ઘટનાની માહિતી નોંધાયેલી છે. પોલીસ કર્મચારીઓ પોતે આનો ભોગ બન્યા છે એટલે એમને પણ એના વિષે માન્યા વિના છૂટકો ન રહ્યો.

વિલિયમ ફ્રાંક નામની વ્યકિતને એક ઘર ભાડે લેવું હતું. કોઈકે તેને આ ઘર ખાલી હોવા વિષે વાત કરી. તે ઘર જોવા આવ્યો અને તેને ઘર ખૂબ જ ગમી ગયું. તેણે તે ભાડેથી લઈ લીધું. ઘરમાં આવ્યા બાદ તે ગાઢ નિંદર લઈ રહ્યો હતો તેના કલાકેક

પછી એકાએક તેને કોઈકે હચમચાવી દીધો. તે ઊંઘમાંથી જાગી ગયો અને આંખો ખોલીને જોયું કે આવું કોણ કરી રહ્યું છે? તે એકદમ બોલી ઊઠ્યો – 'કોણ છે?' તેણે જોયું તો તેની આગળ અત્યંત ભયંકર લીલી આંખોવાળી આકૃતિ ઊભી છે. તે આગળ કંઈ કરે તે પહેલાં તો તે આકૃતિ અદશ્ય થઈ ગઈ. તેણે બારી-બારણાં તપાસ્યાં તો બધું જ બંધ હતું. તેના સિવાય ઘરમાં કોઈ જ નહોતું. તો પછી એ ભયંકર દેખાવવાળી વ્યક્તિ કોણ હતી? તેને થયું કે જરૂર તેને કોઈ બિહામણું સ્વપ્ન



આવ્યું હશે અથવા ચિત્તભ્રમ થઈ ગયો હશે. તે પાછો ફરીથી ઓઢીને સૂઈ ગયો. પરંતુ અડધી રાતે ફરીથી કોઈ તેને હચમચાવી ઉઠાડવા માંડ્યું. તે સફાળો બેઠો થઈ ગયો. તેણે જોયું તો સામે એ જ માણસ ઊભો હતો. ડીમલાઈટના આછા અંધકારમાં પણ તે દેખાતો હતો અને તેની લીલી આંખો બિલાડીની જેમ ચમકતી હતી. તેણે વધારે પ્રકાશવાળી મોટી લાઈટની સ્વીચ દબાવી. આખા રૂમમાં પ્રકાશ પથરાઈ ગયો તે સાથે જ પેલી આકૃતિ અદશ્ય થઈ ગઈ. પણ હવે વિલિયમ ગભરાઈ ગયો હતો. તે લાઈટ ચાલુ રાખી સવાર પડી ત્યાં સુધી જાગતો જ રહ્યો. સવાર પડતાં જ તેણે મકાન ખાલી કરી દીધું અને જિંદગીમાં ફરી ક્યારેય તેની નજીક પણ નહીં જવાનો નિર્ધાર કરી ત્યાંથી નાસી છૂટ્યો.

એ પછી એક બીજા મહાશયે એ મકાન ભાડે લીધું. પહેલા બે દિવસ તો કંઈ ન થયું પણ ત્રીજા દિવસે એમને પણ વિલિયમ જેવો અનુભવ થયો અને તે પણ ઘર છોડીને ભાગી ગયા. થોડા વખત બાદ માઈકલ કુક નામના એક સદ્‌ગૃહસ્થ એમના કુટુંબ સાથે ત્યાં રહેવા આવ્યા. પહેલા જ દિવસે પડોશીઓએ તેમને ચેતવ્યા – 'આ મકાનમાં રહેવા જેવું નથી. અહીં પહેલાં જે રહેવા આવ્યા હતા તે બધા જ ઘર



પલંગ પર પાથરેલી પથારી ઊંચકીને નીચે ફેંકી દીધી. બીજે દિવસે તો વળી એક બીજો અનુભવ થયો. તે ક્યાંક બહાર ગયા હતા ત્યાંથી પાછા ઘરે આવ્યા અને રસોડામાં ગયા તો જુએ કે પેલો બિહામણી આંખોવાળો માણસ ચાની આખી કીટલી ઉઠાવી ચા પી રહ્યો છે. તેમને જોતાં જ તે અદશ્ય થઈ ગયો. કુકે જોયું તો કીટલીની બધી જ ચા ખલાસ થઈ ગઈ હતી. નોકરે કહ્યું કે તે કીટલીમાં ચા પૂરેપૂરી ભરેલી હતી અને કોઈએ પીધી પણ નહોતી. કુકે નોકર પાસે ફરી ચા બનાવડાવી. તે કીટલી ઉઠાવીને ટેબલ પર મૂકી ગયો. તે વખતે તે વર્તમાનપત્ર વાંચી રહ્યા હતા. તેમણે તે નીચે મૂકી કીટલીમાંથી ચા લેવા હાથ લંબાવ્યો. તો જુએ છે કે ત્યાં કીટલી જ નથી. પેલો લીલી આંખોવાળો માણસ દૂરના ખૂણામાં ઊભો રહી કીટલીમાંથી ચા પી રહ્યો છે! એ પછી તો તેમણે તેને કંઈ ને કંઈ ખાઈ જતો પણ જોયો. ઘરના નોકરોની જેમ તે પણ આમતેમ ફરતો દેખાતો. કુક પણ તેની કનડગતથી ત્રાસી ગયા અને તે ઘર ખાલી કરી જતા રહ્યા. તેમણે તે ઘરમાં થયેલા અનુભવ વિષે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ કરી.

એ ભૂતિયા મકાન વિષે બે-ત્રણ વાર ફરિયાદ આવી હતી એટલે પોલીસે

છોડીને જતા રહ્યા છે. આ મકાનમાં પહેલાં જે માણસ રહેતો હતો તેનું ભૂત અહીં અવારનવાર દેખાય છે. તે અત્યંત જાડો, કાળો અને અત્યંત ભયંકર લીલી આંખોવાળો માણસ હતો. તેને ચા પીવાનો ખૂબ શોખ હતો.' માઈકલે તેમને કહ્યું : 'હું ભૂતપ્રેતમાં જરાય માનતો નથી. એ મનનો વહેમ છે. મને તો અહીં રહેવામાં વાંધો આવે એવું લાગતું નથી.' માઈકલ અને તેના કુટુંબે ત્યાં રહેવાનું શરૂ કર્યું. થોડા દિવસ તો સારી રીતે પસાર થઈ ગયા પણ એક રાતે ફરી પાછી પેલી ઘટનાનું પુનરાવર્તન થયું. આ વખતે માઈકલની દીકરી સામે એ ભૂત પ્રગટ થયું. એને જોઈને એ એવી ગભરાઈ ગઈ કે થોડા દિવસ સુધી તેની માનસિક સ્વસ્થતા ગુમાવી બેઠી.

આ ઘટના બની એના બીજા જ દિવસે તેમને પણ વિચિત્ર અનુભવ થવા માંડ્યા. તેમને પેલો લીલી આંખોવાળો માણસ દેખાયો. એક વાર તો તેણે કુકની

એની તપાસ કરવાનું નક્કી કર્યું. તેમણે એક કોન્સ્ટેબલને ત્યાં તપાસ કરવા મોકલ્યો. તેણે બધું બરાબર જોયું પણ કશું શંકાસ્પદ ન લાગ્યું. તેણે ઘરને તાળું વાસી દીધું અને પાછો પોલીસ સ્ટેશનમાં આવી ગયો. બીજે દિવસે ફરી પાછો ત્યાં તપાસ કરવા ગયો. તેણે મકાનનું તાળું ખોલીને જોયું તો ઘરનો બધો સામાન અસ્તવ્યસ્ત પડ્યો હતો! ટેબલ અને ખુરશી ઊંધાં પડેલાં હતાં, રસોડાની વસ્તુઓ વેરવિખેર પડેલી હતી. પ્લેટફોર્મ પર ચા અને ખાંડનો ડબ્બો પડેલો હતો. બાજુમાં ચાની કીટલી પડી હતી. તે હજુ ગરમ હતી અને તેમાં થોડી ચા વધેલી પડી હતી. લાગતું હતું કે, હમણાં જ કોઈએ એ કીટલીમાંથી ચા પીધી છે. પોલીસ કોન્સ્ટેબલ તો આ દૃશ્ય જોઈ ગભરાઈ જ ગયો અને ત્યાંથી દોડીને પોલીસ હેડક્વાર્ટર પર આવી ગયો. તેણે જે જોયું હતું તેનો રિપોર્ટ પણ લખી આપ્યો પણ તેને એવો તાવ ચઢી ગયો કે પંદર દિવસે માંડ સારું થયું.

આ રિપોર્ટ પછી સિનિયર પોલીસ ઓફિસરો અને સી.આઈ.ડી. કર્મચારીઓએ પણ શોધખોળ શરૂ કરી. કેટલાકે તો ત્યાં રાત્રે રોકાવાનું નક્કી પણ કર્યું. તેમને પણ પેલા ભાડૂઆતો જેવા જ અનુભવો થયા. કેટલાકને પેલો લીલી આંખોવાળો ભયંકર દેખાવવાળો દેવ દેખાયો પણ ખરો અને કેટલાકને એનાં તોફાની કરતૂત જોવા મળ્યાં. આ પછી ત્યાં કોણ ઊભું રહે? બધાં ત્યાંથી ભાગી છૂટ્યા. એ મકાન ખરેખર ભૂતિયું છે એની બધાએ સાહેદી પૂરી.

⌘

**પૂર્વજન્મના પોતાના ઘર માટે**
**દેવને કેટલું એટેચમેન્ટ હોય છે,**
**તેનું હજી એક ઉદાહરણ જોઈએ...**

# દેવાત્માનું દંગલ

## ૫૮



લંડનના એન્ફિલ્ડમાં તોફાની ભૂતના પરચાનો ભોગ બન્યું હાર્પર કુટુંબ, જેમાં એક સ્ત્રી તેના બે સંતાનો સાથે રહેતી હતી. મિસિસ હાર્પરનો પતિ તેને અને બે બાળકોને છોડીને ચાલ્યો ગયો હતો. ૩૦ ઓગસ્ટ, ૧૯૭૭ની સાંજે બનાવની શરૂઆત થઈ.

શ્રીમતી હાર્પરના બંને સંતાનોના પલંગ અકારણ જોર જોરથી હાલવા લાગ્યા અને પોતાની જગ્યાએથી ખસી ગયા. બીજે દિવસે ઘરના બધાએ કાર્પેટ પર કોઈ ચાલતું હોય તેવા પગરવ સાંભળ્યા. પછી બારણા પર ચાર વાર જોરજોરથી ટકોરા પડ્યા અને કોઈ ખખડાવતું હોય તેમ સંભળાયું. પણ બારણું ખોલતાં કોઈ જ જોવા ન મળે. એક વ્યક્તિએ બહાર ઊભા રહીને જોયું કે અડોસપડોસમાંથી હેરાન કરવા

કે મજાક કરવા તો આમ નથી કરતું ને? તેને કોઈ જોવા મળ્યું નહીં, છતાં અંદર રહેલાને ટકોરા સંભળાતા. એની પછીના દિવસે રાત્રે તેના ઘર પર પથ્થરો અને ઈંટોના ટુકડાનો મારો ચાલ્યો. એમાંના એક પથ્થરને ઉઠાવ્યો, ત્યારે જોવામાં આવ્યું કે તે હાથને દઝાડી દે તેટલો ગરમ હતો. સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી. તેમણે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો તો ય આ ઘટનાઓ બનતી. સોસાયટી ફોર સાઈકિકલ રિસર્ચ (SPR$)ના સંશોધક વિજ્ઞાનીઓ મોરિસ ગ્રોસ (Maurice Grosse$) અને ગાય લિયોન પ્લેફેર (Guy Lyon Playfair) આની તપાસ કરવા નિમાયા. 'ડેઈલી મિરર' વર્તમાનપત્રે પણ આમાં રસ લીધો.

સંશોધક ટુકડીના ઘણાબધાએ તોફાની ભૂતના પરચા મેળવ્યા. કેટલાકે ફર્નિચરની અદશ્ય રીતે થતી ઊથલપાથલો જોઈ, બારણાના ટકોરા સાંભળ્યા, દીવાલો પર ઊપસેલા અજાણી વ્યક્તિના અક્ષરો જોયા, ભૂતના ઓળા જેવી ધૂંધળી આકૃતિ ફરતી જોઈ.

થોડાં અઠવાડિયાં એ તોફાની ભૂત શાંત બની રહ્યું પણ પછી પાછી તેણે ધમાલ ચાલુ કરી દીધી અને તે પણ પહેલાં કરતાં વધારે જોરજોરથી. સંશોધકોએ આવા બે-ચાર કે વીસ-પચીસ નહીં, પૂરા ચારસો વિચિત્ર બનાવો એ ઘરમાં બનતા





નોંધ્યા! રસોડામાં પાણીનું ખાબોચિયું માનવઆકૃતિના રૂપમાં દેખાયું, દીવાલમાંથી આગના ઓળા બહાર નીકળતા દેખાયા અને કુટુંબના એક બાળક આગળ અચાનક હવામાંથી પ્રગટ થઈ હોય તેમ લોખંડની એક જાળી આવીને પટકાઈ ગઈ. મેથ્થુ મેનિંગ નામના એક મહાન ચૈતસિકે એ ઘરની મુલાકાત લીધી અને આ ઘરમાં તોફાની ભૂતની આટલી બધી ભાંગફોડથી હેરતમાં મુકાઈ ગયો.

આ ઘરની અગિયાર વર્ષની જેનેટ હાર્પરને વારંવાર તાણ કે આંચકી આવતી, તે બેભાન પણ થઈ જતી. એકવાર તો પથારીમાંથી બહાર ખેંચાઈ ગઈ હતી. એકવાર 'ટ્રાન્સ'ની સ્થિતિમાં તેણે લોહીની ઊલટી કરતી એક સ્ત્રીનું ચિત્ર દોર્યું અને તેની નીચે લખ્યું વોટસન. શ્રીમતી હાર્પરે તપાસ કરાવી તો ખબર પડી કે તે ઘરમાં પહેલાં મિસિસ વોટસન નામની એક સ્ત્રી ભાડે રહેતી હતી, જે ગળાના કેન્સરથી મરણ પામી હતી. ડિસેમ્બર ૧૯૭૭માં તો જેનેટને જો વોટસનનો અવાજ પણ સંભળાવા લાગ્યો અને તે તેની સાથે વાતચીત પણ કરવા લાગી. જેનેટે જણાવ્યું કે તેનો અવાજ પુરુષો જેવો ભારે છે, પણ તે ધીમેધીમે મુશ્કેલીથી બોલતી હોય તેવું લાગે છે. કેન્સરથી તેનું મરણ થયા બાદ તેને ક્યાંક નજીકમાં જ દાટવામાં આવી હતી એવું ઘણાબધા લોકોનું કહેવું હતું. સંશોધકો માને છે કે એનો દેવાત્મા જ એ ઘરમાં ધાંધલ-ધમાલ મચાવતો હતો.

⌘

# નરકગતિ

મનુષ્યગતિ, તિર્યંચગતિ અને દેવગતિ આપણે જોઈ. એક ગતિ હજી બાકી રહે છે જેનું નામ છે નરકગતિ. નરકગતિમાં ગયેલા જીવો આપણને અહીં જોવા મળતા નથી. એનાથી પણ ભગવાન મહાવીરની વાણી શ્રદ્ધેય જ ઠરે છે. કારણ કે ભગવાન મહાવીરે જ કહ્યું છે કે નરકના જીવો અહીં કદી આવ્યા નથી, આવતા નથી અને આવી શકવાના પણ નથી. કારણ કે તેઓ નરકમાંથી અહીં આવે શકે, એવી તેમની પાસે શક્તિ નથી.

આ સમગ્ર પ્રબંધથી પુણ્ય-પાપ અને પરલોકની સિદ્ધિ થઈ છે. જેવા કામ કરો, તેવું તેનું ફળ મળે એવું આપણે અનેક ઘટનાઓ દ્વારા પ્રતીત કર્યું છે. આ જનમમાં નહીં તો બીજા જનમમાં પણ તેનું ફળ મળે છે. કોઈએ ઘણા સારા કામો કર્યા હોય, તે પરલોકમાં તેના સારા પરિણામોને માણે છે, તે રીતે ખરાબ કામો કરનાર પરલોકમાં તેના દુષ્પરિણામો પણ ભોગવે છે. આ જનમમાં જ તેને દુષ્કર્મનું ફળ મળી જાય એવું મોટા ભાગે શક્ય બનતું નથી.

કોઈએ એક ખૂન કર્યું હોય તેને ફાંસીની સજા થાય, તો કોઈ સો ખૂન કરે, એને કઈ સજા થઈ શકશે? શું એને એના સોગણા પાપનું ફળ નહીં મળે? અરે, એક ખૂનના બદલામાં એક ફાંસીની સજા જેને મળી છે, તેણે પણ પોતાના જીવનમાં ખૂન સિવાય બીજા પાપો કર્યા હોય, તેની સજા તો બાકી જ રહેશે ને? આ બાકી રહેલી સજા જ્યાં ભોગવાય છે તેનું નામ છે નરક.

*पावफलस्स पगिट्ठस्स भोइणो कम्मओऽवसेसव्व ।*
*संति धुवं तेऽभिमया नेरइया० ॥*

– વિશેષાવશ્યકભાષ્ય ॥૧૮૯૯॥

એવા જીવો અવશ્ય છે કે જેઓ અત્યંત મોટા પાપોના ફળને ભોગવે છે. જેમ બીજા કર્મોનું ફળ મળે છે, તેમ તેના કર્મનું પણ ફળ મળે છે. કારણ કે તે પણ એક પ્રકારનું કર્મ જ છે. જે આ જીવો તે જ નરકના જીવો છે.

વાસ્તવમાં તો આ પ્રબંધના એકો એક વિષયોએ એક કોમન વાત પુરવાર કરી આપી છે, કે 'ભગવાન મહાવીર સર્વજ્ઞ હતાં.' આટલું પુરવાર થયા પછી ભગવાન મહાવીરનું પ્રત્યેક વચન સત્ય છે, એમ નિશ્ચિત થઈ જાય છે. ભગવાન મહાવીર સર્વજ્ઞ હોવાની સાથે કરુણાસાગર પણ હતા. ચાર ગતિમાં ભટકતા જીવોને જોઈને તેમણે સાચા સુખનો એક માર્ગ ચીંધ્યો. જે એમણે ચીંધેલા માર્ગ પર ચાલશે, એ સુખી થશે, એમાં કોઈ શંકા નથી.

# ઉપસંહાર

તારણ એ છે
કે આત્મા છે જ.
પુણ્ય ને પાપ પણ છે
ને પરલોક પણ છે.
જે આત્મા જેવા કાર્યો કરે
સારા કે ખરાબ
એને એનું ફળ અવશ્ય મળે છે.
હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ આ પાપો કરનાર
દુઃખી થાય છે અને
જીવદયા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય,
સંતોષ આ પુણ્યો કરનાર સુખી થાય છે.
આ લોક અને પરલોકમાં
જો સુખ મેળવવું હોય
તો એનો એક માત્ર ઉપાય એ જ છે
કે પાપોને છોડી દઈએ
અને પુણ્યોમાં પરોવાઈ જઈએ.

## ભગવાન

દુનિયાની કોઈ પણ વ્યક્તિ જ્યારે યોગ્ય ઉપાયો દ્વારા સંપૂર્ણપણે દોષોથી મુક્ત થઈ જાય, ત્યારે તે વ્યક્તિ ભગવાન બની જાય છે. 'શિલ્પ' એ ક્યાંકથી લાવવાનું નથી હોતું, બલ્કે એ શિલાની અંદર પહેલાથી હાજર હોય છે. જરૂર માત્ર એટલી જ છે, કે શિલાનો વધારાનો ભાગ = અવશેષ છુટ્ટો પડી જાય. એ જ રીતે નાના-મોટા **દરેક જીવની ભીતરમાં ભગવાન હોય છે.** દોષો છુટ્ટા પડી જાય, એટલે આત્મા જ પરમાત્મા બની જાય છે. રાગ-દ્વેષ દૂર થાય છે ને પરમાત્મા-**વીતરાગસ્વરૂપ** પ્રગટ થાય છે. અજ્ઞાન સંપૂર્ણતયા દૂર થાય છે અને **સર્વજ્ઞસ્વરૂપ** પ્રગટ થાય છે. ક્રોધ વગેરે દુર્ગુણો જતાં રહે છે અને **પ્રશમસ્વરૂપ**નો પ્રાદુર્ભાવ થાય છે. આજ સુધીમાં અનંત આત્માઓ શુદ્ધિકરણની આ પ્રક્રિયાથી '**ભગવાન**' બન્યા છે. આ પ્રક્રિયાની શરૂઆત આપણે પણ કરી શકીએ છીએ.

## તીર્થંકર

જેનાથી તરી શકાય તેને **તીર્થ** કહેવાય. ભગવાનનું વચન એ **તીર્થ** છે, કારણ કે તેનાથી સંસારસાગરને તરી શકાય છે. ભગવાન બનવાની પ્રક્રિયાનો જેમણે પ્રારંભ કર્યો છે, તેવા સાધકો, જેઓ ત્યાગી (સાધુ-સાધ્વી) હોય કે સંસારી (શ્રાવક-શ્રાવિકા) હોય, તેમનો સમૂહ (ચતુર્વિધ સંઘ) એ પણ **તીર્થ** છે, કારણ કે સંસારસાગરને તરવા માટે એ પણ આલંબન છે. આ 'તીર્થ'નું જે સર્જન કરે, તેમને **તીર્થંકર** કહેવાય. **તીર્થંકર** એ ભગવાન તો હોય જ છે. સાથે સાથે તે પરમ પુણ્ય (અલ્ટ્રા સ્ટ્રોન્ગ ગુડ-લક) ધરાવતા હોય છે. જેના પ્રભાવે અત્યંત વિશિષ્ટ રૂપ-બળ-વાણી-સૌભાગ્ય-આદરણીયતા-પૂજનીયતા વગેરેને કારણે તે લાખો-કરોડો-અસંખ્ય આત્માઓ પર ઉપકાર કરે છે. તેમને ઉપદેશ દ્વારા જ્ઞાનનો પ્રકાશ આપે છે અને તેમને સર્વ દુ:ખોથી મુક્ત થવાના માર્ગે પ્રગતિ કરાવે છે.

## ચોવીશી

ચોવીશી એ અસંખ્ય વર્ષોનો કાળવિભાગ છે. એક ચોવીશીમાં ચોવીશ તીર્થંકરો થાય છે. ભગવાન **શ્રી મહાવીરસ્વામી** ચોવીશમા તીર્થંકર હતા. ભગવાન **શ્રી ઋષભદેવ** પ્રથમ તીર્થંકર હતાં. **ઋગ્વેદ**માં ભગવાન શ્રી ઋષભદેવનો ઉલ્લેખ ખૂબ સન્માન સાથે કરવામાં આવ્યો છે. આ સિવાય પણ **વેદોમાં**, વિવિધ **ઉપનિષદોમાં** તથા વિવિધ **પુરાણોમાં** પણ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ, દ્વિતીય તીર્થંકર શ્રી અજિતનાથ તથા બાવીશમા તીર્થંકર શ્રીનેમિનાથના ગૌરવસભર ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જે એ વાતના સબલ પ્રમાણ છે કે **વૈદિક શાસ્ત્રોના દ્રષ્ટા ઋષિ-મહર્ષિઓ પણ તીર્થંકરો પ્રત્યે ખૂબ આદરભાવ ધરાવતા હતાં**, તેમ જ આ પ્રાચીન શાસ્ત્રગ્રંથોના સર્જનની પૂર્વે પણ જૈન ધર્મનું અસ્તિત્વ હતું. હકીકતમાં આજ સુધીમાં આવી અનંત ચોવીશી થઈ ચૂકી છે અને બીજી અનંત ચોવીશી થશે.

## ભગવાન શ્રીમહાવીરસ્વામી

ક્ષત્રિયકુંડ નગર (બિહાર)ના રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાના પુત્ર તરીકે આજથી ૨૬૧૭ વર્ષ પૂર્વે ભગવાન **શ્રીમહાવીરસ્વામીએ** જન્મ લીધો હતો. તેઓ એક રાજકુમાર હોવા છતાં પણ અત્યંત વિરાગી, ગુણવાન અને કરુણાના ધારક હતાં. સમસ્ત વિશ્વને સર્વ દુઃખોથી મુક્ત કરવાની પવિત્ર ભાવનાથી તેમણે ૩૦ વર્ષની યુવાન વયે રાજ્યસુખનો ત્યાગ કર્યો અને સંયમજીવનનો સ્વીકાર કર્યો, જેમાં સંપૂર્ણ અહિંસામય નિષ્પાપ જીવનની આજીવન પ્રતિજ્ઞા લેવાની હોય છે. અત્યંત કઠિન સાધના દ્વારા તેમણે સર્વ દોષોને દૂર કર્યા, વીતરાગતા અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ કરી અને **'તીર્થ'ની** સ્થાપના કરી. યથાર્થ ઉપદેશ આપવા દ્વારા પ્રભુએ અસંખ્ય આત્માઓનો ઉદ્ધાર કર્યો. હજારો **નર-નારીઓ** સંસારનો ત્યાગ કરીને **સાધુ-સાધ્વી** બન્યા, લાખો **નર-નારીઓ** ગૃહસ્થ સાધકો **શ્રાવક-શ્રાવિકા** બન્યા. ત્રીશ વર્ષ સુધી ઉત્કૃષ્ટ પરોપકાર કરી ૭૨ વર્ષનું પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ભગવાન મોક્ષ = પરમ પદ પામ્યા.

## ભગવાન શ્રીમહાવીરસ્વામીની સાધના

દીક્ષા પછી સતત સાડા બાર વર્ષ પ્રભુએ અત્યંત કઠોર સાધના કરી હતી. ભગવાન આ સાધનાકાળમાં કદી પગ લંબાવીને સૂતા તો ન જ હતા, પલાંઠી વાળીને બેઠા પણ ન હતાં. દિવસ-રાત ભગવાન **કાયોત્સર્ગ** = વિશિષ્ટ ધ્યાનમાં મગ્ન રહેતાં, દેશ-વિદેશમાં પદયાત્રા કરતાં અને ઠંડી, ગરમી, ભૂખ, તરસ, મચ્છર, જંગલી પ્રાણીઓ, હિંસક પક્ષીઓ વગેરેના અસહ્ય કષ્ટોને પણ સમતાથી સહન કરતાં. અજ્ઞાનને કારણે કેટલાય મનુષ્યો અને દેવોએ તેમને પરાકાષ્ઠાના દુ:ખો આપ્યા હતાં, પણ પ્રભુએ **અદ્‌ભુત સમતાથી** તે બધાં જ દુ:ખોને સહન કરી લીધાં હતાં. પ્રભુએ પોતાની અનંત શક્તિ હોવા છતાં એમનો સામનો તો ન જ કર્યો, પોતાની રક્ષા માટે ય પ્રયાસ ન કર્યો. તેમને રોક્યા તો નહીં જ, તેમના માટે ખરાબ વિચાર સુદ્ધા ન કર્યો. પ્રભુએ તો તેમના માટે પણ **'કરુણા'**ની ભાવના રાખી અને તેમને પોતાની સાધનાના સહાયક માન્યાં.

## ભગવાન શ્રીમહાવીરસ્વામીનો તપ

તપ બે પ્રકારનો છે - બાહ્ય અને આંતર. ઉપવાસ વગેરે **બાહ્ય તપ** છે. સ્વાધ્યાય, ધ્યાન વગેરે **આંતર તપ** છે. પ્રભુએ બંને પ્રકારના તપની શિખરાનુભૂતિ કરી હતી. પ્રભુએ એક વાર સળંગ છ મહિનાના ઉપવાસ કર્યાં. એક વાર સળંગ પાંચ મહિના + પચ્ચીશ દિવસના ઉપવાસ કર્યાં. નવ વાર સળંગ ચાર મહિનાના ઉપવાસ કર્યાં. ત્રણ મહિના, અઢી મહિના અને દોઢ મહિનાના ઉપવાસ બે-બે વાર કર્યાં. છ વાર બે મહિનાના ઉપવાસ કર્યાં. બાર વાર એક મહિનાના ઉપવાસ કર્યાં. બોત્તેર વાર પંદર દિવસના ઉપવાસ કર્યાં. બસો ઓગણત્રીશ વાર બે દિવસના ઉપવાસ કર્યાં. બાર વાર ત્રણ દિવસના ઉપવાસ કર્યાં. આ સિવાય પણ કેટલીક વિશિષ્ટ પ્રતિજ્ઞા તપ સહિત કરી. આ રીતે **સાડા બાર વર્ષના સાધનાકાળમાં પ્રભુએ માત્ર ૩૪૯ દિવસ જ આહાર ગ્રહણ કર્યો.** તે પણ માત્ર એક જ વાર. બાકીના બધાં જ **નિર્જળ ઉપવાસ.** જેમાં અન્નનો દાણો કે પાણીનું ટીપું પણ ન લીધું. ફળ વગેરે પણ નહીં.

## ભગવાન શ્રીમહાવીરસ્વામીની પરંપરા

પ્રભુએ સર્વજ્ઞતા = કેવળજ્ઞાન પામીને સૌ પ્રથમ વાર ઉપદેશ આપ્યો. ત્યારે સૌ પ્રથમ પ્રખર વિદ્વાન **૧૧ બ્રાહ્મણોએ** પોતાના સેંકડો સેંકડો શિષ્યો સાથે પ્રભુના ચરણોમાં જીવન સમર્પિત કર્યું. ભગવાને તેમને દીક્ષા (સંયમજીવન) આપી. યથાર્થ જ્ઞાન આપ્યું. તે ૧૧ પ્રભુના મુખ્ય શિષ્યો = ગણધર કહેવાયા. તેમના ઉપદેશથી બીજા લાખો-કરોડોને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો. **સુધર્માસ્વામી** નામના ગણધરથી પ્રભુની પરંપરા આગળ ચાલી. તેમણે **જંબુસ્વામીને** પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા... આ રીતે અખંડ પરંપરા આગળ ચાલતા ચાલતા આજે પ્રભુની પરંપરાના ૭૮ જેટલા ઉત્તરાધિકારી આચાર્યો થયા છે. આ **અખંડ પરંપરાના** પ્રભાવે જ્ઞાનની અને આચારની પરંપરા પણ આજે ૨૬૦૦ વર્ષ પછી પણ સમ્યક્રૂપે પ્રાપ્ત થાય છે, તે એક અજોડ અને અદ્ભુત ઘટના છે.

## ઉપદેશ

પ્રત્યેક ભગવાનની સર્વજ્ઞતા એક સરખી હોય છે. માટે **પ્રભુ મહાવીરસ્વામીએ** તે જ ઉપદેશ આપ્યો, જે પૂર્વના અનંત તીર્થંકરોએ આપ્યો હતો. પ્રભુએ કહ્યું, ''જેમ તને દુઃખ પસંદ નથી, તેમ બીજા જીવોને પણ દુઃખ પસંદ નથી. જેમ તને મોતથી ડર લાગે છે, તેમ બીજા જીવોને પણ મોતથી ડર લાગે છે. તું બધાં જીવોને પોતાની સમાન જો. **તું બીજાઓની સાથે બરાબર એવો જ વ્યવહાર કર, જેવો વ્યવહાર તું પોતાના માટે ઈચ્છે છે.''** કુદરતનો એક શાશ્વત નિયમ છે, કે દરેક ક્રિયાની એક પ્રતિક્રિયા હોય છે. તમે બીજાનું ખરાબ કરશો, બીજા માટે ખરાબ બોલશો કે બીજા માટે ખરાબ વિચારશો, તો તમારું પોતાનું ખરાબ થશે. તમે બીજાનું સારું કરશો, બીજા માટે સારું બોલશો કે બીજા માટે સારું વિચારશો, તો **તમારું પોતાનું સારું થશે. તમારે સુખી થવું કે દુઃખી થવું, એ તમારા હાથની વાત છે.**

## ~ સાધુ-સાધ્વી ~

પ્રભુના ઉપદેશનો સંપૂર્ણ અમલ કરવા માટે જે **નર-નારીઓ** સંસારત્યાગ કરીને સંયમજીવન સ્વીકારે છે, તેઓ સાધુ-સાધ્વી બને છે. દરેક **તીર્થંકર** પોતે મોટા રાજા કે રાજકુમાર હોય છે અને તેઓ રાજવી વૈભવ અને સુખ-સમૃદ્ધિ છોડીને સંયમસ્વીકાર કરે છે. એક ચોવીશીમાં અસંખ્ય રાજા-મહારાજાઓ, અસંખ્ય કરોડપતિ શેઠો, અસંખ્ય મંત્રીઓ વગેરે **'સાધુ'** બને છે. અસંખ્ય રાણીઓ વગેરે **'સાધ્વી'** બને છે. ભગવાન **શ્રીમહાવીરસ્વામીના** ઉપદેશથી આઠ રાજાઓએ પોતાનું વિરાટ સામ્રાજ્ય છોડીને સંયમજીવન સ્વીકાર્યું હતું. ત્યાગની આ **અખંડ પરંપરા** આજે પણ ચાલું છે. આજે પણ સમૃદ્ધ **જૈન** સમાજના અબજોપતિ-કરોડોપતિ-ઉદ્યોગપતિ પરિવારોમાંથી પણ દીક્ષાઓ થઈ રહી છે. C.A., M.B.A. કે M.B.B.S. ની ડિગ્રી પામેલા કે સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર કે કોમ્પ્યુટર એન્જિનીયર બનેલા યુવક-યુવતીઓ પણ પ્રભુના ઉપદેશને જાણીને સમજપૂર્વક સંયમજીવનને સ્વીકારી રહ્યા છે.

## ~ સંયમ જીવન ~

સંયમજીવન સ્વીકારવા માટે પરિવાર, સંપત્તિ, ઘર અને પોતાનું નામ સુદ્ધા છોડી દેવાનું હોય છે અને સૌ પ્રથમ **સામાયિક ધર્મનો** આજીવન સ્વીકાર કરવાનો હોય છે. **સામાયિક** એટલે સમભાવ-સમતા. જ્યાં સુધી એક પણ પાપ કરવાનું ચાલું હોય, ત્યાં સુધી **'સમભાવ'** ન આવી શકે, માટે સામાયિક ધર્મની પ્રતિજ્ઞામાં મન-વચન-કાયા દ્વારા સર્વ પાપોનો ત્યાગ કરવામાં આવે છે. પાપનું **કરણ** = પોતે પાપ કરવું, **કરાવણ** = બીજા પાસે કરાવવું અને **અનુમોદન** = કોઈ કરતા હોય તેમાં રાજી થવું ← આ ત્રણેનો પણ તેમાં ત્યાગ કરવાનો હોય છે. આ ઉપરાંત સંયમજીવનમાં **પાંચ મહાવ્રતોની** પ્રતિજ્ઞા લેવાની હોય છે → (૧) સંપૂર્ણ **અહિંસા** (૨) સંપૂર્ણ **સત્ય** (૩) સંપૂર્ણ **અચૌર્ય** (ચોરી ન કરવી) (૪) સંપૂર્ણ **બ્રહ્મચર્ય** (૫) સંપૂર્ણ **અપરિગ્રહ** (ધર્મપાલન માટે જરૂરી વસ્તુને બાદ કરતાં બીજી કોઈ વસ્તુનો સંગ્રહ ન કરવો) આ સમસ્ત પ્રતિજ્ઞાઓનું **આજીવન પાલન** એ સંયમજીવન છે.

## આચાર

સંયમજીવનની પ્રતિજ્ઞાઓનું સમ્યક્ પાલન થાય, તે માટે સાધુ-સાધ્વીઓએ **ઉચ્ચ આચારનું** પાલન કરવાનું હોય છે. તે માટે તેઓ સ્કુટર, રિક્ષા, બસ, ટ્રેન, પ્લેન કે સાઈકલ કે ઘોડાગાડી સુદ્ધામાં પણ કદી બેસતાં નથી, પણ પદયાત્રા કરે છે. આજે પણ પૂર્વ ભારતથી પશ્ચિમ ભારત સુધી અને ઉત્તર ભારતથી દક્ષિણ ભારત સુધી હજારો સાધુ-સાધ્વીઓ **શુદ્ધ સંયમજીવનના** ભાગરૂપે પદયાત્રા કરી રહ્યા છે. મૂળભૂત મુનિજીવનની અખંડ પરંપરા અનુસારે આજે પણ તેઓ એક જગ્યાએ પોતાનું ભોજન બનાવતા/બનાવડાવતા નથી, પણ માધુકરી ભિક્ષા, જેને **'ગોચરી'** કહેવામાં આવે છે, તેનો સ્વીકાર કરે છે. જેમ ગાય ઘણી જગ્યાએથી થોડું થોડું ઘાસ ચરે. તેમ સાધુ-સાધ્વીઓ પણ ઘણા ઘરોથી થોડો થોડો આહાર લે છે. જેમાં ગૃહસ્થોને ય તકલીફ ન પડે, સૂક્ષ્મ પણ હિંસા ન થાય અને સાધુ-સાધ્વીઓનો પણ નિર્વાહ થઈ જાય. **પૂજ્ય સાધુ-સાધ્વીઓ એક પણ પૈસો રાખતા નથી કે તેનો સ્પર્શ પણ કરતાં નથી.**

## પ્રાકૃતિક જીવન

પ્રાચીન કાળના સાધુ-સાધ્વીઓ પણ પ્રકાશ માટે દીવાનો કે હવા માટે હાથપંખા વગેરેનો ઉપયોગ કરતા ન હતાં. તે જ રીતે વર્તમાન કાળમાં પણ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો જુના કે નવા સાધનોનો ઉપયોગ કરતાં નથી. લાઈટ, બલ્બ, પંખો, એ.સી., કુલર, હીટર, ટી.વી., વિડીયો વગેરેનો ઉપયોગ તેમના માટે ત્યાજ્ય છે. તેઓ **પ્રાકૃતિક પ્રકાશમાં** જીવે છે. રાતે તેમના મકાન-ઉપાશ્રયમાં અંધારું હોય છે. જેનાથી તેઓ ટેવાઈ ગયા હોય છે. રાતે તેઓ નિદ્રા સિવાયના સમયમાં **પવિત્ર ક્રિયાઓ, ધ્યાન અને શાસ્ત્રસ્મરણ** વગેરે કરે છે. કોઈ પણ પ્રકારના વિદ્યુત-સાધનોનો ઉપયોગ તેમના માટે ત્યાજ્ય છે. **તેઓ પર્યાવરણને બિલ્કુલ હાનિ કરતાં નથી,** પાણીના એક એક ટીપાંનો કાળજીથી ઉપયોગ કરે છે, એક પાંદડું પણ તોડતા નથી, આવતા-જતાં કોઈ જીવ-જંતુ પર કે ઘાસ ઉપર પોતાનો પગ ન આવી જાય તેની કાળજી કરે છે. આ રીતે તેમનું જીવન **સંપૂર્ણપણે પ્રાકૃતિક** હોય છે.

## સહનશીલતા

સાંસારિક સમૃદ્ધિ-સગવડનો ત્યાગ કરીને જેઓ સંયમજીવન સ્વીકારે છે, તેમણે સામે ચાલીને કષ્ટો અને **અગવડોનો સ્વીકાર** કર્યો હોય છે. માટે તેઓ પદયાત્રાનો પરિશ્રમ, જુદા જુદા ગામના અનુકૂળ કે પ્રતિકૂળ મકાનો, કડકડતી ઠંડી કે સખત ગરમી, મચ્છર વગેરેનો ત્રાસ, સમ્માન કે અપમાન, પ્રશંસા કે નિંદા... આ બધી જ પરિસ્થિતિમાં **સહનશીલતાને** કેળવે છે. આટલું ઓછું હોય, તેમ ભાવતા ભોજન મળતા હોવા છતાં પણ યથાશક્તિ ઉપવાસ વગેરે તપ કરે છે. સમૃદ્ધ પરિવારો આમંત્રણ આપતાં હોવા છતાં ગરીબ ઘરોમાં પણ આહાર સ્વીકાર કરવા માટે પધારે છે. **એક સૂક્ષ્મ જીવને પણ થોડું ય કષ્ટ ન પડે, તે માટે પોતે કષ્ટ લેવાનું પસંદ કરે છે** અને વર્ષમાં બે વાર પોતાના માથાના અને દાઢી-મૂંછના વાળ ખેંચી કાઢે/કઢાવે છે, પણ અસ્ત્રા કે કાતર વગેરેથી હજામત કરાવતા નથી.

## પરોપકાર

પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો હકીકતમાં પરિવારને છોડતાં નથી, પણ આખા વિશ્વને નાના-મોટાં બધાં જ જીવોને પોતાના પરિવાર રૂપે સમજે છે. તેમનું સંપૂર્ણ અહિંસામય જીવન જ **એક ઉત્કૃષ્ટ પરોપકાર** છે. આ ઉપરાંત તેઓ ગામે ગામ લોકોને જ્ઞાનનો પ્રકાશ આપે છે. પોતાના શાસ્ત્રજ્ઞાન અને અનુભવ દ્વારા તેઓ અસરકારકરૂપે એવો ઉપદેશ આપે છે, જેનાથી સમાજમાં અપરાધો, પાપો, વ્યસનો, ક્રોધ વગેરે દોષો દૂર થાય છે અને નીતિ, પ્રામાણિકતા, સદાચાર, પ્રેમ, કરુણા, પરોપકાર વગેરે સદ્ગુણોનો પ્રસાર થાય છે. **તદ્દન નિઃસ્વાર્થભાવે તે પૂજ્યો દેશ અને સમાજને આ જે યોગદાન આપી રહ્યા છે, તે ખરેખર અજોડ છે.** તેમના ઉપદેશની પાછળ તેમના **ઉચ્ચ આચરણનું** બળ હોવાથી તેમના વચનની અસર થયા વિના રહેતી નથી. આ સિવાય તે પૂજ્યોના દર્શનથી, તેમની સેવા કરવાથી કે તેમને આહાર આપવાથી જે ભાગ્યોદય થાય છે, તે પણ તે પૂજ્યોએ કરેલો પરોપકાર જ છે.

## કરુણા

દુનિયાના દુ:ખોને જોઈને **પ્રભુ શ્રીમહાવીરસ્વામીએ** જે કરુણાની ધારા વહાવી હતી, તે આજે પણ ખળખળ વહી રહી છે. મન-વચન-કાયાના પાપો જ દુ:ખનું મૂળ છે, માટે યથાર્થ ઉપદેશ આપવા દ્વારા એ પાપોને દૂર કરવાનો પ્રયાસ, એ જ **ઉચ્ચ કરુણા** છે. આ ઉપરાંત ધરતીકંપ, પૂર, ત્સુનામી, દુકાળ વગેરે સંકટોના સમયે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની કરુણાપૂર્ણ પ્રેરણાથી **લાખો-કરોડો રૂપિયાના બચાવ-કાર્યો** થાય છે. જૈનો માત્ર કરોડો રૂપિયા જ નથી આપતા, પણ જૈન યુવા કાર્યકર્તાઓ પોતાના ઘર-પરિવાર-વ્યવસાયને છોડીને આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં સ્વયં **સહાયકાર્ય** કરવામાં પણ પરોવાઈ જાય છે. જેમાં નાત-જાત-ધર્મ વગેરેના કોઈ ભેદ રાખવામાં આવતા નથી. જીવદયા, સમાજકલ્યાણ, શૈક્ષણિક સુવિધાઓ, આરોગ્ય સુવિધાઓ, ગોશાળાઓ વગેરેમાં જૈનોનું ઉલ્લેખનીય યોગદાન રહે છે. જેના મૂળમાં જૈનત્વની કરુણા હોય છે.

## ખીચડી ઘર

પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની પ્રેરણાથી ભારતમાં ઠેર ઠેર **ખીચડી ઘરો** ચાલે છે. જેમાં નિયમિત મોટા પ્રમાણમાં ખીચડી વગેરે ભોજન બનાવીને ગરીબો અને ભિક્ષુકોને આપવામાં આવે છે. **સુરતમાં એક જૈન સંસ્થા પ્રતિદિન ૨૫૦૦ લોકોને ભરપેટ જમાડે છે.** દુ:ખી જીવોના પેટ ભરવા માટે જૈનો સંપત્તિની મમતા છોડી દે છે અને ઉલ્લાસથી દાન આપે છે. જે જૈનો સમૃદ્ધ નથી, તેઓ પણ પોતાની પરસેવાની કમાણીનો અમુક ભાગ **કરુણાની પવિત્ર ભાવનાથી** દાન કરી દે છે, એટલું જ નહીં, જરૂર પડે તો પોતાના સોના-ચાંદીના દાગીના પણ ફંડમાં આપી દે છે. ગરીબોને ભોજન ઉપરાંત મેડિસીન (દવા), મેડિકલ ટ્રીટમેન્ટ, યુનિફોર્મ, નોટબુક, સ્કુલ-ફી, કપડાં વગેરેની સહાય પણ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે.શિયાળાની રાતે ફૂટપાથ પર સૂતેલા સેંકડો-હજારો માણસોને જૈનો ચૂપચાપ નવા-નકોર ધાબળા ઓઢાડી જાય છે.

## શ્રાવક-શ્રાવિકા

પ્રભુના ઉપદેશને પામ્યા પછી જે નર-નારીઓમાં સંયમજીવન સ્વીકારવાની શક્તિ ન હોય, તેઓ ગૃહસ્થરૂપે જ શક્ય એટલું નિષ્પાપ જીવન જીવવાનો પ્રયત્ન કરે છે, તેમને **શ્રાવક-શ્રાવિકા** કહેવામાં આવે છે. આપણે તેમને સામાન્યથી **જૈન** તરીકે ઓળખીએ છીએ. **તેમના બાર વ્રતો હોય છે.** → (૧) ઈયળ, કીડી વગેરેથી માંડીને હાથી સુધીના કોઈ જીવને મારવો નહીં. (૨) જુઠું ન બોલવું (૩) ચોરી ન કરવી (૪) પોતાના પતિ/પત્ની સિવાય બીજા કોઈ સાથે વિષયસેવન ન કરવું (૫) અમુક મર્યાદાથી વધુ સંપત્તિ, જમીન વગેરે મિલકત ન રાખવી (૬) પ્રવાસના અંતરમાં મર્યાદા બાંધવી. અમુક લિમિટથી વધારે પ્રવાસ ન કરવો (૭) ભોજન-વસ્ત્ર-વાહન-પગરખા વગેરેની સંખ્યાની મર્યાદા રાખવી (૮) નિરર્થક પાપચેષ્ટાઓ ન કરવી. (૯) **સામાયિક** - ૪૮ મિનિટ માટે સમભાવમય નિષ્પાપ અનુષ્ઠાન કરવું. (૧૦) પ્રવાસ-મર્યાદાનો વધુ ને વધુ સંક્ષેપ કરવો (૧૧) પર્વતિથિએ સાધુની જેમ ઉપાશ્રયમાં રહેવું = **પૌષધ** કરવો. (૧૨) પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આહાર આદિ આપવું.

## પ્રભુ ભક્તિ

શ્રાવક-શ્રાવિકાના જીવનનું મહત્ત્વનું અંગ **પ્રભુભક્તિ** છે. પ્રભુએ આપણા પર જે **કરુણા** વહાવી, આપણું કલ્યાણ કરવા માટે એમણે જે કઠોર સાધના કરી અને આપણને **દુઃખમુક્તિનો** જે માર્ગ બતાડ્યો, એનો બદલો વાળવો શક્ય નથી. વળી પ્રભુ **સર્વગુણસંપન્ન** હોવાથી પૂજ્યતમ છે, માટે પ્રભુની ઉચ્ચ ભક્તિ કરવામાં આવે છે. જેને **અષ્ટપ્રકારી પૂજા** કહેવાય છે → (૧) અભિષેક પૂજા (૨) ચંદન પૂજા (૩) પુષ્પપૂજા (૪) ધૂપપૂજા (૫) દીપકપૂજા (૬) અક્ષતપૂજા (૭) નૈવેદ્યપૂજા (૮) ફળ પૂજા. આ પૂજાઓ પૂજારી જ નહીં, પણ શ્રાવક-શ્રાવિકાઓ પોતે પણ કરી શકે છે. હજારો જૈનો પ્રતિદિન સ્વયં આ રીતે પ્રભુભક્તિ કરે છે, પ્રભુનો શણગાર રચે છે. પ્રભુની સ્તુતિ કરે છે અને પોતાના દોષો દૂર થાય એ માટે પ્રભુને હાર્દિક પ્રાર્થના કરે છે. **પ્રેમ-કરુણા-સદ્‌ગુણો-સદાચારમય જીવન જીવવાની ઉર્જા વગેરેને પામવા માટે પ્રભુભક્તિ એ પાવર હાઉસ જેવી છે.**

## ~ સુપાત્રદાન ~

સંસારત્યાગી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને આહાર વગેરે આપવું, એને **સુપાત્રદાન** કહેવાય છે. સુપાત્રદાનનો અધિકાર માત્ર જૈનોનો જ નથી. બીજા પણ સુપાત્રદાન આપવા માટે વિનંતી કરી શકે છે અને પૂજ્યો પોતાના આચાર અનુસાર જે આહાર આદિનો સ્વીકાર કરવા સંમત થાય, તે તેમને આપી = **વહોરાવી** શકે છે. **'આપવું'** – એ આપણી સંસ્કૃતિની અસ્મિતા છે. આપણે જેને આપી રહ્યા હોઈએ, એ વ્યક્તિ જેટલી વધુ ગુણવાન હોય, એટલું એ દાનનું વધુ ફળ મળે છે. **ગૃહસ્થ માટે પૂ. સાધુ-સાધ્વીજીથી ઉંચું પાત્ર બીજું કોઈ જ નથી. માટે તેમને આપેલું થોડું પણ દાન અક્ષયનિધિ બની જાય છે.** જૈનોની સમૃદ્ધિનું રહસ્ય તેમની પ્રભુભક્તિ અને સુપાત્રદાનમાં રહેલું છે. **આપણા ઘરે પૂજ્ય સાધુ-સાધ્વીજી પધારે, તો સમજવું કે આપણા ઘરે સાક્ષાત્ લક્ષ્મીદેવી પધાર્યા છે.** પૂજ્યો જ્યારે કોઈના ઘેર પધારે, ત્યારે તેઓ 'ધર્મલાભ'ના મંગળ આશિષ આપે છે.

## ~ આહારસંહિતા ~

**અહિંસા** અને **કરુણાના** સિદ્ધાંત અનુસાર પૂ. સાધુ-સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકા માટે સુંદર **આહારસંહિતા** હોય છે. જેમાં માંસ, માછલી, ઈંડા વગેરેનો તો ત્યાગ હોય જ છે. આ ઉપરાંત બટેટા, કાંદા, લસણ, ડુંગળી, ગાજર, મૂળા, પ્યાજ વગેરે **'કંદમૂળ'** પણ વર્જ્ય હોય છે. કંદમૂળને **અનંતકાય** કહેવાય છે. કારણ કે એમાં અનંત જીવો હોય છે. માટે જ **પુરાણો વગેરે વૈદિક ગ્રંથોમાં પણ 'કંદમૂળ' ખાવાનો નિષેધ કરેલો છે.** મધ, માખણ, દારૂ વગેરેમાં પણ અસંખ્ય સૂક્ષ્મ જીવો હોવાથી તે પણ **અભક્ષ્ય** છે. બજારું પાઉં, બ્રેડ, બિસ્કીટ, ટીન ફુડ વગેરેમાં પ્રાણીજ પદાર્થોની ભેળસેળ હોવાથી તથા તે વાસી હોવાની સંભાવનાથી તે **અભક્ષ્ય** બને છે. ઘરના પણ રોટલી વગેરે વાસી પદાર્થોમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થતાં હોય છે, એવું પ્રભુએ સર્વજ્ઞતાના પ્રકાશમાં જોઈને કહ્યું છે. માટે તેવું ભોજન પણ ત્યાજ્ય છે. **જૈન આહારસંહિતાના નિયમો આરોગ્યની દૃષ્ટિએ પણ વૈજ્ઞાનિક રીતે સાચા પુરવાર થયા છે, માટે તેનું પાલન બધી રીતે હિતકર છે.**

## રાત્રિભોજનત્યાગ

રાત્રિનો પ્રારંભ સૂર્યાસ્તથી થાય છે અને સૂર્યોદયે તેનો અંત આવે છે. આ સમયગાળામાં અન્નનો દાણો પણ ન લેવો, તેને **રાત્રિભોજનત્યાગ** કહેવાય છે. આજે મુંબઈ જેવા શહેરોમાં ધંધાકીય વ્યસ્તતામાં પણ **હજારો જૈન યુવાનો સૂર્યાસ્ત પૂર્વે જમી લઈને રાત્રિભોજનનો ત્યાગ કરે છે.** પૂ. સાધુ-સાધ્વીજીઓ અને ચુસ્ત જૈનો તો આજીવન સૂર્યાસ્ત બાદ પાણીનું ટીપું પણ લેતા નથી. માંદગીમાં કે વૃદ્ધાવસ્થામાં પણ નહીં. હકીકતમાં આપણી મૂળભૂત સંસ્કૃતિમાં જ રાત્રિભોજન ત્યાજ્ય કહ્યું છે. માટે જ **વૈદિક ગ્રંથો-પુરાણોમાં** પણ કહ્યું છે કે રાત્રિભોજન એ નરકનું પહેલું દ્વાર છે. **મહાભારતમાં** કહ્યું છે - સૂર્યાસ્ત બાદ ભોજન માંસ જેવું અને પાણી લોહી જેવું ગણાય છે. અંધકારમાં જીવ-જંતુની હિંસા વધુ થાય છે. નરી આંખે ન દેખાય એવા સૂક્ષ્મ જીવોનો પ્રસાર સૂર્યાસ્ત બાદ વિશેષ થાય છે. આજની લાઈટો તો જીવ-જંતુઓને વધુ આકર્ષિત કરે છે. માટે જીવદયાની દૃષ્ટિએ રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ. **આયુર્વેદ અને આધુનિક મેડિકલ સાયન્સ આરોગ્ય માટે રાત્રિભોજન ન કરવાની સલાહ આપે છે.**

## શ્રુતજ્ઞાન

ભગવાને ગણધરોને (મુખ્ય શિષ્યોને) જે જ્ઞાન આપ્યું, તેના આધારે તેમણે બાર વિરાટ શાસ્ત્રોની રચના કરી, જેને **દ્વાદશાંગી-શ્રુતજ્ઞાન** કહેવામાં આવે છે. તેમણે પોતાના શિષ્યોને એ જ્ઞાન આપ્યું. તેમણે પોતાના શિષ્યોને... આ રીતે પ્રભુ મહાવીરસ્વામીની પછી ૧૦૦૦ વર્ષ સુધી શ્રુતજ્ઞાનની **મૌખિક પરંપરા** ચાલી. ત્યારબાદ બુદ્ધિશક્તિ-યાદશક્તિની મંદતા વગેરેના કારણે શ્રુતજ્ઞાનને **અક્ષરાંકિત** કરવામાં આવ્યું. મૌખિક અને લેખિત શ્રુતજ્ઞાનની પરંપરા ફરી આગળ ચાલી. પ્રારંભમાં જે શ્રુત સાગર જેટલું હતું, તે આજે કાળક્રમે **બિન્દુ** જેટલું જ રહ્યું છે. આમ છતાં પણ એ બિન્દુ પણ આપણા માટે સાગર જેવું છે, સમગ્ર જીવન વાંચન કર્યા કરીએ, તો પણ ન ખૂટે એટલું એ **વિરાટ** છે. **૪૫ આગમો, પ્રકરણો, મહાકાવ્યો, ચરિત્રો, ટીકાઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, વાર્તિકો વગેરે વિરાટ શ્રુતજ્ઞાન આજે પણ દેશ-વિદેશના જ્ઞાનાગારોમાં ઉપલબ્ધ છે.**

## ~ તત્ત્વજ્ઞાન ~

**શ્રુતજ્ઞાન** ભલે અલ્પ થઈ ગયું. પણ તેના **મૂળભૂત સ્વરૂપને** કોઈ આંચ ન આવી. અનંત તીર્થંકરોએ જે **તત્ત્વજ્ઞાન** આપ્યું, તે જ પ્રભુ **શ્રીમહાવીરસ્વામીએ** આપ્યું અને આજે પણ તે જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. મુખ્ય તત્ત્વો ૯ છે → (૧) **જીવ** (૨) **અજીવ** (૩) **પુણ્ય** (૪) **પાપ** (૫) **આશ્રવ** (બંધનની પ્રક્રિયા) (૬) **સંવર** (બંધનનિરોધની પ્રક્રિયા) (૭) **બંધ** (કર્મ અને આત્માનો મિશ્રભાવ) (૮) **નિર્જરા** (બંધનમુક્તિની પ્રક્રિયા) (૯) **મોક્ષ** (મુક્તિ). આ પ્રત્યેક તત્ત્વ પર સૂક્ષ્મ અને વિસ્તૃત નિરૂપણ શ્રુતજ્ઞાનમાં ઉપલબ્ધ થાય છે, જેમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ, બાયોલોજી, હિસ્ટ્રી, કોસ્મોલોજી, જ્યોગ્રોફી, ફિલોસોફી, એસ્ટ્રોલોજી જેવા અનેક વિષયોનો સમાવેશ થઈ જાય છે. **દુનિયાની એવી કોઈ વિદ્યાશાખા નથી, જેના મૂળ જૈન તત્ત્વજ્ઞાનમાં ન હોય.** આજે પણ દેશ-વિદેશમાં જૈન તત્ત્વજ્ઞાન પર **ડીપ-રિસર્ચ** થઈ રહ્યા છે. અનેક આધુનિક વિજ્ઞાનીઓએ એમ કહ્યું છે, કે **જેમ-જેમ પદાર્થવિજ્ઞાન પ્રગતિ કરતું જશે, તેમ તેમ જૈન સિદ્ધાંતો પુરવાર થતા જશે.**

## ~ અનેકાન્તવાદ ~

એક જ વ્યક્તિ પિતા પણ હોઈ શકે છે, પુત્ર પણ હોઈ શકે છે, પતિ પણ હોઈ શકે છે, ભાઈ પણ હોઈ શકે છે, મિત્ર પણ હોઈ શકે છે અને શત્રુ પણ હોઈ શકે છે. એક જ વ્યક્તિને જ્યારે આપણે જુદા જુદા સંબંધની દૃષ્ટિથી મૂલવીએ, ત્યારે આપણને તેનું તે તે સ્વરૂપ સમજાય છે. આનું નામ છે અનેકાન્તવાદ. જ્યારે આપણે એમ કહીએ કે તે વ્યક્તિ 'પિતા' જ છે. ત્યારે આપણે ભૂલ કરીએ છીએ. કારણ કે તે વ્યક્તિ એકાન્તિક (અમુક જ સ્વરૂપવાળી) નથી, પણ અનેકાન્તિક (અનેક સ્વરૂપવાળી) છે, જૈન તત્ત્વજ્ઞાનનું હાર્દ **અનેકાન્તવાદ** છે, જેમાં વિશ્વની દરેક વસ્તુ/વ્યક્તિનો અનેક પાસાઓથી વિચાર કરવામાં આવે છે, જેને **સ્યાદ્વાદ** પણ કહેવાય છે. કોઈ પણ વસ્તુ/વ્યક્તિનું સંપૂર્ણ જ્ઞાન સ્યાદ્વાદની દૃષ્ટિથી જ શક્ય બની શકે છે. સ્યાદ્વાદની દૃષ્ટિમાં સંપૂર્ણતા છે, સમભાવ છે, સમન્વય છે અને સહિષ્ણુતા પણ છે. વિશ્વશાન્તિનું મૂળ સ્યાદ્વાદમાં રહેલું છે.

## દ્રવ્ય

વિશ્વમાં રહેલા પદાર્થને દ્રવ્ય કહેવાય છે. વિશ્વમાં છ પ્રકારના દ્રવ્યો છે. (૧) **જીવ** – આત્મા, દુનિયામાં પૃથ્વી, પાણી, વનસ્પતિથી લઈને હાથી અને માનવ સુધીના જે જે સચેતન વ્યક્તિ છે, તે બધાં જીવ છે. (૨) **પુદ્ગલ** – જેનામાં વર્ણ (કલર), ગંધ (સ્મેલ), રસ (ટેસ્ટ), સ્પર્શ (ટચ) હોય, તેને પુદ્ગલ કહેવાય છે. આપણે જે જે વસ્તુને જોઈ શકીએ છીએ, સૂંઘી શકીએ છીએ, ચાખી શકીએ છીએ કે અડી શકીએ છીએ, તે બધું પુદ્ગલ હોય છે. (૩) **ધર્માસ્તિકાય** – જેને આપણે જોઈ શકતા નથી, પણ જે ગતિ (મોશન)માં સહાય કરે છે, તે દ્રવ્ય. (૪) **અધર્માસ્તિકાય** – જે સ્થિતિ (સ્ટેડીનેસ)માં સહાય કરે છે, તે દ્રવ્ય (૫) **આકાશાસ્તિકાય** – જેને આપણે આકાશ કહીએ છીએ. જે બાકીના દ્રવ્યોને અવકાશ (સ્પેસ) આપે છે. (૬) **કાળ** – જેને આપણે સમય (ટાઈમ) કહીએ છીએ.

## કર્મ

જૈસી કરની વૈસી ભરની – આવી કહેવતોથી માંડીને દુનિયાના બધાં જ ધર્મોના ગ્રંથોમાં કર્મનું અસ્તિત્વ સ્વીકારાયું છે. જેની સૂક્ષ્મ અને વિસ્તૃત માહિતી જૈન ફિલોસોફીમાં મળે છે. કર્મ એ સૂક્ષ્મ પુદ્ગલ સ્વરૂપ છે – જેના આઠ પ્રકાર છે. (૧) **જ્ઞાનાવરણીય** – જે આત્માના જ્ઞાનને ઢાંકે (કવર કરે) છે. (૨) **દર્શનાવરણીય** – જે આત્માની દૃષ્ટિને ઢાંકે છે. (૩) **વેદનીય** – જે સુખ કે દુઃખનો અનુભવ કરાવે છે. (૪) **મોહનીય** – જે વિવેકશક્તિને ઢાંકે છે. (૫) **આયુષ્ય** – જે તે તે માનવ – પશુ વગેરેના જીવનમાં જકડી રાખે છે. (૬) **નામ** – જે શરીર વગેરેની ચોક્કસ રચનાનું કાર્ય કરે છે. (૭) **ગોત્ર** – જે ઉચ્ચ કે નીચ કુળમાં જન્મ આપે છે. (૮) **અંતરાય** – જે પૈસા, સુખ-સામગ્રી વગેરેની પ્રાપ્તિમાં કે દાન કરવામાં વિઘ્ન બને છે. જ્યારે આત્મા સાચા જ્ઞાનપૂર્વક સાચું આચરણ કરે છે, ત્યારે તે ક્રમશઃ આ કર્મોનો નાશ કરીને પરમ સુખ મેળવે છે.

## ~ લેશ્યા ~

વિશ્વમાં કૃષ્ણ (બ્લેક કલર્ડ) વગેરે સૂક્ષ્મ પુદ્‌ગલો હોય છે. જેમનાં સંપર્કથી આપણા આત્મામાં અલગ અલગ ખાસ અસર થાય છે. જેમ કે સ્ફટિક (ક્રિસ્ટલ) પોતાની પાસે રહેલ વસ્તુના વર્ણ (કલર) વાળો થાય છે. આત્મામાં તેવા પ્રકારનો જે પરિણામ થાય છે, તેને લેશ્યા કહેવાય છે. તે છ પ્રકારની છે. (૧) **કૃષ્ણ લેશ્યા** (ખૂબ જ ખરાબ પરિણામ) (૨) **નીલ લેશ્યા** (મધ્યમ ખરાબ પરિણામ) (૩) **કાપોત લેશ્યા** (મંદ ખરાબ પરિણામ). (૪) **તેજો લેશ્યા** (મંદ સારો પરિણામ) (૫) **પદ્મ લેશ્યા** (મધ્યમ સારો પરિણામ) (૬) **શુક્લ લેશ્યા** (અત્યંત સારો પરિણામ). ઉદાહરણ તરીકે છ મિત્રો બગીચામાં જાંબુ ખાવા ગયા. તેમાં **એક** જણ કહે છે - જાંબુનું આખું ઝાડ જ કાપીને નીચે પાડી દઈએ. આ **કૃષ્ણ લેશ્યા** છે. **બીજો** મિત્ર - ફક્ત મોટી મોટી ડાળીઓ કાપીએ. (← **નીલ લેશ્યા**). **ત્રીજો** - નાની ડાળીઓ કાપીએ. (← **કાપોત લેશ્યા**) **ચોથો** - જાંબુના ઝુમખા કાપીએ. (← **તેજોલેશ્યા**). **પાંચમો** - જાંબુ જ તોડીએ. (← **પદ્મલેશ્યા**) **છટ્ઠો** - નીચે પડેલા જાંબુ જ ખાઈએ. (← **શુક્લ લેશ્યા**). ખરાબ લેશ્યાની વૃત્તિ-પ્રવૃત્તિ ખરાબ ફળ આપે છે અને સારી લેશ્યાની વૃત્તિ-પ્રવૃત્તિ સારું ફળ આપે છે.

## ~ ધર્માધિકાર ~

**જૈનત્વ એ ચોક્કસ સમાજ કે જાતિને નહીં, પણ શ્રદ્ધા વગેરે ગુણાત્મક યોગ્યતાને બંધાયેલું છે.** માટે આવી યોગ્યતાથી સંપન્ન કોઈ પણ વ્યક્તિ - જેનો જૈન કુટુંબમાં જન્મ ન થયો હોય તે પણ - જૈન મંદિરોમાં = **દેરાસરોમાં** આવીને પ્રભુની ઉપાસના કરી શકે છે, **ઉપાશ્રયોમાં** આવીને પૂ. સાધુ-સાધ્વીજીના ઉપદેશનું = વ્યાખ્યાનનું શ્રવણ કરી શકે છે, જૈન સ્કુલ = **પાઠશાળામાં** આવીને જૈન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી શકે છે, જૈન સેમિનાર = **શિબિરમાં** ભાગ લઈ શકે છે અને આત્મશુદ્ધિદાયક-મનશાન્તિદાયક-જ્ઞાનદાયક **વિવિધ જૈન અનુષ્ઠાનોમાં** જોડાઈ શકે છે. ઈતિહાસ સાક્ષી છે કે જન્મે જૈન ન હોવા છતાં પણ ગુણાત્મક યોગ્યતાને પામીને અનેક પુણ્યાત્માઓએ જૈન દીક્ષા લીધી છે અને ક્રમશઃ **આચાર્ય પદ** કે પરંપરાગત સર્વોપરિ **ઉત્તરાધિકારી પદ** પણ પ્રાપ્ત કર્યું છે. **પ્રભુની કરુણા વિશ્વના પ્રત્યેક જીવ માટે હતી, તો પ્રભુના માર્ગે ચાલવાનો અધિકાર પણ વિશ્વના પ્રત્યેક જીવનો છે.**

## ~ તીર્થભૂમિઓ ~

જ્યાં તીર્થંકરોના જન્મ-દીક્ષા-જ્ઞાનોત્પત્તિ-મોક્ષગમન વગેરે પ્રસંગો થયા હોય, જ્યાં પ્રાચીન દેરાસર કે પ્રાચીન પ્રભુપ્રતિમા હોય, તે પવિત્ર ભૂમિઓ **તીર્થ** કહેવાય છે. ગામો અને શહેરોથી માંડીને પર્વતોના શિખરે, નદી કિનારે કે ગીચ જંગલમાં પણ જૈન તીર્થો આવેલા છે. જ્યાં પ્રકૃતિનું **રમણીય** અને **પ્રસન્ન** વાતાવરણ હોય છે. જ્યાં આવેલી વ્યક્તિ સહજ રીતે **અલૌકિક શાંતિ** અને **આનંદનો** અનુભવ કરે છે. પ્રાચીન શિલ્પશાસ્ત્રોને અનુસારે બનેલું સામાન્ય દેરાસર પણ **અદ્ભુત ઉર્જા** અને **શાંતિનો** અનુભવ કરાવતું હોય છે, તો સેંકડો-હજારો-લાખો વર્ષ પ્રાચીન તીર્થોની તો શું વાત કરવી? આજે પણ લાખો જૈનો રજા-વેકેશન વગેરેમાં તીર્થયાત્રા કરીને અનોખા આનંદને માણે છે. **શત્રુંજયનો** મહિમા, **ગિરનારની** અસ્મિતા, **આબુ-દેલવાડાની** કોરણી, **રાણકપુરની** બાંધણી, **શંખેશ્વરનો** પ્રભાવ ને **શિખરજીની** રમણીયતા આજે પણ દેશ-વિદેશના લોકોને મંત્રમુગ્ધ કરી રહી છે. **સેંકડો પાવન તીર્થો એ જૈન પરંપરાનો અદ્ભુત વારસો છે.**

## ~ પર્વો ~

આઠ દિવસનું **પર્યુષણ મહાપર્વ** હોય છે. જેની સમાપ્તિ ભાદરવા સુદ ૪ ના દિવસે થાય છે. આત્મશુદ્ધિનો આ ઉત્કૃષ્ટ તહેવાર છે, જેમાં મનને, જીવનને અને આત્માને નિર્મળ કરવાની રસપ્રદ સાધનાઓ કરાય છે. આ સિવાય કારતક સુદ ૫ - **જ્ઞાનપંચમી**, માગસર સુદ ૧૧ - **મૌનએકાદશી**, અષાઢ સુદ ૧૪, કારતક સુદ ૧૪ અને ફાગણ સુદ ૧૪ આ ત્રણ **ચોમાસી ચૌદશ** અને ચૈત્ર અને આસો મહિનામાં **નવપદની ઓળીની** આરાધના એ વિશિષ્ટ તપસ્યા અને સાધનાના દિવસો છે. ત્રેવીશમાં તીર્થંકર **શ્રી પાર્શ્વનાથના જન્મોત્સવની** આરાધના માગસર વદ ૧૦ - **પોષદશમી**, ચોવીશમા તીર્થંકર **શ્રી મહાવીરસ્વામીના જન્મોત્સવની** આરાધના ચૈત્ર સુદ ૧૩, પહેલા તીર્થંકર **શ્રી આદિનાથના જન્મોત્સવની** આરાધના પોષ વદ ૧૩ - **મેરુતેરસ** એ પર્વારાધનાના દિવસો છે. દરેક મહિનાની ચોક્કસ **બાર તિથિ** કે તેમાંથી **પાંચ તિથિની** આરાધના આજે પણ હજારો પરિવારોમાં થઈ રહી છે.

# ~ પ્રાચીનતા ~

કેટલાંક લોકો જૈન ધર્મને વૈદિક ધર્મની કે બૌદ્ધ ધર્મની શાખા સમજે છે કે અન્ય ધર્મોના વિરોધમાં ઉદ્‌ભવેલ ધર્મ સમજે છે, **તે સત્ય નથી.** ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, પ્રાચીનતમ શાસ્ત્રો અને શિલાલેખો વગેરે આનાથી તદ્દન જુદું તારણ આપે છે. **ઋગ્વેદ, યજુર્વેદ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ, નાગપુરાણ, મનુસ્મૃતિ** વગેરેમાં આવતા **જૈન તીર્થંકરોના** ગૌરવપ્રદ વર્ણનો, બૌદ્ધધર્મની ગીતા જેવા **'ધમ્મપદ'** ગ્રંથમાં આવતી જૈન તીર્થંકરોની સ્તુતિ, **મોહેન્જોદરો** અને **હરપ્પામાં** મળી આવેલ **સિંધુ સંસ્કૃતિકાલીન જૈન પ્રતિકો, મથુરા-બડલી** (અજમેર)-**ઉદયગિરિ** (કલિંગ)-**કંકાલી ટીલા** વગેરેના ઉત્ખનનો દ્વારા **જૈન ધર્મની પ્રાચીનતમતા** સિદ્ધ થઈ છે. પ્રો. હોફ્રાથ, પ્રો.બ્યૂલર, પ્રો. યાકોબી, ડૉ. હોર્નેલ, સુબ્બય્યા શાસ્ત્રી, ગુસેવા, પ્રો. ચક્રવર્તી, પ્રો. પ્રાણનાથ વિદ્યાલંકાર, ગૌરીશંકર ઝા, એ. એ. મેકડોનાલ્ડ, ડૉ. ફ્યુરર, પ્રો. બાર્નેટ વગેરે દેશ-વિદેશના અનેક વિદ્વાનોએ ઊંડા સંશોધન બાદ પ્રમાણિત કર્યું છે કે **જૈન ધર્મ એ સંપૂર્ણપણે મૌલિક છે, તથા એ વિશ્વનો પ્રાચીનતમ ધર્મ છે.**

# ~ કેટલાંક અભિપ્રાયો ~

» **અહિંસાનો સર્વોત્કૃષ્ટ વિકાસ** કોઈએ કર્યો હોય, તો તે **ભગવાન મહાવીર સ્વામીએ.** – *મહાત્મા ગાંધી*

» **ભગવાન મહાવીર સ્વામીના** ઉપદેશને ભારત દેશ કદી ભૂલી નહીં શકે. – *વિનોબા ભાવે*

» **ભગવાન મહાવીરે** બુલંદ અવાજે એવો સંદેશ ફેલાવ્યો કે ધર્મ સત્ય માર્ગનો આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે. – *રવીન્દ્રનાથ ટાગોર*

» આ દેશ તેના ઈતિહાસના પ્રારંભથી આજ સુધી **ભગવાન મહાવીરના** આદર્શ પર ખડો છે. – *સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન*

» **ભગવાન મહાવીરના** સંદેશ અને તેમના જીવન સંબંધી વધુમાં વધુ માહિતી મેળવવાનું કાર્ય સમગ્ર વિશ્વ માટે મહત્ત્વનું છે. – *ડૉ. શ્રી રાજેન્દ્રપ્રસાદ*

» **જૈન ધર્મમાં** જીવમાત્રને સમાન હક છે, આજના સમયમાં **ભગવાન મહાવીરના** ઉપદેશોનું પાલન કરવું અત્યંત હિતાવહ છે. – *શ્રી જવાહરલાલ નેહરુ*

» જો આપણે **ભગવાન મહાવીરના** મહાન અને પ્રભાવશાળી સિદ્ધાંતોનું પાલન કરીએ, તો લાંચ-રુશ્વત, અપ્રમાણિકતા અને અત્યાચાર જરૂર દૂર થઈ શકે. – *શ્રી લાલબહાદુર શાસ્ત્રી*

» **ભગવાન મહાવીરે** આપણને જે શીખવ્યું, તે ભારતીય સંસ્કૃતિની મોટામાં મોટી ભેટ છે. – *શ્રીમતી ઈન્દિરા ગાંધી*

» **હું જૈન કુટુંબમાં જન્મ્યો નથી, પણ સિદ્ધાંત અને આદર્શોથી જૈન છું. ભગવાન મહાવીર જૈનોના જ નથી, પણ વિશ્વના અને સમગ્ર માનવજાતના હતા અને છે,** એટલે જ આપણે બધાં એમને માન આપીએ છીએ, પૂજીએ છીએ અને એમના સિદ્ધાંતોને અનુસરવા માટેનો આગ્રહ રાખીએ છીએ. – *શ્રી નિજલિંગપ્પા*

» **ભગવાન મહાવીર** પ્રથમ કોટિના **મહામાનવ** છે. – *શ્રીમતી જોસેફ મેરીબાન (જર્મની)*

» **જૈન ધર્મમાં** અહિંસાનો માત્ર સિદ્ધાંત જ નથી, તેનું આચરણ પણ છે. – *પ્રો. એમ. વિએટબીજ (ચેકોસ્લોવેકિયા)*

» **ભગવાન મહાવીરની** સૌથી મોટી વિશેષતા તેમની અદ્ભુત **આત્મશક્તિ** છે. – *ડૉ. ફેલિક્સ વાલ્થી (હંગેરી)*

» **ભગવાન મહાવીરનું** નામ અહિંસા, સંસ્કૃતિ, પરમ શાંતિ અને મોક્ષથી પરિપૂર્ણ છે. તેઓ **પવિત્ર-મહાપવિત્ર** હતાં. – *ડૉ. વિલિયમ ટાલ્વાર (ઈંગ્લેંડ)*

» **ભગવાન મહાવીર** દિવ્ય પુરુષ હતા. તેઓ તપસ્વીઓમાં **આદર્શ**, વિચારકોમાં **મહાન**, આત્મવિકાસમાં **અગ્રેસર** અને જ્ઞાનમાં **સર્વજ્ઞ** હતાં. – *ડૉ. અર્નેસ્ટલાય (જર્મની)*

» **ભગવાન મહાવીરે** જીવમાત્રના ઉદ્ધારનો માર્ગ દેખાડ્યો. દુનિયામાં સંપ અને શાંતિ ઈચ્છનારાઓનું ધ્યાન **ભગવાન મહાવીરના** વિશાળ સિદ્ધાંતો તરફ આકર્ષાયા વિના રહે જ નહીં. – *ડૉ. વોલ્થેર શુબ્રિંગ (જર્મની)*

## ઉપયોગી શબ્દો

જૈન દેરાસર કે ભગવાનના દર્શન થાય
ત્યારે વંદન કરતી વખતે → **નમો જિણાણં.**

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના દર્શન થાય
ત્યારે વંદન કરતી વખતે → **મત્થએણ વંદામિ.**

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો આપણા ઘરે પધારે
ત્યારે હાથ જોડીને → **પધારો, લાભ આપો.**

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો આપણા ઘરેથી વિદાય લે
ત્યારે → **ફરી પધારજો, લાભ આપજો.**

રાત્રિના સમયે પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને મળવા જઈએ
ત્યારે વંદન કરતી વખતે → **ત્રિકાળ વંદના.**

જૈન ભાઈ-બહેનો મળે
ત્યારે હાથ જોડીને → **પ્રણામ, જય જિનેન્દ્ર.**

## સર્વસિદ્ધિદાયક શ્રી નવકાર મહામંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો
સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

રોજ શુદ્ધ વસ્ત્રોમાં એકાગ્રતાપૂર્વક
૧૦૮ વાર જાપ કરવાથી સર્વ સુખો મળે છે.

# *Welcome to the world of knowledge*

## જૈનીઝમને જાણવા અને માણવા માટે ઉપયોગી સાહિત્ય

| SUBJECT | LITERATURE |
|---|---|
| પૂજાવિજ્ઞાન | ચાલો જિનાલયે જઈએ |
| આહારવિજ્ઞાન | રિસર્ચ ઓફ ડાયનિંગ ટેબલ |
| ભક્તિવિજ્ઞાન | પરમતેજ સારોદ્ધાર |
| જીવનવિજ્ઞાન | શ્રાદ્ધવિધિ પ્રકરણ |
| સદ્‌ગુણવિજ્ઞાન | શ્રાદ્ધગુણવિવરણ |
| દિનચર્યાવિજ્ઞાન | શ્રાદ્ધદિનકૃત્ય |
| મુક્તિવિજ્ઞાન | ઉચ્ચ પ્રકાશના પંથે |
| વિશ્વવિજ્ઞાન | જૈન કોસ્મોલોજી |
| તીર્થવિજ્ઞાન | ત્રિલોક તીર્થ વંદના |
| જીવવિજ્ઞાન | પદાર્થ પ્રકાશ ભાગ-૧ |
| તત્ત્વવિજ્ઞાન | પદાર્થ પ્રકાશ ભાગ-૨ |
| ઈતિહાસ | ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર |
| ધર્મવિજ્ઞાન | ધર્મસંગ્રહ |
| વિરાગવિજ્ઞાન | સંવેગરંગશાળા |
| સંસારવિજ્ઞાન | ઉપમિતિ ભવ પ્રપંચ કથા |
| આરાધનાવિજ્ઞાન | મુક્તિનું મંગળ દ્વાર |
| જૈનત્વવિજ્ઞાન | જૈન ધર્મનો પરિચય,<br>જિનશાસનનો રસાસ્વાદ |

સાચા સુખનો એક માત્ર આધાર છે

**સમ્યક્ પુરુષાર્થ** અને

સમ્યક્ પુરુષાર્થનો એક માત્ર આધાર છે

**સમ્યક્ જ્ઞાન.**

*Wish you all the best.*

Priyam's

# રામાયણમ્

The Path of Pleasure

સંખ્યાબંધ રામાયણો એક જ વોલ્યુમમાં.
ધારાવાહી શૈલીમાં તદ્દન નવું પ્રકાશન.
વેદો, પુરાણો, ઉપનિષદો અને આગમોથી માંડીને
કુરાન અને બાઈબલ સુધીના કોટેશનો.
હાસ્ય અને ગમ્મત સાથે લાઈફ ડેવલોપમેન્ટ કોર્સ.
ઘરને સ્વર્ગ બનાવવાના સચોટ રસ્તા બતાવતું પુસ્તક.

# માનવતા

Comedy & tragady

ખડખડાટ હસાવતા હસાવતા
આંખોને ભીની કરી દેતી કટાક્ષ કથા.
માણસની અંદરના માણસને
હલબલાવીને જગાડતી કથા.
દુ:ખોનું નિદાન કરીને તેની દવા બતાડતી કથા.

# સફળ થવું છે?

Success in your hand

સફળ જીવન માટેના સફળ કિમિયાઓ.
તમે વિશ્વાસ નહીં કરો
કે જિંદગી આટલી સહેલાઈથી સ્વર્ગ બની શકે છે.

*Coming Soon*

# દિવાળી ઉજવો એ પહેલાં

A real & Complete Diwali Celebration

તહેવારનો ખરો આનંદ માણવા માટે
અને જીવનની ખરી મજા લૂંટવા માટે...

*Don't miss this...*

# રાતે ખાતાં પહેલાં

An unknown secret of the health & the wealth

આયુર્વેદથી માંડીને એલોપેથી સુધી,
યોગથી માંડીને ભોગ સુધી
અને શાંતિથી માંડીને સંપત્તિ સુધી...
અઢળક પાસાઓમાં રાત્રિભોજન.
સુખી થવા ઈચ્છતા દરેકે એકવાર અચૂક વાંચવા જેવું પુસ્તક.

# સગાઈ કરો એ પહેલાં

Before you get Engaged

તમારી એક જ ભૂલ જીવનભરની સજા ન બની જાય,
તમારું જીવન આગ નહીં પણ બાગ બને,
તે માટે પ્રેમપૂર્ણ ઉપહાર.

8 Live Stories... A Complete Engagement Guide

*(Gujarati-Hindi-English)*

# અમેરિકા જતાં પહેલાં

## Before you go to America

અમેરિકાની રિયાલિટીને એક્ઝેક્ટલી સમજવા માટે
અને સુખી જીવન જીવવા યોગ્ય નિર્ણય લેવા માટે
ખૂબ જ ઉપયોગી પુસ્તક.
જેમને અમેરિકા નથી જવું, તેમણે પણ અચૂક વાંચવા જેવું પુસ્તક.

Visulisation of America by 58 points of view

# ધ્યાનયોગ

## Short & Sweet  Meditation

ભીતરમાં ઉઘડતાં આનંદના દ્વાર.
તનની ચુસ્તી અને મનની મસ્તી.
પ્રસન્ન પરિવાર અને રોજ તહેવાર.
લાખો રૂપિયાના મેડિકલ ખર્ચની બચત.
સરળ અને સચોટ.

Meditation Guide

# હાર્ટ ટુ હાર્ટ

## Inspiring Talks

જીવનસ્પર્શી વિષયો પર હૃદયસ્પર્શી વાતો,
જેના વિના યા આપનો આનંદ અધુરો રહેશે,
યા પૂરો થઈ જશે.

Interesting articles, the joy of the reading.

# સદા મગન મેં રહના

A Divine dive in the self-pleasure

વિકટ પરિસ્થિતિમાં ય આનંદને અકબંધ રાખવાની કળા.
હસતા રહેવાની અને હસાવતા રહેવાની કળા.
કોઈ પણ સાધન-સંપત્તિ વિના
દુનિયાના બેતાજ-બાદશાહ બનવાની કળા.
આનંદનો ઉત્સવ... મસ્તીનો મસ્ત મહોત્સવ.

The real address of the real bliss

# સંસ્કાર ABCD

તમારા અને તમારા સંતાનના
સ્વર્ણિમ ભવિષ્યનું રિઝર્વેશન.
સ્કુલ-ટ્યુશન-ક્લાસનો લાખોનો ખર્ચ પણ
જે નહીં આપી શકે
એ અણમોલ ઉપહાર.

The Best Gift of the Best Parents.

બસ આટલું ધ્યાન રાખજો.

## આંખો

બહુ વધારે પહોળી ન થઈ જાય,

## હાર્ટ બીટ્સ

બહુ વધી ન જાય અને

## શ્વાસ

સાવ જ અદ્ધર ન થઈ જાય.

બસ હવે વાંચો.

ISBN 935198139-8
9789351981398

MULTY GRAPHICS